[illegible] જવાહીરી.

રચનાર.

[illegible]

[illegible]

[illegible]

[illegible]



અવસ્તાના જવાહીરો.

તથા

અન્ય ધર્મોની સરખામણીઓ.

પુસ્તક બીજું.

રચનાર:

ફરેદુન કેરશાસ્પ દાદાચાનજી, બી. એ., એલ. એલ. બી.

સોલીસીટર.

પ્રગટ કરનાર:

ઇરાન લીગ.

શેઠ પેસ્તનજી ડોસાભાઇ મારકર

ધાર્મિક સાહિત્ય હારમાળા.

ઇ. સ. ૧૯૨૯.   યઝદજર્દી ૧૨૯૮.

પ્રગટ કરનાર:

કયખુસરો અર્દશીર રીટર,
સેક્રેટરી, ઇરાન લીગ,
૪૮, નાનાભાઈ લેન, કોટ,-**મુંબઈ.**

છાપનાર :

હોશંગ તેહમુરસ અંકલેસરીઆ,
ધી ફોર્ટ પ્રીન્ટીંગ પ્રેસ,
નં૦ ૧, પારસી બઝાર સ્ટ્રીટ, કોટ,-**મુંબઈ.**

—:૦:—

કીંમત રૂ. ૩-૧૨-૦

અનુક્રમણીકા.

ભાગ ચોથો.

જરથોશ્તિ દીન પ્રમાણે અનષોઇના વિષયો.

શેઠ પેસ્તનજી ડોસાભાઇ મારકરનું
જરથોસ્તી ધાર્મિક સાહિત્ય હારમાળાનું
આ બીજું પુસ્તક
ઇરાન લીગે પ્રગટ કર્યું છે.

શેઠ પેસ્તનજી દોસાભાઇ મારકર, જેઓ ઇરાન લીગનાં એક "પેટ્રન" છે અને જેઓએ કેળવણીની અનેક સંસ્થાઓ મોટે ખર્ચે ઇરાનમાં ઉભી કરી છે, તેમણે એક સાહિત્ય ફંડની સ્થાપના "ઇરાન લીગ" હસ્તક કરી છે, જેની નેમો નીચે પ્રમાણે છે :—

૧. જરથોસ્તી દીનની બુલંદી અને ચઢીયાતાપણું દેખાડનારી કેતાબો બાહેર પાડવી;

૨. ઇરાનની કદીમ તવારિખ, સાહિત્ય, ફીલસુફી અને સુધારા દર્શાવનારૂં સાહિત્ય બાહેર પાડવું, અને તેનો ઇરાન ઉપરાંત હિન્દમાં પણ ફેલાવો કરવો. (ભાષાનો બાધ રાખવામાં આવ્યો નથી.)

પ્રસ્તાવના.

હૈયાંની કેળવણી.

હૈયાંની કેળવણીને પૂર્વના ધર્મસ્થાપકોએ 'જ્ઞાન' લેખ્યું છે. બીજી કેળવણીને અજ્ઞાનતા જણાવી છે.[1] ત્યારે હૈયાંને કેમ કેળવવું એજ સર્વથી મહાન પ્રશ્ન માનવીની આગળ ખડો છે. જેમ મનને યાદદાસ્ત ખીલવવાથી અને અનેક પદ્દ અને ગદ્યના અભ્યાસમાં નિત્ય રોકવાથી, વૃદ્ધિગત બનાવી શકાય છે, તેમ હૈયાંને કેળવવા કાજે 'અવસ્તામાં જવાહીરો' આવ્યાં છે, તેનો અભ્યાસ કરીને, તેમને રાત, દીવસ અમલમાં મુકવાં જોઇએ. કોઇપણ વસ્તુનો સ્વાદ મોઢાંમાં મુકીને ચાખ્યા વિના કહી કળી શકાતો નથી. તેમ નૈતિક અને અધ્યાત્મિક (રૂહાની) લક્ષણોનું દરેકે અનુકરણ કર્યા વિના, હૈયું તેમની પીછાણ કરી શકતું નથી. અષો અહુરમઝદે 'ફરોહર'ની મરજી પુછીને, તેને સંસાર ચક્રમાં ખૂબ રગડવા નાખ્યો છે. તેનો હાથ સ્પેના અને અંગ્રે મીનોએ તેની કેળવણી માટે બનાવેલા દુ:ખ સુખના ભવસાગરમાં ચાલતા નૌકાના યંત્રોમાં દબાવીને, સપડાવ્યો છે. હિમતવાન, કળાવાળો, શ્યાણો પૂરૂષ પોતાનો હાથ છોડવવા (મોક્ષ) માંગે છે. તેમ કરવાનું સાધન અષોઇ તરીકે અષો જરથુશ્ત્ર સાહેબ શીખાડયું છે; ભક્તિ અને શરણાંગત લેખે શ્રી કૃષ્ણે શીખાડયું છે; પ્રેમ અને આધિનતા લેખે હઝરત ઇસુ ખ્રિસ્તે જણાવ્યું છે; ઇચ્છાત્યાગ લેખે પુણ્યશાળી ગૌતમ બુધ્ધે બનાવ્યું છે; ફનાફીલ્લા એટલે સન્યાસ લેખે સૂફીઓએ પ્રગટ કર્યું છે.

---

૧. જુવો ભગવદ્દ ગીતા અધ્યાય ૧૩ મો શ્લોક ૧૨ મો.

अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ।
एतज्ज्ञानमिति प्रोक्तमज्ञानं यदतोऽन्यथा ॥

આત્મા સંબંધી જ્ઞાનમાં નિરન્તર નિષ્ટા, તત્વ જ્ઞાનનાં મોક્ષ રૂપ પ્રયોજનનું દર્શન, એને જ્ઞાન કહ્યું છે; એથી જે ઉલટું તે અજ્ઞાન.

મન કામનાઓ.

એ સઘળાં સાધનોના ઉંડાણમાં ઉતરશો તો એકજ 'મૂળ' વેરીને જીતવાની સીફારશ જણાશે–મન કામનાઓ. એ જીત અથવા પુરૂષાર્થ, સ્વાર્થત્યાગથી મેળવાય છે અને 'પરોપકાર' 'પરમાર્થ'થી હાથે આવે છે. ત્યારે પાકઝાદ ફીરદુસી તુસીએ રૂસ્તમે જહાન પહેલવાનનો ચિતાર અપૂર્વ 'રખ્શ'ની ઉપર નિત્ય સ્વારી કરતો દીધો છે, તે ગુપ્ત જ્ઞાનનો પડદો ઉંચકી નાખે છે. રથેશ્તાર અથવા લડવૈયાએ ઘોડા ઉપર અથવા અર્જુન સમાન અશ્વોના રથમા સ્વારી કરી, મનના ઘોડાને રૂહાની એટલે અધ્યાત્મ જ્ઞાનની લગામના કાબુમાં આણીને, જગત જીતવાની છે. રૂસ્તમે જહાનજાુઇની માફક દરેક નર, નારે 'હફતેખાન'[૧] એટલે અંગ્રે બીછાવેલી જાળમાંથી હુશ્યારીથી, હીમતથી અને યુદ્ધ મચાવતાં નીસરી જવાનું છે. તેમાંથી છુટકારો મેળવવાના માર્ગને જરથોશ્તિઓ 'એકતાન' લેખે છે; હિંદુઓ 'યોગ' લેખે છે; ખ્રિસ્તીઓ ક્રુસ ઉપર ખીલાએ ઠોકાવું (crucifixion of the flesh and salvation by baptism) લેખે છે; રોસીક્રુશ્યનો ઇત્યાદી Quest of the Holy Grail લેખે છે; ગૌતમ બુદ્ધ 'નિર્વાણની શાંતિ'ને નામે ઓળખાવે છે.

દુઇમાં સપડાયલો માનવી.

ટુંકમાં સ્પેનામીનો માનવીને અહુરમજદના પ્રેમ તરફ આકર્ષે છે અને અંગ્રેમીનો અહંકાર અથવા પોતાની ઉપરના પ્રેમ, એટલે સ્વાર્થ તરફ ઘસડે છે. આ બે મીનોના મહાન ખેલ અથવા હિંદુ શાસ્ત્રો પ્રમાણે લેખાતી પુરૂષ, પ્રકૃત્તિની લીલામાં માનવી ઘેરાયો છે. પરમકૃપાળુ અહુરમજદની સૃષ્ટિનું છેવટ તો પરમાનંદજ છે. પણ તે મેળવવા માટે અંગ્રેમીનો અથવા પ્રકૃત્તિના અતિ પ્રબળ ખેંચાણોની બેડીઓ અથવા ઝંજીરો તોડી, કચડી નાખવી પડે છે, જે ક્રિયા શૂરા નરો સીવાય કોઇ પણ બજાવવાને રાજી નથી અને સફળ થતા નથી. દરેક 'પાપ' એક બેડી ઠોકે છે, અને દરેક 'ભલાઇ' કે 'પુણ્ય' એ બેડીને તોડવાને

૧. આ ૭ બિકટ ખાનો અથવા અટકાવો સમાન ઈસુ ખ્રિસ્તે ૭ મૂખ્ય 'પાપો' જણાવ્યાં છે, (જુવો પાન ૫૩૨ મું). વળી સૂફીઓએ તેમને 'સાત વાદીઓ' અથવા ૭ ખીણો લેખી છે. હિંદુ શાસ્ત્ર પ્રમાણે માનવીના ષટ (૬) રીપૂ છે, જે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર નામક છે.

વધતિ, ઓછી શક્તિ ધરાવે છે, અને એ બેનાં વધતાં, ઓછાં પ્રમાણના સરવાયાં પ્રમાણે દુઃખ, સુખના સંજોગો કુદરતમાં અચુક રીતે ઉભા થતાજ જાય છે. જીવનનો ભેદ આ રીતે સુજ્ઞો આગળ ખુલી જાય છે.

અષો જરથુશ્ત્રે શીખાડેલો માર્ગ.

અષો જરથુશ્ત્ર સાહેબે દીર્ઘદ્રષ્ટિથી માનવીની ખુબી, ખામીઓનો સરવાળો કર્યો અને ત્યાર કેડે ભવસાગરના દરેક દુઃખની બેડીમાંથી મુક્ત થવા અને સંપૂર્ણ સુખ, શક્તિ અને જ્ઞાન મેળવવાનો જગતનો એક અત્યંત સીધો અને સરળ માર્ગ દેખાડી દીધો. તે અષોઇનો છે. એટલે કે તન, મન અને હૈયાંની સ્વચ્છતાનો તે માર્ગ છે અને તેમની સફાઇ પણ સર્વથી સરળ રીતે કરવાનો ઇલાજ દેખાડી દીધો. શરીરની સ્વચ્છતા માટે સ્નાન અને શરીરને અનેક અવસરે પાણીથી ધોવું, મનને નિરંતર સદ્‌વિચારો અને ભક્તિમાં રોકીને તેનો કાળાસ ધોવો અને હૈયાંને પ્રેમ, દયા અને સત્યના ગુણો કર્મ માર્ગ પકડીને જીવનમાં દેખાડીને, સાફ રાખવાને ફરમાવ્યું.

ત્યારે મન અને હૈયાંને ધોવાને અને કાબુમાં રાખવાને કેવી સુંદર અને સરળ ચાવી તેમણે આપી! માથ્રવાણી ભણવી, અને ધર્મના ઉપદેશનું સેવન અને તાબેદારી[1] કરવી. સમજુ માનવીઓ શરીરને રાત, દીવસ ધોઇને સાફ રાખવા માટે આનાકાની નથી કરતા. પણ પવિત્ર માથ્રવાણી ભણી મન અને હૈયાં ઉપર દર પળે ચઢતો મેલ ધોવાનું કંટાળાભર્યું, અણસમજુ, વાહ્યાત, ટાહેલું અને વખતની બરબાદી લેખવા તેઓજ રાજી થઇ જાય છે. પ્રથમ તેમને એટલુંજ ભાન રાખવું જોઇએ કે મન ભટકી, ભટકીને શરીર જઇ શકે તેના કરતાં વધારે મેલા મહોલા, દુર્ગંધી ગલીઓ અને અનિષ્ટ વાતાવરણમાં રાત, દીવસના ઘણાક કલાકો અથવા મોટો ભાગ વાસો કરે છે અથવા રખડયુંજ જાય છે. ત્યારે મન અને હૈયાંને ડાઘો અને કાળાસ લાગવાના, શરીર કરતાં પણ વધુ સંભવો રહે છે. શરીર તો ઘણી સાંકડી જગ્યાઓમાં પેશી શકતું નથી અને ઠમકમીને પાછું સ્વાભાવિક રીતેજ ફરે છે. પણ સૂક્ષ્મતાને અંગે મનને ગમે એવી દુષ્ટ અને કંપારી છુટે એવા વિચારોમાં રમવાને, રાત્રીએ કે દિવસે કશો બાધ નથી આવતો. ત્યારે દર્દો, વ્યાધીઓ અને કાંટાઓના ભારાઓ માથે ચઢે છે અને ભોગવવા

[1] સરોષ.

પડે છે, તેમાં નવાઇ શી છે, અન્યાય શો છે? કુદરતના નીયમોને કોઇ તોડી શકતુંજ નથી. નીયમોનો ભંગ કરવાને ઇચ્છનાર પોતેજ ભાંગે છે, પોતેજ અનેક દર્દો અને જંજાળો ઓઢી લે છે, છતાં છેવટે મોહપાશ અને અલ્પ બુદ્ધિને લીધે કુદરત સાથે વઢે છે અને કુદરતને બદનામ કરે છે. જ્યાં સુધી માનવી પોતાના વિચારો, વાણી અને વર્તન ઉપર હર પળે જાગૃતપણે લક્ષ દેતો નથી, ત્યાં સુધી તે પોતાને ઓળખી શકતો નથી, પોતાની નબળાઇઓ પીછાણતો નથી, સુધરવાનો માર્ગ મેળવવાને દોરવાતો નથી, વીવેક પ્રાપ્ત કરતો નથી અને ઘાંચીના બેલની સમાન જીવનના ચક્રમાં બંધ આંખે ફર્યોજ જાય છે. માટેજ શ્રવણ ઉપરાંત મનનની આવશ્યકતા છે, અને મનન કરવાથીજ માનવી પોતાની દુષ્ટતાથી કંટાળવા શીખે છે અને તેને વેરી સમજીને ત્યજે છે.

'મન' વશ કેમ થાય?

ત્યારે હવે આપણા પેગમ્બર સાહેબ શીખાડી ગયા છે કે ભમતાં 'મન'ને મજબુત અંકુશમાં બાળવયથીજ રાખવા મંડવું, તો તેમાં કેટલી દુરંદેશી છે, તે સહેજે સમજાશે. આ અંકુશ રાખવા કાજે દીવસમાં પાંચ વખતની બંદગી ફરમાવી છે, કે ન રાત કે દીવસ માનવી પોતાના શત્રુ સાથે ઝઘડવામાંથી જંપીને બેશે. જેમ દીવસમાં બે વેળાએ દર્યામાં ભરતી આવી જ જાય છે, તેમ જડ જગતમાં, શરીર પ્રકૃત્તિના પાણીનું બનેલું હોવાથી, તેમાં પ્રકૃત્તિના આકર્ષણના મોજા ઉછળ્યાજ જાય છે. તેમાં સ્થિર બેશવું અશક્ય છે. તરનાર કોશેષ કરે તોજ તેની સપાટી ઉપર રહે છે. બાકી બેપરવા અથવા આળસુ માનવીઓ તે મોજાને શરણ થઇ, તેમાં ડુબી જાય છે. તેમજ રાત અને દીવસ શારીરિક ખેંચાણો બહારની જગતમાંથી આવી પડે છે, માટે દિન, રાત તેની સામે બંદગીનું હથ્યાર ઉગામવું જોઇએ. તો બંદગી ટુંકી કરવાનું કારણ નથી, પણ હજી લાંબી કરવામાંજ શોભા અને બચાવ છે. કારણ કે હાલમી દોર અથવા કલીયૂગમાં તે અનષોઇ તરફના આકર્ષણોનું જોર પ્રતિદિન વધ્યું જ જાય છે. આપણને દુન્યવી ચતુરો શીખાડે છે કે આર્થિક નજરે નિહાળતાં ભક્તિમાં રોકેલો વખત બરબાદ થાય છે, માટે ભક્તિ ટુંકી કરીને 'પૈસા, પૈસા'નો લોભ વધારવો અને તેમ કરીને જગતની સેવા કરવી! એટલે કે ખુદાની પૂંજાને ઘટાડવી અને સંસારની પૂંજાને મસમોટી

બનાવવી! તે ભલા માનવીઓ ભુલી જાય છે કે નાણુંથી સુખ, જ્ઞાન, શાંતિ અને વૃદ્ધિ નથી, પણ તન, મનની અને હૈયાંની સ્વચ્છતામાં એ સર્વ, સંપૂર્ણ રીતે ભોગવી અને મેળવી શકાય છે, અને ખરી સ્વચ્છતાથી અપાર વૈભવ, શક્તિ, જ્ઞાન, પ્રકાશ અને આનંદના સ્વતંત્ર સ્વામી બની જવાય છે. જ્યારે થોડીક સ્વચ્છતાથી દુન્યવી રાજપાટ જેવો વૈભવ મળી જાય છે, ત્યારે સંપૂર્ણ સ્વચ્છતા અને અષોઇથી પીતા અહુરમજદની હકુમત પ્રકાશ અને આનંદ (સચ્ચિદાનંદ) પ્રાપ્ય છે, તેમાં શા માટે અચંબો હોય? માટે કહ્યું છે કે, માનવીઓમાંના હજારોમાંથી એક પણ કદાચજ 'સંપૂર્ણતા' (હઉર્વતાત) માટે પ્રયત્ન કરે છે, અને તેવા અનેક પુરૂષોમાંથી કદાપી એકાદજ અમરદાદને એટલે અમરપણાને અહુરમજદમાં પામે છે.[1] એટલું જાણવા કેડે પેલા દુન્યવી ચતુરોની શીખ ટુંક ભંડોળનુંજ પરીણામ લેખી શકાશે. આજકાલના પેગમબરો સાંકડી નજર રાખીને જગતનું કલ્યાણ કરવા માટે "પૈસાના દેવની પૂંજા" વીગેરે આર્થિક નીયમો અને સંસારી સુખ માટે "સસતા છુટા છેડા" અને "કસોટીનાં લગ્નો" (trial marriages) અને રાજ્યદ્વારી કલ્યાણને માટે "સ્ત્રીના હકો" અને "મજુર રાજ"ના 'મઝદકી' ફત્વાઓ બેધડક આપ્યાજ જાય છે. જોતા જાઓ જગતની વાતાવરણમાં ફેરફારો અને જગતમાં એ નવા પેગમબરોની પુઠે ઘસડાવાથી સુખનું પ્રમાણ વધે છે કે ઘટે છે, સંસારની સ્વચ્છતા નિર્મલ થાય છે કે કાદવ જેવી મેલી થાય છે, જગતમાં અમીરપણું વધે છે કે શઠપણું અને અગ્રહસ્થાઇ, તે તપાસો! પુડીંગ કેવું છે તે ચાખવે જણાય; બી કેવું છે, તે તેના ફળ ઉપરથીજ પરખાય. માટે જગતમાં સુખ દુઃખનો સરવાળો ધીરજથી, હુશ્યારીથી અને ન્યાયથી કરીને, પૂર્વ કાળના પેગમબરોના શીક્ષણો અને આજકાલના ધૂમકેતુઓના શીક્ષણોની વચમાંનો ભેદ પીછાણુતા શીખો. બાવળના બી વાવનાર સ્વાદીષ્ટ કેરીના ફળ કદી ચાખશેજ નહિં.

---

૧. ભગવત ગીતામાં વાંચ્યે છિયે (૭-૩):

मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये ।
यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः ॥

હજારો મનુષ્યોમાં કોઈકજ સિધ્ધિ માટે યત્ન કરે છે, યત્ન કરનારા સિધ્ધોમાં પણ કોઈકજ મને તત્વથી જાણે છે.

સ્વતંત્ર વિચાર કોણ કરે છે?

ઉંધા પાટા બંધાવવાને રાજી સ્ત્રી પુરૂષો જગતમાં ઉભરાઇ જાય છે, એ ખરૂં. માટેજ પેહેરવેશમાં તેમજ રાજ્યદ્વારી, સંસારી અને ધાર્મિક વિષયોમાં ફેશનના પૂંજારીઓ અસંખ્ય મળે છે, કવચીતજ સ્વંતત્ર વિચાર કરવાને આજે કોઇ હીમત કરે છે. તેથી લેખકોને અને જાહેર છાપામાં લખનારાઓને વિચાર કરવાનું સોંપી દઇને, તેમની રોજની 'હીપ્નોટીક' (hypnotic) સૂચનાઓને પ્રજાઓ શરણ થઇ જાય છે અને વિચાર કરવાનું તેમનેજ સોંપી દે છે. તૈયાર રાંધેલી દરેક વસ્તુ તેમને પસંદ હોય છે; ત્યારેજ ઘરેઘરનું રાંધવાનું ગયું અને હોટેલોમાં લાખો, કરોડો માનવીઓ ખાવા માટે ભરાયા છે. તેજ પ્રમાણે 'લાગણી'ને તૃપ્ત કરવા હલકી વાર્તાઓ, અને સીનેમાઓ અને નાટકો આઇતા વાંચવા, જોવા પડી જાય છે. તેમાં પણ ખરાં ખોટાંની વચમાં વીવેકથી ફેર જોવાને બદલે, તેઓ 'ફેશન'ને પૂંજે છે. તેજ ધોરણે 'મન'ને કસવા અને ખીલવવાને બદલે, આઇતા, તૈયાર વિચારો, જે જે વાંચે છે અથવા ભાષણો અથવા 'રેડયો' મારફતે સાંભળે છે, તે ગ્રહણ કરી લઇને, પોતાને 'સુધરેલા,' 'નવામાં નવા' (upto date) લેખીને સંતોષ પકડે છે. કમનસીબ જગત આ રીતે ચકડોળે ચઢે છે અને પડે છે. એવા હજારો કેહવાતા 'સુધારાઓ' જહાનની સપાટી ઉપર થઇ ગયા અને દર્યાના-મોજાઓની માફક ભૂસાઇ ગયા અને તેમનું નામ, તારીખ કે નીશાન પણ નથી રહ્યું. માત્ર "અહુરમજદનું વચન"[1] અચલ રહિ ગયું છે. બીજું સઘળું ધોવાઇ ગયું અને જવાનું. કારણ કે કુદરતની ભિત્તરની અંદર જઇને, સૃષ્ટિ રચનાનો ભેદ જાણનાર મહાત્મા પેગમબરો, રીષીઓ અને સંતો ત્રિકાળ દર્શી હોઇને, મહાન ધર્મો, જગદ્દોદ્ધાર કાજે આપી ગયા છે, તેનું શરણુ લેવાને બદલે, બહુરૂપી, સંસારી નેતાઓનાં ભેંસ સમાન પુછડાં પકડનારાઓ, સંસાર સાગર કોઇ કાળે તરી જઇ શકશે નહિં, એ તો નક્કિ છે.

ધાર્મિક સ્વતંત્રતા રાષ્ટ્રિય, રાજ્યદ્વારી સ્વતંત્રતાથી તદન નિરાળીજ છે. ધર્મિષ્ટ બનીને અહંકાર ઉપર સંપૂર્ણ જીત મેળવવાથી, 'મન' ઉપર સ્વતંત્ર સંયમ અથવા કાબુ મળે છે, જેથી માનવી નમ્ર બનીને અપાર શક્તિ પ્રાપ્ત કરે છે. જ્યારે રાષ્ટ્રિય સ્વતંત્રતા મેળવવા

1. The word of God.

કાજે સાધારણ રીતે ‘ અહંકાર ’ને તો બહુ વૃદ્ધિગત બનાવવામાં આવે છે, જેથી માનવી ગર્વિષ્ટ બનીને સંસારના પાપ, પુણ્યના ભારાઓ માથે ઓઢી લેછે.

ધર્મની તાબેદારી તે ગુલામગીરી અથવા પુરાણાપણું કહેવાય કે ?

આટલો વિચાર કરવા કેડે જરથોશ્તિ ધર્મનો આખો પાયો ‘ તાબેદારી ’, ‘ સરોશ ’, ‘ આધિનતા ’ ઉપર રચાયો છે, તેની મહત્વતા સમજાશે. ‘ સુધારકો ’ તાબેદારીને, ગુલામગીરી અને અંધ શ્રદ્ધાનું નામ આપીને ધિક્કારે છે. ત્યારે તેઓ ગુલામગીરીથી નીરાળા અને પૂર્ણ અને ઉઘાડી આંખના શ્રદ્ધાળુ હશેને? લગાર તપાસી જુવો તેમનું જીવન! ધર્મ છોડનારા આવા ‘ ડાહ્યાઓ,’ ઇશ્વરની ‘ ગુલામગીરીવાળી’ ‘બંદગી’ કરવાથી છુટી જાય છે ખરા. પણ તેઓ અંગ્રેમીનોની ગુલામીમાં, હવસની પરસ્તીમાં, અનષોઇમાં, અનિતિમાં, અવ્યસ્થામાં અથવા કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સરની લોખંડી બેડીઓમાં ખુશીથી જકડાય છે–તેને તેઓ સ્વતંત્રતા લેખે છે! જેલખાનામાં બેડીઓમાં સબડતો બંધવો, દેશની પ્રજાઓને રાગડાઓ તાણીને, પોતાના છુટાપણાની ભલેને સીફારશ કર્યેજ જાય! શ્યાણાઓ તેનાં બંદીખાનામાં, તેની પૂંઠે ચાલીને સપડાવાને ના જ પાડશે.

શ્રદ્ધા માત્ર અંધ હોય કે?

અંધ શ્રદ્ધાના આ ‘ સુધરેલા ’ વેરીઓ કુદરતના સાધારણ નીયમોને તબીબોની સલાહને ‘ આધિન ’ થવામાં જીવ અને જીવનગાળો માને છે. રોજ ખાની, પીણી, કસરત, સારી હવા, રમત અને મહેનત કરવાનું માનવી માટે નિર્મિત છે, તે નીયમોને તો ‘ શરણ ’ થાય છેજ, અને તેમાં ડહાપણ વાપરે છે. ત્યારેજ તેમનું શારીરિક કલ્યાણ થાય છે. શરીરના નીયમો સહેજે અનુભવસિદ્ધ થાય છે. આંખોથી દેખી શકાય છે અને સાબીત થઇ શકે છે. માટે તેમનો આશ્રય લેવો સહેલ છે. પણ જ્યારે ‘ મીનોઇ ’ દ્રષ્ટિથીજ જોઇ શકાય એવા ઉંડા અને ઉંચ નીયમો, અષો પેગમ્બર સાહેબો અને આબીદો અને સાલીકોએ અનુભવ–સિદ્ધ કરીને, બતાવી ગયા છે, ત્યારે તેમને પાળીને ‘ મનની અને રવાનની’ આરોગ્યતા જાળવવાને પ્રયત્ન કરવામાં ‘ અંધશ્રધ્ધા ’ શા માટે લેખવી જોઇએ? માનવી, માત્ર ‘શરીર’ ધરાવનાર પ્રાણી તો નથીજ, એ નિર્વીવાદ છે. માનવીને

બીજી શક્તિઓ છે,–માનસિક અને આત્મિક શક્તિઓ છે–જેમને માટે નીયમો મહજ્ઞ, અહુરમજ્દ–જે બેહુમનની બુદ્ધિ અને અષ્વહિષ્તની વ્યવસ્થા ધારણ કરનાર છે,–તેણે નિર્મિત કર્યા છે, એમ આપણને 'મીનોઇ' દ્રષ્ટિવાળા અષો પરહેજગારો, જગતના સર્વથી પ્રાચીન કાળથી શીખાડતા આવ્યા છે. અને તે અમાન્ય રાખવાને કાંઇજ કારણ નથી. ત્યારે એ ભેદી 'મીનોઇ' નીયમો દયાના સાગર, બક્ષાંયદે, બક્ષાયજગરે, કરીમો, રહીમો, મહેરબાન કેરફેગર સાહેબે, પેગામ્બરોના પવીત્ર મુખથી જાહેર અને ફાહેશ કર્યા છે, એટલું સમજવું સહેલ છે. કારણ કે સકળ સૃષ્ટિના પ્રાણીઓને, સ્પેનામીનોની સહાયથી, સંપૂર્ણ આનંદ, શક્તિ અને જ્ઞાનની મૂર્તિ, જે તે પોતે છે, તેની તરફ અહો, રાત્ર તે ખેંચતોજ લઇ જાય છે. From good to better, thence to best, એટલે વૃદ્ધિ અને આબાદી[1]નો પ્રબળ સૃષ્ટિક્રમ, તેણેજ સ્થાપ્યો છે. અને તેથીજ 'માનવી'ના ઉધ્ધાર માટેનું હરેક પ્રકારનું જ્ઞાન તેણે જગતમાં, હરેક યુગ અને કાળમાં તેના પ્રિય પેગામ લાવનાર અથવા દૂતો મારફતે પ્રસાર્યું છે. એમ ન થાત તો અંગ્રેમીનોનું રાજ્ય સ્થપાત અને સ્પેનામીનો આ પ્રકૃતિના પ્રધાનપણાના સાગરમાં કદી ફાવી ન શકત. એ 'મીનોઇ' નીયમો સમજવા એજ 'ધર્મજ્ઞાન' છે. એ નીયમો કયા છે, તે હવે પુસ્તક પહેલામાં આવેલાં પ્રસ્તાવનામાનાં ચિત્ર ના૦ ૧૦ માં સ્પષ્ટ જણાવ્યું છે. તે નીયમો ટુંકમાં 'હુમત, હૂખ્ત, અને હવર્શ્ત' છે, પણ તે ટુંક શબ્દોને સમજાવવાને સેંકડો પુસ્તકો સામર્થવાન નથી. તે સમજાવવાને આ પુસ્તકના આશરે ૧૧૫૦ પાનમાં યત્ન કર્યો છે. અમારાં પ્રિય ભાઇઓ અને બેહનો શ્રમ લઇને તે સમજશે, અને તેનું અનુકરણ કરશે તો પોતાનું, પોતાના કુલનું, દેશનું અને જગતનું કલ્યાણ કરી લેશે! અથ જમ્યાદ યથ આફ્રીનામિ.

જરથોશ્તિ આનંદી સ્વભાવનું મૂળ શું છે?

માટે હમેશ આશાવાદી રહો, આનંદમાં રહો, ફરજો અથવા કર્તવ્ય સમજો અને ખુશાલીથી અદા કરો, ભક્તિ, ભાવ, ભજનમાં મોજ લેતાં શીખો, જ્ઞાનમાં, દાનમાં, બળ પ્રાપ્ત કરવાનાં દરેક કાર્યમાં સુખ માની લ્યો અને ત્યારે સ્પેનામીનોની જગત કેટલી આશીર્વાદદાયી છે, તે આપોઆપજ

---

૧. Progress; જુવો એ વિષયનું પ્રકરણ પુસ્તક પહેલાનાં પાન ૧૮૬ ઉપર.

જોઇ શકશો. એવા સ્વભાવ અથવા પ્રકૃત્તિને 'પ્રસાદ મન' ગણ્યું છે! તે અને સુખદુ:ખમાં સમભાવ, મન ઉપર કાબુ અને શુદ્ધ ભાવને, મહાન માનસિક 'તપ' લેખ્યાં છે. ખરી 'તપ' જંગલમાં અથવા માત્ર એકાંતમાં બેશીનેજ નથી કરવાની; પણ સ્વભાવથી કરવાની છે.[1] સંસારમાં રહીને આવી 'તપ' કરવાથી માનવી 'સ્પેનામીનો'ની વૃદ્ધિની ગતી ચાલુ રાખે છે, ભલાઇ કરીને પાપોનો નાશ ઝટ કરે છે અને એકાંત વાસની કષ્ટો અને લાલચોમાંથી બચે છે. સંસાર, માનવીને પળેપળ ભલાં કર્મોનો ભારો બાંધવાની તકો દે છે, જે તકો કબજે કરવાથી પાપોનો નાશ થાય છે અને પુણ્યશાળી થવાય છે, જે જમે પાસું 'મીનોઇ'માં અનેક રીતે 'ચલણી રૂપ્યા' લેખે વાપરી શકાય છે. તેવી તકો એકાંતવાસમાં નથી મળતી; જો કે એકાંતમાં માનવીનો માર્ગ કાંઇક પ્રકારે સહેલો અને લીસો હોય છે. સંસાર અને વૈરાગ્ય ભિન્નભિન્ન પ્રકૃત્તિની પ્રજાને અનુકુળ હોય છે. રથેશ્તાર ગુણની પારસી પ્રજાને 'સંસાર'માં રહિને તેને શોભાવવાનું, સુધારવાનું, રસીલું બનાવવાનું કેટલું અનુકુળ છે, તે તેની તવારીખ ઉપરથી, તેની સખાવત, અને તેની વ્યવસ્થાપક બુદ્ધિ ઉપરથી સાફ જણાઇ જાય છે. ત્યારેજ જગતનું સર્વથી મહાન ચક્રવર્તિ રાજ્ય પારસીના હાથમાં ઘણાક મોટા કાળ પર્યંત રહ્યું અને તેટલા કાળ પર્યંત, તેના હાથ હેઠળની અનેક પ્રજાઓએ સુખ અને હરેક જાતની વૃદ્ધિ ભોગવ્યાં. કેહવતો છે કે મોગલને મોતે વાણ્યો મુવો, અથવા મોરની ચાલ તિત્તર ચાલે, મરે નહિં તો માદું પડે. તે પ્રમાણે એક પ્રકૃત્તિનું માનવી બીજી પ્રજાના ગુણોને અનુસરતો ધર્મ અંગિકાર કરવા જાય, તો તેમાં નિષ્ફળ નીવડે એ સ્વાભાવિકજ છે![2]

---

૧. જુવો ભગવદ ગીતા

मनःप्रसादः सौम्यत्वं मौनमात्मविनिग्रहः ।
भावसंशुद्धिरित्येतत्तपो मानसमुच्यते ॥

પ્રસાદ, મન, સમભાવ, મૌન, આત્મસંયમ, શુદ્ધભાવ—એ માનસિક 'તપ' ગણાય છે. (ગીતા ૧૭-૧૬.)

૨. श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥

સારી રીતે પાળેલા પરધર્મ કરતાં ઓછા ગુણવાળો સ્વધર્મ ઉત્તમ છે; સ્વધર્મમાં મરણ પણ સારૂં, પરંતુ પરધર્મ તો ભયાવહજ છે. (ગીતા ૩-૩૫.)

ધર્મ અને અધર્મમાં ફેર

ત્યારે નમ્રતાથી, વિશ્વાસથી, ધૈર્યથી, હિમતથી, દ્રઢતાથી, અચલપણે જરથોશ્તિએ અષો જરથોશ્ત સાહેબે શીખાડેલો ધર્મ અને હરેક પ્રજાએ પોતપોતાના સ્વિકારાયલા ગુરૂદેવનો પુર્વોક્ત ધર્મ સમજીને, તેનાં અનુકરણમાં ધર્મનુ શાસ્ત્ર સમાયલું છે, એમ વર્તવું. કોઇપણ મહાન ધર્મ બીજા ધર્મની વિરૂદ્ધ નથી, પણ દેશ, કાળ અને માનવીના પ્રકટીકરણને અનુસરીને અન્યોન્ય પેગમબરો, નિર્જીવ બાબદોમાં જુદા પડતા, જ્યારે મૂળ મર્મના વિષયોમાં એકમત થતા ધર્મોની સ્થાપના કરી ગયા છે. તે સર્વનો સત્કાર કરવો અને આપણો પોતાનો જે જન્મસિદ્ધ ધર્મ હોય એજ પાળવો, એમાં જ્ઞાન, ડહાપણ, શોભા તેમજ સહેલાઇ અને સુખ છે. ધર્મોને ધિક્કારનારાઓ ભલે નિંદા કરે કે જગતમાં લડાઇઓ ધર્મને કાજે થઇ છે અને વેર વસ્યું છે. ધર્મને સમજનારા તો માન્ય રાખે છે કે જગતના સર્વ પ્રાણીઓમાં ભ્રાતૃભાવ સ્વિકારવો અને ઇશ્વરજીને પીતા ગણવા, એ તો ધર્મનો પ્રથમ અને મૂખ્યજ પાઠ છે. ધર્મને નામે સ્વાર્થ સાધનારાઓ ધર્મને કાજે નહિં, પણ અહંકારને માટે લડાઇઓ, ઝઘડાઓ અને બંડો, બખેડાઓ મચાવી ગયા અને મચાવતા રહેશે. એમ તો આજે 'કસરત'ને નામે 'નાચ' થાય છે, જે બ્યાન માત્ર આંખમાં ધૂળ છાંટવા માટે છે; અને 'હુન્નર, કળા'ને નામે નગ્ન શરીરો, બિભિત્સ રીતે ચિતારવામાં 'યુરપ'ના ભલભલા ચિતારાઓ અને શિલ્પશાસ્ત્રિઓ હાયકાઓ થયા ગુંટાઇ ગયા છે. તેથી કાંઇ 'કસરત'ની આવશ્યકતા અથવા 'કળા'નું સૌંદર્ય ઘટતું નથી. ઢોંગ અને દર્પ તો જગતમાં વેશધારીજ હોય છે. ત્યારે ધર્મનું પવિત્ર બહાનું કાઢીને જે જે બદીઓ પ્રવૃત્ત થાય છે, તેને માટે પૂજ્ય ધર્મ જવાબદાર તો નથીજ. સંપૂર્ણ નીતિ જે અષોઇની એક શાખા છે, તે અને અષોઇ એજ ધર્મ; બાકી સર્વ અધર્મ. માટે જરથોશ્તિ ધર્મે સૂર્ય સમાન ઉઘાડા શબ્દોમાં શીખાડયું છે કે, અએવો પથાઓ યો અષહે, અન્યેષાંમ્ અપંથામ્, માર્ગ એકજ છે અને તે અષોઇનો, બાકીના સઘળા માર્ગો જુઠા. આટલા સ્પષ્ટ વચનોને જો આપણે માન્ય ન રાખ્યે, તો આપણી કુબુદ્ધિ હોવી જોઇએ. ધર્મનો પાયો નીતિ ઉપરજ છે; નીતિ શીખાડવાને ધર્મ ખોલીને સમજવો જોઇએ; નાહં તો નીતિ તો માત્ર ખેંચવાની, દુઃખ દેવાની, દાબી દેવાની, જાસ્તી ગુજા-

રવાની, અણુસમજુ બેડી થઇ પડે છે, જે ફેંકી દેવામાંજ માનવી પોતાનું સાર્થક માનવા પડી જાય છે.

ધર્મ અને નીતિશાસ્ત્ર.

કંઇકો ધર્મ અને નૈતિકશાસ્ત્રને પરસ્પર વિરૂધ્ધ મુકી દે છે, જે અયોગ્ય છે, અને માથું હલાવીને ધર્મની આવશ્યકતાની જ ના પાડે છે. પ્રથમનો એમાં એ દોષ છે, કે જ્યારે ધર્મમાંથી નૈતિક શાસ્ત્ર નીપજ્યું છે, ત્યારે તેના મૂળને હડસેલી શકાય નહિં. બીજું, નૈતિક શાસ્ત્રનું પ્રમાણ શું, અધિકાર શો, ખરાપણું કેમ સાબીત થાય, માન્ય કેમ રખાય, તેનું કષ્ટ શા માટે ઉપાડવું, માનવી જાતની નજર ચોરીને તેનો ભંગ કરવાથી શા માટે અચકાવું જોઇએ, એવા પ્રશ્નો બાળ બુદ્ધિ નિરંતર સુચવે છે. જ્યાંસુધી ધર્મનો અધિકાર તેની પાછળ ન હોય, 'મીનોઇ'ના નીયમાનુસાર તે નૈતિક શાસ્ત્ર ન હોય, ત્યાંસુધી માનવી, બાળકની પેરે તેને ઉડાવવાને જવબેજ ચુકે. કુદરતનાં ઉંડાણમાં ઉતરી, તેનું ભિત્તર સમજીને ધર્મોએ નૈતિક શાસ્ત્રને પ્રગટ કર્યું છે. ત્યારેજ તે શાસ્ત્ર અચુક અને અચલ ગણી શકાય છે. માનવીની ઉમેદો, ઇચ્છાઓ, કામનાઓ અને લાગણીઓમાંથી તે શાસ્ત્ર મનમનાવવા, મનમારવા અથવા સમજાવી દેવા ઉપજાવી કાઢયું નથી, પણ મહાત્મા પેગમબરો, આર્બાદો અને રીશીઓએ પરમ અષો અહુરમજદ સાહેબ પાસેથી શીખીને, માનવ પ્રજાના કલ્યાણાર્થે તેનો પ્રચાર કર્યો છે.

ધાર્મિક, એ નૈતિક વર્તન હોવું જોઇએ.

વળી ઘણાકો નૈતિક શાસ્ત્ર વાંચીને, ધર્મ ઉપર અશ્રદ્ધાળુ હોવાથી, નૈતિક વર્તનનું પૂર્ણ ફળ જોઇ, સમજી અથવા ભોગવી શકતા નથી. માટે તેઓ તે નૈતિક શાસ્ત્રને મોહજાળ અથવા બાળકોને ગભરાવવાનું સાધન લેખવા ઝટ તૈયાર થઇ જાય છે. તેમાં નવાઇ શી? વીજળીનું આખું યંત્ર ગોઠવો અને 'ફ્યુજ'[1] ન હોય અથવા બટન ન દબાવતાં આવડે, તો યંત્ર વ્યર્થ જાય છે અને રોશની પ્રગટતી નથી, અથવા મીલ ઇત્યાદી ચલાવી શકાતી નથી. તેમ નૈતિક વર્તન ધર્મશાસ્ત્ર સાથે જોડયા વિના, અજ્ઞાનપણે થાય, તો જો કે સ્તુત્ય છે, છતાં, તેનું પૂર્ણ ફળ 'મીનોઇ' લોચનાનો વીકાસ, અપાર શક્તિ, જ્ઞાન,

---

૧. Fuse.

અને આનંદની પ્રાપ્તિ થઇ શક્તિ નથી. ત્યારે કંઇકોને અત્યંત નાસીપાસી લાગે છે. તેના આવેશમાં જરમન 'ગથે'ની લખેલી ઉત્તમ કવિતા 'ફાઉસ્ટ'માં દર્શાવેલો અંત આવે છે. તે એ કે માનવી કંટાળીને 'શયતાન'ની દોરવણીથી અનષોઇમાં તણાઇ જાય છે, અને પોતાના જાનને પણ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરની સંપૂર્ણ તૃપ્તિ કરવાનાં વચનને લીધે શરણ કરી દે છે, અને છેવટે પત અથવા દુઝખમાં વાસો કરવાનો સમય આવી લાગે છે. માટે 'મન' ઉપર મુશ્તાક ન રહીને, નૈતિકશાસ્ત્રને માનવીએ ધમકી દેવા માટે ઉભું કરેલું છે, એમ ન સમજીને, નમ્રતાથી ધર્મના 'દએન' (શાસ્ત્ર)નો અભ્યાસ અને તરીકતોનું અનુકરણ, સ્વચ્છ અંતઃકરણ અને પૂરા વિશ્વાસથી કરવાની આવશ્યકતાજ છે. ત્યારેજ 'મન'થી પર જે 'ઉર્વન, બઓધંગ અને ફ્રવષી' છે, તેમનો 'જન્મ' અથવા વીકાસ થાય છે, તેમની શક્તિઓ ખીલે છે, અને તે શક્તિઓ ભોગવવાથી પરમાનંદ, પરમ શાન્તિ અને પરમ જ્ઞાન પામી શકાય છે. જેમ માનવીના શારીરિક બાળકને ઉત્પન્ન કરવાના સૃષ્ટિ કર્મના નીયમો ગતીમાં મુકવા વિના, કદી પણ પુત્રોત્પિત્ત થઇ ન જ શકે, તેમ 'ઉર્વન, બઓધંગ અને ફ્રવષી'ના અથવા તેમને પ્રગટ થવાના નીયમોને પૂર્ણ રીતે પાળવા વિના, તેમનો 'જન્મ' એટલે ખરૂં જોતાં વિકાસ, કદી ન જ થાય તેમાં શી નવાઇ? 'મીનોઇ' અને 'જડ' જગત બન્નેમાં અચલ નીયમોનુંજ, મહાન અષ વહિશ્ત અમેશાસ્પંદની મારફતે ચલણ છે. આજનું 'જડ' શાસ્ત્ર પણ એટલું સ્વીકારતાં શીખ્યું છે, કે સૃષ્ટિ નીયમાનુસારજ ચાલી રહિ છે.

મીનોઇ રેહબરી.

જો 'જડ શાસ્ત્ર'ના શાસ્ત્રીઓનું કહ્યું તમે શ્યાણાઓ કબુલો છો, તો 'મીનોઇ' શાસ્ત્રીઓ જેઓ જગદગુરૂઓ, પેગમ્બરો, જરથુશ્ત્રોતેમાઓ, અહુરાઆઁધદો અને સંત, સાધૂઓ થઇ ગયા છે અને વિદ્યમાન છે, તેમનું વચન શા માટે અમાન્ય રાખો છો, શા માટે તીરસ્કારને પાત્ર લેખો છો, શા માટે બાજુએ મેલવા તત્પર બનો છો? અહા! અજ્ઞાનતા સિવાય આનું શું કારણ હોય? અને એવી અજ્ઞાન્તાના કેવાં દુઃખજનક, કેવાં કડવાં, કેવા લાંબા કાળ પર્યંત અકળાવનાર અને અંધકારમાં ડુબાવનાર પરીણામો આવે છે! તેજીને તુકારો બસ!

પાપ.

માટે નૈતિક વર્તન ધર્માનુસાર કરીને સુખમાં રહો, આશીષપૂર્વક જીવન ગાળો અંને આ દ્રષ્ય અને પરલોકમાં નીડર અને આશાજનક ભાવથી ફરો. નૈતિક વર્તણુંકનું ઉલંઘન કરવે 'પાપ'નો બોજો ચઢે છે. વળી 'પાપ' શબ્દ કાંઇ બાળકોને ડરાવવા કાજે ઉપજાવી કાઢયો નથી. સૃષ્ટિના નીયમોમાના એકનો 'ભંગ' થાય તેને 'પાપ' લેખ્યું છે. એ વ્યવહારિ શબ્દોમાં 'કેદીની બેડી' અથનો 'દેણદારનું દેવું' છે. માનવી ઇચ્છે કે ન ઇચ્છે, છતાં એ 'લેણાં-દેવાં'નો હિસાબ રાત અને દીવસ લખાયોજ જાય છે. લખનાર કોણ? અદ્રષ્ય શક્તિઓ જેઓ પાસે અસંખ્ય સાલો થયાં 'ફોટોગ્રાફી'[1] કરતાં ઉત્તમ સાધનો છે, જેમાં માનવીના વીચારો અને કાર્યોની આકૃત્તિ ન ભૂસાય એવા આકારમાં જળવાઇ રહે છે; અને જેમાં માનવીની વાણીના 'રેકર્ડ' ગ્રેમોફોનના[2] 'રેકર્ડ' કરતાં વધુ અચુક અને મોટા કાળો સુધી છવાઇ રહે છે. હિસાબ કરવાનું મહેર, સરોષ અને રશ્ને યજદોના હાથમાં છે. 'મહેર' હજાર કાન અને દશ હજાર આંખવાળો છે, એમ લખ્યું છે. તે માત્ર અલંકારી છે. તેનો અર્થ એજ છે કે સૂર્યમાં જોવા અને નોંધવા અને સાંભળવાની તે શક્તિ છે, જે દરેક પ્રાણીના વીચાર, વાણી અને વર્તનની અચુક ટીપણુ રાખે છે. તેનો સરવાળો કરીને છેવટે ચહારૂમની બામદાદે માનવીના મરણ પછી, મજકુર ત્રણ મહા-ન્યાયાધીશો-મહેર, સરોષ અને રશ્ને યજદો, તેને ઘટતો બદલો સદ્‌ગતી અથવા દુર્ગતીમાં આના, પાઇ સુધાં ગણીને, અચલ નીયમાનુસાર દે છે. જ્યારે સુખ આવે ત્યારે આપણે પોતાને અને પોતાની હુશ્યારી, ચપળતા, ભક્તિ, દાન ઇત્યાદીને તેના ન્યાયી કારણરૂપ લેખ્યે છિયે. પણ જે પળે દુ:ખો અને જંજાળો આવી પડે છે, ત્યારે આપણે કુદરતના ગેરઇન્સાફની.જ વાતો કર્યે છિયે, અને બંડ ઊઠાવ્યે છિયે! કેવો અન્યાય! ઇન્સાફી અહુરમઝદને શી પરવા છે, કે તમને વિના કારણે દંડ દે અથવા અનઘટતો લુમટો મોકલે? તેની દ્રષ્ટિ સમાન છે અને પોતાનાં જીગરમાં વસતાં હરેક નાના, મોટાં પ્રાણી માટે, યકસાન પ્રેમ અને દાઝ, તે મહા કૃપાળુ ઇશ ધરાવે છે. માનવી જો યજદાનના ન્યાય ઉપર અચલ શ્રદ્ધા રાખે, તો પોતાનાં સુખ, દુ:ખ માટે પોતેજ

---

૧. Photography. ૨. Gramophone records.

છેવટે જવાબદાર છે, એમ સમજીને સુખમાં છલકાય નહિં અને દુ:ખમાં નીરાશિ ન બને, જેથી અહુરમઝદની મરજીને આધીન થવાનો સુંદર અને સરળ માર્ગ, તેને ઝટ જડે. પાપ રહિત બનવા કોણ માંગે છે? કયાં છે, તેવાં આબીદ અથવા સંત નર, નારીઓ? અને જો ન હોય તો 'પાપ'ની શીક્ષા પામતાં એટલે 'દુ:ખ' સહેતાં જગતનાં નર, નારને જુવો, ત્યારે શા માટે અચરત થાઓ છો? સત્ય યુગમાં નર, નાર અહુરમજદને આધીન નમસ્કાર કરી તેની આજ્ઞામાં રહિને સુખ પામવાને યોગ્યતા ધરાવતાં. આ કળીયુગમાં તેનેથી વિરૂદ્ધ વર્તન કરીને, નર, નારી દુ:ખનો દંડ મેળવવાને અધિકારી થાય છે, તેમાં કુદરતનો શો દોષ?

પાપનું નિવારણ કેમ થાય?

હવે આવા લોખંડી, હાસમી કાળમાં જો 'પાપ'નો છેડો છોડવવો હોય, તો 'ધર્મ' સીવાય કોઇ શરણનું ધામ નથી, એવી ખાત્રી કરી લ્યો. 'ધર્મ'ના માર્ગની બહાર એકે માનવી 'પાપ'થી ડરીને, તેનો સંપૂર્ણ ત્યાગ કરી શકતું નથી. એ અવલોકન ઉપરથી ઉઘાડું થાય છે. કદાપી કરોડોમાં એકાદ માનવી એવો પ્રભાવશાળી હોય, કે જેને 'ધર્મ'ના અતિ સુંદર પ્રકાશ અને બળની આવશ્યકતા ન જણાઇ હોય. પણ માનવ પ્રજાના મોટા જથ્થાને 'ધર્મ'નો નિવાસ તો જરૂરનોજ થઇ પડે છે. જો કે 'ધર્મ'ના વિરોધીઓ 'ધર્મ'ને જ 'સુધારા'ના વેરી તરીકે પોતાના મતાંધને લીધે લેખે છે. આજનો કેહેવાતો ઘણોક સુધારો 'ધર્મ'ના અચલ નીયમોથી ઉલટો હોવાને લીધે, 'ધર્મિષ્ઠો' તેની સામે થાય છે. પણ એ વિરૂદ્ધતા તો અવસ્તા વાણીમાં જણાવ્યા પ્રમાણે જ્યાં સુધી સૃષ્ટિ ચાલુ છે, ત્યાં સુધી રહેશે.[1]

ધર્મ વિનાનું નૈતિક જીવન નીહાળ્યું છે?

કંઇક શ્યાણા પુરૂષો માનવ જીવનની અસંખ્ય લાલચો અને મુસીબતોથી અજ્ઞાન હોવાને લીધે, માને છે કે 'ધર્મ' વિના પણ

૧. જુવો પુસ્તક પહેલાંમાં પવિત્ર યુદ્ધનો વિષય પાન ૩૮૯ થી ૪૫૮. દુન્યા આરંભથી હતી, તેવીજ અંત પર્યંત રહેશે. 'મન ખ્રથ્વાચ ચિસ્તિચ ચાઈશ્ આ અંઘહુશ્ પઓઉરૂયો બવત્, યથાચ અંઘહત્ અપેમેમ્ અંઘ્હુશ્, "મારી અક્કલથી તથા મારાં ડહાપણથી દુનિયાં શરૂઆતથી હતી, તેજ પ્રમાણે દુનિયાં છેડે સુધી રેહશે." (અહુરમઝદ યશ્ત, ક૦ ૨૬.)

'નૈતિક' જીવન ગાળી શકાય છે: માટે 'ધર્મ' જરૂરનો નથી. એનો ઉત્તર સરળ છે. અવલોકન ઉપરથી સાફ જણાય છે કે 'ધર્મ'ના આશ્રા અને સાધન વિના નૈતિક જીવન અત્યંત બિકટ અને દુઃખદાયક છે અને કવચિતજ પળાય છે. વળી 'ધર્મ' માત્ર નીતિ શીખાડતો નથી. પણ આગળ વધીને માનવીને હરેક પ્રકારના બંધનમાંથી મુક્ત કરીને, શાશ્વત મોક્ષ, જ્ઞાન અને આનંદ મેળવી આપે છે, જેને ગરોનેમાન અથવા અસરે રોશ્નીમાં વાસો, જરથોશ્તિ ધર્મ પ્રમાણે લેખ્યો છે. એ સર્વોત્તમ પદવી પામવાથી માનવી પવિત્ર અને પરમ કૃપાળુ અહુરમજ્દને ભેટે છે, જેનેથી પર કોઇપણ સ્થિતી અથવા મુક્તિ નથી.

હૈયાંની ભકિતવાળા નવા 'સુધરેલા' ભગતો જોતા જાવો !

હવે એક વધુ મુશ્કેલી કંઇક સમજુ પુરૂષોને નડે છે. તેઓ પ્રશ્ન કરે છે કે સર્વ વ્યાપક અહુરમજ્દને પામવા માટે કોઇપણ બાધા, ભક્તિ, પૂજા, યજશ્ને, ભણતર, યજ્ઞ, યાગ, આતશકદેહ, દેવાલય, દેવળ, મસજીદ, ધર્મગુરૂ, આતશ, સૂર્ય, ચંદ્ર આદિ અથવા પ્રતિમાની પૂંજા શા માટે જોઇએ ? એ માત્ર ભોળાઓને ભમાવવા માટે, નબળાઓને સમજાવી લેવા અથવા હીમત દેવા કાજે, ધર્મ ઢોંગ માટે, અથવા ધર્મગુરૂઓના પેટ ભરવાના સાધન માટે ઉભાં કર્યાં છે. માટે તેઓ પોતાના આપબળ ઉપર મુશ્તાક રહે છે અને કોઇપણ સાધન અને સાક્ષાત અહુરમજ્દના ચિન્હોને પૂજ્ય ગણવા ના પાડે છે. તેઓ પાધરો અને સીધો સંબંધ અહુરમજ્દ સાથેજ જોડી દેવાને તત્પર થાય છે અથવા હામ ભીડે છે. તેમને યજ્દો અને પંચ મહાભૂતોના સાધનો માનવીની પદવી ઉતારી પાડનારા અને કનિષ્ઠ લાગે છે. તેમનામાં નમ્રતા નથી, પણ સ્વતંત્ર બળ, જે તેમની ફવષી ધરાવે છે, તેની ઉપર તેઓ દ્રઢ રેહવા યત્ન કરે છે અને જગતને શીખાડે છે. ભલે! તેઓ કાંઇ ખોટા નથી. તેમનામાં એવો ઉત્કૃષ્ટ પૂરૂષાર્થ અને અદ્દભૂત પરાક્રમ હોય, તો ખરેજ સ્તૂતિપાત્ર છે. પણ 'બોલવા'થી અથવા માત્ર 'દાવો' કરવાથી આ અત્યંત કઠીણ કાર્ય થઇ શકતું નથી, એ તો ચોક્કસ છે. વળી માનવીના નવાણું ટકાથી કોઇપણ અદ્દભૂત શક્તિ દેખાડી શકાતી નથી, એ પણ નિશ્ચિત છે, અને એટલું અવશ્ય યાદ રાખવું જોઇએ કે સાધારણ માનવી માટે, 'અવ્યક્ત', 'અદ્રશ્ય' અહુરમજ્દને કોઇ પણ

સાધનની મદદ વિના, શારીરક મનુષ્ય, બહુજ કષ્ટથી પામી શકે.[1] જેમ જગતનો સમૂદ્ર હોડીથી પણ તરી શકાતો નથી, જેમ પૃથ્વિના સઘળા વિભાગો પગે પહોંચી શકાતા નથી, અને તે કાર્ય માટે પણ બુદ્ધિમાનો ઘટતાં સાધનોનો ઉપયોગ ઉત્સાહથી કરે છે, તેમજ ભક્તિ, યજશ્ને, ભણતર, માથ્રવાણી ઇત્યાદી સાધનો, છેવટના સ્વધામે પહોંચવાને (કદાચ એકાદ અપવાદ સીવાય) અવશ્યના છે. 'ધર્મ'ને શાસ્ત્ર શા માટે ગણ્યું છે, તે હવે સમજાશે. નૌકાશાસ્ત્રને શીખવા કાજે ૧૦ થી ૨૦ વર્ષનું શીક્ષણ અને અનુભવ લેવાનું જ્યારે સાધારણ છે અને અક્કલ પસંદ ગણાય છે, ત્યારે અદ્રષ્ય ભુવનો સાથે સમાગમમાં આવી, તેમને ઓળંગીને, સ્વર્ગના શ્રેષ્ઠ મુકામે પહોંચવાનું શાસ્ત્ર શીખતાં ૨૫), ૫૦), વર્ષની જબરી શ્રમ અને સબુરી રાખવી પડે, તો તેમાં શી નવાઇ?

હુમત, હુખ્ત, હુવર્શ્ત.

હુમત, હુખ્ત અને હુવર્શ્તનું મન્ત્ર જે અષો જરથુશ્ત્ર સાહેબે શીખાડયું, તેજ આપણી જીંદગીની હોડીનું ખરૂં સુકાન છે. તેને સમજવા માટે, શીખવા માટે અને અમલમાં મુકવા માટે આખું જીવન ગાળવું, એજ પુરૂષાર્થ છે, એજ અષોઇ છે, એજ ધર્મ છે અને એજ માર્ગ છે. પુસ્તક પહેલાંનાં ચિત્ર નાં૦ ૧૦ માં હુમતની શાખા લેખે ભલું મન, શ્રદ્ધા, પ્યાર–દયા, અહુરની મરજીને આધિનતા, નમ્રતા, સ્વકાબુ, સંતોષ, આનંદ, ન્યાય, પશ્ચાતાપ, અને અષોઇ દેખાડયાં છે, તેમાં ઉમેરો જ્ઞાન, પ્રમાણીકપણું, અને ઉપદેશ; હુખ્તમાં વહિ, સત્યવચન, અને ભક્તિ જણાવ્યાં છે; અને હવર્શ્તમાં સ્વભોગ, સાત્વિક સત્તા, ઉદ્યોગ, વિજય, ઉપદેશ, આરોગ્યતા, સૌંદર્ય, પવિત્ર યુદ્ધ, દાન, સખાવત, વૃદ્ધિ અને ભક્તિ પૂર્વક વર્તન (બંદગી) દર્શાવ્યાં છે.

આ પુસ્તકની રચના.

હવે પહેલાં પુસ્તકમાં એ ભિન્ન, ભિન્ન વિષયોમાંથી અધ્યાત્મિક (રૂહાની) વિષયો ભાગ બીજામાં પ્રથમ હાથ ધર્યા છે અને તેમનું

---

૧. क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥

જેમના મન અવ્યક્ત ઉપર ચોટયાં છે, તેમનો ક્લેશ અધિક છે; કારણ કે (વ્યક્ત) દેહવાળાઓ માટે અવ્યકતનો માર્ગ બહુ ભારી છે. (ભગવદ ગીતા ૧૨–૪.)

સ્પષ્ટિકરણ અવસ્તા ઇત્યાદી લેખોના ઉતારાઓ ઉપરથી કરવામાં આવ્યું છે. આ બીજા પુસ્તકમાં ભાગ બીજો ચાલુ રાખ્યો છે અને તેમાં પણ ઉપલેજ ધોરણે અધ્યાત્મિક વિષયો પ્રથમ અને પાછળથી નૈતિક વિષયો લઇને, તેમના સંબંધમાં અવસ્તા ઇત્યાદીના લેખો ભેગા કર્યા છે. ભાગ ત્રીજામાં મોટે ભાગે નૈતિક વિષયોનો સમાવેશ છે. ભાગ ચોથામાં અનષોઇ વીષે જે જે લખાણો અવસ્તા ઇત્યાદીમાં મળે છે, તેનો ખુલાસો કરવામાં આવ્યો છે.

વિષયો કેમ ગ્રહણ કરવા.

એ સર્વે વિષયો માત્ર વાંચી જવા માટેજ નથી. પ્રથમ તેમનો ભક્તિપૂર્વક 'અભ્યાસ' થશે, તો શ્રદ્ધા બેસશે. શ્રદ્ધા સાથે નમ્રતા અને આધિનતા (સરોષ) ભળાશે, ત્યારે વર્તન કરવાને ઉત્સાહ થશે. વર્તન કરવા જોડે, જોડેજ 'મનન' કેમ કરવું એ ખરા ઉત્સુકને સમજાશે. કલાકો નહિં પણ હરરોજના કાંઇક કલાકોનું વર્ષો અને દાયકાઓના 'મનન' કેડેજ, 'ધર્મ'નો પડદો ખુલતો દેખાશે, તેના આશીષો પૂર બહારમાં આવતા જણાશે, તેનો મીઠાસ ચાખવાનો પ્રસંગ આવશે અને એ કાળે કોઇ ખરો રૂહાની ઉસ્તાદ અથવા ગુરૂ આપોઆપ આવીને હાથ ધરશે, અને ભેદી શિક્ષણ દેશે, તો રવાન બુખ્તગી અથવા 'મીનોઇ' અથવા અધ્યાત્મિક વૃદ્ધિ નક્કિ થશે.[1] માર્ગ લાંબો છે, સૂફીઓ તે માર્ગને સાત બીકટ વાદીઓ અથવા ખીણોનો બનેલો, ઉપર જોયું તેમ લેખે છે. શ્રદ્ધા, નમ્રતા, માથ્રવાણી, વેળાસરની નિર્મિત ભક્તિઓ, નૈતિક વર્તન, તરીકતનું પાલન અને હીમત જ્યાં હોય, ત્યાં આ માર્ગ સરળ અને સહેલો બની જાય છે. તલવારની ધાર જેવો ચીન્વત પૂલ, એજ માર્ગનું અલંકારી વર્ણન છે. એ માર્ગ અષોઇથી પહોળો અને લીલાંછમ ઝાડપાનો, ફુલફળોથી છવાયલો, સૂંવાળો અને બાદશાહી બની જાય છે.

અન્ય ધર્મોની સરખામણીઓ.

આ પુસ્તકમાં અન્ય ધર્મોની કાંઇક વિશેષ સરખામણીઓ જણાશે. કારણ કે જરથોશ્તિ ધર્મ પુસ્તકોનો કમનસીબે નાશ થયેલો હોવાથી,

---

૧. જુવો આતશની ન્યાયશ ફકરો ૬ અને આ પુસ્તકનું પાન ૬૬ મું, જ્યાં લાંબા કાળની અષોઈથી ગુરૂ પ્રાપ્તિ થાય છે, એવું સ્પષ્ટ જણાવ્યું છે. (દાયાઓ...મે યા મે અંઘહ્ત્ અફ્રસાઓંધ્દાઓ...)

દરેક વિષય ઉપર અત્રે આપેલા છે, તે ઉપરાંત અવસ્તાના વધુ ઉતારાઓ મળી શકતા નથી. છતાં જે પણ ઉતારાઓ આ પુસ્તકમાં આપ્યા છે તે આ મહાન ધર્મની શ્રેષ્ટતા અને તેણે શીખાડેલી સર્વોત્તમ નીતિનો પૂરતો પુરાવો દેછે. ૧) તે દરેક વિષયનું ગાંભીર્ય દેખાડવા અને ૨) બ્હોળું સ્પષ્ટિકરણ કરવા કાજે, અન્ય ધર્મો અને સાહિત્ય-માંથી મૂખ્યત્વે કરીને નૈતિક લક્ષણો, વધારે પ્રમાણમાં આપવાં પડયાં છે. તે ઉપરથી ધર્મોનું સમાનપણું વધારે ઉઘાડું થાય છે, જે આવકાર દાયક લેખવું જોઇએ.

ધર્મની ફીલસૂફી.

આ પુસ્તકોમાં રજુ કરેલા વિષયો ઉપરથી જરથોશ્તિ ધાર્મિક અને નૈતિક ફીલસૂફી રચવાને માટે હસ્તિ ધરાવતું અવસ્તા સાહિત્ય મળે છે. કોઇક સૂચનાઓ હાલતુરત તો પાનોની નીચે નોંધો લેખે ટુંકમાં આપી છે. એજ ફીલસૂફી પૂર્ણ રીતે દર્શાવવા માટે બીજાં ઘણાક પુસ્તકો લખવાં પડશે. આશા છે કે હવે આ 'અવસ્તાના જવાહીરો'થી જે પાયો નાંખવામાં આવ્યો છે, તેની ઉપર સુંદર ઇમારતો બાંધવામાં આવશે અને જગકલ્યાણાર્થે તે અર્પણ થશે.

એક વિનંતી અને પ્રાર્થના.

ભાઇઓ અને બેહનો! વિશ્વાસથી, પૂરી હોશ અને અકકલથી, સંપૂર્ણ સંશોધક બુદ્ધિથી અને સત્યને અર્પણ થઇને, ડચમગયા વિના, શુધ્ધ હૈયું રાખીને, એ માર્ગમાં વળવાને અષો નિરંજન, નિરાકાર, અહુર-મજ્દ સાહેબની પ્રાર્થના કરો અને વોહુ મન અથવા ચિત્તશુધ્ધિની સર્વથી મહાન ચાવી મેળવો અને તેની મારફતે આખી સૃષ્ટિના દરેક ખજાનાની ચાવી હાથ લાગવે, જીવ ચાહે તે આનંદ, શક્તિ અને જ્ઞાન પ્રાપ્ત કરવાને સામર્થ્ય મેળવી તમે કૃતાર્થ થાવો!

અષ વહિશ્ત, અષ સ્રએશ્ત, દરેસામ ઠ્વા, પઇરિ ઠ્વા જમ્યામ, હમેમ્, ઠ્વા હખ્મ.

હે અહુરમઝદ! સર્વોત્તમ અષોઇને અંગે, અમે તારાં દર્શન કર્યે, તને ભેટયે અને છેવટે તારી અમર મીત્રતાને પામ્યે!

ફરેદુન કે. દાદાચાનજી.

ચોપાટી, ૨૯-૧-૧૯૨૯.

અવસ્તાના જવાહીરો

અને

અન્ય ધર્મોની તેમની સાથ સરખામણીઓ.

ભાગ બીજો (ચાલુ).

અહુરમઝદ વહાલો દોસ્ત અને રક્ષક.[1]

અહ્યા યાસા નॅમંઘ્રહા
ઉસ્તાનજસ્તો રફॅધ્રહ્યા
મઈન્યૂશ મજદાઓ પઓઉર્વીમ
સ્પॅન્તહ્યા અષા વીસ્પॅંગ્ શ્યઓથના
વંઘ્હેઉશ ખ્રતૂમ મનંઘ્હો યા
ક્ષ્નॅવીષા ગેઉશ્ચા ઉર્વાનॅમ.

---

૧. જ્યારે એક જરથોશ્તિ રઝા અથવા આધિનતા અને હેત બતાવે ત્યારે અહુરમઝદ સાથે નીચે ટાંકેલા ફકરાઓમાં દર્શાવેલા તેના અંગત સમાગમમાં આવી શકે છે. જે સદગુણો આ ગ્રંથમાં જણાવ્યા છે, તેમને ગ્રહણ કરવે, માનવી આ ઉંચ પંક્તિએ પહોંચે છે. માત્ર તેમને વાંચી જવાથી અથવા તે કોઈને માટે છે, એમ માનીને, કેવા સુંદર છે એવો મત દર્શાવ્યાથી, કાંઈ વળતું નથી. "આપ મુવા વિના સ્વર્ગે ન જવાય." મીનોઈમાં દાખલ થવાને સ્વકાબુ અને ધર્માચરણ વિના 'અધિકાર'જ મળતો નથી. આખો જન્મ રાત દીવસ વાંચ્યાથી સાર્થક થાય નહિ, પણ વાંચવા ઉપરાંત ધર્મને વિશ્વાસથી પાળવે, ધર્મના મહાન વાક્યો ફળદાઈ થાય છે, અને સર્વોત્તમ ફળ, સકળ જંજાળો અને દુઃખોનું નિવારણ અને પરમાનંદની સર્વ શક્તિ અને મહજ્ઞતાની પ્રાપ્તિ છે.

અમુક પ્રમાણમાં "અહુરમજદ માનવીનો મિત્ર, માતા, પિતા અને છેવટની નેમ" એ નામના આ ગ્રંથના પુસ્તક પેહલાંના, ભાગ ૧, પાન ૧૩૩ થી ૧૬૨-ના વિષયની પુરવણી સમાન આ પ્રકરણ છે. જ્યારે માનવી અષો થઈ જાય છે, ત્યારકેડે આ પ્રકરણ તેને વધુ લાગુ પડે છે; જ્યારે, પુસ્તક પેહલાનું સદર પ્રકરણ દરેક માનવીને લાગુ પડી શકે છે.

નમ્રતાથી હાથ ઉચ કરીને, સર્વથી પહેલાં અનદીઠ તથા પરગજુ અહુરમજદનાં તમામ અષોઇ ભરેલાં કામોને તથા ભલાં મનની અક્કલને આ આનંદમાં હું માંગું છું, કે જેથી હું જગતના આત્માને[૧] ખુશી કરૂં. (ગાથા અહુનવદ, યસ્ન હા ૨૮ ફ૦ ૧.)

યે ઉર્વાનૅમ્ મેન્ ગઇરે વૉહૂ દદે હથ્રા મનંઘ્રહા.

ભલાં મનને લીધે મારા રવાનને ગરોથમાન (બેહશ્ત) તરફ હું લઇ જાવું. (ગાથા અહુનવદ, યશ્ન હા ૨૮, ફ૦ ૪)

અષા કત્ થ્વા દરૅસાની
  મનસ્ચા વૉહૂ વએદેમ્નો,
ગાતૂમ્ચા અહુરાઇ સૅવીશ્તાઈ
  સૅરઓષૅમ્ મઝ્દાઇ.

હે અષ! ભણેલો થઇને તને તથા વોહુમનોને તથા સર્વથી મહાન દાતાર તુ અહુરમજદના રેહઠાણને[૨] તથા સરોષ યજદને હું કયારે જોઇશ? (ગાથા અહુનવદ, યસ્ન હા ૨૮, ફ૦ ૫.)

વૉહૂ ગઇદી મનંઘ્રહા...અષા-દ ઑ...અહુરા.

હે અષોઇની મારફતે ઉપકાર કરનાર સાહેબ! ભલાં મનની મારફતે તું આવ. (ગાથા અહુનવદ, યસ્ન હા ૨૮, ફ૦ ૬.)

વહિશ્તૅમ્ થ્વા વહિશ્તા યેમ્
  અષા વહિશ્તા હઝઑષૅમ્
અહુરૅમ્ યાસા વાઓનુશ્ નરોઇ
  ફ્રૅરષઑસ્રાઇ મઇબ્યાચા.
યએઇબ્યસ્ચા ઇત્ રાઑંઘહ્ંઘ્રહોઇ
  વીસ્પાઇશ્ યવે વંઘ્રહેઉશ્ મનંઘ્રહો.

ઓ સર્વોત્તમ! સૌથી શ્રેષ્ઠ પવિત્રાઇની મારફતે, તું સર્વથી ઉત્તમ દોસ્ત, જે (તમામ સૃષ્ટિનો) માલેક (તે) ને ફરશોસ્તર નરને માટે તથા મારે માટે, પ્યારથી હું માંગું કરૂં છું; જે મને હંમેશ સુધી ભલાં મનની (આશીષ) તું દેશે. (ગાથા અહુનવદ, યશ્ન હા ૨૮, ફ૦ ૮.)

ક્ષમઇબ્યા ગેઉશ્ ઉર્વા ગૅરૅઝ્દા
... ...

---

૧. Soul of the Earth. ૨. ગરોથ્માનને.

નોઇત્ મોઇ વાસ્તા ક્ષ્મત્ અન્યો.

(અહો! અહુરમજદ તથા અમેષાસ્પંદો!) જગતનાં આત્માએ તમારી આગળ પુકાર કરીને કહ્યું કે..."તમારા સિવાય મને બચાવનાર કોઈ નથી". (ગાથા અહુનવદ યરન, હા ૨૯, ફ૦ ૧.)

અદા તષા ગેઉશ્ પૅર્સત્ અૅમ
કથા તોઇ ગવોઇ રતુશ્
... ...
હ્દા વાસ્ત્રા ગઑદાયો થ્વક્ષો.

તે ઉપરથી સૃષ્ટાએ અષને પ્રશ્ન કર્યો કે કોણને તારી સૃષ્ટિ(ની સંભાળ)ને માટે આગેવાન (ઠેરવવો) કે જે ઉદ્યમથી તથા ચાલાકીથી હંમેશ દુન્યાનો કલ્યાણકર્તા થાય.? (ગાથા અહુનવદ, યરન હા ૨૯, ફ૦ ૨.)

અત્ એ વઓચત્ અહુરો મઝ્દાઓ
વીદ્વાઓ વફૂશ્ વ્યાનયા.

તે ઉપરથી સર્વજ્ઞ (તથા) પ્રિય કરનાર અહુરમજદે (પોતાના) જાતી જ્ઞાનથી કહ્યું કે........... (ગાથા અહુનવદ, યસ્ન હા ૨૯ ફ૦ ૬.)

તૅમ આઝૂતોઇશ્ અહુરો માંથ્રૅમ
તષત્ અષા હજઓષો
મઝ્દાઓ ગવોઇ ક્ષ્વીદૅમચા હ્વો
ઉરૂષએઇબ્યો સ્પૅન્તો સાસ્ન્યા.

સંપત્તિના ચાહનાર અહુરમજદે, અષોઇથી આ માથ્રવાણી બનાવી. તથા વૃદ્ધિ કરનાર અહુરમજદે પોતે, સૃષ્ટિને માટે આબાદી તથા સત્યવાદી (માણસ)ને માટે શીખામણનાં વચનો (બનાવ્યાં). (ગાથા અહુનવદ, યસ્ન હા ૨૯, ફ૦ ૭.)

અત્ચા ગેઉશ્ ઉર્વા રઓસ્તા,
યે અનએશૅમ ક્ષાંનમેને રાદૅમ.
વાચૅમ નૅર્શ અસૂરહ્યા યેમ
આ વસૅમી ઇષા-ક્ષથ્રૅમ.
કદા યવા હ્વો અંઘહત્ યે
હોઇ દદત્ જસ્તવત્ અવો.

તે ઉપરથી સૃષ્ટિનાં આત્માએ ગર્જના કરીને કહ્યું કે (મારાં સંકટની વેળાએ અનગમતો સરદાર, એક નબળા માણસનો અવાજ (મેં મેળવ્યો છે); (પણ) (હું) એક સ્વતંત્ર મૂખી માંગું છું. ક્યારે એવો કોઇ (સરદાર) (મને) મલી આવશે કે જે તેને (સકળ સૃષ્ટિને) મજબુત મદદ આપે? (ગાથા અહુનવદ, યસ્ન હા ૨૯, ફ૦ ૯.)

યૂજ્ઁમ...મજાઇ મગાઇ આ પઇતી-જાનતા...નૃ-નાઓ અવરે.

તમે (આ) મ્હોટાં સાહસ કાર્યને માટે હવે અમને પુરતી રીતે મદદ આપો. (ગાથા અહુનવદ, યસ્ન હા ૨૯, ફ૦ ૧૧.)

આવરેંનાઓ વીચિથહ્યા નરેંમ્ નરેંમ્ ખ્ફ્યાઇ તનુયે.

(તે) મોટા બનાવોની પેહલાં દરેક જણને પોતાને માટે (પોતાની) પસંદગીની તે શ્રદ્ધા[1] હોવી જોઇએ. (ગાથા અહુનવદ, હા ૩૦, ફ૦ ૨.)

તા મજ્દા મઇન્યૂ ઉક્ષ્યો, યે
આ નૂરેંમ્ચીત્ અહુરા હામો.

હે મીનો અહુરમજદ! (તું) કે જે હંમેશાં એકસરખો[2] (છે તે) તેમને આબાદ કરે છે. (ગાથા અહુનવદ, યસ્ન હા ૩૧, ફ૦ ૭.)

અત્ થ્વા મેંન્ગ્હી પૉઉર્વીમ્
મજ્દા યેજીમ્ સ્તોઇ મનંઘ્હા,
વંઘ્હેઉશ્ પતરેંમ્ મનંઘ્હો હ્યત્
થ્વા હેમ્ ચષ્મઇની હેન્ગ્રૅમ
હઇથીમ્ અષહ્યા દાંમીમ્ અંઘ્હેઉશ્
અહુરેંમ્ શ્યઑથનએષૂ.

જ્યારથી તને (ઓ અહુરમજદ) (મારી) આંખમાં મેં રાખ્યો છે, ત્યારથી નિત્ય સર્વથી પેહલો, પાક મનશ્નીથી ભજવાને લાયક, ભલાં મનના પિતા, અષોઇનું ખરૂં મુળ, (તથા) આ દુન્યાનાં (સર્વ) કાર્યો ઉપર સત્તા ભોગવનાર તરીકે, અહો અહુરમજદ! (મેં) તને ગણ્યો છે. (ગાથા અહુનવદ, યસ્ન હા ૩૧, ફ૦ ૮.)

---

૧. મન સમાધાન કરીને, શંકાઓ દુર કરીને, કોઈના પણ દબાણ અથવા કોઈ પણ વહેમ રાખ્યા વિના, અંતઃકરણપૂર્વક વિશ્વાસ. ૨. અવિકારી. Equipoised, equable, unchanging amidst the two Polarities.

મજ્‌દાઓ દદાત્‌ અહુરો
    હઉર્વતો અમેરેતાતસ્ચા,
બૂરોઇશ્‌ આ અષખ્યાચા
    ખાપઇથ્યાત્‌ ક્ષથ્રહ્યા સરો,
વંઘ્રહેઉશ્‌ વજ્‌દ્વરે મનંઘ્રહો, યે
    હોઇ મઇન્યૂ શ્યઓથનાઇશ્ચા ઉર્‌વથો.

જે માનવી (પોતાના) વિચારથી તથા કાર્યોથી તેનો (અહુરમજદનો) મિત્ર (થાય છે), (તે માનવને) અહુરમજદ પોતાની સત્તાથી તંદુરસ્તી તથા અમરપણું દેશે, (તથા) આબાદીની, અષોઇની, (તથા) હકુમતની સરદારી, (તથા) ભલાં મનનું સુખ અર્પશે.

(ગાથા અહુનવદ, યસ્ન હા ૩૧, ફ૦ ૨૧.)

ચિથ્રા ઇ હુદાઓંઘ્રહે
    યથના વએદેમ્નાઇ મનંઘ્રહા;
વૉહૂ હ્વો ક્ષથ્રા અષેમ
    વચંઘ્રહા શ્યઓથનાચા હચ્તિ;
હ્વો તોઇ મજ્‌દા અહુરા
  . વાજિશ્તો અંઘ્રહઇતી અસ્તિશ્‌.

જેમ મનથી[1] સમજનારને માટે. (તેમ) સારાં ડહાપણવાળાને[2] માટે (ઉપર જણાવેલા) આ (વીષયો) જાહેર (છે) તે મનુષ્ય પોતાની નેક શક્તિથી, વિચારથી તથા કાર્યથી અષોઇને જાળવે છે. એવો મનુષ્ય, એ અહુરમજદ! તારે માટે ઘણોજ મદદગાર પુરૂષ લેખાય.

(ગાથા અહુનવદ, યસ્ન હા ૩૧, ફ૦ ૨૨.)

અએઇબ્યો મજ્‌દાઓ અહુરો
    સારેમ્નો વોહૂ મનંઘ્રહા
ક્ષથ્રાત્‌ હચા પઇતિ-બ્રઓત્‌
    અષા હુશ્‌-હખા ખેન્વાતા;
સ્પેંનતાંમ્‌ વે આર્મઇતીમ
    વંઘ્રઉહીમ્‌ વરેમઇદી, હા-ને અંઘ્રહત્‌.

(જરથુશ્ત્રનો) એક શુભેચ્છક મીત્ર અહુરમજદ, જે પોતાની સત્તાથી (સર્વ સૃષ્ટિ ઉપર) સાહેબી ભોગવનારો છે, (તેણે) પોતાના વોહુમન

૧. Intellectual ૨. Spiritual

અને અષની મારફતે તેમને પાછો ઉત્તર દીધો કે, ભલી તથા આબાદી કરનાર નમ્રતા (અથવા ભક્તિ)ને અમે સ્વિકારી હતી, તે અમારી થાય!

(ગાથા અહુનવદ, યસ્ન હા ૩૨, ફ૦ ૨.)

તોઇ આબ્યા બઇરયાઓન્તે વંઘ્હેઉશ્ આ-દેમાને મનંઘ્હો.

આ બે (ખોરદાદ તથા અમરદાદ અમેષાસ્પંદ) ની મારફતે તેમને (એટલે દીનનાં કામમાં સહાયકો તથા નીતિમાન નરોને) બહમન અમેષાસ્પંદના નિવાસમાં[1] લઇ જવામાં આવશે.

(ગાથા અહુનવદ, યસ્ન હા ૩૨, ફ૦ ૧૫.)

અપાનો......
અષાત્ આ અઁરૅજૂશ પથો યએષૂ
મઝ્દાઓ અહુરો ષએતી.

(અમારી) અપોઇને અંગે નીતિના માર્ગો, જેમાં અહુરમજદ રહે છે (તે) તરફ અમને તું પહોંચાડ. (ગાથા અહુનવદ, હા ૩૩, ફ૦ ૫.)

આ-માં આઇદૂમ...આ ઘઇશ્યાચ્યા મઝ્દા.

તું પોતે, હે અહુરમજદ! મારી આગળ આવ.

(ગાથા અહુનવદ, યસ્ન હા ૩૩, ફ૦ ૭.)

પઇરિગએથે ક્ષ્માવતો વહ્મે મઝ્દા નેરોબીશ સ્તૂતાંમ.

તારે લાયકની ભક્તિથી તથા તારાં ઇશ્વરી યશોગાનની મારફતે, અહો અહુરમજદ! હું તારી નજદીક પહોંચું.

(ગાથા અહુનવદ, યસ્ન હા ૩૪, ફ૦ ૨.)

કત્ વે ક્ષથ્રૅમ, કા ઇશતિશ્ શ્યઓથનાઇશ્
મઝ્દા યથા વાઓ હુમ્મી
અષા વૅહૂ મનંઘ્હા થ્રાયો ઇઘાઇ દ્રિગૂમ્ યૂષ્માકૅમ.

અહો અહુરમજદ! તારી રાજ્યસત્તા શેની ઉપર રચાયલી છે, તથા તારી ઇચ્છા શું (છે), (તે તું મને કેહ) કે જેથી (મારાં નેક) કાર્યોને લીધે તારી ભાઇબંધીમાં (રહીને) અષોઇથી તથા નેક નૈયતથી તારા ગરીબોને હું આશ્રો આપું. (ગાથા અહુનવદ, યસ્ન હા ૩૪. ફ૦ ૫.)

વાઓ યજ્ઞસ્ચા ઉર્વાઇધ્યાઓ સ્તવસ્ અયેની પઇતી.

---

[1] ધામમાં.

વધારે ભક્તિભાવથી તારૂં ભજન કરનાર તથા તારૂં સ્તવન કરનાર લેખે (હું) તારી નજદીક પહોંચું. (ગાથા અહુનવદ, યસ્ન હા ૩૪, ફ૦ ૬.)

નએચીમ્ તેમ્ અન્યેમ્ યૂષ્મત્
વએદા અષા અથા નાઑ થ્રાઝ્દૂમ

હે અષો! તારા શીવાય બીજા કોઇને હું જાણતો નથી, માટે મારૂં પાલન કર. (ગાથા અહુનવદ, યસ્ન હા ૩૪, ફ૦ ૭.)

ક્ષ્માકા ક્ષથ્રા અહુરા ફ્રૅરષેમ્ વસ્ના હઇથ્યેમ્ દાઑ અહૂમ.

અહો અહુરમજદ! મારાં જીવનને (તું) ખરેજ તાજું કર (અથવા મારી જીંદગીને મીનોઇ જેહાંનનું સુખ દે).

(ગાથા અહુનવદ, યસ્ન હા ૩૪, ફ૦ ૧૫.)

થ્વા ચીચીથ્વા સ્પેંનિશ્તા મઇન્યૂ મઝ્દા

ઓ સર્વથી મહાન વૃદ્ધિ કરનાર મીને અહુરમજદ! તું તારો જાહેર દેખાવ દે.[1] (ગાથા ઉશ્તવદ, યસ્ન હા ૪૩, ફ૦ ૨.)

અત્ થ્વા મેંગ્હાઇ તખ્મૅમચા સ્પૅન્તૅમ્ મઝ્દા.

ઓ અહુરમજદ! તને ખચીત સર્વશક્તિમાન તથા પ્રિયકર હું ગણતો રહીશ. (ગાથા ઉશ્તવદ, યસ્ન હા ૪૩, ફ૦ ૪.)

સ્પૅન્તૅમ અત્ થ્વા મઝ્દા મેંગ્હી અહુરા
હ્યત્ થ્વા અંઘ્રહેઉશ્ જાંથોઇ દૅરૅસૅમ્ પઑઉરૂવીમ.

જ્યારથી તને, ઓ અહુરમજદ! દુન્યાની પેદાયશમાં સૌથી ચઢતો જોયો, ત્યારથી તને (મેં) જરૂર સંપત્તિ દેનાર ગણ્યો છે.

(ગાથા ઉશ્તવદ, યસ્ન હા ૪૩, ફ૦ ૫.)

મઝ્દા ફ્રયાઇ થ્વાવાંસ્ સખ્યાત્ મવઇતે
અત્ ને અષા ફ્રયા દઝ્દ્યાઇ હાકુરૅના,
યથા–ને આ વૉહૂ જિમત્ મનંઘ્હા.

ઓ મજદ! તારા જેવો એક મીત્ર મારા જેવા એક દોસ્તને (હર વેળાએ) કુમક આપવાને માટે, તે ભક્તિ બાબે શીખાડે તો સારૂં, કે જેથી ભલાં મનથી (તું) અમારી નજદીક આવે.

(ગાથા ઉશ્તવદ, યસ્ન હા ૪૪, ફ૦ ૧.)

---

૧. પ્રગટ થા; તારો સાક્ષાત્કાર અમને થાય.

હ્‌વો જી અષા સ્પૅન્તો ઇરીખ્તૅમ્‌ વીસ્પોઇબ્યો
હારે મઇન્યૂ અહ્મબીશ્‌ ઉર્વથો મઝ્દા.

અહો! મીનો અહુરમજદ! જરૂર તું પોતે અષોઇથી કલ્યાણકારી (તથા) અમ સઘળાઓથી દુષ્ટતા વેગળી કરનાર તથા બન્ને દુન્યામાં સ્નેહિ છે. (ગાથા ઉશ્તવદ, યસ્ન હા ૪૪, ફ૦ ૨.)

અજેમ્‌ તાઇશ થ્વા ફ્રક્ષ્‌ને અવામી મઝ્દા
સ્પૅન્તા મઇન્યૂ વીસ્પનાંમ્‌ દાતારૅમ્‌.

......એ (વીષયો)થી જાણીતો થવાને સકળ (સૃષ્ટિ)ના, ઓ સૃષ્ટા તથા આબાદી કરનાર અનદીઠ અહુરમજદ! (હું) તારેથી ઇચ્છું છું. (ગાથા ઉશ્તવદ, યસ્ન હા ૪૪, ફ૦ ૭.)

મઝ્દાઓ ક્ષથ્રા વૅરૅઝીનાઓ દયાત્‌ અહુરો,
પસૂશ્‌ વીરૅંગ્‌ અહ્માકૅંગ્‌ ફ્રદથાઇ આ,
વંઘ્રહેઉશ્‌ અષા હુઓજાંથ્વાત્‌ આ મનંઘ્રહો.

અમારાં માણસો તથા ગાયઢોરોને આબાદ કરવા સારૂં, (અમારાં) ભલાં મનનાં સારાં ડહાપણને લીધે (તથા) રાસ્તીને લીધે, (અહુરમજદ) પોતાની સત્તાથી અમને (જોઇતું) બળ આપે! (ગાથા ઉશ્તવદ, યસ્ન હા ૪૫, ફ૦ ૯.)

યસ્તા દએવેંગ્‌ અપરો મશ્યાંસ્ચા
તરે-માંસ્તા યોઇ ઈમ તરે-મન્યન્તા,
અન્યેંગ્‌ અહ્માત્‌ યે હોઇ અરેમ્‌ મન્યાતા
સઓશ્યન્તો દેંગ્‌ પતોઇશ્‌ સ્પૅન્તા દએના,
ઉર્વથો બરાતા પતા વા મઝ્દા અહુરા.

દૈત્યો તથા નીચ માણસો જેઓ (પ્રાણીઓ અને માણસોને) ધિક્કારે છે, તેમને જે કોઇ ધિક્કારે (તથા) જે કોઇ તેને (પવિત્ર માણસને), (તથા) જ્ઞાની સોશ્યન્તોને તે સાહેબની પવિત્ર દીનને અંગે માનની નજરે જુએ, તે નરનો મીત્ર, સહાયક અથવા પિતા અહુરમજદ છે. તેવા માણસોથી દૈત્યો તથા નીચ માણસો તદન જુદાજ હોય છે. (ગાથા ઉશ્તવદ, યસ્ન હા ૪૫, ફ૦ ૧૧.)

રફ્રેધ્રેમ્‌ ચગ્‌વાઓ હત્‌ ફ્ર્યો ફ્ર્યાઇ દઇદીત્‌.

જેમ એક સ્નેહિ બીજા દોસ્તને દઇ શકે તેમ, (ઓ અહુરમજદ!) (તારેથી હું) દીલાસો ઇચ્છું છું. (ગાથા ઉશ્તવદ, યસ્ન હા ૪૬, ફ૦ ૨.)

કદા મઝ્દા યોઇ ઉક્ષાનો અસ્નાંમ્
અંઘ્રહેઉશ દરૅથ્રાઇ ફ્રો અષહ્યા ફ્રાર્ૅન્તે
વૅર્ૅઝ્દાઇશ્ સેંગ્હાઇશ્ સઑષ્યન્તાંમ્ ખ્રત્વો.

અષોઇની દુન્યાની આબાદીને માટે હે અહુરમજદ! સોશ્યન્તોની ઉત્તમ બુદ્ધિ કે જે (કયામતના) દહાડાની પ્રકાશ આપનારી, (તે) એજમતી આકાશવાણી સાથે કયારે આવશે?

(ગાથા ઉશ્તવદ, યસ્ન હા ૪૬, ફ૦ ૩.)

યે સ્પિતામૅમ્ જરથુશ્ત્રૅમ્ રાદંઘ્હા
મર્ૅતએષ્ ક્ષ્નાઉશ્ હ્વો–
ના ફ્રૅરસ્રૂઇદ્યાઇ ઍર્ૅદ્વો
અત્ હોઇ મઝ્દાઑ અહૂમ્ દદાત્ અહુરો
અહ્માઇ ગએથાઑ વોહૂ ફ્રાદત્ મનંઘ્હા
તેમ્ વે અષા મેહ્મઇદી હુશ-હખાઇમ્.

માણસોમાંથી જે કોઇ સ્પીતમાન જરથુશ્ત્રને આનંદથી ખુશી કરશે, તે માણસ પોતે (દીનના હુકમો) જાહેર કરવાને લાયક[1] છે, તેને અહુરમજદ સ્વર્ગ દેશે, તથા નેક મનશ્નીને લીધે તેનાં બચ્ચાં છોકરાં, પશુ, ઢોરો આબાદ કરશે; તે માણસને, હે! અષ! (અમો) તારો ખરો સહાયક ગણ્યે છીએ. (ગાથા ઉશ્તવદ, યસ્ન હા ૪૬, ફ૦ ૧૩.)

હુદા વેસ્તા વહ્મેંગ્ સૅરઑષા રાદંઘ્હો
યે વીચિનઑત્ દાથૅમચા અદાથૅમચા
દંગ્રા મન્તૂ અષા મઝ્દાઑ અહુરો.

જે કોઇ જણાયલી તાબેદારીથી આરાધનારૂપી ભેટો (અહુરમજદને) સદા (અર્પણ કરે છે), તથા જે કોઇ વાજબી તથા જે કાંઇ અન્યાયી[2] પીછાણી શકે છે, (તે ધણી ઉપર) અહુરમજદ પોતાની સર્વજ્ઞ અષોઇથી હેત રાખશે. (ગાથા ઉશ્તવદ, યસ્ન હા ૪૬, ફ૦ ૧૭.)

---

૧. ઉપદેશ માટે "અધિકાર" કોણને છે, તે અત્રે જણાવ્યું છે. ૨. વીવેકી છે. વીવેક બુદ્ધિ વિના 'અધિકાર' મળતો નથી અને માર્ગ દેખાતો નથી. સરખાવો સાત્વિક બુદ્ધિ અને રાજસી અને તામસી બુદ્ધિ, જે ભગવદ ગીતામાં ૧૮ માં અધ્યાયમાં શ્લોકો ૩૦ થી ૩૨ માં વર્ણવી છે. "જે બુદ્ધિ પ્રવૃત્તિ તથા નિવૃત્તિને, કાર્યને તથા અકાર્યને, ભયને અને અભયને, બંધને અને મોક્ષને પીછાણે છે, તે બુદ્ધિ સાત્વિકી. જેણેથી ધર્મ

અહ્યા મન્યેઉશ્ સ્પેનિશ્તહ્યા વહિશ્તેમ,
હિજ્વા ઉખ્ધાઇશ્ વંઘ્હેઉશ એઅેઆન્ મનંઘ્હો,
આર્મતોઇશ જસ્તોઇબ્યા શ્યઑથના વૅરેજયત;
ઑયા ચિસ્તી હ્વો પતા અષહ્યા મજ્દાઑ.

(કોઇપણ માનવી) (પોતાની) જીભ (તથા) મોઢાની મારફતે (ઉચરેલા પવિત્ર) શબ્દોને લીધે, (તથા) (પોતાની) ભલી મનશ્નીના (તથા) નમ્રતાના બે હાથોથી (કરેલાં) કાર્યોને લીધે, તે સર્વથી આબાદી કરનાર મીનોની (અહુરમજ્દની) સર્વોત્તમ (આશીષ, એટલે અહુરમજ્દની ભાઇબંધી) મેળવી શકે છે. (ગાથા સ્પેન્તોમદ, યસ્ન હા ૪૭, ફ૦ ૨.)

અહ્યા મન્યેઉશ્ ત્વેમ્ અહી તા સ્પેન્તો.

(એ અહુરમજ્દ) આ મીનોનો તું આબાદી કરનાર છે.
(ગાથા સ્પેન્તોમદ, યસ્ન હા ૪૭ ફ૦ ૩.)

તાચા સ્પેન્તા મઇન્યૂ મજ્દા અહુરા,
અષાઉને ચોઇશ્ યા-જી ચીચા વહિશ્તા;

હે આબાદી કરનાર અદૃષ્ય અહુરમજ્દ! અષો માણસને જે કાંઇ સર્વોત્તમ (છે)[1] તે જરૂર તું આપે છે.
(ગાથા સ્પેન્તોમદ, યસ્ન હા ૪૭, ફ૦ ૫.)

અત્ હ્વો મજ્દા ઇઝાચા આઝૂઇતિશ્ચા
યે દએનાંમ્ વૅહૂ સારશ્તા મનંઘ્હા.

જે કોઇ દીનને નેક મનશ્નીથી શ્રેષ્ઠ ગણે છે, તે પોતે એ અહુરમજ્દ! પુષ્કળપણા તથા આબાદી (નું મૂળ) છે.[2]
(ગાથા સ્પેન્તોમદ, યસ્ન હા ૪૯ ફ૦ ૫.)

તઑચા મજ્દા થ્વહ્મી આદાંમ નિપાઑઘ્હે
મનો વૅહૂ ઉરૂનસ્ચા અષાઉનાંમ
નૅમસ્ચા યા આર્મઇતીશ્ ઇઝાચા.

અને અધર્મ, કાર્ય અને અકાર્યને માનવી બરાબર જાણતો નથી, તે રાજસી બુદ્ધિ છે. મોહથી ઢંકાયલી જે બુદ્ધિ અધર્મને ધર્મ માને છે તથા સર્વ અર્થોને ઉલટાજ જાણે છે, તે બુદ્ધિ તામસી છે" જેમ કે આ અર્વાચિન કાળમાં અધર્મ અને નાસ્તિકપણાંને અને શઠપણાને વખાણવામાં આવે છે.!

૧. અહુરમજ્દ સાથે ઐક્યતા.
૨. ધર્મિષ્ઠપણાનો આ મહિમા છે!

નેક મનની, અષો (લોકો)નાં રવાંનો, તથા ભક્તિ જેને લીધે નમ્રતા તથા આબાદી (હોય છે)તે, ઓ અહુરમજદ! તારા આશ્રયમાં હું સોંપું છું.

(ગાથા સ્પેન્તોમદ, યસ્ન હા ૪૯ ફ૦ ૧૦.)

કથા મજ્દા રાન્યો-સ્કૅરૅતીમ્ ગાંમ્ ઇષસોઇત્
યે હીમ્ અહ્માઇ વાસ્ત્રવઇતીમ્ સ્તોઇ ઉસ્યાત્.

આ ખુશાલી ઉપજાવનારી જગતને, ઓ હોરમજદ! (તે માણસ) કેવી રીતે અંગિકાર કરે, કે જે તેને હમેશાં આબાદીથી ભરપુર ઇચ્છે.

(ગાથા સ્પેન્તોમદ, યસ્ન હા ૫૦, ફ૦ ૨.)

ઍરૅજેઝુશ્ અષા પૅાઉરૂષુ હ્વરે-પિષ્યસ્
આકાસ્તેંગ્ મા નિષાંસ્યા દાથેમ્ દાહ્વા.

અષોઇથી પરિશુદ્ધ જીંદગી ગાળનારા તથા (ઇશ્વરી જ્ઞાનથી) પ્રકાશીત થયેલાઓ સૂર્ય (ખુરશેદ) ના પુષ્કળ ચળકાટમાં (એટલે ખોરશેદ પાયા બહેશ્તમાં) (જાય છે). (હે અહુરમજદ!) મને તે સ્થિતીમાં લાવીને (ખોરશેદ પાયાની) બક્ષેશ તું આપ.[1]

(ગાથા સ્પેન્તોમદ, યસ્ન હા ૫૦, ફ૦ ૨.)

આકાઑ અરૅદ્રેંગ દૅમાને ગરો સૅરઑષાને.

ગરોઠમાન (બેહશ્ત)માં (મારી) આરાધના (નાં ગાયનો) સ્પષ્ટ રીતે હું સાંભળું. (ગાથા સ્પેન્તોમદ, યસ્ન હા ૫૦, ફ૦ ૪.)

આરોઇ-જી ક્ષ્મા મઝ્દા અષા અહુરા
હ્યત્ યૂષ્માકાઇ માંથ્રાને વઑરાઝથા,
અઇબી-દૅરૅશ્તા આવીષ્યા અવંઘ્હા,
જસ્તાઇશ્તા યા-નાઑ ખાથ્રે દાયાત્.

હે અષો અહુરમજદ! તારા ધર્મના શબ્દને પ્રસિધ્ધ કરનારને (તારી) દ્રઢ તથા જાહેર કુમક દઇને, પુરતી રીતે તું જરૂર ખુશી કર,

૧. જીવતાં જીવત ખુરશેદ પાયામાં પહોંચવાની આકાંક્ષા ભક્ત દર્શાવે છે. ખુરશેદ યજદ મહા કૃપાળુ અહુરમજદનું સ્વરૂપ અને આંખ, સાક્ષાત મહા ગુરૂ છે. તેનું ધ્યાન, મનન, તેના અસંખ્ય લક્ષણોનું અનુકરણ માનવીને મોક્ષ ધામમાં પહોંચાડવાને સમર્થ છે. ત્રણ વખતની દર દીવસની તેની ભકિત માથાકુખણ કરવા માટે નહિં, પણ મીનોઇ માર્ગમાં વેગથી વૃદ્ધિગત બનાવવા કાજે, મહાત્મા ત્રીકાળદર્શી અષો જરથુશ્ત્ર સાહેબે ફરમાવી છે. જુવો પ્રસ્તાવના પુસ્તક પહેલું, ચીત્ર ૧૦ અને ૧૧. સરોષ એટલે તાબેદારી અને શરણાગતથીજ તે આશીષ અને બરકત પ્રાપ્ય છે.

કે જેથી (તારી સહાયતાને લીધે), (તે નર) પૂરજોરથી અમને સુખ દે.
(ગાથા સ્પેન્તોમદ, યસ્ન હા ૫૦, ફ૦ ૫.)

વૅાહૂ ક્ષથ્રૅમ વઇરીમ બાગૅમ અઇબિ–બઇરિશ્તૅમ
વીદીશ્‌મ્નાઇશ્‌ ઇજ઼ાચીત્‌ અષા અન્તરૅ–ચરઇતી
શ્યઑથનાઇશ્‌ મજ઼્દા વહિશ્તૅમ.
તત્‌ ને નૂચીત્‌ વરેષાને.

સારી સત્તા જે પસંદ કરવાને યોગ્ય તથા ઘણીજ મદદ આપનારી દોલત (છે, તે) અષોઇને લીધે તથા પવિત્ર કાર્યોને લીધે (દુન્યાનાં લોકોમાં) સંપત્તિ, સુખ, ઇત્યાદિ પાંથરે છે.
(ગાથા વોહુક્ષથ્ર, યસ્ન હા ૫૧, ફ૦ ૧.)

ગરો દૅમાને અહુરો મજ઼્દાઑ જસત્‌ પૅાઉરૂયો.

(તે બદલો એટલે ગરોથમાન[1] સ્વર્ગ) (કે જે) ગરોથમાનમાં અહુરમજદે સર્વથી આદિ પ્રવેશ કર્યો. (ગાથા વોહુક્ષથ્ર, યસ્ન હા ૫૧, ફ૦ ૧૫.)

દઇદૂયાઇ...
યજૅમ્નાઑંઘ્હો નૅમંઘ્હા મજ઼્દાઑ રફ્‌ધ્રૅમ ચગેદો.

અહુરમજદના આનંદને[2] આતુરતાથી શોધનાર (તથા) નમ્રતાથી (તેને) યાદ કરનારા (અમે બનયે). (ગાથા વોહુક્ષથ્ર, યસ્ન હા ૫૧, ફ૦ ૨૦.)

યેહ્યા મોઇ અષાત્‌ હચા વહિશ્તૅમ્‌ યેસ્ને પઇતી,
વએદા મજ઼્દાઑ અહુરો, યોઇ આઑંઘ્હરેચા હૅન્તિચા,
તાં યજાઇ ખાઇશ નામેનીશ્‌, પઇરિચા જસાઇ વન્તા.

જેઓ આગળ થઇ ગયા તથા હાલમાં (વિદ્યમાન) છે, (તેમનામાંના જેઓ) અષોઇથી ઇજશ્ને[3] કરવામાં સર્વથી શ્રેષ્ઠ (છે), (તથા જેમને) અહુરમજદ જાણે છે, તેવાં (નર નારી)નું તેમનાં પોતાનાં નામથી હું સ્મરણ કરૂં, તથા ખરા પ્યારથી તેમની નજદીક હું પહોંચું.
(ગાથા વોહુક્ષથ્ર, યસ્ન હા ૫૧, ફ૦ ૨૨.)

ખેન્વત્‌......
મજ઼્દાઑ દદાત્‌ અહુરો દએનાઇ વંઘ્હુયાઇ યવોઇ વીસ્પાઇ આ.

(દાદાર) અહુરમજદ (તેણીની) સારા ધાતનને લીધે હંમેશ સુધી (તેણીને) ગરોથમાન (સ્વર્ગ) દેશે. (ગાથા વહિશ્તોઇશ્ત, યસ્ન હા ૫૩, ફ૦ ૪.)

---

૧. વૈકુંઠ. ૨. બ્રહ્માનંદ, સચિદાનંદ. ૩. યજ્ઞ, યાગ.

અન્ય ધર્મોની સરખામણીઓ.

बुद्धीयुक्तो जहातीह उभे सुकृतदुष्कृते ।
तस्माद्योगाय युज्यस्व योगः कर्मसु कौशल्यम् ॥

(ગીતા ૨-૫૦)

બુદ્ધિમાન અત્રે બન્ને રૂડાં અને ભુડાં કાર્યો તજી દેછે; માટે યોગમાં મચ્યો રેહ; યોગ એ કર્મમાં કુશળતાજ છે.

संन्यासस्तु महाबाहो दुःखमाप्तुमयोगतः ।
योगयुक्तो मुनिर्ब्रह्म न चिरेणाधिगच्छति ॥
योगयुक्तो विशुद्धात्मा विजितात्मा जितेन्द्रियः ।
सर्वभूतात्मभूतात्मा कुर्वन्नपि न लिप्यते ।

(ગીતા ૫ ૬-૭)

યોગ વિના હે મોટા બાહુવાળા! સન્યાસ મેળવવો કઠીણ છે. જે મુની યોગ કરે છે, તે ઝટ બ્રહ્મને પ્રાપ્ત કરે છે. યોગથી યુકત બનેલો, શુદ્ધ થયેલો, પોતાને જીતેલો, ઇન્દ્રિયજીત, સર્વ પ્રાણીઓના આત્મારૂપ બનેલો, (કર્મ) કરવા છતાં લેપાતો નથી.

कायेन मनसा बुद्ध्या केवलैरिन्द्रियैरपि ।
योगिनः कर्म कुर्वन्ति संगं त्यक्त्वात्मशुद्धये ॥

(ગીતા ૫-૧૧)

યોગીઓ કાયા, મન, બુદ્ધિ અને સર્વે ઇન્દ્રિયો વડે વલગણ તજીને, આત્માની શુદ્ધિ માટે કર્મ કર્યા કરે છે.

बाह्यस्पर्शेष्वसक्तात्मा विन्दत्यात्मनि यत्सुखम् ।
स ब्रह्मयोगयुक्तात्मा सुखमक्षय्यमश्नुते ॥

(ગીતા ૫-૨૧)

બહારના સ્પર્શોમાં આસક્તિ ન રાખનાર આત્મા પોતામાંજ સુખ મેળવે છે, તે બ્રહ્મ સાથે યોગથી યુક્ત થયેલો, અક્ષય સુખ ભોગવે છે.

योऽन्तःसुखोऽतरारामस्तथान्तर्ज्योतिरेव यः ।
स योगी ब्रह्मनिर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति ॥

(ગીતા ૫-૨૪)

જે અંતરમાં સુખી, જે અંતરમાં ખુશી, અંતરમાં પ્રકાશ પામેલો, તે યોગી, બ્રહ્મ બનીને, બ્રહ્મની શાન્તિ મેળવે છે.

अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः ।
स संन्यासी च योगी च न निरग्निर्न चाक्रियः ॥
यं संन्यासमिति प्राहुर्योगं तं विद्धि पाण्डव ।
न ह्यसंन्यस्तसंकल्पो योगी भवति कश्चन ॥

(ગીતા ૬ ૧-૨)

જેપણુ પોતાનું કર્તવ્ય કર્મના ફળની આશા વિના કરે છે તે સન્યાસી, અને તેજ યોગી; જે અગ્નિ અને ક્રિયા વિનાનો હોય, તે યોગી કે સન્યાસી નથી. જેને સન્યાસ કહ્યો છે તેજ યોગ તરીકે હે પાણ્ડવ! તુ પિછાણુ; જે સકંલ્પો ન ત્યજે તે યોગી થઇ શકતો નથી.

सुखमात्यन्तिकं यत्तद्बुद्धिग्राह्यमतीन्द्रियम् ।
वेत्ति यत्र न चैवायं स्थितश्चलति तत्त्वतः ॥
यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः ।
यस्मिन्स्थितो न दुःखेन गुरुणापि विचाल्यते ॥
तं विद्याद्दुःखसंयोगवियोगं योगसंज्ञितम् ।
स निश्चयेन योक्तव्यो योगोऽनिर्विण्णचेतसा ॥

(ગીતા ૬ ૨૧-૨૩)

જેમાં તે અત્યંત સુખ જે ઇન્દ્રિયોથી પર અત્રે જે બુદ્ધિથી મેળવાય છે, અને જેમાં સ્થપાયાથી તત્વથી તે ખસતો નથી; જે મળવે તેનાથી અધિક કાંઇ નથી એમ તે ધારે છે; જેમાં સ્થીર થઇને મોટાં દુઃખથી પણુ તે ગભરાતો નથી; તે દુઃખથી છુટકારાને યોગને નામે ઓળખવો. એ યોગને મજબુત નીશ્ચયથી અને નિરાશા વિનાના મનથી ધરી રાખવો જોઇએ.

योगिनामपि सर्वेषां मद्गतेनान्तरात्मना ।
श्रद्धावान्भजते यो मां स मे युक्ततमो मतः ॥

(ગીતા ૬-૪૭)

અને સર્વે યોગીઓમાં જેપણુ શ્રદ્ધાવાન અન્તર આત્મા મારામાં રાખી મને ભજે છે, સે મારો સર્વથી વધુ યુકત (યોગી) ગણાય છે.

वेदेषु यज्ञेषु तपःसु चैव दानेषु यत्पुण्यफलं प्रदिष्टम् ।
अत्येति तत्सर्वमिदं विदित्वा योगी परं स्थानमुपैति चाद्यम् ॥

(ગીતા ૮-૨૮)

પુણ્યના જે ફળો વેદોમાં યજ્ઞ, તપ, અને દાનનાં જણાવ્યાં છે, તે આ (શીક્ષણ) જાણીને યોગી વટાવી જાય છે, અને શ્રેષ્ઠ અને જુનાં (આદી) સ્થાનને પ્રાપ્ત કરે છે.

من تو شدم تو من شدی من جان شدم تو تن شدی
تا کس نگوید بعد ازین من دیگرم تو دیگری

عمر خیام

پناه بلندی و پستی توئی همه نیستند انچه هستی توی
چو شد حجت بر خدای درست خرد داد بر تو گواهي نخست
همه زیر دستیم و فرما پذیر توئی یاوری و توئی دستگیر
گناهِ من ار نامدی در شمار ترا نام کی بودی آمرزگار
چوخواهم زتو روز و شب یاوری مکن شمارم دران داوری
سپردم بتو مایهٔ خویش را تو دانی حساب کم و بیش را

نظامی

خود توئي ناظر توئی منظور ایجان جهان
پس چرا باشی نهان از دیدهٔ نظّار ما
ای برتر از خیال و قیاس و گمان و وهم
و ز هر چه گفته اند و شنیدیم و خوانده ایم
دفتر تمام گشت و پایان رسید عمر
ما همچنان که اوّل در وصف تو مانده ایم

سعدی

ای فدای تو هم دل و هم جان — ای نثار رهت هم این و هم آن
دل فدای تو، چون توئي دلبر — جان نثار تو، چون توئی جانان
دل رهاندن ز دست تو، مشکل! — جان فشاندن بپای تو، آسان!
راه وصل تو راه پر آسیب — درد عشق تو درد بید رمان
بندگانیم، جان و دل برکف — چشم برحکم و گوش برفرمان
گر سر صلح داری، اینك دل — ور سر جنگ داری، اینك جان
دوش از شور عشق و جذبهٔ شوق — هر طرف می شتافتم حیران
آخرِ کار شوقِ دیدارم — سوي دیر مغان کشید عنان
چشم بد دور! خلوتی دیدم — روشن از نور حق، نه از نیران
هر طرف دیدم آتشي، کان شب — دید در طور موسی عمران
پیری آنجا بآتش افروزی — بادب گرد پیر، مغبچگان
همه سیمین عذار و گل رخسار — همه شیرین زبان و تنگ دهان
عود چنگ و نی و دف و بربط — شمع و نقل و گل و می و ریحان
ساقيِ ماه روی و مشکین موی — مطربِ بذله گوی خوش الحان
مُغ و مُغزاده، موبد و دستور — خدمتش را، تمام، بسته میان
منِ شرمنده از مسلمانی — شدم آنجا بگوشهٔ پنهان
پیر پرسید کیست این؟ گفتند! — عاشق بیقرار و سرگردان
گفت جامي دهیدش از مي ناب — گرچه نا خوانده باشد این مهمان
ساقي آتش پرست و آتش دست — ریخت در جام آتش سوزان
چون کشیدم، نه عقل ماند و نه هوش — سوخت هم کفر از آن و هم ایمان

مست افتادم و درآن مستی   بزبانی، که شرح آن، نتوان
این سخن مي شنیدم از اعضا   همه حتی‌الورید والشریان

که یکی هست و هیچ نیست جز او
وحده، لا اِلهٰ اِلاّ هو

از تو ای دوست! نگسلم پیوند   ور به تیغم بُرند بند از بند
الحق! ارزان بود ز ما صد جان   وز دهانِ تو نیم شکّر خند
ای پدر! پند کم دِه از عشقم   که نخواهد شد اهل این فرزند
پند آنان دهند خلق اي کاش!   که زعشق تو میدهندم پند
من رهِ کوی عافیت دانم   چکنم کاو فتاده‌ام بکمند
در کلیسا، بدلبری ترسا   گفتم، «اي دل بدام تو در بند»
«ایکه دارد بتار زنّارت   هر سر موي من جدا پیوند»
«ره بوحدت نیافتن تا کي؟   ننگ تثلیث بر یکی تا چند؟»
«نام حق یگانه چون شاید   که اب و ابن و روح قدس نهند»
لب شیرین کشاد و با من گفت   وز شکر خند ریخت از لب قند
که «گر از سِرّ وحدت آگاهی   تهمتِ کافری بما مپسند
«در سه آئینهٔ شاهد ازلی   پرتو از روی تابناك افکند
«سه نگردد بریشم ار او را   پرنیان خوانی و حریر و پرند»
ما درین گفتگو که از یکسو   شد ز ناقوس، این ترانه، بلند

که یکی هست و هیچ نیست جز او
وحده، لا اِلهٰ الاّ هو

دوش رفتم بکوي باده فروش	ز آتش عشق، دل بجوش و خروش
مجلس نغز دیدم و روشن	میر آن بزم، پیر باده فروش
چاکران ایستاده صف در صف	باده خواران نشسته دوش بدوش
پیر در صدر و میکشان گردش	پارهٔ مست و پارهٔ مدهوش
سینه بی کینه و درون صافي	دل پر از گفتگو و لب خاموش
همه را از عنایت آزلي	چشم حق بین و گوش راز نیوش
سخن این بآن هنّیاً لك	پاسخ این بدان که بادت نوش
گوش برچنگ و چشم برساغر	آرزوی دو کون در آغوش
بادب پیش رفتم و گفتم	«ای ترا دل قرارگاه سروش»
«عاشقم! دردمند! و حاجتمند!	درد من بنگر و به درمان کوش!»
پیر خندان بطنز با من گفت	«ای ترا پیر عقل حلقه بگوش»
«تو کجا! ما کجا! اي از شرمت	دختر رز نشسته برقعه پوش»
گفتمش «سوخت جانم! آبی ده	و آتش من فرونشان از جوش»
«دوش می سوختم ازین آتش	آه اگر امشبم بود چون دوش!»
گفت خندان که «هین پیاله بگیر»	ستدم، گفت، «هان زیاده منوش»
جرعهٔ در کشیدم و گشتم	فارغ از رنج عقل و محنت هوش
چون بهوش آمدم، یکی دیدم	ما بقي را همه خطوط و نقوش
ناگهان از صوامع ملکوت	این حدیثم سروش گفت بگوش

که یکی هست وهیچ نیست جزاو

وحده لا اِلٰه اِلاّ هو

چشم دل باز کن! که جان بینی　　آنچه نا دیدنیست آن بینی!
گر باقلیم عشق، رو آری　　همه آفاق گلستان بینی!
بر همه اهل این زمین بمراد　　گردِش دور آسمان بینی!
آنچه بینی، دلت همان خواهد　　و آنچه خواهد دلت، همان بینی!
بی سر و پا گدای آنجا را　　سر ز ملك جهان گران بینی
هم دران پا برهنه قومی را　　پای بر فرق فرقدان بینی
هم دران سر برهنه جمعی را　　بر سر از عرش سائبان بینی
گاه وجد و سماع هر یك را　　بر دو کون آستین فشان بینی
دل هر ذرهٔ که بشگافی　　آفتابیش درمیان بینی
هر چه داری اگر بعشق دهی　　کافرم گر جوی زیان بینی
جان گدازی اگر بآتشِ عشق　　عشق را کیمیای جان بینی
از مضیق جهات در گذری　　وسعتِ ملكِ لامکان بینی
آنچه نشنیده گوش، آن شنوی　　و آنچه ندیده چشم آن بینی
تا بجائی رساندت، که یکی　　از جهان و جهانیان بینی
با یکی عشق ورزی از دل و جان　　تا بعین الیقین عیان بینی

که یکی هست و هیچ نیست جز او
وحده، لا اِلهَ اِلاّ هو

یار بی پرده از در و دیوار　　در تجلی ست یا اولوالابصار!
شمع جوئی و آفتاب بلند　　روز بس روشن و تو درشب تار
گر ز ظلمات خود رهی، بینی　　همه عالم مشارق انوار
کوروش، قاید و عصا طلبی　　بهر این راهِ روشن و هموار

چشم بکشا بگلستان و ببین!	جلوهٔ آب صاف در گل و خار
زاب بیرنگ، صد هزاران رنگ	لاله و گل نگر درین گلزار
پا براه طلب بنه و از عشق	بهر این راه توشهٔ بردار
شود آسان زعشق کاری چند	که بود پیش عشق بس دشوار
یار گو بالغدوّ والاصال	یار جو بالعشیّ والابکار
صد رهت لن ترانی ار گویند	باز میدار دیده بردیدار
تا بجای رسی، که می نرسد	پای اوهام و دیدهٔ افکار
بار یابی بمحفلی، کانجا	جبرئیل امین ندارد بار
این ره، این توشهٔ تو، این منزل	مرد راهی اگر، بیا و بیار
ورنهٔ مرد راه چون دگران	یار میگوی و پشت سر می خار
هاتف! ارباب معرفت که گهی	مست خوانند شان و گه هشیار
از می و جام و مطرب و ساقی	از مغ و دیر و شاهد و زنار
قصد ایشان نهفته اسرار است	که بایما کنند گه اظهار
پی بری گر براز شان، دانی	که همین است سرّ آن اسرار

که یکی هست و هیچ نیست جز او

وحده، لا اِلٰه الّا هو

ترجیح بند هاتف اصفهانی

And call no man your father upon the earth, for one is your Father which is in heaven. Neither be ye called masters: for one is your Master, even Christ. But he that is greatest among you shall be your servant and whosoever shall exalt himself, shall be abased; and he that shall humble himself shall be exalted. (*Matthew 23, 9-12.*)

And those who strive after Us, We will guide them in Our ways; and verily God is with the doer of good.

(*Koran, XXIX—69.*)

આદર્શો–નમુનાઓ.

યોઇ હુખ્ત હુમો–મનંઘ્રહો, યોઇ હુખ્ત હુમો–વચંઘ્રહો, યોઇ હુખ્ત હુમો–શ્યઓથનાઓંઘ્રહો. યએષાંમ્ અસ્તિ હમેમ્ મનો, હમેમ્ વચો, હમેમ્ શ્યોથ્નેમ્.

જે સપ્ત (અમેષાસ્પંદો) એકજ વિચારના, જે સાત એકજ વાણીના, જે સાત એકજ કાર્ય કરનારા (છે), જેમના વિચાર સમાન, વચન સમાન (તથા) કાર્ય સમાન છે. (ફ્રવર્દીન યશ્ત, ક૦ ૮૩.)

મરેથ્વેન્તેમ્ હુમતએષુ, મરેથ્વેન્તેમ્ હૂખ્તએષુ, મરેથ્વેન્તેમ્ હ્વરશ્તએષુ, મરેથ્વેન્તેમ્ ગરો ન્માનેમ.

પવિત્ર વિચારોમાં પોતાનું ચિત્ત લગાડેલું, નેક વચનોમાં પોતાનું ચિત્ત ચોંટાડેલું, નેક કાર્યોમાં પોતાનું લક્ષ વલગાડેલું, ગરોથ્માન (સ્વર્ગ) તરફ પોતાનું ચિત્ત પરોવેલું. (ફ્રવર્દીન યશ્ત ક૦ ૮૪.)

પઓઇર્યાઇ વાહુ મમનાઇ, પઓર્યાઇ વાહુ વઓકુષે, પઓઇર્યાઇ વાહુ વાવેરેજુષે, પઓઇર્યાઇ અથઉરૂને, પઓઇર્યાઇ રથએશતાઇ, પઓઇર્યાઇ વાસ્તર્યાઇ ફ્રુષુયન્તે, પઓર્યાઇ ફ્રવએધાઇ, પઓઇર્યાઇ ફ્રવએધયમ્નાઇ, પઓઇર્યાઇ હંઘ્રહુનનાઇ, પઓઇર્યાઇ હંઘ્રહુનુષે, ગાંમ્ચ અષેમ્ચ ઉખ્ધેમ્ચ, ઉખ્ધખ્યાચ સ્રઓષેમ ક્ષથ્રેમ્ચ, વીસ્પચ વોહૂ મજ્દધાત અષચિથ્ર.

જેણે (પેગમ્બર જરથુશ્ત્રે) સર્વથી પ્રથમ (અહુરમજદના ધર્મના નીયમાનુસાર) નેક વિચાર કર્યો. (જે) સર્વથી પેહલાં નેક શબ્દ ઉચર્યો, (તથા) (જેણે) સર્વથી આદિ નેક કામ કીધું. (વળી જે) પ્રથમ પંક્તિનો અથોરનાન, સર્વથી પેહલો રથેશ્તાર (તથા) સર્વથી પ્રથમ (દેશની) આબાદી કરનાર ખેડુત (હતો). (જેણે) સર્વથી આદિ દીનનું જ્ઞાન સંપાદન કર્યું (તથા) સર્વથી પ્રથમ. (તે) (બીજાઓને)

શિખવ્યું. (વળી) (જે) ગાય ઢોરને, અષોઇને, દીનના મન્ત્ર, દીનના કલામની તાબેદારીને, (સાત્વિક અને ધર્માચારી) સત્તાને (તથા) અહુર-મજદની સરજેલી અષોઇના બીજની સઘળી આશીષોને સર્વથી પેહલાં પસંદ કરનારો (તથા) સર્વથી પ્રથમ (તેની ઉપર) પ્રીત રાખનાર (હતો).

(ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૮૮.)

યેહે જાંથએચ વક્ષએચ, ઉર્વાસેન્ આપો ઉર્વરાઓસચ; યેહે જાંથએચ વક્ષએચ, ઉક્ષિન્ આપો ઉર્વરાઓસચ; યેહે જાંથએચ વક્ષએચ, ઉશતતાતેમ્ નિમ્રવન્ત વીસ્પાઓ સ્પેન્તો-દાતાઓ દામાંન્.

જેના (પેગમ્બર જરથુશ્ત્રના) જન્મમાં તથા વૃદ્ધિમાં પાણી તથા વનસ્પતિ, ખુશાલ થયાં; જેનાં જન્મમાં તથા વૃદ્ધિમાં પાણી તથા ઝાડ-પાન વધવા લાગ્યાં; જેનાં જન્મમાં તથા વૃદ્ધિમાં સ્પેનામીનોની પેદા કીધેલી સકળ સૃષ્ટિ ધન્ય ધન્ય! પુકાર કરવા લાગી.

(ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૯૩.)

ઉશ્ત-નો જાતો આથ્રવ યો સ્પિતામો જરથુશ્ત્રો ફ્રા-નો યજાઇતે જઓથ્રાબ્યો સ્તેરેતો-બરેસ્મ જરથુશ્ત્રો. ઇથ્ર અપાંમ્ વીજસાઇતિ વંઘ્વુઉહિ દએન માઝ્દયસ્નિશ્ વીસ્પાઇશ્ અવિ કર્ષ્વાંન્ યાઇશ્ હફ્ત.

શુકરાના, આપણે માટે સ્પીતમાન જરથુશ્ત્ર (નામનો) એક અથો-રનાન જન્મ પામ્યો (છે). (હવે) (ક્રિયામાં) બરસમ પાંથરનાર જર-થુશ્ત્ર અમને ક્રિયાની ભેટોથી ભજશે. હવેથી ભલી માજદયસ્ની દીન અત્રે તમામ ભુમીના સાતે ખંડ (હફ્તે કેશવર) ઉપર ફેલાશે.

(ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૯૪.)

ઇધ અપાંમ્ મિથ્રો યો વૉઉરૂ-ગઓયઓઇતિશ્ ફ્રધાત્ વીસ્પાઓ ફ્રતેમતાતો દખ્યુનાંમ્ યઓજઇન્તીશ્ચ રામયેઇતિ. ઇધ-અપાંમ્ નપાઓ સૂરો ફ્રધાત્ વીસ્પાઓ ફ્રતેમતાતો દખ્યુનાંમ્ યઓજઇન્તીશ્ચ ન્યાસાઇતે.

હવેથી અત્રે બોહળાં ક્ષેત્રવાળો મેહર યજદ (આપણા) દેશની તમામ શ્રેષ્ઠતા (અથવા ખુબીઓ)ને વધારશે, તથા બખેડાઓને દબા-વશે, (હવેથી) અત્રે જબરો અપામ્ નપાત્ (આપણા) દેશોની સઘળી શ્રેષ્ઠતાને વધારશે તથા બખેડાઓને નીચે દાબી દેશે.

(ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૯૫.)

દ્રવહેચ પઇતિ અઑજંઘ્રહો, ખરૅનંઘ્રહસ્ચ પઇતિ મઝ્દધાતહે, તનુયાઑસચ પઇતિ દ્રવતાતો, આસ્નયાઑસચ પઇતિ વંઘ્રહુયાઑ ફ્રજંતોઇશ દંઘ્રરયાઑ વ્યાખનયાઑ ક્ષોઇથ્ન્યાઑ, સ્પિતિ-દોઇથ્રયાઑ આંજો-બૂજો હ્વીસ્યાઑ, હુજન્તેઉશ પઇતિ અપસ્યાઑ વ્યરૅથ્યયાઑ વહિશ્તહે અંઘ્રહેઉશ.

મઝ્બુત જોર (મેળવવા)ને માટે, અહુરમજદનું પેદા કીધેલું ખુરેહ (મેળવવા)ને માટે, તનની મજબૂતી (તંદરોસ્તી) (મેળવવા)ને માટે, જાતી અક્કલવાળું, ખુબીવાળું, ડહાપણવાળું, સભામાં સરદારી ભોગવનારૂં, પ્રકાશીત, ચકચકથતી આંખવાળું (તેજ બુદ્ધિવાળું), સંકટમાંથી છુટકારો આપનારૂં તથા પહેલવાનનાં જેવું બળવંત સંતાન (મેળવવા)ને માટે, (તથા) અધર્મીપણાથી દૂર રહેનાર, સારાં ડહાપણવાળા નર (માટે)નું (નીર્માણ) સ્વર્ગ (મેળવવા)ને માટે (અમે મહાન પુરૂષોને[1] યાદ કર્યે છીએ.) (ફ્રવર્દીન યશ્ત, ક૦ ૧૩૪.)

આઅત્ હીમ્ જઇર્યેન્ અવત્ આયપ્તૅમ્ દજદિ-મે વયુશ યો ઉપરો-કઇર્યો, યત્ ન્માનો-પઇતિમ્ વિન્દામ, સ્વાનો સ્રએશ્તો-કૅહ્રપ, યો નો હુબ્રૅરતાંમ્ બરાત્, યવત ગય જવાવ; ફ્રઝઇન્તીમચ હો વૅરૅઝ્યાત્ દંઘ્રો દન્તો હિઝુખ્ધો.

(ત્યારે) તેની (વાએ યજદ) પાસેથી માંગ્યું કે, હે બળવાન વાએ યજદ! આ મુરાદ મને તું દે, તે એ કે (અમે) જુવાન (તથા) સર્વથી સોહામણા શરીરવાળો ધણી મેળવ્યે. (વળી) જ્યાં સુધી જીંદગી સાથે અમે બન્ને જણાએ જીવીએ, (ત્યાં સુધી) તે ધણી અમારી સાથે સદાચારથી વર્તે. (વળી) તે (વર) (અમને) સંતાન આપે (એટલે તેનેથી અમારે પેટે બાળકો ઉતપન્ન થાય).

(જે વર) ડહાપણવાળો, નમ્ર, તથા સ્પષ્ટ બોલવાની શક્તિ ધરાવનારો[2] (હોય). (રામ યશ્ત, ક૦ ૪૦.)

ફ્રયરે નાંમ અહ્મિ, અઇપિયરે નાંમ અહ્મિ, અઇપિધ્બઑધે નાંમ અહ્મિ, ફ્રસ્પાઑ નામ અહ્મિ, નિસ્પાઑ નાંમ અહ્મિ, દહકે નાંમ અહ્મિ, જિનકે નાંમ અહ્મિ, વીદકે નાંમ અહ્મિ, વિન્દિખરૅને નાંમ અહ્મિ.

આગળ ચાલનાર નામવાળો હું છું; પાછળ ચાલનાર નામવાળો હું છું; આગળ ગગડાવી નાંખનાર નામવાળો હું છું; નીચે ગગડાવી

---

૧. આબીદો અને સંતોની આરાધનાનું જુવો આ એક ફળ. ૨. વકતા.

નાખનાર નામવાળો હું છું; દુષ્ટ સૃષ્ટિ નાશ કરનાર નામવાળો હું છું; છીનવી લેનાર નામવાળો હું છું; પામનાર નામવાળો હું છું; કીર્તિ મેળવનાર નામવાળો હું છું. (રામ યશ્ત, ફ૦ ૪૫.)

તિઘ્જયર્શ્તે નાંમ અહ્મિ, તિઘ્જયર્શ્તિશ્ નાંમ અહ્મિ; પૅરેથ્વ-રેશ્તે નાંમ અહ્મિ, પૅરેથ્વરેશ્તિશ્ નાંમ અહ્મિ; વએઘ્જયર્શ્તે નાંમ અહ્મિ, વએઘ્જયર્શ્તિશ્ નાંમ અહ્મિ; ખરેનાઓ નાંમ અહ્મિ, અઇપિ-ખરે-નાઓ નાંમ અહ્મિ.

તીક્ષ્ણ ભાલો નામવાળો હું છું; તીક્ષ્ણ ભાલો રાખનાર નામવાળો હું છું; પોહળો ભાલો નામવાળો હું છું; પોહળો ભાલો રાખનાર નામ-વાળો હું છું; ભોકાએ એવો ભાલો નામવાળો હું છું; ભોયકાય એવો ભાલો રાખનાર નામવાળો હું છું; ખુરેહ રાખનાર નામવાળો હું છું; ઘણું ખુરેહ રાખનાર નામવાળો હું છું. (રામ યશ્ત, ફ૦ ૪૮.)

યાંમ્ યજત હ્વોવિ અષઓનિ વીથુષિ, વૉહુ બંઘ્રહૅમ્ ઇસૅમ્ન અષવનૅમ્ જરથુશ્ત્રેમ, અનુમતેએ દએનયાઇ, અનુખ્તેએ દએનયાઇ, અન્વર્શ્તેએ દએનયાઇ.

જેણીને (દીન યજદની સહકાર ચિસ્તને) પંડીતા (તથા) અષો હ્વોવીએ (પોતાને માટે) સારૂં ધર્મજ્ઞાન ઇચ્છતી આરાધી, (તે એ કે) (તેણી) અષો જરથુશ્ત્રના દીનના વિચાર પ્રમાણે, દીનના વચનોનુસાર (તથા) દીનનાં કાર્ય પ્રમાણે (વર્તે). (દીન યશ્ત, ફ૦ ૧૫.)

યાંમ્ યજત આથ્રવ દૂરએક્રકાતો મરૅમ્નૅમ્ ઇસૅમ્નો દએનયાઇ, અમૅમ્ ઇસૅમ્નો તનુયે.

જેણીને (ચિસ્તને) દૂર (નાં દેશો) સુધી પ્રિય થઇ પડેલા ધર્મગુરૂએ, (જરથુશ્તિ) દીન (ફેલાવવા)ને માટે (જોઇતી) સારી યાદ દાસ્ત શક્તિ માંગતાં, (તથા) પોતાના બદનને માટે હિમ્મત માંગતા આરાધી. (દીન યશ્ત, ફ૦ ૧૭.)

તખ્મૅમ્ સ્તઓતારૅમ્ વજૅન્તિ આસુ-અસ્પૅમ્ ઑરેજિ-રથૅમ તિજિ-અર્શ્તીમ દરેઘ-આરેશ્તએમ્ ક્ષિવિ-ઇષ્મ્ પરો-કૅવીધૅમ્ વીતારૅમ્ પસ્કાત્ હમૅરૅથૅમ્ જન્તારૅમ્ પરો દુશ્મઇન્યૂમ્, યોઇ હચહિ, અષિશ્ વંઘ્રઉહિ. ઉશ્ત બા યિમ્ હચહિ, ઉત માંમ્ ઉપંઘ્રહચહિ, વૉઉરૂ-સરૅધ અમવઇતિ.

બળવાન તેજ ઘોડા રાખનાર, લડાઇના મજબુત રથો રાખનાર, તીક્ષ્ણ ભાલો રાખનાર, લાંબો ભાલો રાખનાર, ઝટ જતો તીર રાખનાર, હથ્યારથી વીંધિ નાખનાર, વેરીને પછવાડેથી પકડી રાખનાર (તથા) આગળથી (રૂબરૂ) શત્રુને મારનાર (એવા ગુણોવાળા તેણીની આરાધના કરનાર માનવીને ઘોડા ગાડીમાં તેણી લઇ જાય છે).

(અશીશવંઘ યશ્ત, ક૦ ૧૨.)

હુમનંઘ્રહો હુવચંઘ્રહો હુશ્યઑથ્નાઑંઘ્રહો હુદએન. નએધ-ચિત્ મિથો-અઓંજાઑંઘ્રહો અએષાંમ્ ખ્શએપઇશ્ય હિજ્વો. અએષુ પરો ક્રાનામાઇતે અએષ્મો ખ્રવી-દ્રુક્ષ્ દુશ્ખરૅનાઓ, વનાત્ અષ અકાંમ્ દ્રુજિમ્ યાંમ્ દુશ્ચિથ્રૅમ્ તૅમંઘ્રહએનીમ.

તે મીત્રો પવિત્ર વિચાર રાખનારા, નેક વાણી બોલનારા, પવિત્ર કાર્યો કરનારા (તથા) ભલી દીનવાળા (છે). તેમનામાંના કોઇની પણ જીભે કદીએ જુઠો શબ્દ નહોતો ઉચર્યો, તેમની આગળ (સોશ્યોસના તે દોસ્તોની સમક્ષમાં) ભયંકર હથ્યારવાળો તથા ખરાબ ખુરેહવાળો એશમ (દૈત્ય) નમે છે. (વળી) (રસ્તાખેજને ટાંકણે) અષોઇ દુષ્ટ બીજના (તથા) અંધકારને લગતા[1] બુરા દ્રુજને મારશે.

(જમ્યાદ યશ્ત, ક૦ ૯૫.)

વનઇતિ મિથઓખ્તો વાક્ષ્, ઑરૅજુખ્ધો વાક્ષ્ તૅમ્ વનઇતિ; વનાત્ હઉર્વાઑસ્ચ અમૅરૅતાઑસ્ચ વ ષુધૅમચ તરષ્નૅમચ, વનાત્ હઉર્વાઓસચ અમૅરૅતાઑસ્ચ અઘૅમ્ ષુધૅમચ તરષ્નૅમચ. ક્રાનામાઇતિ દુઝ્વરૅશતાવર્શ અંઘ્રો મઇન્યુશ્ અક્ષયસ્નો.

જુઠો સખુન મારશે (અસત્યતા દુન્યામાં ખરાબી કરશે), (પણ) સત્ય વચન (અંતે) તેનો પરાજય કરશે. ખોરદાદ તથા અમરદાદ ભૂખ તથા તૃષા બન્નેને મારશે. ખોરદાદ તથા અમરદાદ ખરાબી કરનાર ભૂખ તથા તૃષાને (ભૂખમરાને તથા પાણીની ટીપણીને) મારશે. બુરાં કાર્ય કરનાર અહરેમન,[2] બળહિન થઇને, નમશે.[3] (તાબે થશે).

(જમ્યાદ યશ્ત, ક૦ ૯૬.)

વીસ્પચ હુવરૅશ્ત શ્યઓથ્ન યજમઇદે વરૅશતચ વર્ષ્યમનચ.

---

૧. દુઝખ (પત)માં રહેતા, તામસિક. ૨. Satan. ૩. જરથુશ્તિ ધર્મ કેટલો આશાવાદી (optimistic) છે, તે અત્રે સાફ જણાય છે.

તમામ સારાં કાર્યો (જે) કરવામાં આવેલાં છે, તથા હવે પછી કરવામાં આવશે (તેમને) અમે વખાણ્યે છીએ.

(સરોશ યશ્ત હાદોખ્ત ફ૦ ૯, હા ૫૭, ફ૦ ૪.)

સુકાઇ ષ્યઓથ્ન હુવંઘ્નહાઇ ઉરૂને ક્રદથાઇ ગએથનાંમ્ હુવંઘ્નહાઇ અષવસ્તનાંમ્. દાયાઓ-મે અહુરાને અહુરહે વહિશ્તૅમ્ અહૂમ્ અષાઓનાંમ્ રઓચંઘ્નહેમ્ વીસ્પો ખાથ્રૅમ્.

(મારાં) કાર્યની તેજીને માટે, (મારાં) રવાનની સુખાકારીને માટે, મુલકોની (આબાદીને માટે,) (તથા) પવિત્રાઇના કાર્યો વૃદ્ધિને સારૂં, અહો હોરમજદને લગતી, હોરમજદની (અરદીસૂર)! અષો લોકો (નું) ચળકતું (તથા) તમામ આરામવાલું સ્વર્ગ મને તું અર્પ.

(હા ૬૮, ફ૦ ૪-૫.)

યેંઘ્નહે મે અષાત્ હચા વહિશ્તૅમ્ યેસ્ને પઇતી વએદા મઝ્દાઓ અહુરો યોઇ આઓંઘ્નહરૅચા હૅન્તિચા તાં યઝાઇ ખાઇશ્ નામેનીશ્ પઇરિચા જસાઇ વન્તા.

જેઓ થઇ ગયા તથા છે, તેમનામાંના જેઓ અષોઇથી યજશને કરવામાં સર્વથી શ્રેષ્ઠ (છે), (તથા જેમને) અહુરમજદ જાણે છે, તેવા નરોને તેમના પોતાના નામથી હું ઇજું તથા મીત્રતાથી હું પહોંચું.

(હા ૬૯, ફ૦ ૧.)

અહમ્ય જઓથ્ર બરૅસ્મનચ રથ્વાંમ્ ક્રમરૅતારૅમ્ આયેસે યેશ્તિ યિમ્ નરૅમ્ અષવનૅમ્ દધરાનૅમ્ હુમતૅમચ મનો હૂખ્તૅમચ વચો હ્વરૂશ્તૅમચ ષ્યઓથનૅમ્ સ્પૅન્તાંમચ આરમઇતીમ્ દરૅતૅમ્ યોઇ માંથ્રૅમ્ સઓષ્યંન્તો યેંઘ્નહે ષ્યઓથનાઇશ્ ગએથાઓ અષ ફ્રાદૅન્તે.

આ જોર તથા બરસમથી સરદારોની આરાધના કરનાર અષો મનુષ્ય જે પવિત્ર વિચારેલા વિચારને, નેક બોલેલા વચનને તથા નેક આટપેલાં કાર્યને મજબુત પકડનારો તથા જે આબાદી કરનાર નમ્રતા (ભક્તિ, તાબેદારી)ને તથા સઓષ્યન્તના માંથ્રને માન આપનાર (એવી બુદ્ધિવાળા અષો નરને), યજશનેમાં હું યાદ કરૂં છું, જેનાં કાર્યોથી પવિત્રાઇની મારફતે જહાન સફળ થાય છે. (વીસ. ક૦ ૨, ફ૦ ૫.)

અત પધો અવ જસતે અત ઉષિ દારયધ્વેમ્ મઝ્દયસ્ન જરૂથુશ્ત્રયો દાઇત્યનાંમ્ રથ્વ્યનાંમ્ હુવરૂશ્તનાંમ્ ષ્યઓથનનાંમ્ વરેઝાઇ

પઈરિ અધાઇત્યનાંમ્ અરથ્વયનાંમ્ દુઝ્વરશ્તનાંમ ષ્યઓથ્નનાંમ વરે-જાઇ વૅરૅજયતાંમચ્ ઇધ વોહુ વાસ્ત્રય. ઉયમન્ અનુયમનાઇશ્ દસ્તે.

હે જરથુશ્તિ મજદયસ્નો! લાયક વખતસર અને નેક કાર્યો કરવાને, (તથા) નાલાયાક, કવખતના અને દુષ્ટ કાર્યો ન કરવાને કાજે, (તમારા) હાથ પગ તથા હુશ્યારી દ્રઢ રાખો. (અત્રે) આ દુન્યામાં તમે સારો ઉદ્યાગ કરો, તંગીમાં આવેલાઓને ગરજ વિનાના કરો.
(વીસ. કo ૧૫, ફo ૧)

અઇવિ-ગૅરૅધ્મહિ યસ્નહે હુપૂતંઘ્નહાતોઇશ હુમતચ હૂખ્તચ હ્વરશ્તચ.

યસ્ન હુપતંગહાઇતીના નેક વિચારો, નેક વચનો તથા નેક કાર્યોને અમે મનમાં ગૃહણ કર્યે છીએ. (વીસ. કo ૧૭, ફo ૧.)

ઉશ્તતાઇત્યચ વીસ્પૅમ અષવનૅમ હૅન્તૅમચ બવૅન્તૅમચ બુષ્યન્તૅમચ.

દરેક અષો (માણુસ) જે હમણા હસ્તીમાં છે, આગલ જીવિત હતો તથા હવે પછી હસ્તી ભોગવશે, (તેને) બહેશ્તના સુખમાં અમે ઇચ્છીએ છીએ.
(વીસ. કo ૧૮, ફo ૨.)

યત્ અસ્તિ અન્તરૅચ વૉહુક્ષથ્રાંમ વહિશ્તોઇશ્તીમ્ ફ્રમૅરૅતી હુમતનાંમચ હૂખ્તનાંમચ હ્વરશ્તનાંમચ પઇતિશ્તાતેએ દુશ્મતનાંમચ દુઝૂખ્તનાંમચ દુઝ્વરશ્તનાંમચ ઉજ્વરૅજાઇ માવોય મિથો-મતનાંમચ મિથોખ્તનાંમચ મિથોવરશ્તનાંમચ.

વોહુક્ષથ્ર તથા વહિશ્તોઇશ્ત (ગાથાના) (લુખાણ)માં (આવેલો) જે (વીષય) છે, તેના તથા નેક વિચારોના, પવિત્ર વાણીના તથા નેક કાર્યોના સ્મરણથી, મારા જેવાના દુષ્ટ વિચારોના, બુરા વચનોના તથા ખોટા કાર્યોના પશ્ચાતાપને માટે તથા બુરા વિચારોની, બુરાં વચનોની તથા બુરાં કાર્યોની સામે થવાને માટે (તે ગાથાનું લખાણ બનાવવામાં આવ્યું છે). (વી.સ. કo ૨૦, ફo ૨.)

અથ અઇબિગર અથ અઇબિજરૅત યા અમેષનાંમ સ્પૅન્તનાંમ સઑષ્યન્તાંમચ અષઑનાંમ ગવે અધાઇશ્ તાદશ્ ષ્યઑથનાઇશ યાઇશ્ વહિશ્તાઇશ્ ફ્રએષ્યામહિ.

યાંમ અષવ વંઘ્નુહીમ્ અષ્યાંમ વએથ્ર તાંમ દ્વાઓ એવીધ્વાઓ મા અપએમ પઉરૂવાવયોઇત્ મા મનંઘ્નહ મા વચંઘ્નહ મા ષ્યૉથ્ન મા અધ કથચિન પઇતિ જિમે.

અમેષાસ્પંદો અને આ સોષ્યન્તોની સ્તુતી કરવાથી (તથા) આ કીર્તન કરવાથી, (તે સાથે વળી) દુન્યા(ના લોકોના લાભ)ને માટે પુણ્ય તથા ઉત્તમ કાર્યો કરીને અમે જીન્નત ઇચ્છયે છીએ.

અષો (માણસ), ભલી અષોઇ વિષે સમજે છે, (પણ) દુષ્ટ (માણસ) તેથી અજ્ઞાન (હોય છે). અમે, (તે દુષ્ટ માણસની) સંગત ન કર્યે, દુષ્ટ માણસ (પોતાના) વિચારથી, વચનથી તથા કાર્યથી તથા આચરણથી કોઇપણ રીતે (અમારી ઉપર) સરસાઇ ન ભોગવે.

(વીસ. કo ૨૨, ફo ૧-૨.)

અત્ યેંગ્ અષાઅત્ચા વોઇસ્તા વંઘ્રહેઉશ્ચ દાથેંગ્ મનંઘ્રહો
ઍરેથ્વેંગ્ મજ્દા અહુરા અએઇબ્યો પૅરેના આપનાઇશ્ કામેંમ્.

હે અહુરમજદ! અષોઇને લીધે જેમને બહુમનની ખરી પેદાયશ તરીકે તેં જાણ્યાં છે, તેમને માટે (તેમની) આકાંક્ષા પૂર્ણતાથી તું પાર પાડ. (ગાથા અહુનવદ, યસ્ન હા ૨૮, ફo ૧૦.)

થ્વોઇ અસ આર્મઇતીશ્, ...મજ્દા અહુરા.
સંપૂર્ણ મનશ્ની, હે અહુરમજદ તારી છે.

(ગાથા અહુનવદ, યસ્ન હા ૩૧, ફo ૮.)

હ્યત્ ને મજ્દા પઑઉર્વીમ્ ગએથાઑસ્ચા તષો દએનાઑસ્ચા,
થ્વા મનંઘહા ખ્રતુશ્ચા હ્યત્ અસ્તવન્તૅમ્ દદાઑ ઉશ્તનૅમ્,
હ્યત્ શ્યઑથનાચા સેંગહાંસ્ચા, યથ્રા વરેનેંગ્ વસાઑ દાયેતે.

ઓ અહુરમજદ! જ્યારે પ્રથમ (તેં તારી) વિચાર શક્તિથી (સકળ) પ્રાણીઓ તથા (તેમને માટેના) ધારાઓ બનાવ્યા, (ત્યાર બાદ) અમને (તેં) સ્થૂળ જીવન તથા અક્કલ દીધાં, (તે સાથે વળી) અમને કાર્ય કરવાની શક્તિ તથા ધર્મની આજ્ઞાઓ તેં આપી; જે (કાર્ય તથા દીનના ફરમાનો) તરફ (અમારી) બાહેશ (તથા અમારી) શ્રદ્ધા (અથવા પસંદગી) મુકરર કરવામાં આવે.

(ગાથા અહુનવદ, યસ્ન હા ૩૧, ફo ૧૧.)

પઇરિગએથે ક્ષ્માવતો વહ્મે મજ્દા ગરોબીશ્ સ્તૂતાંમ્.

તારે લાયકની બંદગીથી તથા તારાં ઇશ્વરી યશોગાનથી હે અહુ-મજદ! હું તારી નજદીક પહોંચું! (ગાથા અહુનવદ, યસ્ન હા ૩૪, ફo ૨.)

અરેથા વોઈજ્દ્યાઇ કામહ્યા તેમ્ મોઇ દાતા

દરેગહ્યા યાઉશ્ ચેમ વાઓ નએચીશ્ દારેશત્ ઇતે;

(મારી) ઇચ્છાની નેમ સંપાદન કરવા સારૂં, (હે અહુરમજ!) લાંબી આયુષ્યનો તે (ભાગ) મને તું દે, કે જે કોઇ પણ માનવીએ એ પ્રમાણે તારી પાસેથી મેળવ્યો નથી. (ગાથા ઉશ્તવદ, યસ્ન હા ૪૩, ફ૦ ૧૩.)

તુષ્ના મઇતિશ્ વહિશ્તા;

એક સંતોષી વિચાર[1] સર્વથી શ્રેષ્ઠ (છે.)

(ગાથા ઉશ્તવદ, યસ્ન હા ૪૩, ફ૦ ૧૫.)

કા–મે ઉર્વા વૉહૂ ઉર્વાષત્ આઍમત્ તા.

મારૂં રવાન કઇ ભલાઇ (અથવા નેકી)થી ખુશાલી પામશે, કે જેથી તે, પોતાની મુરાદ પ્રાપ્ત કરે.) (ગાથા ઉશ્તવદ, યસ્ન હા ૪૪, ફ૦ ૮.)

કસેઉશ્ચીત્ ના અષાઉને કાથે અંઘ્રહુત્.

અષો માણસને (રાજી રાખવા) સારૂં કોઇપણ માનવી થોડી (વસ્તુ)ની ગરજમાં હોય છે. (ગાથા સ્પેન્તોમદ, યશ્ન હા ૪૭, ફ૦ ૪.)

મખ્યાઑ ચિસ્તોઇશ્ થ્વા ઇશ્તીશ્ ઉસેન્ મઝ્દા.

અહો અહુરમજદ! મારાં ડહાપણની (તમામ) મુરાદો તારી તરફ઼ જ ઇચ્છા ધરાવે, (અથવા ઢળે). (ગાથા ઉશ્તવદ, યસ્ન હા ૪૪, ફ૦ ૧૦.)

આરકેતીમ્ ક્ષ્માકાંમ્, હ્યત્ચા મોઇ ખ્યાત્ વાક્ષ્ અએષો.

તારી સંપૂર્ણતાને કેવી રીતે હું પહોંચું, કે જેથી મારો શબ્દ મુરાદ પામેલો થાય[2]? (ગાથા ઉશ્તવદ, યસ્ન હા ૪૪, ફ૦ ૧૭.)

---

૧. એજ શબ્દના અર્થો એકાગ્રચિત્ત અથવા શાન્તિ અથવા મૌન (silence) પણ થાય છે. न योत्स्य इति गोविन्दमुक्त्वा तूष्णीं बभूव ह એટલે ગોવીંદને "હું લડીશ નહી" એમ કહિને (અર્જુન) ચુપ થઈ ગયો (ભગવદગીતા ૨-૯). तूष्णींનો અર્થ ચુપ છે. મનને બરાબર ચુપ કરવું, એટલે એકાગ્રચિત્ત કરવું, એજ તપ છે. એજ મીનોઈમાં દાખલ થવાનો જરથોશ્તિ ધર્મે ઉપલા ફકરામાં શીખાડેલો માર્ગ છે. હિંદુ શાસ્ત્રમા એને રાજયોગ લેખ્યો છે. એક નાના વાકયનો કેવો ઉંડો ભેદ છે તે જાણ્યા પછિ અષો જરથુશ્ત્ર સાહેબને 'રમઝગો,' ભેદોમાં બોલનાર લેખ્યો છે, તેમાં સહરાધાત શી છે?

અષો જરથુશ્ત્ર સાહેબે કેટલાંક વર્ષો મૌન ધારણ કર્યું હતું અને તેમના દાખલા પછી Pythagoras વીગેરે પોતાના શીષ્યોને અધિકાર આપવા પહેલાં ૩ થી ૭ વર્ષો સુધી મૌન પાળવાની ફરજ પાડતા હતા, એ જાણીતી બીના છે. તો હિંદના દેશનેતા મોહનદાસ કરમચંદ ગાંધીજી અઠવાડયાંનો એક દીવસ મૌન પાળે છે, તે જરથોશ્તિ દ્રષ્ટિએ કેટલું બુદ્ધિમાન વૃત્ત છે, એ સહેજે સમજાશે.

૨. કયારે તારી સંપૂર્ણતા મળે, જેથી મારી સઘળી વાણી ફળીભૂત થાય.

કદા મજ્દા અષા મત્ આર્મઇતિશ્
જિમત્, ક્ષથ્રા હુષેઇતિશ્ વાસ્ત્રવઇતી.

કયારે, હે અહુરમજદ! અષોઇ સાથની સંપૂર્ણ નમ્રતા (અથવા ભક્તિ અમને) મળશે? (તથા) આબાદીવાળું સુંદર મુકામ સંપત્તિ સાથે (અમને) કયારે પ્રાપ્ત થશે? (ગાથા સ્પેન્તોમદ, યસ્ન હા ૪૮, ફ૦ ૧૧.)

દાતા અંઘ્રહેઉશ્ અરૅદત્ વૉહૂ મનંઘ્રહા;
હુઇથ્યા-વરશ્તાંમ હ્યત્ વસ્ના ફ્રષોતૅમૅમ.

સત્ય કાર્ય કરનારાઓની ખાહેશ, જે સર્વથી ચઢતે દરજ્જેની (છે, તેને) જગતનો સરજનહાર (અહુરમજદ) (તે કાર્ય કરનારાઓની) પવિત્ર મનશ્નીને લીધે પાર પાડે છે.

(ગાથા સ્પેન્તોમદ, યસ્ન હા ૫૦, ફ૦ ૧૧.)

દાઇષા-મોઇ ઇશ્તોઇશ ક્ષથ્રૅમ.

(મારી) ઇચ્છાનું ફળીભૂત થવું (અહો અહુરમજદ!) (તું) મને અર્પ. (ગાથા વોહુક્ષથ્ર યસ્ન હા ૫૧, ફ૦ ૧૧.)

કા સ્પૅન્તા આર્મઇતિશ્,
કે વા વંઘ્રહેઉશ્ મનંઘ્રહો અચિસ્તા મગાઇ ઍરૅશ્વો.

કોણની મારફતે પવિત્ર (અથવા આબાદી કરનાર) સંપૂર્ણ નમ્રતા (અથવા ઇશ્વર પ્રત્યે પ્રેમ) (મેળવી શકાય)? અથવા નેક મનશ્નીનો કયો ખાલેસ[1] (માણસ) (તે) માહાભારત કાર્યને માટે જણાયલો છે?

(ગાથા વોહુક્ષથ્ર, હા ૫૧, ફ૦ ૧૧.)

વહિશ્તા ઇશ્તિશ્ સ્રાવી જરથુશ્ત્રહે
સ્પિતામહ્યા યેજી હોઇ દાત્ આયપ્તા,
અષાત્ હચા અહુરો મજ્દાઑ
યવોઇ વીસ્પાઇ આ હ્વંઘ્રહૅવીમ.

સ્પીતમાન જરથુશ્ત્રની સર્વોત્તમ મુરાદ પાર પડી, જ્યારે અહુરમજદે (તેની) અષોઇને લીધે તેને એ બક્ષેશ દીધી, (તે એ કે) હંમેશ સુધીની સારી જીંદગી. (ગાથા વહિશ્તોઇશ્ત, યસ્ન હા ૫૩, ફ૦ ૧.)

યા ફ્રૅડ્રોઇ વીદાત્
પઇથ્યએચા વાસ્તર્યએઇબ્યો અત્ચા ખ્એતૅઑવે

---

૧. સંશુદ્ધ ભાવવાળો.

અષાઉની અષવવ્યો, મનંઘ્ર્હો વંઘ્ર્હેઉશ,
ખ્એન્વત્ હુંઘ્ર્હુશ્ મે બ્એએત્ ઉશ્,
મજ્દાઓ દદાત્ અહુરો દએનયાઇ
વંઘ્ર્હુયાઇ યવોઇ વીસ્પાઇ આ.

(પોઉરૂ-ચિસ્ત નીચે પ્રમાણે પોતાની બેહનપણીઓને શીખ દે છે.) જે (છોકરી) અષો (રહીને) પોતાના બાપને, પોતાના ધણીને, પોતાનાં માણસોને તેમજ પોતાના સગાંને (તથા) અષો માણસોને વફાદાર રેહશે, (તેણીની) સ્વચ્છ નૈયતની મુરાદ પુરતી રીતે સંધાશે, (અને) અહુરમજદ (તેણીની) સારી દાનતને માટે સદા (તેણીને) ગરોથમાન (બહેશ્ત) અર્પશે. (ગાથા વહિશ્તોઈશ્ત, યસ્ન હા ૫૩, ફ૦ ૪.)

IDEALS

Ideals are the World's masters. (*J. Holland.*)

Our ideals are our better selves. (*A. B. Aleath.*)

Honour to the idealists, whether philosophers or poets. They have improved us by mingling with our daily pursuits, great and transcendant conceptions.

(*Chaplin.*)

I died from the mineral and became a plant.
I died from the plant and became an animal.
I died from the animal and became a man,
Then why should I fear to die from the man?
When I die out of flesh I shall get, like an angel, wings.
Then after being angel, I shall become that which entereth not into thought,
Then I shall become nothing, for 'unto Him we return'. (*Jalaludin Rumi.*)

Oh! thou who layest a claim to Islam,
Without the wiser meaning thy claim hath no stability.
Learn what are the pillars of the Mussalman's creed—Fasting, pilgrimage, prayer and alms.
Know that fasting is abstinence from the fashions of mankind,
For in the eye of the soul, this is the true mortification.
Pilgrimage to the place of the wise,
Is to find escape from the flame of separation.
Alms are the flinging at His feet,
All else besides Him in the whole range of possibilities.
Depart from self that thou may'st be joined to Him.[1] (*Jalaludin Rumi.*)

---

1. This in short is Fakiri, Renunciation, Sanyas of the true type. Sufis have given such lessons in thousands of passages. Let every aspirant study them.

અષો જરથુશ્ત્ર સાહેબ.

જરથુશ્ત્રૅમ્ અષવનૅમ્ અષહે રતૂમ યજમઇદે; જરથુશ્ત્રહે અષ-ઑનો ફ્રવષીમ્ યજમઇદે.

અષોઇના વડા અષો જરથુશ્ત્રને અમે નમ્યે છીએ. અષો જરથુ-શ્ત્રના ફ્રોહરને અમે (માનથી) યાદ કર્યે છીએ. (હાવન ગેહ, ફ૦ ૩.)

વીસ્પ સ્રવાઑ જરથુશ્ત્રિ યજમઇદે.

(પેગામ્બર) જરથુશ્ત્રના સર્વ કલામોને અમે વખાણ્યે છીએ.

(હાવન ગેહ, ફ૦ ૧૦.)

મ્રઑત્ અહુરો મજ઼્દાઑ સ્પિતમાઇ જ઼રથુશ્ત્રાઇ, અર્જ઼ૅમ્ દધાંમ્ હઉર્વતાતો નરાંમ્ અષઑનાંમ્ અવાઑસ્ચ, રફ્નાઑસ્ચ, બર્ઍાપૂના-ઑસ્ચ, ખ્શીતાઑસ્ચ.

(સરજનહાર) અહુરમજ્દે સ્પીતમાન જરથુશ્ત્રને કહ્યું કે અષો માણસોને માટેની સહાયતા, ખુશાળી, સુખ તથા મોજ ખોરદાદ (અમશાસ્પંદ)માંથી મેં ઉત્પન્ન કીધી. (ખોરદાદ યશ્ત, ફ૦ ૧.)

યિમ્ રતૂમ્ પઇતિ-દએમચ વીસ્પએષાંમ્ સ્તારાંમ્, ફ્રદથત્ અહુરો મજ઼્દાઑ, યથ નરાંમ્ જ઼રથુશ્ત્રૅમ્. યિમ્ નોઇત્ મૅરૅઘૅન્તિ અંઘ્રો મઇન્યુશ, નોઇત્ યાતવો પઇરિકાઑસ્ચ, નોઇત્ યાતવો મશ્યાનાંમ્, નએધ વીસ્પે હથ્ર દએવ, મહ્રકથાઇ ઉપ-દર્જ઼્વન્તિ.

જેમ અહુરમજ્દે (પેગમ્બર) જરથુશ્ત્રને માણસોના (મૂખી તથા તેમનો રક્ષક) ઠેરવ્યો, તેમ તેશ્તરને સર્વ તારાઓના સરદાર તથા જતન રાખનાર તરીકે સ્થાપ્યો.

જેને (પેગમ્બર જરથુશ્ત્રને) અહરેમન,[1] (અથવા) જાદુગર, પરીઓ, (અથવા) જાદુગર માણસો (અને) તે ભેગા સઘળા દૈત્યો મારી શકતા નથી, (અથવા) મારી નાખવાને હામ ભીડી શકતા નથી.

(તીર યશ્ત, ફ૦ ૪૪.)

દજ઼્દિ મે વંઘ્વઉહિ સૅવિશ્તે, દ્વાસ્પ તત્ આયપ્તૅમ્, યથ અર્જ઼ૅમ્ હાચયેને, વંઘ્વઉહીમ્ આજાતાંમ્ હુતઑસાંમ્, અનુમતેએ દએનયાઑ,

---

૧. Satan, શયતાન.

અનૂખ્તેએ દએનયાઓ, અનૂવર્શતેએ દએનયાઓ, યા મે દએનાંમ માઝ્દયસ્નીમ, જરસ્ચ દાત્ અપએચ અઓતાત્, યા મે વર્જાનાઇ, વંઘુઉહીમ્ દાત્ ફ્રસસ્તીમ્.

અહો ભલી (તથા) ઘણીજ કલ્યાણકારી દ્રવાસપ! (તુ) મને આ મુરાદ દે, તે એ કે સદગુણી (તથા) કુલીન હુતોશને દીનના મત પ્રમાણે, દીનના વચન પ્રમાણે, તથા દીનનાં કાર્યો પ્રમાણે હું ચલાવું. (તથા) જે (હુતોસ) મારી માજદયસ્ની દીન ઉપર (પોતાનું) ચિત્ત લગાડે (તથા) (પોતાની) ઇચ્છા જાહેર કરે. વળી જે (હુતોસ) (મારી પેગમ્બરીનાં) કાર્યને માટે મને સારી શીખામણ દે. (ગોશ યશ્ત, ક૦ ૨૬.)

હાવનીમ્ આ રતૂમ્ હઓમો ઉપાઇત્ જરથુશ્ત્રેમ આતરેમ પઇરિ-યઓઝ્દથ્રેન્તેમ્, ગાથાઓસ્ચ સ્રાવયન્તેમ્.

હાવન ગેહમાં હોમ (પેગમ્બર) જરથુશ્ત્રની પાસે આવ્યો, (જે) (મહાન જરથુશ્ત્ર) આતશને આસપાસથી પાક કરતા (હતા) તથા ગાથા ગાઇને ભણતા (હતા). (મોટી હોમ યશ્ત, ક૦ ૧.)

જરથુશ્ત્રહે સ્પિતામહે ઇધ અષઓનો અષીમચ ફ્રવષીમચ યજમઇદે.

સ્પીતમાન અષો જરથુશ્ત્રની અષોઇને તથા (તેનાં) ફરોહરને આ સ્થળે અમે માનથી યાદ કર્યે છીએ. (મોટી હોમ યશ્ત, ક૦ ૨૧.)

યાવરનો અસ જરથુશ્ત્રો......તા વર્નાચા તકએષાચા.

જેવી રીત ધરાવતો (અષો) જરથુશ્ત્ર હતો તેવીજ રીતનો તથા ધર્મનો (હું છું). (દીનનો કલમો અવસ્તામાં, ક૦ ૭.)

અષવ બવાહિ યથ જરથુશ્ત્રો સ્પિતામો.

સ્પીતમાન જરથુશ્ત્રના જેવો તું અષો થજે! (આફ્રીને જરથોશ્ત, ક૦ ૪.)

અર્જેમ્ હાચયેને, પુથ્રેમ યત્ પૉઉરૂષસ્પહે અષવનેમ્ જરથુશ્ત્રેમ્, અનુમતેએ દએનયાઇ, અનુખ્તેએ દએનયાઇ અનુ-વર્શતેએ દએનયાઇ.

(દાદારે અરદ્વીસૂર પાસે દુવા કરી કે) હું પોઉરૂશસ્પના છોકરા અષો જરથુશ્ત્રને (મારી) દીનના વિચાર મુજબ, (મારી) દીનના વચન પ્રમાણે (તથા) (મારી) દીનનાં કાર્ય મુજબ દોરવું.

(આવાં યશ્ત, ક૦ ૧૮.)

આઅત્ હીમ્ જઇધ્યત્...અરિત...યતચ અષઑનો જરથુશ્ત્રહે.

ત્યારે (અફ્રાસ્યાબે) (અરદ્દીસૂર પાસે) માંગ્યું કે જે (ખુરેહ) અષો જરથુશ્ત્રનું છે (તે હું લઇ લઉં). (આવાં યશ્ત, ફ૦ ૪૨.)

ઍરૅજ્વો અષાઉમ્ સ્પિતમ, થ્વાંમ્ દથત્ અહુરો મઝ્દાઓ, રતૂમ અસ્તવઇથ્યો ગએથયાઓ.........અર્જૅમ બોઇત્ તૂમ્ તા નિપયેમિ વીસ્પ વૉહૂ મઝ્દધાત અષચિથ્ર, માંનયૅન્ અહે યથ પસૂમ પસુ–વસ્ત્રૅમ.

ખાલેસ (તથા) અષો સ્પીતમાન (જરથુશ્ત્ર)! (દાદાર) અહુરમજદે તને જડ દુન્યાના (ધર્મના વીષયમાં) મૂખી તરીકે પેદા કર્યો......... અહુરમજદની સરજેલી અષોઇનાં બીજવાળી તમામ આશીષોનું હું (અરદ્દીસૂર) જરૂર રક્ષણ કરૂં છું, (તેમજ) તું (પણ) તે આશીષને જાળવે છે. (આવાં યશ્ત, ફ૦ ૮૯.)

આઅત્ અઓખ્ત અરૅદ્વી સૂર અનાહિત, ઍરૅજ્વો અષાઉમ્ સ્પિતમ, અન માંમ્ યસ્ન યજએષ, અન યસ્ન ફ્રાયજએષ, હચ હૂ વક્ષાત્ આ હૂ–ફ્રાશ્મો–દાતોઇત્. આ–ત્ મે અએતયાઓ જઓથ્રયાઓ ફ્રંઘ્રઉહરોઇશ, આથ્રવનો પરશ્તો–વચંઘ્રહો પઇતિ–પરશ્તો–સ્રવંઘ્રહો માંજ્દ્રો હધ–હુનરો તનુ–માંથ્રો.

ત્યારે નિર્મલ અરદ્દીસૂરે પ્રત્યુત્તર દીધો કે, અહો ખાલેસ (તથા) અષો સ્પીતમાન (જરથુશ્ત્ર)! આ યજશ્નેથી તારે મને ઇજવો જોઇએ. (તે એ કે) સૂર્યના ઉદયથી (તે) સૂર્યના અસ્ત પામવાના વખત સુધીમાં (તારે મારી આરાધના કરવી). (અને) તું (જેવા), દીનના જ્ઞાની, દીનના હુકમોથી માહિતગાર થયેલા, માંથ્ર (જરથોસ્તી ધર્મના છુપા ભેદો)થી જાણીતા થયેલા, સારા સદગૂણો ધરાવનાર તથા માંથ્રના તનવાળા અથોરનાને તે મારી ક્રિયાની રૂએ ઇજેલી ભેટની ચાશ્ની[1] કરવી. (આવાં યશ્ત, ફ૦ ૯૧)

તાંમ્ યજત યો અષવ જરથુશ્ત્રો અઇરયેને વએજહિ વંઘ્રહુયાઓ દાઇત્યયાઓ, હઓમયો ગવ બરૅસ્મન, હિઝ્વો–દંઘ્રહંઘ્રહ, માંથ્રચ વચચ શ્યઓથ્નચ, જઓથ્રાબ્યસચ અર્શુખ્ધએઇબ્યસચ વાઘ્ઝિબ્યો.

૧. ચાખવી.

આઅત્ હીમ્ જઇધ્યત્ અવત્ આયપ્તેમ્ દજદિ મે વંઘ્રઉહિ સૅવિશ્તે અરેદ્વી સૂરે અનાહિતે, યથ અજૅમ હાચયેને, પુથ્રૅમ્ યત્ અઉર્વત્-અસ્પહે, તખ્મૅમ્ કવઍમ્ વીશ્તાસ્પૅમ્, અનુમતેએ દએનયાઇ, અનુ-ખ્તેએ દએનયાઇ, અનુ-વર્શ્તેએ દએનયાઇ.

તેણીને પેગમ્બર અષો જરથુશ્ત્રે વેહદાઇતી (નદી) આગળનાં ઇરાનવેજમાં, હોમ જે જીવામ (તથા) બરસમ સાથનો (તથા જે હોમ) મન, વચન તથા કરણી સાથની જીભના ડહાપણ વડે, (તથા જે હોમ) ક્રિયાની જોરને માટે અષો ઉચરેલા શબ્દોથી (તૈયાર કરવામાં આવે છે તે વડે) આરાધી.

ત્યારે તેણી પાસેથી માંગ્યું કે, હે ખુબીવાળી, ઘણોજ ફાયદો કરનારી (તથા) નિર્મળ અરદ્વીસૂર! (તુ) મને આ મુરાદ દે, તે એ કે હું લોહરાસ્પના છોકરા કએ વીશ્તાસ્પને (મારા) ધર્મના વિચાર પ્રમાણે, (મારી) દીનના વચન મુજબ (તથા) મારી દીનના કાર્યાનુસાર ચલાવું. (આવાં યશ્ત, ફ૦ ૧૦૪-૧૦૫.)

મિથ્રૅમ્ યજએષ સ્પિતમ, ફ્રશ્રવિષ અએથ્રયનાંમ.

અહો સ્પીતમાન (જરથુશ્ત્ર!) મેહેર યજદને તારે ઇજવો જોઇએ; (તથા ઇજવાને માટે) (તારા) શીષ્યોને તારે જાહેર રીતે કહેવું જોઇએ. (મેહેર યશ્ત, ફ૦ ૧૧૯.)

પઇતિ દિમ્ પૅર્સત્ જરથુશ્ત્રો, કુથ અહુર મજ્દ, ના અષવ યઑાજ્દાતાંમ્ જ઼ઑાથ્રાંમ્ ફ્રંઘ્રઉહરાત્, યો કૅર્નવાત્ યિમ્ યજઇતે મિથ્રૅમ્ યિમ્ વૉઉરૂ-ગઑાયઑાઇતીમ, ક્ષ્નૂતો અતિબિશ્તો હાત્.

જરથુશ્ત્રે તેને (દાદાર અહુરમજદને) પાછો પ્રશ્ન કર્યો કે, અહો અહુરમજદ! (તે) અષો માણસ (તે જોર) (ક્રિયાથી) તૈયાર કીધી હોય (તે) પવિત્ર મેહેર યજદને (તે) કેમ ઇજે, (જેથી) (મેહર યજદ) ખુશી (તથા) સંતોષ પામેલો બને? (મેહર યશ્ત, ફ૦ ૧૨૧.)

આઅત્ ફ્રઑાત્ અહુરો મજ્દાઑા, અજૅમ્ બા-તે તત્ ફ્રશ્રવાની, ઑર્જવો અષાઉમ્ સ્પિતમ, માંથ્રો સ્પૅન્તો યો અશ-ખ્વર્નાઑા. તત્ અસ્તિ માંથ્રહે સ્પેન્તહે, અર્શ-દાતૅમ, તત્ ફ્રશ-દાતૅમ, તત્ વીચિ-થ્રૅમ, તત્ થમનંઘ્રહુન્તૅમ,.... તરધાતૅમ અન્યાઇશ દામાંન.

ત્યારે અહુરમજદે કહ્યું, અહો ખાલેસ અષો સ્પીતમાન (જરથુશ્ત્ર)! તે હું તને જરૂર કહીશ; (અને તે), પુષ્કળ ખુરેહવાળી પવિત્ર માંથ્રવાણી (છે). પવિત્ર માંથ્રવાણીનો તે (ભાગ) અષો બનાવેલો, આબાદી કરનારો, (ખરૂં ખોટું) પીછાણનારો (તથા) બીજી સૃષ્ટિના કરતાં વધારે ચઢતો પેદા કર્યો છે. (રશ્ને, યશ્ત, ફ૦ ૨.)

યો હીશ્ અથ ફ્રાયજાઇતે, યથ હીશ્ હો ના યજત, યો અષવ જરથુશ્ત્રો, રતુશ્ અસ્તવઇથ્યો ગએથયાઓ, બરેષ્નુશ બિપઇતિશ્તનયાઓ.

જે પ્રમાણે મહાન પુરૂષ અષો જરથુસ્ત્ર, (જે) (આ) જડ દુન્યાંનો સરદાર (તથા) (તમામ) માણસોનો વડો, તેણે તે (ફરોહરો)ને ઇજીઆં.[1] (ફ્રવર્દીન, યશ્ત ફ૦ ૪૧.)

અષાઉનાંમ્ વંઘુહીશ્ સૂરાઓ સ્પેન્તાઓ ફ્રવષયો યજમઇદે. યાઓ અવાંમ્ ક્ષુદ્રેમ અઇવ્યાક્ષઇન્તિ, યાંમ્ સ્પિતામહે અષઓનો જરથુશ્ત્રહે, નવચ નવઇતીશ્ચ નવચ સત નવચ હજંઘ્ર નવસેસ્ચ બએવાંન્.

અષોનાં ભલાં, શૂરવીર (તથા) (દુન્યાંની) આબાદી કરનારાં ફરોહરોનો અમે સત્કાર કર્યે છીએ. જે (ફરોહરો) નવાણું હજાર નવસો નવાણું (ની સંખ્યામાં) સ્પીતમાન અષો જરથુસ્ત્રનાં આ બીજને સંભાળે છે. (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૬૨.)

જરથુશ્ત્રહે સ્પિતામહે ઇધ અષઓનો અષીમચ ફ્રવષીમચ યજમઇદે.

સ્પીતમાન અષો જરથુશ્ત્રની અષોઇને તથા (તેનાં) ફરોહરને આ ઠેકાણે અમે વંદયે છીએ. (ફ્રવર્દીન, યશ્ત ફ૦ ૮૭.)

પઓઇર્યાઇ વોહુ મમનાઇ, પઓઇર્યાઇ વોહુ વઓકુષે, પઓઇર્યાઇ વોહુ વાવરેજાષે પઓઇર્યાઇ અથઉરૂને, પઓઇર્યાઇ રથએશ્તાઇ, પઓઇર્યાઇ વાસ્તર્યાઇ ફ્શુયન્તે,......પઓઇર્યાઇ હંઘ્રહનનાઇ, પઓઇર્યાઇ હંઘ્રહનુષે, ગાંમચ અષેમચ ઉખ્ધેમચ, ઉખ્ધખ્યાચ સઓષેમ્ ક્ષથ્રેમચ, વીસ્પચ વોહૂ મજ્દધાત અષચિથ્ર.

જેણે (જરથુશ્ત્રે)સર્વથી આદિ (અહુરમજદની દીનના ધારા પ્રમાણે) પવિત્ર વમાસન કર્યું, (જે) સર્વથી પ્રથમ નેક વાણી બોલ્યો, (તથા)

[1] ક્રિયાથી ભજ્યાં.

(જેણે) સર્વના આરંભમાં નેક કાર્ય કીધું. (વળી જે) પ્રથમ અથોરનાન, સર્વથી પેહલો રથેશ્તાર (તથા) સર્વથી પ્રથમ (પંક્તનિ દેશની) આબાદી કરનાર ખેડુત (હતો). (જેણે) સર્વથી આદિ દીનનું જ્ઞાન મેળવ્યું (તથા) સર્વથી પ્રથમ (તે) બીજાઓને શીખાડયું. (વળી) (જે) ગાય-ઢોરને, અષોઇને, દીનના મંત્રને, દીનના કલામની તાબેદારીને, (સાત્વિક) સત્તાને (તથા) અહુરમજદની ઉત્પન્ન કરેલી અષોઇના બીજની આશીષોને સર્વથી પ્રથમ પસંદ કરનારો (તથા) સર્વથી આદિ (તેની ઉપર) પ્રેમ કરનારો (હતો). (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૮૮.)

યિમ જરથુશ્ત્રો ફ્રેરનઑત્ હ્વાવન્તૅમ્ અંઘ્રહ્વે અસ્તવઇતિ.

જેને (માંથ્ર સ્પેન્તને) જરથુશ્ત્રે જડ જગતમાં અંતઃકરણની નજરે નીહાળ્યો. (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૧૪૬.)

વીસ્પનાંમ્ચ અએષાંમ જરથુશ્ત્રૅમ્ પઑઇરીમ્ વહિશ્તૅમ આહુઇરીમ્ સૂસ્રૂમ તકએષૅમ્.

એ તમામ (અશો નર તથા નારીઓ)માં જરથુશ્ત્રને (અમે) સર્વથી પેહલો (તથા) સર્વથી શ્રેષ્ઠ, અહુરમજદના નીયમ પ્રમાણે વર્તનારો, સાંભળતા આવ્યા છીએ. (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૧૪૮.)

જરથુશ્ત્રૅમ વીસ્પહે અંઘ્રહેઉશ અસ્તવતો અહૂમચ રતૂમચ પઑઇરીમચ તકએષૅમ્ યજમઇદે; હાતાંમ્ હુદાસ્તૅમૅમ, હાતાંમ્ ખરૅનંઘ્રઉહસ્તૅમૅમ, હાતાંમ્ યેસ્ન્યોતૅમૅમ, હાતાંમ્ વહ્મ્યોતૅમૅમ, હાતાંમ્ ક્ષ્નઑઇથ્વોતૅમૅમ, હાતાંમ્ ફ્રસસ્તોતૅમૅમ્. યો નાઑ ઇશ્તસ્ચ યેસ્ન્યસ્ચ વહ્મ્યસ્ચ વઑચે, યથન કહ્માઇચિત્ હાતાંમ્, અષાત્ હચ યત્ વહિશ્તાત્.

(અષો) જરથુશ્ત્ર (જે) સકળ જડ દુન્યાનો પતિ તથા સરદાર તથા પોર્યોત્કેશ, (તે)નું અમે સ્તવન કર્યે છીએ.

(અષો જરથુશ્ત્ર) (સર્વ) હયાત માણસોમાં સર્વથી ઉત્તમ ડહાપણવાળા, હયાત માનવીઓમાં સર્વથી ઉત્તમ સત્તાધારી, હયાત મનુષ્યોમાં સર્વથી અધિક પ્રતાપિ, જીવીત માણસોનાં સર્વથી વધુ ખોરેહવાળા, હયાત માનવોમાં આરાધનાને સર્વથી અધિક લાયક, હયાત માણસોમાં સર્વથી વધુ માનને પાત્ર, હયાત માણસોમાં સર્વથી વધુ ખુશી કરવા યોગ્ય (તથા) હયાત મનુષ્યોમાં સર્વથી ભારે કીર્તીને લાયક (છે). જે

પ્રમાણે સર્વોતમ અષોઇને અંગે હયાત માણસોમાં[1] કોઇને માટે (પણ) (હોય) (તેમ), (અષો) જરથુશ્ત્ર (સાહેબ) વાહલા, આરાધનાને પાત્ર તથા સત્કારને લાયક આપણને જણાએલા છે. (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૧૫૨.)

વચુશ્ બા નાંમ અહ્મિ, અષાઉમ જરથુશ્ત્ર, અવત્ વચુશ્ બા નાંમ અહ્મિ, યત્ વ દાંમ વયેમિ, યસ્ચ દથત્ સ્પેન્તો મઇન્યુશ્, યસ્ચ દથત્ અંઘ્રો મઇન્યુશ્. અપયતે નાંમ અહ્મિ, યત્ વ દાંમ અપયેમિ, યસ્ચ દથત્ સ્પેન્તો મઇન્યુશ્, યસ્ચ દથત્ અંઘ્રો મઇન્યુશ્.

(વાએ યજદ કેહે છે) અહો અષો જરથુશ્ત્ર! ખચીત (હું) વયુ નામવાળો છું; (હું) જરૂર વયુ નામવાળો એટલા માટે છું કારણ કે બે (પ્રકારની) સૃષ્ટિ કે જે સ્પેનામીનોએ બનાવી તથા જે અંગ્રેમીનોએ સરજી તે બે પેદાયશમાં (હું) પંથરાએલો[2] છું.

અહો અષો જરથુશ્ત્ર! પહોંચનાર નામવાળો (હું) છું; (હું) પહોંચનાર નામવાળો એટલા કાજે છું, કારણ કે બે (ભાતની) પેદાયશ કે જે સ્પેનામીનોએ બનાવી તથા જે અંગ્રેમીનોએ ઉત્પન્ન કરી તે બે પેદાયશોને હું પહોંચું છું.) (રામ યશ્ત, ફ૦ ૪૩.)

યાંમ્ યજત જરથુશ્ત્રો, ઉર્સ-હિશ્ત્ હચ ગાત્વો, ફ્રષુસ હચ દેમાનાત્, રજિશ્તે ચિસ્તે મજ્દધાતે અષઑનિ, યેજિ અહિ પઉર્વ-નએમાત્, આઅત્ માંમ અવિ ન્માન્ય; યેજિ પસ્કાત્, આઅત્ માંમ અવિ અપય.

જેણીને (એટલે દીન યજદના સહકાર ચીસ્તને) અષો જરથુશ્ત્રે આરાધી (એમ કહ્યું), કે અહુરમજદની પેદા કીધેલી સર્વથી વધુ સત્યવાદી અષો ચિસ્ત! (તારી) બેઠક ઉપરથી તું ઉઠ તથા તારાં મુકામમાંથી તું આગળ ચાલ. (તું) (મારી) નજદીક હોય તો, મારી આગળ તું થોભ; (મારી) પછવાડે (હોય તો), મને પકડી પાડ.

(દીન યશ્ત, ફ૦ ૨.)

અધાત્ ઉદંતિ ફ્રવષત. યો સ્પિતામો જરથુશ્ત્રો, યો પઑઇર્યો મષ્યાંકો, સ્તઑત અષ્ઁમ યત્ વહિશ્તૅમ્, યજત અહુરૅમ્ મજ્દાંમ્, યજત અમૅષે સ્પૅન્તે. યેંઘહે જાંથએચ વક્ષએચ ઉક્ષિન્ આપો ઉર્વરાઑસ્ચ.

---

૧. અત્રે બહુ ધ્યાન રાખવાનું કે અષો જરથુશ્ત્ર સાહેબ **જીવતા**, પ્રિય અને માનને પાત્ર લેખાયા છે. મૃત્યુવશ થઈને પરધામે ગએલા ગણાયા નથી! ૨. પ્રસરેલો.

ત્યારે (તેણે) એ પ્રમાણે કહ્યું કે, (તે તો) સ્પીતમાન જરથુશ્ત્ર (છે), જે સર્વથી પ્રથમ માણસ (હતો), (જેણે) સર્વોત્તમ અષોઇનું વંદન કર્યું, અહુરમજદને આરાધ્યો (તથા) અમેષાસ્પંદોને આરાધ્યા. જેના જન્મમાં તથા વૃદ્ધિમાં પાણી તથા વનસ્પતી ખુશાલ થયાં; જેના જન્મમાં તથા વૃદ્ધિમાં પાણી તથા ઝાડપાન વધવા લાગ્યાં.

(અશીશવંઘ યશ્ત, ક૦ ૧૮.)

યેહે જાંથએચ વક્ષએચ, અપ-દ્રવત્ અંઘ્રો મઇન્યુશ્, હચ જૅમત્, યત્ પથનયાઑ, સ્કૅરૅનયાઑ દૂરએ-પાર યાઑ. ઉઇતિ દવત હો યો દુશ્ઝદાઑ, અંઘ્રો મઇન્યુશ પૉઉરૂ-મહ્રકો, નોઇત્ માંમ્ વીસ્પે યજતા-ઑંઘ્રહો, અનુસૅન્તૅમ ફ્રઑરૅચિન્ત; આઅત્ માંમ્ અએવો જરથુશ્ત્રો અનુસૅન્તૅમ્ અપયેઇતિ.

જેના જન્મમાં તથા વધવામાં અંગ્રેમીનો (આ) પૃથ્વી જે પહોળી, ગોળ (તથા) ઓળંગવાને દૂર પડે એવી, (તેની) ઉપરથી દૂર નહાસી ગયો. (વળી) જે દુષ્ટ જાણનાર પુર મર્કીવાળો અંગ્રેમીનો એ પ્રમાણે બોલ્યો:—

તમામ યજદો મારી મરજી વિરૂદ્ધ મને તોડી શકયા નથી; પણ જરથુશ્ત્ર એકલો મારી મરજી ન છતાં મને પહોંચી વળી શકયો (મારી ઉપર ફાવીને મારો પરાજય કર્યો). (અશીશવંઘ યશ્ત, ક૦ ૧૯.)

જઇન્તિ માંમ્ અહુન વઇર્ય, અવવત સ્નઇથિષ યથ અસ્મ કતો-મસાઑ; તાપયેઇતિ, માંમ્ અષવહિશ્ત, માંનયૅન્ અહે યથ અયઑક્ષુ-સ્તૅમ; રએકો મે હચ અંઘ્રહાઑ જૅમત્ વંઘ્રહો કૅરૅનઑઇતિ, યો માંમ્ અએવો જામયેઇતિ, યો સ્પિતામો જરથુશ્ત્રો.

(અંગ્રેમીનો કેહ છે) અહુનવૈર્ય (જે) કત (માપના) જેટલા મોટા પત્થર જેવું હથ્યાર (તે)ની મારફતે (અષો જરથુશ્ત્ર) મને મારે છે; ધાતુ (ને પીગળાવી નાખે તે)ની માફક અષ વહિશ્ત (અષેમ વોહૂ)ની મારફતે (તે) મને ભસ્મ કરી નાખે છે. આ જગત ઉપરથી (મારૂં) જતું રેહવું, (એ) મારે કાજે (તે પેગમબર જરથુશ્ત્ર) વધારે સારૂં કરે છે. માત્ર તેજ સ્પીતમાન જરથુશ્ત્ર (અને બીજો કોઇજ નહી) મને (આ પૃથ્વી ઉપરથી) દુર હઠાવી શકે. (અશીશવંઘ યશ્ત, ક૦ ૨૦.)

યત્ આસ્ મષ્યાનાંમ્ વૅરૅથ્રવનાંમ્ વૅરૅથ્રવસ્તૅમો અઇન્યો જરથુશ્ત્રાત્ .

જે (ફરેહ્નને) (માત્ર અષો) જરથુશ્ત્રથી(જ) ઉતરતો, ફત્તેહમંદ, માણસોમાં ઘણોજ ફત્તેહમંદ હતો. (જમ્યાદ યશ્ત, ફ૦ ૩૬.)

યત્ થ્રિતીમ્ ખરૅનો અપનૅમત ખરૅનો યિમત હચ ક્ષએતાત; પૂસત ખરૅનો યિમત્ હચ વીવંઘ્હુષાત્, ઑરઘહે કેહ્ર્પ વારઘ્નહે. અઑામ્ ખરૅનો હુંગેઉર્વયત નઇરે-મનાઑ કૅરૅસાસ્પો; યત્ આસ્ મષ્યાનાંમ્ ઉગ્રનાંમ્ અઑાજિશ્તો અઇન્યો જરથુશ્ત્રાત્ નઇર્યયાત્ પરો હાંમ-વરૅતોઇત્.

ત્રીજી વેળાએ જમશેદ નરેશથી તે છુટું પડયું. (જ્યારે) તે ખુરેહ[1] પાંખ ફફડાવતાં પક્ષિના રૂપમાં વીંઘામના (બેટા) જમશેદ પાસેથી જતું રહ્યું, (ત્યારે) શૂરવીર કેરશાસ્પે[2] તે ખુરેહનો સંગ્રહ કર્યો. જે (કેરશાસ્પ માત્ર) જરથુશ્ત્ર (સાહેબ)થી ઉતરતો,[3] નરવીરના બળમાં, બળ્યાઓમાં સર્વથી વધુ જોરાવર હતો. (જમ્યાદ યશ્ત, ફ૦ ૩૮.)

આઅત્ વો કસ્ચિત્ મષ્યાનાંમ્, ઉઇતિ મ્રઑાત્ અહુરો મઝ્દાઑ, આઇ અષાઉમ્ જરથુશ્ત્ર, ખરૅનો અખરૅતૅમ્ ઇસએત્, અથઉરૂનો હો રાતનાંમ્.

ત્યાર પછી (સરજનહાર) અહુરમજદે (અષો જરથુશ્ત્રને) આ પ્રમાણે કહ્યું કે, તમ માનવીઓમાંનો કોઇએ, અહો અષો જરથુશ્ત્ર! (તે) અખુટ ખુરેહને મેળવવાને કોશેષ કરશે, તે આથ્રવનની આશીષો (મેળવશે). (જમ્યાદ યશ્ત, ફ૦ ૫૩.)

મઘ્નો અપ-સ્પયત્ વસ્ત્રાઑ, તત્ ખરૅનો ઇસો, યત્ અસ્તિ, અઇર્યનાંમ્ દખ્યુનાંમ્, જાતનાંમ્ અજાતનાંમચ, યત્ચ અષઑનો જરથુશ્ત્રહે.

તે ખુરેહ જે જન્મ પામેલા તથા હવે પછી જન્મ પામવાના ઇરાની (આર્યન) દેશોનું તથા જે (ખુરેહ) અષો જરથુશ્ત્રનુ છે, તે મેળવવાની અભિલાશામાં (પોતાનાં) કપડાં કાઢીને તે નાગો (થયો). (જમ્યાદ યશ્ત, ફ૦ ૫૬.)

યત્ અસ્ વીસ્પકે અંઘ્હેઉશ અસ્તવતો અષૅમ્ અષવસ્તૅમો, ક્ષદૅમ્ હુક્ષથ્રોતૅમો, રએમ્ રએવસ્તૅમો, ખરૅનો ખરૅનંઘ્ઉહસ્તૅમો, વૅરૅથ્ર વૅરૅથ્રસ્તૅમો.

૧. ઓજસ. ૨. સરખાવો ભીમ, અરજુન અને ભિષ્મ પિતામહ. ૩. માટે અષો જરથુશ્ત્ર 'પઓઇર્યો ત્કએશતાર' લેખાય છે.

જે (ખોરેહની આશીષ)થી (અષો મહરૂષી જરથુશ્ત્ર) (આ) જડ દુન્યામાં અષોઇમાં સર્વથી વધુ અષો, સત્તામાં સર્વથી અધિક સત્તાવાળો, તેજમાં સર્વથી મહાન તેજસ્વી, ખુરેહમાં સર્વથી વધુ ખુરેહવાળો (તથા) જયમાં સર્વથી વધુ વિજયી હતો. (જમ્યાદ યશ્ત, ફ૦ ૭૯.)

પૅરસત્ જરથુશ્ત્રો અહુરૅમ્ મજ઼દાંમ્, અહુર મજ઼્દ મઇન્યો સ્પેનિશ્ત, દાતરૅ ગએથનાંમ્ અસ્તવઇતિનાંમ્ અષાઉમ્. કહ્મિ તે અએવહ્મિ પઇતિ વચો વીસ્પનાંમ્ વૅાહુનાંમ્, વીસ્પનાંમ્ અષ-ચિથ્રનાંમ્ ફ્રવાકૅમ.

પઇતિ-શ અઓખ્ત અહુરો મજ઼દાઓ, અષૅમ્ સ્તૂતો જરથુશ્ત્ર.

(અષો) જરથુશ્ત્રે અહુરમજદને પુછયું કે, જડ સંસ્થાનોના અહો સર્વથી અધિક વૃદ્ધિ કરનાર મીનો, અષો સૃષ્ટા અહુરમજદ! તારા કયા માત્ર એક બંદગીના કલામમાં, (દુન્યાની) તમામ આશીષોની (તથા) અષોઇના બીજવાળી સકળ (વસ્તુઓ)ની કીર્તિ (સમાયલી) (છે)? (એટલે કઇ ભક્તિ છે, જે જાણ્યાથી સ્પેનામીનોની પેદાયશનું યશગાન ગાવા સમાન ગણાય?)

અહુરમજદે તે (અષો સાહેબ)ને પ્રત્યુત્તર દીધો કે, અહો જરથુશ્ત્ર! અષોઇની વખાણ (એટલે અષેમ વોહૂની બંદગી).

(હાદોખ્ત નુસ્ક, પર૦ ૧, ફ૦ ૧-૨.)

તૂમ્ જૅમ્ર્ગૂજો આકૅર્નઓ વીસ્પે દએવ જરથુશ્ત્ર, યોઇ પર અહ્માત્ વીરો-રઓધ અપતયૅન્, પઇતિ આય જૅમા. યો અઓજિશ્તો, યો તન્‌જિશ્તો યો થ્વક્ષિશ્તો, યો આસિશ્તો, યો અસ્-વૅરૅથ્રજંસ્તૅમો અમ્નવત્ મઇનિવાઓ દામાંન્.

અએ જરથુશ્ત્ર! તું બન્ને મીનોની સૃષ્ટિમાં જે સર્વથી વધુ પ્રબળ, જે સર્વથી વધુ દ્રઢ, જે સર્વથી અધિક ચાલાક, જે સર્વથી વધારે ઝડપવાલો, (તથા) જે સર્વથી વધુ ફત્તેહમંદ (અથવા વેરીને મારનાર) છે, (તેને) સઘળા દેત્યો જેઓ હમણા સુધી આ જમીન ઉપર માણસના રૂપમાં દોડતા હતા, (તેમને) તેં જમીનમાં ઢાંકયા.

(મોટી હોમ યશ્ત, કઃ૦ ૧, ફ૦ ૧૫.)

અહ્માઇ અષ્ા નોઇત્ સરૅજા અદ્વએષો ગવોઇ પઇતિ-શ્રવત્;
અવએષાંમ્ નોઇત્ વીદુયે યા પવઇતે આદૅંગ્ અૅર્ષ્વાઓંહ્મહો;

હાતાંમ્ હ્‌વો અઑજિશ્તો યહ્માઇ જવઁગ્ જિમા કૅરૅદુષા.

તે (અહુરમજદને) (અષએ) પવિત્રાઇથી ઉત્તર વાળ્યો કે, દુન્યાંને માટે (તે સરદાર) ઘાતકી નથી, (પણ) દ્વેષરહિત (છે); એમનામાંનાં (એટલે આ દુન્યાંના માણસોનાં) (કોઇને) હું જાણતો નથી, કે જે આબરૂવાળા (તથા) અષો (માણસો)ની ઉન્નતિ કરે; હયાત માણસોમાંનો તે સર્વથી વધુ બળ્યો[1] (છે), જેને માટે (તેના) મદદગારો (તેના) હુકમને માન આપે. (ગાથા અહુનવદ, હા ૨૯, ફ૦ ૩.)

અત્ એ વઑચત્ અહુરો મઝ્દાઑ વીદ્વાઑ વફૂશ વ્યાનયા
નોઇત્ અએવા અહૂ વિસ્તો નએદા રતુશ અષાત્‌ચિત્ હચા.
અત્ ઝી થ્વા ફ્‌ષુયન્તએચા વાસ્તર્‌યાઇચા થ્વોરૅશતા તતષા.

તે ઉપરથી સર્વજ્ઞ (તથા) સંપત્તિ દેનાર અહુરમજદે (પોતાના) જાતી ડહાપણથી કહ્યું કે, અષોઇ (ધરાવવાને) લીધે (તારા શિવાય, અહો જરથુશ્ત્ર!) નથી જણાયલો (મને) એક અહુ, કે નથી (જણાએલો) રતુ[2]; એટલા માટે (મે) (જગત) કર્ત્તાએ ખચીત તને (દુન્યાંની) આબાદી કરનાર તથા (દીનને માટે) મહેનત કરનાર તરીકે ઘડયો. (ગાથા અહુનવદ, હા ૨૯, ફ૦ ૬.)

અએમ્ મોઇ ઇદા વિસ્તો યે-ને અએવો સાસ્નાઑ ગૂષતા,
જરથુશ્ત્રો સ્પિતામો; હ્‌વો ને મઝ્દા વશ્તી અષાઇચા,
ચર્કરૅથ્રા સ્રાવયંઘ્હે હ્યત્ હોઇ હુદૅમૅમ્ દ્યાઇ વખૅધ્રહ્યા.

(અષ વહિશ્ત કહે છે) તે (નર) કે, જેણે એકલાએ મારી શિખામણો સાંભળી, તથા (જે) મને આ જગતમાં જણાયલો (છે) (તે) સ્પીતમાન જરથુશ્ત્ર (છે), જે પોતે અહુરમજદની મારફતે અષોઇ(નો ઉપદેષ કરવા)ને માટે (તથા) દુન્યાંનો ખરી ફરજો અમને જાહેર કરવાને ઇચ્છે છે; એટલા સારૂં તેને બોલવાની વાકચાતુરી હું આપવા માંગુ છું (અથવા મારે આપવી જોઇએ). (ગાથા અહુનવદ, હા ૨૯, ફ૦ ૮.)

અત્ શતાંમ્ જરથુશ્ત્રો તન્વસ્‌ચિત્ ખ્‌ઝ્યાઑ ઉશ્તનૅમ્
દદાઇતી પઉર્વતાતૅમ્ મનંઘ્હસ્‌ચા વંઘ્હેઉશ મઝ્દા
શ્યઑથનહ્યા અષાઇ યાચા ઉખ્‌ધખ્‌યાચા સૅરઑષૅમ્ ક્ષથ્રૅમ્‌ચા.

---

૧. ત્યારેજ પ્રથમ દરજ્જેનો વીરલો અને આગ્રવન, એ પ્રતાપી મહાત્મા અષો જરથુશ્ત્ર લેખાયો છે! ૨. દીન અથવા દુન્યાનો વડો.

(વખ્શૂરે વખ્શૂરાન) અષો જરથુશ્ત્ર પોતાનાં તનનો જાન તથા પવિત્ર મનશ્નીની ઉત્તમતા (અથવા શ્રેષ્ટાઇ) અહુરમજદને કાજે અર્પણ કરે છે. (વળી પોતાનાં) કાર્યની સત્તા તથા દીનના કલામ માટેની તાબેદારી, અષોઇને સારૂં ફેદા કરે છે. (ગાથા અહુનવદ, હા ૩૩, ફ૦ ૧૪.)

અત્ હોઇ અઓજી જરથુશ્ત્રો પઓઉર્વીમ્
હઇથ્યો દ્વએષાઓ હ્યત ઇસોયા દ્રેગ્વાઇતે
અત્ અષાઉને રફ્નો ખ્યેમ્ અઓજોંગ્હ્વત્;
હ્યત્ આ બૂશ્તીશ્ વસસે ક્ષથ્રહ્યા દ્યાઇ,
યવત્ આ-થ્વા મજ઼્દા સ્તાઓમી ઉફ્યાચા.

ત્યારે જરથુશ્ત્રને તેને (બેહમન યજદને) સર્વથી આદિ (નીચે પ્રમાણે) કહ્યું કે, જાહેર રીતે દુષ્ટ (માણસ)ને માટે એક દુશ્મન (તથા) અષો (માણસ)ને માટે એક જબરો ખુશાલી આપનાર હું થાઉં! અહો અહુરમજદ! જ્યાં સુધી (હું) તને વખાણું છું, તથા તારી કીર્તિનાં ગાન ગાઉં છું, (ત્યાં સુધી) (તારી) રાજ્ય સત્તાની શોભામાં તથા (તેને માટેની) ઇચ્છામાં હું પ્રવર્ત થાઉં. (ગાથા ઉશ્તવદ, હા ૪૩, ફ૦ ૮.)

અત્ અહુરા હ્વો મઇન્યૂમ્ જરથુશ્ત્રો
વૅરૅન્તે મજ઼્દા, યેસ્તે ચિશ્ચા સ્પેનિશ્તો.

અહો સર્વથી વધુ કલ્યાણકારી અહુરમજદ! જરથુશ્ત્ર પોતે (તારા) મીનો (સ્પેનામીનો)ને આદરમાનની નજરથી નીહાળે છે, તથા (હર) કોઇ માનવીએ (તેમ કરવાને) પોતાથી બનતો પ્રયત્ન કરવો જોઇએ. (ગાથા ઉશ્તવદ, હા ૪૩, ફ૦ ૧૬.)

અત્ ફ્રવક્ષ્યા નૂ ગૂષોદૂમ્ નૂ સ્રઓતા,
યએચા અસ્નાત્ યએચા દૂરાત્ ઇષથા,
નૂ ઇમ્ વીસ્પા ચિથ્રે જી મજ઼્દાઓંઘ્હો દૂમ્,
નોઇત દઇબિતીમ્ દુશ્-સસ્તિશ્ અહૂમ્ મૅરાંશ્યાત્,
અકા વરના દ્રેગ્વાઓ હિજ઼્વા આ-વૅરૅતો.

(પેગમબર જરથુશ્ત્ર પોતાની વાણી વાંચનારાઓને કહે છે) (તમે) કે જેઓ નજદીકથી તથા જેઓ દૂરથી ઇચ્છો છો, (તેમને) (જે) હું પ્રગટ રીતે કહું છું, તે ઉપર હવે તમે કાન દો તથા હવે ધ્યાન આપીને સાંભળો. જરૂર આ સમયે (તમે) (આ મારા) બધા (વીષયો) ઉપર

મનમાં યોગ્ય તુલના કરો, (કે જેથી કરીને) ખોટો ધર્મ સમજાવનાર બીજી વાર (તમારી) જીંદગીને ખરાબ ન કરે.

(ગાથા ઉશ્તવદ, હા ૪૫, ફ૦ ૧.)

યે વા મોઇ ના ગેના વા મઝ્દા અહુરા
દાયાત્ અંઘ્રહેઉશ્ યા તૂ વોઇસ્તા વહિશ્તા,
અષીમ્ અષાઇ વૉહૂ ક્ષથ્રૅમ્ મનંઘ્રહા,
યાંસ્ચા હક્ષાઇ ક્ષ્માવતાંમ્ વહ્માઇ આ,
ફ્રો તાઇશ્ વીસ્પાઇશ્ ચિન્વતો ફ્રફ્રા પૅરૅતૂમ્.

જે કોઇ અહો અહુરમજદ! મરદ કે સ્ત્રી, મારા પ્રત્યે શ્રદ્ધા[1] લાવે (તથા) જે કોઇ અષોઇને ખાતર અષોઇનું અનુકરણ કરે, (તથા) ભલી મનશ્નીથી (પોતાની) સત્તા ચલાવે તેમને, (અહો અહુરમજદ!) તારા પ્યાર (અથવા ભક્તિ) તરફ હું માર્ગ બતલાવીશ (તથા) તે સઘળાઓને ચિન્વત પુલ પસાર કરાવીને લઇ જઇશ. (ગાથા ઉશ્તવદ, હા ૪૬, ફ૦ ૧૦.)

યે સ્પિતામૅમ્ જરથુસ્ત્રૅમ્ રાદંઘ્રહા
મરૅતએપૂ ક્ષ્નાઉશ્ હ્વો-ના ફ્રસ્રઇદ્દ્યાઇ ઍરૅદ્વો
અત્ હોઇ મઝ્દાઓ અહૂમ્ દદાત્ અહુરો
અહ્માઇ ગએથાઓ વૉહૂ ફ્રાદત્ મનંઘ્રહા
તેમ્ વે અષા મેહ્મઇદી હુશ્-હખાઇમ્.

માણસોમાંથી જે કોઇ સ્પીતમાન જરથુશ્ત્રને આનંદ (પ્રસન્નતા)થી ખુશી કરશે, તે માણસ પોતે (ધર્મનાં ફરમાનો) જાહેર કરવાને અધિકારી (છે). તે (માણસ)ને અહુરમજદ સ્વર્ગ આપશે (તથા) પવિત્ર મનશ્નીને લીધે તેનાં છોરૂ, છૈયાં, પશુ ઢોરોને આબાદ કરશે.

તે (માણસ)ને, અહો અષ! (અત્રે) તારો ખરો મીત્ર ગણ્યે છીએ.

(ગાથા ઉશ્તવદ, હા ૪૬, ફ૦ ૧૩.)

યે મઇબ્યા યઑશ્ અહ્માઇ અસ્ચીત્ વહિશ્તા,
મખ્યાઓ ઇશ્તોઇશ્ વૉહૂ ચોઇષૅમ્ મનંઘ્રહા;
આંસ્તૅંગ્ અહ્માઇ યે નાઓ આંસ્તાઇ દઇદીતા.

જે કોઇ અમને આનંદ આપશે, તેને ઉત્તમ (આશીષ) પ્રાપ્ત થશે, (તથા તેને) ભલી મનશ્નીથી મારી આશીષો હું આપું. જે કોઇ અમને દુ:ખ દેશે, તેને દુ:ખ (આવી પડશે). (ગાથા ઉશ્તવદ, હા ૪૬, ફ૦ ૧૮.)

૧. ગુરૂ ઉપર વિશ્વાસ વિના માર્ગ કાપવું અશકય છે.

યે-મોઇ અષાત્ હુઇથીમ્ હચા વર્ષઇતી
જરથુશ્ત્રાઇ, હ્યત્ વસ્ના ફ્રેષોતॅમॅમ્,
અહ્માઇ મીઝ્દॅમ્ હનેન્તે પરાહૂમ્,
મને-વીસ્તાઇશ્ મત્ વીસ્પાઇશ્ ગાવા અઝી,
તાચીત્ મોઇ સાંસ્ ત્વॅમ્ મઝ્દા વએદિશ્તો.

જે કોઇ હું જરથુશ્ત્રને માટે જાહેર રીતે (અથવા અંતઃકરણ પૂર્વક) અષોઇથી (તથા) પોતાનાં ખરાં હૈયાની ખાહેશથી કાર્ય કરશે,[1] તે (માનવી)ને માટે (આ) ફરતી પૃથ્વિ ઉપર ધન, સનમાન સાથે, આવતી દુન્યામાં બદલાને પાત્ર ગણુશે. એ (બીના), અહો સર્વજ્ઞ અહુરમજદ! તેં મને શીખાડી. (ગાથા ઉશ્તવદ, હા ૪૬, ફ૦ ૧૯.)

કત્ તોઇ અષા જ્બયેન્તે અવંઘ્હો
જરથુશ્ત્રાઇ, કત્ તોઇ વોહૂ મનંઘ્હા
યે-વે સ્તઑતાઇશ્ મઝ્દા ફ્રીનાઇ અહુરા
અવત્ યાસાંસ્ હ્યત્ વે ઇશ્તા વહિશ્તॅમ્.

(જરથુશ્ત્ર અહુરમજદને કહે છે કે) તારા નમ્ર જરથુશ્ત્રને સારૂં (અહો અહુરમજદ!) (તેની) અષોઇને લીધે તથા (તેની) નેક મનશ્નીને અંગે, (તારી) કૃપાનો કેટલો (અંશ દેવાનો છે)? તારી ઇચ્છાનુસાર ચાલીને, જે કાંઇ સર્વથી શ્રેષ્ઠ (છે), તેની આકાંક્ષા કરનારો (થઇને) કીર્તિનાં ગાયનોથી અહો અહુરમજદ! તારૂં સ્તવન હું કરીશ.
(ગાથા સ્પેન્તોમદ, હા ૪૯, ફ૦ ૧૨.)

યે માંથ્રા વાચિમ્ મઝ્દા બરઇતી
ઉર્વથો અષા નॅમંઘ્હા જરથુશ્ત્રો,
દાતા ખ્રતેઉશ્ હિઝ્વો-રઇથીમ્ સ્તોઇ;
મહ્યા રાજૅંગ્ વોહૂ સાહીત્ મનંઘ્હા.

(પેગમ્બર) જરથુશ્ત્ર (જે) ડહાપણનો રાખનાર તથા નિત્ય (પોતાની) જીભને સીધે માર્ગે ચલાવનાર (છે તે), (દરેક ભક્તનો તારો) દોસ્ત (છે) કે જે, અહો અહુરમજદ! (પવિત્ર) માંથ્રવાણીને ખાલેસ દીલથી[2] તથા નમ્રતાથી ઉચરે છે.

(કોઇ પણ નર) પવિત્ર મનશ્નીથી મારા ભેદો શિખવી શકે છે.
(ગાથા સ્પેન્તોમદ, હા ૫૦, ફ૦ ૬.)

---

૧. કર્મ માર્ગ. સાત્વિક કર્મ. ૨. સંશુદ્ધ ભાવથી.

કે ઉર્વથો સ્પિતમાઇ જરથુશ્ત્રાઇ ના મઝ્દા,
કે વા અષા આફ્રશતા, કા સ્પેન્તા આર્મઇતિશ,
કે વા વંઘ્હેઉશ મનંઘ્હો અચિસ્તા મગાઇ એરેશ્વો.

કયો માનવી, હે અહુરમજદ! સ્પીતમાન જરથુશ્ત્રનો ખરો મીત્ર (છે)? અથવા કોણે અષોઇથી (દીન વીષે) પ્રશ્નો પુછયા હતા? કોણની મારફતે (કલ્યાણકારી) સંપૂર્ણ મનશ્ની (મેળવી શકાય)? અથવા નેક મનશ્નીનો કયો ખાલેસ (માણસ) (તે) માહાત્મારત કાર્યને માટે જણાયલો (છે)? (ગાથા વોહુક્ષથ્ર, હા ૫૧, ફ૦ ૧૧.)

નોઇત તા-ઇમ ક્ષ્નાઉશ વએપ્યો કેવીનો પેરેતો જેમો
જરથુશ્ત્રેમ સ્પિતામેમ યત અહ્મી ઉરૂરઓસ્ત અસ્તો,
યત્ હોઇ ઇમ ચરતસ્ચા અઓદ્રેશ્ચા જોઇષેન્ વાઝા.

સ્પીતમાન જરથુશ્ત્ર જે આ (કાળ)માં પેગમબર તરીકે ચઢતે દરજ્જે પહોંચી ચુકયો છે, (તેને) ગુલામબારગીનું કાર્ય કરનાર તથા અધર્મી એ બે (પાપી), ખચીત (આ) ખાકી પુલ ઉપર (આ જડ દુન્યામાં) રાજી રાખતા નથી, (અર્થાત સ્પીતમાન જરથુશ્ત્ર એ બે પાપીઓથી સમૂળગા નારાજ છે).

(એ બે પ્રકારના પાપીઓ) (પોતાનાં) અપવિત્ર બળથી (પોતાની શક્તિ દુષ્ટ માર્ગે વાળવાથી), તેને (તે અષો પેગમબરને) જરૂર ખેદ પમાડે છે (અથવા નાફરમાન થઇને, તેની મરજી વિરૂદ્ધ વર્તે છે). (ગાથા વોહુક્ષથ્ર, હા ૫૧, ફ૦ ૧૨.)

હોઇ સ્ચન્તૂ.........
કવચા વીશ્તાસ્પો જરથુશ્ત્રિશ સ્પિતામો ફ્રેશઓશ્ત્રસ્ચા,
દાઓંગ્હો એરેજૂશ પથો યાંમ દએનાંમ અહુરો સઓશ્યન્તો દદાત્.

સ્પીતમાન જરથુશ્ત્રની દીન કબુલ કરનાર કએ ગુશ્તાસ્પ તથા ધર્મજ્ઞાની ફરશોસ્તર, તે દરેકેને અષોઇના માર્ગો,[1] (જે) સોશ્યન્તની દીન, જે અહુરમજદે બનાવી, તે તેઓ શિખાડશે (અથવા શિખવે તો સારૂં). (ગાથા વહિશ્તોઇશ્ત, હા ૫૩, ફ૦ ૨.)

આઅત્ હે પ્રઓમ જરથુશ્ત્ર અજેમ યો અહુરો મઝ્દાઓ વીસંઘ્હ મે યિમ સ્રોર વીવંઘ્હન મેરેતો બેરેતચ દએનયાઓ. આઅત્

---
૧. પ્રથમ પુસ્તકમાં "માર્ગ" વિષય ઉપરનું પ્રકરણ જુવો, પાન ૧૬૯ થી ૧૭૫.

મે અએમ્ પઇતિ–અઑખ્ત યિમો સ્રીરો જરથુશ્ત્ર. નોઇત દાતો અહ્મિ નોઇત્ ચિસ્તો મરેતો બરેતચ દએનયાઓ.

ત્યારે હે જરથુશ્ત્ર! હું જે અહુરમજદ (તેણે), તેને (જમશેદને) કહ્યું કે, હે વિંઘામના છોકરા સોહામણા જમશેદ! ભણેલો થઇને મારી દીનનો ફેલાવો કરનારો તુ થા. ત્યારે હે જરથુશ્ત્ર! આ સુંદર જમશેદે મને પ્રત્યુત્તર દીધો કે, ભણેલો થઇને (તારી) દીનનો પ્રસાર કરનારો (થવાને), હું ઇનસાફમાં પ્રવિણ નથી (તથા) માહિતગાર થયો નથી.[1]

(વંદીદાદ પરગ ૨, ફ૦ ૩.)

પઇતિ અહ્માઇ અવપત યો સ્પિતામો જરથુશ્ત્રો, નોઇત હે અપ-સ્તવાને વંઘુઉહીમ્ દએનાંમ્ માજ્દયસ્નીમ્. નોઇત અસ્તચ નોઇત ઉશ્તાનેમચ નોઇત્ બઓધસ્ચ વી–ઉવીર્સ્યાત.

(ત્યારે) જે સર્વથી પવિત્ર જરથુશ્ત્રે તે (અંગ્રેમઇન્યુશ)[2]ને પાછું કહ્યું, કે (જો) (મારાં) હાડકાં તથા (મારો) જીવ તથા (મારી) બુદ્ધી જુદાં પડે, (તો પણ) તેને[3] સારૂં ભલી માજદયસ્ની દીનને હું ધિક્કારીશ નહીં.

(વંદીદાદ પરગ ૧૯, ફ૦ ૭.)

પઇતિ અહ્માઇ અવપત યો સ્પિતામો જરથુશ્ત્રો હાવનચ તશતચ હઓમચ વચ મજ્દો–ફ્રઑખ્ત. મન જય અસ્તિ વહિશ્તેમ્ અન વચ વનાનિ અન વચ અપ–યસાને અન જય હુકેરેતાઓંઘ્રહો આઇ દુજ્દ અંઘ્ર મઇન્યો દથત સ્પેન્તો મઇન્યુશ દથત જૂને અકરને. ફ્રદથેન્ અમેષાઓ સ્પેન્ત હુખ્થા હુધાઓંઘ્રહો.

(ત્યારે) જે સર્વથી પવિત્ર જરથુશ્ત્ર તેણે તે (અંગ્રેમઇન્યુશ)ને પાછો જવાબ દીધો કે, હાવનીમ, તશ્ત, હોમ તથા અહુરમજદના કહેલાં વચનથી (હું તારી સૃષ્ટિનો નાશ કરીશ); (ઉપર જે કહયાં તે) મારાં સર્વથી સરસ હથ્યાર છે. હે! દુષ્ટ જ્ઞાની અંગ્રેમઇન્યુશ! આ વચનથી (તને) હું મારીશ, આ વચનથી (તને) હું નષ્ટ કરીશ. આ સારાં બનાવેલાં હથ્યારથી હણીશ, આ વચનથી (તારૂં) હું સત્યાનાશ વાળીશ. આ સારા બનાવેલાં હથ્યારથી હે દુર્મતિવાળા અંગ્રેમઇન્યુશ! (હું તને તોડીશ). અનહદ કાળમાં સ્પેન્તોમઇન્યુશે (તે વચન) જણાવ્યો હતો, (અને) સારા બાદશાહ (તથા) સુજ્ઞ અમેષાસ્પંદોએ (તે વચન) ફેલાવ્યો.

(પરગ ૧૯, ફ૦ ૯)

---

૧. જમશેદની નમ્રતા અત્રે દેખાડી છે. પોતે માજદયસ્ની ધર્મ ફેલાવવાને માટે પોતાને અધિકારી ગણતો નથી. ૨. Satan. ૩. તેં દેખાડેલી લાલચો સારૂં.

હુમા-જોર ફ્રોહરે જરથોશત સ્પિતમાંન બાદ, અવા હુમા ફ્રોહરે અથોરનાંન વ રથએશતારાંન વ વાસ્ત્રયોશાંન વ હુતોખ્શાંન કે શાંન એજ યશ્તે-ફ્રોહર ઇ જરથોશ્તે સ્પિતમાંન દીન પદીરફ્ત, ઓશાંન પ ગેહાંન રોબાફ્ કર્દ.

અષો સ્પિતમાન જરથુશ્ત્ર સાહેબના ફ્રોહર સાથે સહકાર હોજો! અને સર્વ અથોરનાનો, રથેશ્તારો, વાસ્ત્રયઓશો તથા હુતોખ્શોના ફ્રોહર સાથે ઐકયતા હોજો! કે જેઓએ યજશ્ને-કરવા-લાયક-ફ્રોહરવાળા અષો સ્પિતમાન જરથુશ્ત્ર સાહેબ તરફથી દીન કબુલ રાખી અને તેમણે દુન્યામાં તે પ્રસાવી. (આફ્રીન-ઈ-રપિથ્વિન.)

ગાથામાં "અષો જરથુશ્ત્ર સાહેબ" વીષે નીચલા ફકરાઓમાં ઈશારો છે.

યસ્ન.	ફકરો.	યસ્ન.	ફકરો.
૨૮	શરૂઆત.	૪૬	૧૨, ૧૪, ૧૯.
૨૮	૬, ૭, ૮.	૪૯	૧૨.
૨૮	૫, ૬, ૮.	૫૦	૬.
૩૩	૧૪.	૫૧	૧૧, ૧૨, ૧૫.
૪૩	૮, ૧૬.	૫૩	૧, ૨, ૩.

અન્ય ધર્મોની સરખામણીઓ.[1]

Master, we know that thou art true and teachest the way of God in truth, neither carest thou for any *men*: for thou regardest not the person of men.

(*St. Matthew 22-16.*)

૧. હવે પછી આવતા 'ગુરૂ'ના વિષયની પાછળ, અન્ય ધર્મોની સરખામણીઓ ખુલાસાથી આપી છે, તે જુવો. ધર્મના મહાગુરૂ અને આ જન્મના ગુરૂ એ બન્નેની અનિવાર્ય જરૂર છે. એ બેને અત્યંત નમ્રતા, માન અને પ્રેમથી સંતોષ્યા વિના માર્ગ-દર્શક કોઇ મળતું નથી, અને ત્યારે ગતિ કેવી થાય છે, તે કબીરજીના શબ્દોમાં જોઇશું:

ભટક મુવા ભેદી બિના, કૌન બતાવે ધામ,
ચલતે, ચલતે યુગ ગયો, પાવ કોસ પર ગામ.

રક્ષકો—સોશ્યન્તો.

ક્ષથ્રૅમચા અહુરાઇ આ યિમ્ દ્રેગુબ્યો દદત્ વાસ્તારૅમ્.

જે માનવી ગરીબ-લાચારોને માટે રક્ષક (અથવા પોષણ કરનાર) બને છે, (તે) અહુરમજદને માટે (સકળ સૃષ્ટિની) બાદશાહી (કબુલ રાખે છે).[1] (અહુનવર.)

અહુરમઝ્દ.....પર્વર્તાર્ એ પાના એ બાવર્.

અહુરમજદ જે પોષણ કરનાર, રક્ષણ કરનાર તથા સંભાળ લેનાર સાહેબ છે. (નામ સેતાયશ્ને.)

પાત નામ અહ્મિ.

(હું) રક્ષણ કરનાર નામવાળો છું. (હોરમજદ યશ્ત, ક૦ ૧૩.)

દાદારે જેહાંદાર્ તવાના એ દાના, એ પર્વર્તાર્, એ આફ્રીદ-ગાર એ કેર્કેહ્ગર્ એ અવક્ષીદાર્.

જગતનો રાખનાર દાદાર અહુરમજદ સર્વ શક્તિમાન તથા માહા જ્ઞાની તથા સર્વનું પોષણ કરનાર તથા સૃષ્ટા તથા પુણ્યવંત તથા રક્ષક છે. (અરદીબેહસ્ત યશ્તની નીરંગ.)

આઅત પઔઇરીમ્ ફ્રશ્રઑમિ નરૅમ્ અષવનૅમ્, યેજિ પઔઇ-રીમ્ ફ્રશ્રઑમિ નરૅમ્ અષવનૅમ્, ઇમત્ રષ્ન્વો રજિશ્ત, ઇમત્ અમે-ષએઇબ્યો સ્પૅન્તએઇબ્યો, યો અસ્તિ મઇન્યવનાંમ્ યજતનાંમ્, નઇસ્યો-નામનાઑ તાઑ બૂજત નરૅમ્ અષવનૅમ્. હચ નસૂમ્, હચ હષ્િ, હચ ઘષ્િ, હચ સએને, હચ બૂજિ, હચ હએનયાઑ પૅરૅથુ-અઇનિ-કયાઑ હચ દ્રફ્ષયાઑ પૅરથુ-ઉજ્ગૅરૅપ્તયાઑ, હચ મશ્યાઇ દ્રવઇત્યાઇ સાસ્તયાઇ, હચ સ્તરાઇ વઇશ્યાઇ, હચ નરો સાસ્તયાઇ, હચ યાતાઇ, હચ પઇરિકાઇ, હચ ઉરૂવિસ્ત.

આરંભમાં અષો માણસને હું પસંદ કરૂં છું; અષો[2] માણસને એટલા માટે હું પસંદ કરૂં છું કે તેને સર્વથી મહાન સત્યવાદી રશ્ને યજદ તથા અમેશાસ્પંદો તથા મીનો યજદો, નસુશ (દૈત્ય)થી, હષ્િ

1. Thy Kingdom Come. ૨. અષોઇનો આશે મહિમાં નોધાવા યોગ્ય છે.

(દૈત્ય)થી, ઘષિ (દૈત્ય)થી, સએની (દૈત્ય)થી, બુજિ (દૈત્ય)થી, (તથા) પુષ્કળ પલટણવાલા લશ્કરથી, ઉચ ધરેલા પોહલા વાવટા (અથવા ભાલા)થી, દુષ્ટ (તથા) જુલમી માણસથી, ધાતુના બનાવેલાં ખંજરથી, જુલમ કરનાર માણસોથી, જાદુગરથી, પરીથી (તથા) ભૂલા પાડે એવા રસ્તાથી બચાવે છે. (ઓરદાદ યશ્ત, ક૦ ૩.)

દ્રવાસ્પાંમ સૂરાંમ મઝ્દધાતાંમ અષઑનીમ યઝમઇદે......પૉઉરૂ-રૅપક્ષ્તીમ દૂરાત.

દૂર વેરથી પુરતી રીતે રક્ષણ દેનાર, અહુરમજ્દની પેદા કીધેલી શૂરી (તથા) અષો દ્રવાસ્પનું અમે ભજન કર્યે છીએ. (ગોશ યશ્ત ક૦ ૧.)

દ્રવાસ્પાંમ સૂરાંમ મઝ્દધાતાંમ અષઑનીમ યઝમઇદે......દ્રવો-વર્ૅતાંમ અવંઘ્રહે નરાંમ અષઑનાંમ.

અષો માણસની મદદને માટે, મજબુત બચાવ કરનાર અહુરમજ-દની પેદા કીધેલી, શૂરી (તથા) અશો દ્રવાસ્પને અમે વંદયે છીએ. (ગોશ યશ્ત, ક૦ ૭.)

દઝ્દિ મે વંઘુહિ સેવિસ્તે દ્રવાસ્પે તત આયપ્તૅમ......ઉત હે વન્ત અઝાનિ સવંઘ્હવાચિ અરેનવાચિ, યોઇ હૅન્ત કેહ્રૅપ સ્રએશ્ત જઝા-તેએ ગએથ્યાઇચ, યોઇ અબ્દોતૅમે.

હે ભલી (તથા) સર્વથી અધિક લાભકારી દ્રવાસ્પ! (તુ) મને આ વર દે કે, (હું) શેહરનાજ તથા અરનવાજ (નામની) તેની (ઝોહાકની) બે પ્યારીઓ, (જેઓ) આ દુનિયાની સ્ત્રીઓમાં સર્વથી સોહામણાં શરીરની છે (તથા) જેઓ ઘણાજ ઉંડા ગારમાં (પડેલી છે) (તેમને) હું (તેનાથી) છોડવું. (ગોશ યશ્ત, ક૦ ૧૪.)

સ્રઑષો અષ્યો દ્રિઘ્રૂમ થ્રાતોતૅમો.

અષો સરોષ (યજદ) ગરીબ (સન્ત)નું સર્વથી વધુ પોષણ કર-નારો (છે). (સરોશ યશ્ત, હાદોખ્ત ક૦ ૩)

યથચ પસુશ-હઉર્વાઑંઘ્રહો, અએતત સ્રઑષૅમ અષીમ પઇરિ-બરામઇદે.

જે પ્રમાણે પસુશ-હરૂન (એટલે પશુના રક્ષક કુતરા), તે પ્રમાણે અષો સરોષ (યજદ), જે પવિત્ર (તથા) વિજયી (તેને) અમે આસ-પાસ રાખ્યે છીએ. (સરોશ હાદોખ્ત યશ્ત, ક૦ ૭.)

યો દ્રિઘ્‌ઑશ્ચ દ્રીવ્યાઑસ્ચ અમવત્ ન્માનૅમ્ હાંમ્-તાશ્તૅમ્.

જે (સરોશ યજદ) ગરીબ માણસનું તથા દરિદ્ર સ્ત્રીનું મજબુત બાંધેલું ઘર (સમાન છત્રપતિ છે). (સરોશ યશ્ત વડી, ફ૦ ૧૦.)

શ્રા અધ વએઇબ્ય અહુબ્ય, વએઇબ્ય નો અહુબ્ય નિપયાઑ, આઇ સ્રઑષ અષ્ય હુરઑધ, અહેચ અંઘ્હેઉશ યો અસ્તવતો, યસ્ચ અસ્તિ મનહ્યો. પઇરિ દ્રવતત્ મહ્ર્કાત્ પઇરિ દ્રવતત્ અએષ્માત્, પઇરિ દ્રવઇતિબ્યો હએનેબ્યો.

હે સુંદર, અષો સરોષ (યજદ)! અત્રે બન્ને હસ્તિ (ભાવો)માં (તથા) બે દુનિયામાં હમારી તું રક્ષા કરજે. આ જગત જે જડ તથા (બીજી) જે અદ્રશ્ય (મિનોઇ) છે, (ત્યાં) (તું અમારી જતન કરજે). ધસી આવનારાં મોતથી, ધસી આવનારા એશમ[1] દૈત્યથી, ધસી આવનારાં સૈન્યોથી, (હે અષો સરોષ યજદ!) તું અમારૂં લાલનપાલન કરજે. (સરોષ યશ્ત વડી, ફ૦ ૨૫.)

વીસ્પે તૅરૅસૅન્તિ પૅરૅનિને અવથ માવયચિત્ તનુયે.

જેમ મારાં (અહુરમજદનાં) તનથી[2] (ડરે છે) (તેમ) સઘળાઓ (તે) પીછ (જે પેષો-પરેન નામના પક્ષીનું છે તે) રાખનારથી ગભરાય છે. (બેહેરામ યશ્ત, ફ૦ ૩૮.)

અમૅમ્ચ વૅરૅથ્રઘ્નૅમ્ચ આફ્રીનામિ, દ્વ પાતાર, દ્વ નિપાતાર, દ્વ નિશહરેતાર.

અમ (ફરેશ્તો) (તથા) બેહરામ (યજદ) (જે) બે સાચવનાર, બે રક્ષણ કરનાર (તથા) બે જતન કરનાર (છે, તેમ)ને હું ભજું છું. (બેહેરામ યશ્ત, ફ૦ ૪૫.)

નિપાતારૅમ્ વૉહુ બઇરે, પાતારૅમ્ તનુયે બઇરે હઑમૅમ્.

હોમ (જે) સારી (વસ્તુ) નું સંરક્ષણ કરનાર, (તેને) હું મારી પાસે રાખું (તથા) (હોમ) (જે) તનને જાળવનાર (તેને) હું મારી પાસે રાખું. (બેહરાંમ યશ્ત, ફ૦ ૫૭.)

---

૧. ક્રોધના. ૨. અત્રે અહુરમજદનાં તનનો ઇશારો મળે છે. અહુરમજદ વીશ્વરૂપ ધારણ કરે તો તે કેટલું ભયંકર અને મહા ઉગ્ર હોય છે, તે ભગવદગીતાના ૧૧ માં विश्वरूप दर्शनयोग નામના અધ્યાયમાં વિસ્તીર્ણ જણાવ્યું છે, તે સરખાવી જોવે સમજાશે.

યાંમ્ અજૅમ્ યો અહુરો મજ્દાઑ હુજ્વાર્ન ઉજ્બઇરે, ફ્રદથાઇ ન્માનહેચ વીસહેચ જન્તેઉશચ દંઘ્રહેઉશચ, પાથ્રાઇચ હર્થ્રાઇચ અઇ-વ્યાક્ષ્ત્રાઇચ નિપાતયએચ નિશંઘ્રહર્તયએચ.

જે (અરદ્વીસુર)ને હું જે અહુરમજદ (તેણે) ઘરની, મોહોલ્લાની, કસ્બાની તથા દેશની સંપત્તિને માટે, સંભાળને માટે, રક્ષણને માટે, જતનને માટે, બચાવને માટે તથા પાલનને માટે પુરતાં બળથી પેદા કીધી.

(આવાં યશ્ત, ફ૦ ૬.)

તાંમ્ યજત પૅાઉર્વો યો વિફ્રો નવાઝ્જો, યત્ દિમ્ ઉસ્‌ચ ઉજ્ ફ્રાંનયત્, વૅરૅથ્રજાઑ તખ્મો થ્રએતઑનો, મૅરેઘહે કૅહ્ર્પ કહ્‌ર્કાસહે.

હો અવથ વજત, થ્રિ-અયરૅમ થ્રિ-ક્ષપરૅમ, પઇતિશ્ ન્માનૅમ્ યિમ્ ખ્એપઇથીમ્; નોઇત અઑર અવોઇરિસ્યાત. થ્રઑરશ્ત ક્ષફ્નો થ્રિત્યાઑ, ફ્રાષ્મત્ ઉષાઑંઘ્રહૅમ્ સૂરયાઑ, વીવઇતીમ્. ઉપ ઉષા-ઑંઘ્રહૅમ ઉપ-જ્બયત્, અરૅદ્વીમ્ સૂરાંમ્ અનાહિતાંમ્.

અરૅદ્વી સૂરે અનાહિતે, મૅાષુ મે જવ અવંઘ્રહે, નૂરૅમ્ મે બર ઉપસ્તાંમ્.

તેણીને વિફ્નવાજ (નામના) તરવાવાળાએ આરાધી.

જ્યારે જોરાવર (તથા) જયકારી ફરેદુને તેને (વિફ્નવાજને) ગીદ્ધ પક્ષિના રૂપમાં ઉંચે ઉડાડી મુકયો.

તે (વિફ્નવાજ) એ પ્રમાણે પોતાને ઘર (પહોંચવાને) માટે ત્રણ દહાડા (તથા) ત્રણ રાત સુધી ઉડયા કીધો, (પણ) નીચે આવી શકયો નહીં. ત્રીજી રાતને છેડે, શૂર આપનારાં પરોઢયાંનાં આવી પહોંચવાથી, પવનની લહેરીવાળા પ્રભાતને સમયે, (તેણે) નિર્મળ અરદ્વીસૂરને (નીચે મુજબ) મદદને માટે વિનંતી કીધી.

હે નિર્મળ અરદ્વીસૂર! ઝટ મારી સહાયને માટે તું આવ; હવે (તું) મને ટેકો દે.

(આવાં યશ્ત ફ૦ ૬૧-૬૨-૬૩.)

તા બા અષ તા અર્ષુખ્ધ, અરૅદ્વી સૂરે અનાહિતે, યત્ મે અવવત્ દએવયસ્નનાંમ્ નિજતૅમ્, યથ સારૅમ્ વર્સનાંમ્ બરામિ. આઅત્ મે તૂમ્ અરૅદ્વી સૂરે અનાહિતે, હુરૅકૅમ્ પૅષુમ્ રએચય તરો વંઘ્રઉહીમ્ વીતં-ઘ્રઉહતીમ્.

(નોદર કુલના ગુસ્તહમે આમ આરાધી) હે નિર્મળ અરદ્વીસૂર! અવશ્ય આ (વાત) ખરી (છે), આ (વાત) અષો કહેલી (છે), તે એ કે મારાં

માથા ઉપર જેટલા બાલ હું રાખું છું, તેટલા દૈત્યના પુજારીઓને (મેં) હણેલા[1] (છે), એટલા માટે મારે માટે તું, હે નિર્મળ અરદ્વીસૂર! ખુબી-વાળી વીતંઘ્રુઉહઇતિ (નામની નદી)ની આરપાર (જવાને) સુકો માર્ગ કરી આપ! (આવાં યશ્ત, ફ૦ ૭૭.)

ઍરેજ્વો અષાઉમ્ સ્પિતમ, થ્વાંમ્ દથત અહુરો મજ્દાઓ, રતૂમ્ અસ્તવઇથ્યો ગએથયાઓ; માંમ્ દથત અહુરો મજ્દાઓ, નિપા-થ્રીમ્ વીસ્પયાઓ અષઓનો સ્તોઇશ. મન રય ખરેનંઘ્રહચ, પસ્વ-સચ સ્તઓરાચ ઉપઈરિ જાંમ્ વીચરેન્તિ મશ્યાચ બિજંગ્ર. અજેમ્ બોઇત્ તૂમ્ તા નિપયેમિ વીસ્પ વોહૂ મજ્દધાત અષ-ચીથ્ર, માંનયેન અહે યથ પસૂમ્ પસુ-વસ્ત્રેમ્.

(આવાં અરદ્વીસૂરે કહ્યું કે) અએ શુદ્ધ (તથા) અષો સ્પીતમાન (જરથુશ્ત્ર)! (દાદાર) અહુરમજદે તને જડ દુન્યાના (ધર્મના) નેતા તરીકે પેદા કીધો, (અને) (દાદાર) અહુરમજદે મને અષો (અહુરમજદ)ની સઘળી સૃષ્ટિના પાલન કરનાર તરીકે પેદા કીધો, મારાં તેજ તથા પ્રતાપને લીધે પશુઓ, ઢોરો (તથા) બે પગવાળા માણસો (આ) પૃથ્વી ઉપર પોતાનું જીવન ગાળે છે. જે પ્રમાણે પશુનું વસ્ત્ર (એટલે પશુના અંગ ઉપરનું ઉન) પશુને (નુકસાનથી) (બચાવે છે), (તેમ) અહુરમજદની સરજેલી અષોઇનાં બીજની સકળ આશીષોનું હું જરૂર જતન કરૂં છું, (તેમજ) તું (પણ) તે (આશીષો)નું (રક્ષણ કરે છે). (આવાં યશ્ત, ફ૦ ૮૯.)

યેંઘ્રહે અશ્ત રાતયો, વીસ્પાહુ પઇતિ બરેજાહુ, વીસ્પાહુ વએધ-યનાહુ, સ્પસો આઆઁઘ્રહઇરે મિથ્રહે, મિથ્રો-દ્રુજેમ......હિશમરેન્તો, યોઇ પઉર્વ મિથ્રેમ્ દ્રુજેન્તિ, અવએષાંમચ પથો પાઓન્તો, યિમ્ દસેન્તિ મિથ્રો-દ્રુજો, હઇથીમ્ અષવ-જનસ્ચ દ્રવન્તો.

અવાઓ પવાઓ, પસ્ચ-પવાઓ, પરો-પવાઓ, સ્પશ વીધ્વએત અધ્વઓયન્નો, ફ્રા અંઘ્રહે વીસઇતિ, મિથ્રો યો વોઉરૂ-ગઓયઓઇતિશ, યહ્માઇ ફ્રક્ષ્નિ અવિ મનો, મિથ્રો જસઇતિ અવંઘ્રહે, યો બએવરે-સ્પસનો સૂરો વીસ્પો-વીધ્વાઓ અધ્વઓયન્નો.

જેના (મેહર યજદના) આઠ મીત્રો સઘળાં ઉંચ સ્થળો ઉપરથી (તથા) સઘળા બુરજો ઉપરથી, મેહર યજદના ચોકસી રાખનારા સમાન,

[1] મારેલા.

કોલ તોડનારને તપાસનારને તપાસનારા જાથુક બેઠેલા હોય છે. (વળી) જેઓ કોલ તોડે છે (તેમને) તે (મીત્રો) પ્રથમથી લક્ષમાં રાખનારા (તથા) (તેમને) યાદ રાખનારા (હોય છે). (વળી) તે (કોલ તોડનારા) ઓમાંના બધો માણસને મારનારા ભુડાં માનવીઓ, (મેહર યજદના) માર્ગ ઉપર ખરેખર (અથવા જાહેર રીતે) (જવાને) ઇચ્છે છે, (તે માર્ગોને) (તે મીત્રો) સંભાળનાર (છે).

દશ હજાર આંખોના જેટલી જોવાની શક્તિ ધરાવનાર, શૂરો, સર્વજ્ઞ (તથા) ન ઠગાએલો (મેહર યજદ), પોતાનાં પૂર્ણ દિલથી જેને મદદ કરવાને માટે જાય છે, તેને માટે તે ન ઠગાએલો, બહોળાં ક્ષેત્રવાળો, મેહર યજદ મદદગાર, બચાવનાર, પાછળથી બચાવનાર, આગળથી બચાવનાર, ચોકસી કરનાર (તથા) સર્વે દીશાઓથી (તેનુ) પાલન કરનાર તરીકે થાય છે, (અથવા આવે છે.)

(મેહર યશ્ત, ક૦ ૪૫-૪૬.)

અઝૅમ્ વીસ્પનાંમ્ દામનાંમ્, નિપાત અહ્મિ હ્વપો, અઝૅમ્ વીસ્પનાંમ્ દામનાંમ્, નિશ્હરૅત અહ્મિ હ્વપો.

(મેહર યજદ દાદાર અહુરમજદને અરજ કરે છે) હું ખુબી ધરાવનાર (તથા) સઘળી પેદાયશોનો બચાવનાર છું, હું ખુબીવંતો (તથા) સર્વ પેદાયશોનો રક્ષક છું. (મેહર યશ્ત, ક૦ ૫૪.)

યેઇધિ જી મા મશ્યાક અર્ઑખ્તો–નામન યસ્ન યજયન્ત, યથ અન્યે યજતાઑંઘ્રહો અર્ઑખ્તો-નામન યસ્ન યઝૅન્તિ, ફ્રા નુરૂયો અષવઑયો, થ્વરૂશતહે જ઼રુઆયુ પુષુયાંમ્ ખહે ગયેહે ખવન્તો અમેષહે, ઉપ થ્વરૂશતહે જશ્ઞ્યાંમ્.

જેમ (માણસો) બીજા યજદોને પ્રખ્યાત યજશ્નેથી ભજે છે, (તેમ) જો તેઓ ખ્યાતિ પામેલી યજશ્નેથી મને ભજે તો, જરૂર બધો માણસોને માટે નિર્મિત સમયે હું જાઉં, મારી પોતાની સુંદર (તથા) અમર જીવનના ચોક્કસ (વખતે) (બધો માણસોની સહાયને માટે) હું જાઉં. (મેહર યશ્ત, ક૦ ૫૫.)

વસો–યાનૅમ્ વસો–ગઑયઑઇતીમ્ અતઉર્વયો ઇત્ર ક્ષુયન્તૅમ્ વાસ્રીમ્, વસો–યઑનાઇ ઇન્તાંમ્ હુધાઑંઘ્રૅમ્, યો બઍવર્‌–સ્પસાનો સૂરો વીસ્પો–વીધ્વાઑ અધઑયન્નો.

(મેહર યજદ) અક્ષરો ઉપર સત્તા રાખનાર (તથા) ખેતરની ઉપર અધિકાર રાખનાર, (દેશની) વૃદ્ધિ કરનાર ખેડુતને દુઃખ દેનાર, સારાં જ્ઞાનવાળો (છે). (વળી) જે દશ હજાર આંખના જેટલી જોવાની શક્તિ ધરાવનાર, શૂરો, ચોમેરની ખબર રાખનાર (તથા) ન ઠગાયલો (છે).

(મેહર યશ્ત, ફ૦ ૬૦.)

ઍર્‌દ્વો-જંગૅમ જએનંઘ્રહુન્તૅમ, સ્પસૅમ તખ્મેમ્ વ્યાખનૅમ, ફ્રત્-આપૅમ્ જવનો-સૂતૅમ.

(મેહર યજદ) (જે) ખડે પગે ઉભું રહેવાની શક્તિ ધરાવનાર, હુશ્યાર રાખનાર, હુશ્યાર, બળવંતો, અનજુમનમાં સરદારી ભોગવનાર, પાણીની આબાદી કરનાર (તથા) મદદને માટે કીધેલી અરજને સંભાળનાર (છે), (તેને) (અમે પુજ્યે છીએ.) (મેહર યશ્ત, ફ૦ ૬૧.)

તૃમ્ તા દઇંઘ્રહાવો નિપાહિ, યા હુઍર્‌તીમ યાતયેઇતિ, મિથ્રહે વૉઉરૂ-ગઑયઑઇતોઇશ. તૃમ્ તા ફ્રસ્ચિન્દયેહિ, યા રાંક્ષયેઇતીશ દઇં-ઘ્રહાવો. આચ શ્વા જ્ઝ્બયાઇ અવંઘ્રહે. આચનો જમ્યાત્ અવિ અવખ્યાઇ ઉગ્રો, અઇવિથ્રૂરો યેસ્ન્યો વહ્મ્યો મિથ્રો રએવાઓ દઇંઘ્રહુપઇતિશ.

જે (દેશો) (તું) બહોળાં ક્ષેત્રવાળા મેહર યજદની સારી ભેટ લઇ જાય છે તે દેશોનું, (હે મેહર યજદ!) તું જતન કરે છે. (વળી) જે દુઃખ દેનારાં (અથવા પાપી) દેશો, તેમને તું તોડી નાખે છે. મદદને માટે, (હે મેહર યજદ) તને હું બોલાવું છું. જોરાવર, પ્રબળ, યજશ્નીને લાયક, આરાધનાને લાયક (તથા) તેજવાળો દેશપતિ મેહર યજદ અમારી કુમકને માટે આવે! (મેહર યશ્ત, ફ૦ ૭૮.)

તૃમ્ મએથનહે પાત, નિપાત અહિ અદ્રુજાંમ; તૃમ્ વર્‌જાનહે પઇતિ, નિશ્-હર્‌ત અહિ અદ્રુજાંમ.

જુઠું ન બોલનારાઓના મુકામનું, (હે મેહર યજદ!) તું રક્ષણ કરનાર (તથા) જતન કરનાર છે; જુઠું ન બોલનારાઓના કારખાનાંનો (અએ મેહર યજદ!) તું સંભાળ રાખનાર છે. (મેહર યશ્ત, ફ૦ ૮૦.)

યિમ વીસ્પો વીસ્-પઇતિશ બાવ્ર ઉસ્તાનજસ્તો જ્ઝ્બયેઇતિ અવંઘ્રહે; યિમ ન્માનહે ન્માનો-પઇતિશ બાધ ઉસ્તાનજસ્તો જ્ઝ્બયેઇતિ અવંઘ્રહે; યિમ દ્વાચિન પિથે હચિમ્ન બાધ ઉસ્તાનજસ્તો જ્ઝ્બયેઇતિ

અવંઘ્નહે. યિમ દરેઁધુશચિત અષો-તકએષો, અપયતો હુવાઇશ દાતાઇશ, બાધ ઉસ્તાનજસ્તો જબયેઇતિ અવંઘ્નહે.

જે (મેહર યજદ)ને, મોહલ્લાનો ધણી (આજીજીથી) (આકાશ તરફ) હાથ ઉંચા કરીને મદદને માટે જરૂર બોલાવે છે. જે (મેહર યજદ)ને ઘરનો ઘરધણી (આજીજીથી) હાથ ઉંચા કરીને સહાયને અર્થે અવશ્ય બોલાવે છે. જે (મેહર યજદ)ને (લોકોને) બારણે ભટકનાર (તથા) ખોરાકને માટે રખડતો (માનવી) (વિનંતીથી), (આકાશ તરફ) હાથ ઉંચા કરીને, ટેકાને કાજે જરૂર બોલાવે છે. જે (મેહર યજદ)ને અષોઇના ધારા પ્રમાણે ચાલનાર (પણ) હાડમાર થયેલો સન્ત, પોતાના કાયદા પ્રમાણે, શરણાગતથી હાથ ઉંચા કરીને, મદદને માટે જરૂર પ્રાર્થના કરે છે. (મેહર યશ્ત, ફ૦ ૮૪.)

યા વરેંત અજ્નિ બાધ ઉસ્તાનજસ્તો જબયેઇતિ અવંઘ્નહે ગવદથીમ પઇતિશમરેંન્નિ; કધ-નો અર્પ ગવદથીમ અપયાત પસ્કાત વર્જેન્નો મિથ્રો યો વૉઉરુ-ગઑયઑઇતિશ; કધ-નો ફ્રઑઉર્વઅસયાઇતિ, અપહે પઇતિ પન્તાંમ, દ્રુજો વએસ્સન્ દ અર્જેન્નાંમ.

જે આડે માર્ગે ગયલી (ભુલી પડેલી) (ગાય)[1] (તે) (પોતાનાં) તબેલાને યાદ કરતી (પોતાની જગ્યાએ પાછી જવાની અભિલાષા રાખતી) (અતિ દીનતાથી) (પોતાના) આગલા પગ ઉંચા કરીને કુમકાર્થે (મેહર યજદ)ને ખચીત બોલાવે છે, કે (તે) બહોળાં ક્ષેત્રવાળો, બહાદુર મેહર યજદ સીધે માર્ગે લાવ્યા પછી, કયારે અમને (અમારાં) દેહલામાં પહોંચાડશે? (તથા) દ્રુજના આડે માર્ગનાં સ્થળમાંથી (ફેરવીને), અષોઇના રસ્તા તરફ કયારે અમને પાછા લઇ જશે? (મેહર યશ્ત, ફ૦ ૮૬.)

ફ્રા-હે મજદાઑ હુવાપાઑ રતુશ્ચૅમ બરાત ગએથનાંમ; યોઇ-શ્વા વએનેન દામોહુ અહૂમ રતૂમચ ગએથનાંમ, યઑજદાતારૅમ આઑઘ્નહાંમ દામનાંમ વહિશ્તાંમ.

ખુબીવાળા અહુરમજદે (મેહર યજદ)ને દેશોની સરદારી અર્પણ કીધી. અમેષાસ્પંદોએ સૃષ્ટિમાંથી તને, (હે મેહર યજદ!) (આ) દુનિ-

૧. ગાય શબ્દનો ભેદી અર્થ પ્રાણી માત્ર થાય છે, તે આ ફકરાના છેવટનાં વાકય ઉપરથી સ્પષ્ટ થાય છે.

ચાંના ધણી અથવા સરદાર તરીકે તથા આ સૃષ્ટિને સર્વોતમ સ્વચ્છતા આપનાર તરીકે જોયો. (મેહર યશ્ત, ફ૦ ૯૨.)

યિમ્ હર્તાર્મચ અઇવ્યાક્તાર્મચ ફ્રદથત અહુરો મઝ્દાઓ વીસ્પયાઓ ફ્રવોઇશ્ ગએથયાઓ; યો હર્તચ અઇવ્યાક્તચ વીસ્પયાઓ ફ્રવોઇશ્ ગએથયાઓ. યો અનવંઘ્નઉહુબ્દેમ્નો જએનંઘ્રહ નિપાઇતિ મઝ્દાઓ દામાંન; યો અનવંઘ્નઉહુબ્દેમ્નો જએનંઘ્રહ નિશ્હઉર્વઇતિ મઝ્દાઓ દામાંન્.

જે (મેહર યજદ)ને (દાદાર) અહુરમજદે સઘળી ફરતી દુન્યાનો રક્ષક તથા ચોકસી કરનાર ઠેરવ્યો. જે સકળ ફરતી જગતનો બચાવનાર તથા ચોકસી કરનાર (છે). જે (મેહર યજદ) ઉંઘાયા વિના જાગૃતપણે અહુરમજદથી પેદાયશોનું પાલન કરે છે; જે ઉંઘાયા વિના જાગૃતપણે અહુરમજદના માર્ગનો બચાવ કરે છે. (મેહર યશ્ત, ફ૦ ૧૦૩.)

યતચિત ઉષસ્તઇરે હિંદ્વો આગેઉર્વયેઇતે, યતચિત દઓષતઇરે નિઘ્રે, યતચિત સનકે રંઘ્રહાઓ.........જેમો.

તેમચિત મિથ્રો હંગ્રેફ્ષેમ્નો પઇરિ અપય બાજાુવે.

જે (કોલ પ્રમાણે ચાલનારા માણસ) પૂર્વ દિશાએ હિંદુસ્તાન સુધી (હોય), (અથવા તો) જે પશ્ચિમ દિશાએ 'નીનીવે' સુધી (હોય), (અથવા તો), જે રંઘ્રહ (તાઇગ્રીસ નદી)ના દક્ષિણ ભાગ તરફ (હોય), (અથવા તો) જે આ પૃથ્વીના છેડા તરફ (હોય), (તોપણ તેને મેહર યજદ) મદદ દે છે.

મેહર યજદ (પોતાના કોલ પ્રમાણે ચાલનારને) પકડીને તેની આસપાસ (પ્રેમથી) વળગી રહે છે. (મેહર યશ્ત, ફ૦ ૧૦૪-૧૦૫.)

આઇ મિથ્ર વૉઉરૂ-ગઓયઓઇતે, ન્માન્ય રત્વો વીસ્પ જન્તુમ દખ્યુમ જરથુશ્ત્રોતેમ.

ઘરનો રક્ષક, મોહલ્લાનો રક્ષક, કસબાનો રક્ષા કરનાર, દેશનો બચાવ કરનાર, (તથા) વડા ધર્મ ગુરૂની જતન કરનાર સરદાર, હે બહોળાં ક્ષેત્રવાળા, મેહર યજદ! (મેહર યશ્ત, ફ૦ ૧૧૫.)

મિથ્રો વીસ્પે મઝ્દયસ્નનાંમ્ યાંમ્ અષઓનાંમ્ એરેધ્વાચ કેરેધ્વાચ.

મેહર યજદ સઘળા અષો માજદયસ્નોનો સહાયક તથા (તેમને માટે) કાર્ય કરનાર (છે). (મેહર યશ્ત, ફ૦ ૧૨૦.)

તૅમંઘહાંઇ જઘાઉરૂમ્ અઘઓઁઇરૂઍમ.

(મેહેર યજદ) અંધકારમાં ચોકાશી રાખનાર (તથા) કોઇથી ન ઠગાએ એવો છે. (મેહેર યશ્ત, ક૦ ૧૪૧.)

ઉર્વથાંમચિત જબયેમિ, અવિ ઇમત વરો ઉઝ્દાતૅમ, અવિ આતરૅમચ બરૅસ્માચ અવિ પૅરેનાંમ વીઘ્નરયેઇન્તીમ. અવિ રઓઁઘ્ન્યાંમ વરંઘહૅમ, આજૂઇતીમચ ઉર્વરનાંમ.

.....અવિ ઇમત વરો ઉઝ્દાતૅમ, અવિ આતરૅમચ બરૅસ્માચ, અવિ પૅરેનાંમ વીઘ્નરયેઇન્તીમ, અવિ રઓઁઘ્ન્યાંમ વરંઘહૅમ, આજૂઇતીમચ ઉર્વરનાંમ. હથ વાત વૅરેથ્રાજનો, હથ દામોઇશ ઉપમનો, હથ કવએમ ખરૅનો, હથ સઓકે મઝ્દધાઇતે.

આ તૈયાર કીધેલી ભેટ તરફ, આતશ તથા બરસમ પ્રત્યે, પુષ્કળ દુધની (ભેટ) આગળ, રોગન સાથની ભેટ નજદીક (તથા) ઝાડોના રસ તરફ, (રશ્ને યજદની) મીત્રતાને હું મદદે બોલાવું છું.

(ઉપલી ભેટો તરફ) વિજયી પવન સાથે, દામિ ઉપમન (નામના ફરેશ્તા) સાથે, કયાની ખુરેહ સાથે (તથા) અહુરમજદના સરજેલા સઓક (નામના ફરેશ્તા) ભેગો (આવીને) તારી મદદે પહોંચશે.

(રશ્ને યશ્ત, ક૦ ૫-૬.)

યથ મે જસૅન્ અવંઘહે, યથ મે બરૅન્ ઉપસ્તાંમ, ઉગ્રાઓ અષઓનાંમ ફ્રવષયો.

(દાદાર અહુરમજદે જરથુશ્ત્રને કહ્યું) જેવી રીતે અષોના જોરાવર ફરોહરો મારી મદદે આવ્યાં, (તથા) જેવી રીતે (તેમણે) મને ટેકો આપ્યો. (ફ્રવર્દીન યશ્ત, ક૦ ૧.)

આઓઁઘહાંમ રય ખરૅનંઘહચ, વીધારએમ જરથુશ્ત્ર અર્ઝૅમ બરૅથ્રિષ્વ પુથ્રે પઇતિ-વૅરૅતે અપરઇરિથિન્તો આદાતાત વીવાતઓત.

(દાદાર અહુરમજદ કહે છે) તે (ફરોહરો)ના તેજ તથા પ્રતાપથી હું બચ્ચાંઓને માયો(નાં પેટ)માં વીધોતુ (નામના) દૈત્યના હુમલાથી બચેલાં (તથા) મરણ ન પામતાં ટકાવી રાખું છું. (ફ્રવર્દીન યશ્ત ક૦ ૧૧.)

યેઇધિ જી મે નોઇત દઇધીત ઉપસ્તાંમ ઉગ્રાઓ અષાઉનાંમ ફ્રવષયો, નોઇત મે ઇધ્ર અઓઁઘ્નાતૅમ પસ્વીર, યા સ્તો સરૅધનાંમ વહિશ્ત.

કારણકે જો અષો (લોકો)નાં બળવાન ફ્રેરોહરો મને કુમક ન હોત તો, મારાં પશુ તથા માણસો જે ઉત્તમ પ્રકારના છે, (તેઓ) અત્રે (આ દુન્યામાં) પ્રાણ ધારણ ન કરત. (ફ્રવર્દીન યશ્ત, ક૦ ૧૨.)

અષાઉનાંમ્ વંઘૂહીશ્ સૂરાઓ સ્પેન્તાઓ ફ્રવષયો યજમઈદે. યાઓ...અનુ-વર્શતવસ્તેમાઓ ફ્રસ્ચિન્બનનાંમ્.

અષોનાં ભલાં, શૂરાં (તથા) દુન્યાનું કલ્યાણ કરનાર ફ્રેરોહરોને અમે ભજ્યે છીએ; જેઓ......ટેકો આપનારાંઓમાં સર્વથી વધુ દ્રઢ (છે). (ફ્રવર્દીન યશ્ત, ક૦ ૨૬.)

તાઓ મજ્દાઓ જબયત અવંઘ્રહે, અવંઘ્રહેચ આંનો વીદ્ધિવાર અપસ્ચ જેમસ્ચ ઉર્વરાઓસ્ચ.

અહુરમજ્દે તેમને (ફ્રેરોહરોને) તે આકાશની, પાણીની, જમીનની તથા વનસ્પતિની મદદને કાજે બોલાવ્યાં. (ફ્રવર્દીન યશ્ત, ક૦ ૨૮.)

અર્દ્રાઓ તખ્માઓ અઓજંઘૂઉહુતીશ અના-માથ્વાઓ ખ્રાઘ્ર-વઇતીશ આપરાઓ બએષજયાઓ.

(જે ફ્રેરોહરો) બક્ષેશ કરનારાં, મજબુત, બળવંત, વિચારી ન શકાએ એવાં, સુખાકારી દેનારાં, સંભાળ લેનારાં (તથા) આરોગ્યતા (તંનદરૂસ્તી) આપનારાં છે. (ફ્રવર્દીન યશ્ત, ક૦ ૩૨.)

યાઓ અવ-જબયતો અવંઘ્રહે વ્યાંસ્ચ વ્યાંનસ્ચ. અપતેએ જબ-યેઇતિ વ્યાંસ્, અપ-ગતેએ વ્યાંનો.

જેઓને પુઠે લાગનારો તથા ન્હાસી જનારો (બન્ને) સહાયને સારૂં બોલાવે છે. પુઠે લાગનારો (તે નહાસી જનારને) પકડવાને કાજે, (અને) નહાસી જનારો (તેની પુઠે લાગનારથી) બચી જવાને (ફ્રેરોહરોને મદદને માટે બોલાવે છે). (ફ્રવર્દીન યશ્ત, ક૦ ૩૫.)

શ્વાંયેમ્ પસ્કાત ફ્રવજેન્તે, અવંઘ્રહે નરાંમ્ અષઓનાંમ્, આંજંઘ્રહે દુજ્વર્શતાવરેજાંમ્.

ત્યાર પછી અષો માણસોની કુમકને માટે, (તથા) દુષ્ટ કાર્ય કરનારાઓના સંકટને[1] માટે (તેઓ) વેગથી જાય છે. (ફ્રવર્દીન યશ્ત, ક૦ ૩૯.)

૧. શીક્ષાને.

વી અન્તરે જાંમ અસ્મનૅમચ સતવએસો વીજસાઇતિ, તચત–આપો જવનો–સ્રુતો તચત્-આપો ઉક્ષ્યત–ઉર્વરો સ્રીરો બાન્વાઑ સ્ઑક્ષ્નૅમાઑ, થ્રાથ્રાઇ પસ્વાઑ વીરાઑ થ્રાથ્રાઇ અઇર્યનાંમ્ દખ્યુનાંમ્, થ્રાથ્રાઇ ગેઉશ પંચો–હીયાઑ, અવંઘ્રહે નરાંમ્ અષઑનાંમ્.

પશુ તથા માણસના પોષણને સારૂં, આર્યન દેશોના પોષણને કાજે, પાંચ જાતનાં જાનવરોનાં પોષણને સારૂં, (તથા) અષો માણસોને ટકાને માટે, પાણીને વહેતું કરનાર, મદદને માટે વિનંતીને સાંભળનાર, પાણીને સર્વત્ર પહોંચતું કરનાર, (તથા) ઝાડપાનોને વધારનાર, સોહામણો, પ્રકાશિત (તથા) ઝળકતો સતવએસ (નામનો તારો) જમીન તથા આકાશની મધ્યમાં આવી પહોંચે છે.

(ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૪૪.)

આઅત યત આપો ઉજબર્ંતે સ્પિતમ જરથુશ્ત્ર, જ્રયંઘ્રહત હચ વૉઉરૂ-કષાત ખરૅનસ્ચ યત મજદધાતૅમ. આઅત ફ્રષ્સૅન્તિ ઉધ્રાઑ અષાઉનાંમ્ ફ્રવષયો, પઑઇરીશ પૉઉરૂ–સતાઑ, પઑઇરીશ પૉઉરૂ–હજંઘ્રાઑ, પઑઇરીશ પૉઉરૂ–અએવનો.

જ્યારે (ફ્રેોહરો) વોઉરૂકશ સમૂદ્રમાંથી પાણીઓને (તથા) અહુરમજદના પેદા કીધેલાં (આર્યન) ખોરેહને ઉપર લાવે છે ત્યારે,[1] હે સ્પીતમાન જરથુશ્ત્ર! અષો (માનવો)નાં બલીન ફ્રેોહરો, (જે) પુષ્કળ (તથા) ઘણાં સેંકડો, પુષ્કળ (તથા) ઘણાં હજારો, પુષ્કળ (તથા) ઘણાં દશ હજારો, (તેઓ) આગળ જાય છે. (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૬૫.)

આઅત યત બવઇતિ અવિ–સ્પશ્તો સાસ્ત દંઘ્રહેઉશ હમો–ક્ષથ્રો, અઉર્વથએઇબ્યો પરો ત્બિશ્યંબ્યો, તાઑ હસચિત ઉપ-જ્બયેઇતે ઉધ્રાઑ અષાઉનાંમ્ ફ્રવષયો.

તાઑ હે જસાઑન્તિ અવંઘ્રહે, યેજિ–ષે બવઇન્તિ અનાજર્ંતાઑ ક્ષ્નૂતાઑ અઇનિતાઑ, અત્બિશતાઑ ઉધ્રાઑ અષાઉનાંમ્ ફ્રવષયો. તાઑ દિમ્ અવ નિઝ્રાવયેન્તે, માંનયૅન્ અહે યથ ના મૅરૅઘો હુપરૅનો.

જ્યારે કોઇ દેશનો સ્વતંત્ર છત્રપતિ, દ્વેષ રાખનારા અરિઓથી અણધાર્યો ઘેરાઇ ગયેલો હોય છે, (ત્યારે) તે અષોનાં આ વિજયી ફ્રેોહરોને મદદે બોલાવે છે.

---

૧. સરખાવો સુરો અને અસુરોનું ભેગું મહાસાગરનું મથન અને તેમાંથી અમૃતનું ઉત્પન્ન થવું, જે પુરાણોમાં જાણીતું છે.

અષોનાં બળવાન ફરોહરો તેનાથી નારાજ ન થયેલાં (પણ) આનંદ પામેલાં હોય છે. તો, તેઓ તે (દેશપતિની) સહાયે જાય છે. (વળી) સારી પાંખવાળાં પક્ષિ (રૂપી) માણસની માફક (સહાયતા માટે), તેઓ તેની તરફ ઉડીને જાય છે. (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૬૯-૭૦.)

ઉપ-તૂ-નો ઇધ યાઓ અષઓનાંમ્ મોષુ ઇસિન્તુ ફ્રવષયો, તાઓ નો જસૅન્તુ અવંઘ્રહે. તાઓ નો આંજહુચિત્ હતો થ્રાયેઇન્તે અઇવિ-દૅરૅશતાઇચ અવેબિશ; અઓઁશ્ન અહુર મઝ્દ; સઓષચ અષ્ય સૂર માંથ્રચ સ્પૅન્ત વીધ્રુદુષ.

અષોના જે ફરોહરો (તેઓ) અત્રે (આ જગતમાં) ઝટ હમારી ઉપર જરૂર પ્રીત રાખે! (તથા) તેઓ અમારી મદદે આવે! (વળી) તે (ફરોહરો) અમે જીવતાંઓને સંકટની વેળા (પોતાની) મજબુત મદદથી બચાવે! (વળી) (તે ફરોહરો) અહુરમજદની મારફતે, શૂરા અષો સરોષ યજદની મારફતે, વિદ્વાન માંથ્ર સ્પેન્તની મારફતે (અમને) સહાયક (બને)! (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૧૪૫-૧૪૬.)

યોઇ હૅન્તિ આઓઁઘ્રહાંમ દામનાંમ્, યત્ અહુરહે મઝ્દાઓ દાત-રસ્ચ મરૅક્તરસ્ચ થ્વરૅક્તરસ્ચ અઇવ્યાક્તરસ્ચ નિપાતરસ્ચ નિશહ-રૅતરસ્ચ.

જે (અમેષાસ્પંદો), (દાદાર) અહુરમજદની આ (સઘળી) વિશ્વના સ્રષ્ટા (તે સર્જનને) પવીત્ર કરનારા, (તેમના) ઘાટ ઘડનારા, (તેની) જતન કરનારા, (તેની) સંભાળ રાખનારા તથા (તેનું) રક્ષણ કરનાર (છે.) (જમ્યાદ યશ્ત, ફ૦ ૧૮.)

તત્ અસ્તિ કવએમ્ ખ્વરૅનો થ્રાથ્રૅમ્ અઇર્યનાંમ્ દખ્યુનાંમ્ ગેઉ-શચ પંચો-હ્યાઇ, અવંઘ્રહે નરાંમ્ અષઓનાંમ્, દએનયાઓસ્ચ માઝ્દયસ્નોઇશ.

તે કયાની ખુરેહ ઇરાની (આર્યન) મુલકો (નાં લોકો)નો (તથા) પાંચ જાતના જાનવરોનો બચાવ છે; (વળી) (તે ખુરેહ) અષો માણ-સોની (તથા) માજદયસ્ની દીનની કુમકને માટે છે. (જમ્યાદ યશ્ત, ફ૦ ૬૯.)

અહુમ્ય જઓથ્રે બરૅસ્મનચ વોસ્પે અષહે રતવો આયેસે યેશ્તિ. યોઇ હૅન્તિ અષહે રતવો થ્રયસ્ચ થ્રિસાંસચ નઝ્દિશ્ત પઇરિશ-હાનનયો યોઇ હૅન્તિ અષહે યત્ વહિશ્તહે મઝ્દો-ફ્રસાસ્ત જરથુશત્રો ફ્રઓખ્ત.

આ જોર (તથા) બરસમથી, અષોઇના સર્વ સરદારો (અથવા હીંગામ) જેઓ હાવનગેહની આસપાસ સર્વથી નજદીકના અષોઇના ૩૩ રતુ છે, (તેમને) યજશ્નેમાં હું યાદ કરૂં છું; જે (રતુ) સર્વથી શ્રેષ્ટ અષોઇના છે, (તથા) (જેને વિષે) અહુરમજદે (અષો) જરથોશ્તને શીક્ષણ દીધું અને (મહર્ષિ) જરથુશ્ત્રે (પ્રજાઓમાં) જાહેર કીધું.

(હા ૨, ફ૦ ૧૦.)

યેંઘ્હે નૅમંઘ્હો ચિથ્રૅમ્ હુમતૅમ્ચા હૂખ્તૅમ્ચા હ્વર્શ્તૅમ્ચા તત્ ને નેમે નિપાત્ પઇરી દએવાઅત્ચા તમ્અષંઘ્હત્ મષ્યાઅત્ચા.

જે બંદગીનું મૂળ પવિત્ર વિચાર, પવિત્ર વાણી, તથા પવિત્ર વર્તન છે, તે ભક્તિ દૈત્યો તથા માણસોના નુકસાનથી અમને બચાવે.[1]

(હા ૫૮, ફ૦ ૧.)

ગએથાઑસ્ચા તન્વસ્ચા નિપાતયએચા નિશંઘ્હર્ૅતયએચા હરૅથ્રાઇચા અઇવ્યાખ્શત્રાઇચા નૅમંઘ્હો આ યથા નૅમૅ ક્ષમાવતો.

(અમારાં રવાનનાં) રક્ષણ કાજે, પાલનને માટે, બચાવને સારૂં તથા સંભાળને અર્થે, અમારૂં ધન દોલત તથા શરીર અર્પણ કર્યે છીએ, જેથી તમારે લાયકના માનથી હું તમને નમું. (હા ૫૮, ફ૦ ૩.)

વીસ્પએચ અએતે અષિશ્ હાૅગૅત્ આરમઇતિશ હાૅગૅત્. યજમદએચ નિપાતયએચ નિશંઘ્હર્ૅતયએચ હરૅથ્રાઇચા, અઇવ્યાક્ષ્ત્રાઇચા હવંઘ્હૅમ્ મે બુયત. ગાથાબ્યો સ્પૅન્તાબ્યો રતુક્ષથ્રાબ્યો અષ-ઑનિબ્યો નિજ઼્બયેમિ યજ઼્મદએચ નિપાતયએચ નિશંઘ્હર્ૅતયએચ હર્ૅથ્રાઇચા અઇવ્યાક્ષ્ત્રાઇચા હવંઘ્હૅમ્ મે બુયત માવોય હવાઇ ઉરૂને જ઼્બયેમિ યજમદએચ નિપાતયએચ નિશંઘ્હર્ૅતયએચ હર્ૅથ્રાઈચા અઇવ્યાક્ષ્ત્રાઇચા.

અષોઇનું અનુકરણ કરનારી (તથા) સુમતિની પુઠે ચાલનારી તે સકળ (સંસર્ગ)ને,[2] (અમારા) બચાવને માટે, સંભાળને માટે, રક્ષણને માટે તથા જતનને સારૂં અમે વખાણ્યે છીએ. (તે) મને જોર તરીકે થાય! પવિત્ર ગાથા (જે) સત્યતાના સરદાર (તથા) અષો (છે, તેમને) (મારા) બચાવને માટે, પાલનને માટે, રક્ષણને માટે તથા સંભાળને માટે હું યાદ કરૂં છું તથા તેમનું સ્તવન કરૂં છું. (તે) મને બળ

૧. માથ્રવાણીનું આતું બળ છે. ૨. પેદાયશને.

તરીકે થાય! મારે માટે, (મારા) પોતાના રવાનને સારૂં તથા બચાવને માટે, જતનને કાજે, રક્ષણને માટે તથા સંભાળાર્થે (ગાથાને) હું આદ કરૂં છું તથા વંદું છું. (હા ૭૧, ફ૦ ૧૧.)

અતચા તોઇ વએમ્ ખ્યામા યોઇ ઇમ્ ફ્રૅરૅમ્ કૅરૅનાઉન્ અહૂમ્,
મઝ્દાઓંસ્ચા અહુરાઓંઘ્હો આમૉયસ્ત્રા બરના અષાચા.

જેમણે આ દુન્યાંને રિદ્ધિસિદ્ધિવાળી કીધી, તેમના જેવા અમે અવશ્ય થઇયે; (અને અમારી એ ઇચ્છામાં) અહુરમજદનાં (હાથ હેઠળના) સરદારો અષોઇ વડે, સાથે મળનાર છે. (ગાથા અહુનવદ, હા ૩૦, ફ૦ ૯.)

અદા-જી અ્‌વા દ્રૂજો અવો બવઇતી સ્કૅન્દો સ્પયથ્રહ્યા,
અત્ અસિશ્તા યઓંજન્તે આ-હુષિતોઇશ વંઘ્હેઉશ મનંઘ્હો
મઝ્દાઓ અષખ્યાચા, યોઇ ઝઝૅન્તી વંઘ્હાઉ સ્રવહી.

જેઓ ભલી કીર્તીમાં જન્મેલા છે, (તેઓ) જ્યારે અહુરમજદના, બહેમનના તથા અષનાં સારાં ધામમાં ભેગા થાય છે ત્યારે, તાબડતોબ નાશ કરનાર દ્રુજનો[1] ટેકો ખરેખર છિન્નભિન્ન થાય છે.

(ગાથા અહુનવદ, હા ૩૦, ફ૦ ૧૦.)

યસ્તા દએવૅંગ્ અપરો મશ્યાંસ્ચા
તરે-માંસ્તા યોઇ ઇમ્ તરે-મન્યન્તા,
અન્યૅંગ્ અહ્માત યે હોઇ અરૅમ્ મન્યાતા
સઓશ્યન્તો દેંગ્ પતોઇશ સ્પૅન્તા દએના,
ઉર્વથો બ્રાતા પતા વા મઝ્દા અહુરા.

દૈત્યો (તથા) નીચ માણસો જેઓ પ્રાણીઓ અને માનવીઓને ધિક્કારે છે, તેમને જે કોઇ ધીકકારે (તથા) જે કોઇ તેને (તથા) ડહાપણવાળા સોશ્યન્તોને, (તે) સાહેબની પવિત્ર દીનની મારફતે માનની ચક્ષુએ જુવે, તે (નર) નો મીત્ર, મદદગાર અથવા પિતા અહુરમજદ (છે). તેવા (માણસ) થી (દૈત્યો તથા નીચ માણસો) તદન વેગળાજ (પ્રીરણના) (હોય છે.) (ગાથા ઉશતવદ, હા ૪૫, ફ૦ ૧૧.)

કદા મઝ્દા યોઇ ઉક્ષાનો અસ્નાંમ્
અંઘ્હેઉશ દરૅથ્રાઇ ફ્રા અષહ્યા ફ્રારૅન્તે,
વૅરૅઝ્દાઇશ સૅંગ્હાઇશ સઓશ્યન્તાંમ્ ખ્રતવો.

1. જુડાઈના દૈત્ય.

અષોઇની જગતના કલ્યાણાર્થે, અએ અહુરમજદ! સોશ્યન્તોની ઉત્તમ બુધ્ધિ, કે જે (કયામતના[1]) દિનની પ્રકાશ આપનારી (તે), ખુબીવંતી આકાશવાણી સાથે[2] કયારે આવશે! (ગાથા ઉશ્તવદ, હા ૪૬, ફ૦ ૩.)

અત તોઇ અંઘ્રહેંન્ સઓશ્યન્તો દખ્યુનાંમ,
યોઇ ક્ષ્નૂમ્ વૉહૂ મનંઘ્રહા હચાઓન્તે
શ્યઓથનાઇશ અષા થ્વહ્યા મજ્દા સેંગ્હહ્યા,
તોઇ-જી દાતા હમએસ્તારો અએષેમ મહ્યા.

તે દેશોના સઓશ્યન્તો છે, જેઓ (પોતાના) શુદ્ધ ચિત્તથી, તથા, હે અહુરમજદ! તારા હુકમ (પ્રમાણે) નાં કાર્યોથી, ધર્મના જ્ઞાનને ખરેજ વળગી રેહેશે; કારણ કે તેઓ (સઓશ્યન્તો), દ્વેષભાવનાવાળાના મજબુત વિરોધી (સમાન) નિર્માણ થયેલા (છે.) (ગાથા સ્પેન્તોમદ, હા ૪૮, ફ૦ ૧૨.)

---

૧. પુનરૂજીવન, resurrection. ૨. Revelation.

ગુરૂ.

ચિથા મોઇ દાંમ અહૂબિશ્ રતૂમ્ ચીજ્દી.

બન્ને હસ્તિઓ માટે (હે અહુરમજદ!) (તું) મને જાહેર રીતે એ જ્ઞાની સરદાર બતાવ. (કેમના મજ્દા.)

હુક્ષથ અર્જૅમ ચિત્ યો જરથુશ્ત્રો ફ્રતૅમાં ન્માનનાંમચ, વીસાંમચ જન્તુનાંમચ દખ્યુનાંમચ, અંઘ્રહાઓ દએનયાઓ અનુમતયએચ, અનુખ્તયએચ, અનવર્શ્તયએચ, યા આહૂઇરિશ જરથુશ્ત્રીશ્.

આ દીન કે જે અહુરમજદી જરથુશ્તિ (છે), (તેના) મત પ્રમાણે તથા (તેના) વચન પ્રમાણે તથા (તેના) કાર્યો પ્રમાણે ઘરોના, મોહલ્લાઓના, કસ્બાઓના, તથા દેશોના સરદારોને હું જે જરથુશ્ત્ર (તે) માર્ગદર્શક બનીશ. (હોરાબામ.)

દાયાઓ મે, આતર્શ પુથ્ર અહુરહે મજ્દાઓ, યા મે અંઘ્રહત્ અફ્રસાઅંઘ્રહાઓ નૂરૅમચ યવએચતાઇતે, વહિશ્તૅમ અહૂમ અષઓનાંમ્ રઓચંઘ્રહૅમ વીસ્પો-ખ્વાથ્રૅમ.

અહુરમજદના પુત્ર હે આતશ! (તે) ગુરૂ મને તું દે, કે જે મારે માટે હમણાં તથા સદાકાળ પર્યંત, અષો (લોકો)ની ચળકાટવાળી (તથા) સકળ આરામવાળી સર્વથી શ્રેષ્ઠ હસ્તિ (એટલે ગરોનેમાન અથવા અસરે રોશની) વિષે, શીખાડનાર બને! (આતશ નિયાયશ, ફ૦ ૬.)

જઓતારૅમ્ અષવનૅમ્ અષહે રતૂમ યજમઇદે, હાવનાનૅમ્ અષવનૅમ્ અષહે રતૂમ્ યજમઇદે; આતરૅવક્ષૅમ અષવનૅમ અષહે રતૂમ યજમઇદે; ફ્રબરૅતારૅમ્ અષવનૅમ્ અષહે રતૂમ યજમઇદે; આબૅરૅતૅમ્ અષવનૅમ્ અષહે રતૂમ્ યજમઇદે; આસ્નતારૅમ્ અષવનૅમ્ અષહે રતૂમ્ યજમઇદે; રથ્વિશ્કરૅમ અષવનૅમ અષહે રતૂમ્ યજમઇદે; સ્રઓષાવરૅજૅમ અષવનૅમ અષહે રતૂમ્ યજમઇદે.

અષોઇના સરદાર અષો જોતીને અમે યાદ કર્યે છીએ; અષોઇના સરદાર અષો હાવનાનને અમે વખાણીએ છીએ; અષોઇના સરદાર અષો આતરવક્ષીને અમે વંદયે છીએ; અષોઇના સરદાર અષો ફ્રબરે-

તરની અમે સ્તુતી કર્યે છીએ; અષોઇના સરદાર અષો આબેરેતરને અમો નમસ્કાર કર્યે છીએ; અષોઇના સરદાર અષો આસ્નાતરનું અમે વંદન કર્યે છીએ; અષોઇના સરદાર અષો રથ્વિશકરને અમે વખાણ્યે છીએ; અષોઇના સરદાર અષો સ્રઓશાવરેજનો[1] અમે નમન કર્યે છીએ.

(ઉજીરન ગેહ, ફ૦ ૫.)

અઇવિસ્રૂથ્રેમાઇ અઇબિગયાઇ અષઓને અષહે રથ્વે......ફ્રાદત્-વીસ્પાંમ્-હુજ્યાઇતેએ જરથુશ્ત્રોતેમાઇચ અષઓને અષહે રથ્વે...... ક્ષ્નઓથ......યથા અહૂ વઇર્યો જઓતા ફ્રા મે મ્રૂતે.

જીવનનું રક્ષણ કરનાર અષો (અને) ખાલેસીના વખત અઇવિસ્રૂથ્રેમ જે વખતે સર્વ જીવજંતુઓને આરામ આપવાનું તથા વડા ધર્મગુરૂના અધિકારને લગતું (કાર્ય ચાલે છે, તે) અવસરમાં, (અહુરમજદને) ખુશી કરવાને માટે, જોતી મારી આગળ યથા અહૂ વઇર્યોના મન્ત્રોની ખુબીઓ સમજાવે. (અઈવિસ્રૂથ્રેમ ગેહ, ફ૦ ૧-૨.)

જરથુશ્ત્રોતેમેમચ અષવનેમ અષહે રતૂમ્ યજમઇદે.

અષોઇના સરદાર અષો દસ્તુરાન દસ્તુરની અમે માનપૂર્વક યાદ કર્યે છીએ. (અઇવિસ્રૂથ્રેમ ગેહ, ફ૦ ૬.)

નરેમચ અષવનેમ્ યજમઇદે; ફ્રાયો હુમતેમ્, ફ્રાયો હૂખ્તેમ્ ફ્રાયો હ્વર્શ્તેમ્ વિસ્તો-ફ્રઓરેઇતીમ્ એવિસ્તો-કયધેમ્, યેંઘ્રહે શ્યઓથનાઇશ ગએથાઓ અષ ફ્રાદેન્તે, જરથુશ્ત્રોતેમહે રથ્વો યસ્નાઇચ વહ્માઇચ જરથુશ્ત્રોતેમેમચ અષવનેમ્ અષહે રતૂમ્ યજમઇદે.

અષો નર (જે) વધુ પવીત્ર મનનો (મનશ્નીવાળો), વધારે પવીત્ર વાણીવાળો (ગવશ્નીવાળો), વધુ પવીત્ર કર્મ કરનારો (કુનશ્નીવાળો), ધર્મ સમજનારો (અથવા દીન ઉપર શ્રદ્ધા રાખનાર) (તથા) પાપ ન જાણનારો (તેને) અમે વખાણીએ છીએ; જેનાં કાર્યોથી સર્વથી વડા ધર્મગુરૂની આરાધના કરવાને માટે (તથા) (તેની) ખુબીઓ ગાવાને માટે, જગત અષોઇથી આબાદ થાય છે. અષોઇના સરદાર અશોદસ્તુરાંન દસ્તુરને અમે વખાણીએ છીએ. (અઇવિસ્રૂથ્રેમ ગેહ, ફ૦ ૯.)

---

૧. ધર્મગુરૂઓ જરથોશ્તિ દએનમાં, પ્રાચીન કાળમાં આ ૭ પ્રકારમાં વહેંચાયલા હતા.

નિપાયોઇશ્ અષીમ્ ઉર્વથૅમ્ યવએતાઇતે જરથુશ્ત્ર, અઉર્વથાત્ પરો દુશ્મઇન્યઑત્. મા તૅમ્ ઉર્વથૅમ્ ફ્રાયવયોઇશ્ સ્નથાઇ, મા દુઝ્-ઍરૅતેએ જ્યાનાંમ્ અપયતેએ; મા યસોઇશ્ અઑામ્ નરૅમ્ દાઇતીમ્, યો ના મજિશ્તૅમ્ યસ્નૅમ્ યજાઇતે કસિશ્તૅમ્ યસ્નાત્ ફ્રાયતાત્ અહ્મ યાં અમૅષે સ્પૅન્તે.

(અહુરમજદ પેગમબર અષો જરથુશ્ત્રને કહે છે):—હે જરથુશ્ત્ર! (તારી સાથે) મીત્રતા ધરાવનાર માણસને દુષ્ટ વિચારવાળા શત્રુથી તારે નિત્ય રક્ષણ દેવું જોઇએ; તે મીત્રને (અહીંના) ફટકામાં ઝાઝો કાળ રહેવા દઇશ મા; નુકસાન પહોંચવાને માટે (તું તેને આધિન કરીશ) મા. અમે જે અમેષાસ્પંદો (તેઓને) જે માણસ નિર્મિત ઇજશ્નેમાથી સર્વથી નાહની (અથવા) સર્વથી મોટી ઇજશ્ને ઇજે (એટલે ઇજશ્ને કરે), તે ધાર્મિક માણસને (હે જરથુશ્ત્ર) તું દુ:ખમાં લાવીશ મા.[1]

(હોરમજદ યશ્ત, ફ૦ ૨૪.)

ઇમા આત્ ઉખ્ધા વચાઑ, અહુરા મજ્દા, અષૅમ્ મનયા વહેહ્યા ફ્રવઑચામા, થ્વાંમ્ અત્ અએષાંમ્ પઇત્યાસ્તારૅમચા ફ્રદક્તારૅમચા દદેમઇદે.

હે અહુરમજદ! અષોઇને લક્ષમાં (રાખીને), અધિક સારી રીતે આ મખ્યાત મન્ત્રો અમે જાહેર કર્યે છીએ, તે (મન્ત્રો)નો સાંભળનાર તથા શીખાડનાર તરીકે તને અમો મુકરર કર્યે છીએ.

(મ્હોટી હફ્તન યશ્ત, ક૦ ૧ ફ૦ ૯.)

દાઇદી અત્ નેરાંશ્ મજ્દા અહુરા, અષાઉનો અષ-ચિનંઘ્હો, અઇઘ્યૂશ્ વાસ્ત્રયૅંગ્ દરૅગાઇ ઇજાઇ ઐજ્વઇતે હુખ્મઇને, અહ્માઇબ્યાચા અહ્મા રફ્નંઘ્હો.

લાંબો વખત સુધી નીભે એવી સંપત્તિને કાજે (તથા) મજબુત મિત્રાચારીને સારૂં, અએ અહુરમજદ! અષોઇની ઇચ્છા રાખનારા, ચાલાક તથા મહેનતુ અષો માણસો અમને તથા અમને ખુશી કરનારાઓને તુ આપ.[2]

(મ્હોટી હફ્તન યશ્ત, ક૦ ૬, ફ૦ ૩.)

---

૧. પાક અહુરમઝદ સાહેબે મહાગુરૂ જરથુશ્ત્ર સાહેબને ભકતજનની નિત્ય જતન ફરમાવી છે. તે ગેતીના યઝદ સાહેબ, ગેતીની હસ્તી હશે ત્યાં સુધી હયાત હોઇને, તે હુકમ માથે ચઢાવશે, એમાં શું સંદેહ છે? ૨. આનો અર્થ ગુરૂને બદલે કદાપી કુટુંબ, મીત્ર અને હાથ નીચેના હુશ્યાર સંબંધીઓનો પણ હોય.

ત્રિશ્ત્રીમ્ સ્તારૅમ્ રએવન્તૅમ્ ખરૅનંઘ્રઉહન્તૅમ્ યજમઇદે; યિમ રતૂમ્ પઇતિ-દએમચ વીસ્પએષાંમ્ સ્તારાંમ્, ફ્રદથત્ અહુરો મજ્દાઓ, યથ નરાંમ્ જરથુશ્ત્રૅમ્.

ચળકાટવાળા (તથા) ખોરેહવાળા તેશ્તર તારાને અમે યાદ કર્યે છીએ. જેમ અહુરમજદે (પેગમબર) જરથુશ્ત્રને માણસોનો (સરદાર તથા તેમની) (ઉપર રક્ષા કરનાર) ઠેરવ્યો, તેમ તેશ્તરને સર્વ તારાઓનો સરદાર તથા રક્ષક તરીકે મુકરર કીધો. (તીર યશ્ત, ફ૦ ૪૪.)

યો દએનો-દિસો દએનયાઓ, અહ્માઇ દએનાંમ્ દએસયાત્ અહુરો મજ્દાઓ અષવ.

જે (સરોશ યજદ) દીનનો દીન શીખાડનાર (છે), (તથા) તેને અષો અહુરમજદે દીન શીખાડી. (સરોશ યશ્ત હાદોખ્ત, કરદો ૩, ફ૦ ૧૪.)

યો પઓઇર્યો ગાથાઓ ફ્રસ્રાવયત્, યાઓ પન્ચ સ્પિતામહે અષઓનો જરથુશ્ત્રહે, અફ્સમનિવાંન્, વચસ્તશ્તિવત્, મત્-આજ઼ઇન્તીશ, મત્-પઇતિ-ફ્રસાઓ અમૅષનાંમ્ સ્પૅન્તનાંમ્ યસ્નાઇચ વહ્માઇચ ક્ષ્નઓથ્રાઇચ ફ્રસસ્તયએચ.

જેણે (સરોશ યજદે) અમેષાસ્પંદોની આરાધનાને માટે, (તથા) તેમની ખુબીઓ ગાવાને માટે (તથા) (તેઓને) ખુશી કરવાને સારૂં, તથા (તેઓની) વખાણ કરવાને કાજે, પ્રથમ અષો સ્પીતમાન જરથુશ્ત્ર (સાહેબ)ના જે પાંચ ગાથા (તેઓને) કડીઓ, ફકરાઓ, તથા (તેઓની) ટીકા સાથે તથા પ્રશ્નોત્તર[1] સાથે ગાયા.

(સરોશ વડી કરદો ૩, ફ૦ ૭.)

યો દએનો-દિસો દએનયાઓ વસો-ક્ષથ્રો ફ્રચરાઇતિ, અવિ યાંમ્ અસ્તવઇતીમ્ ગએથાંમ્.

જે (સરોશ યજદ) દીનનો દીન શીખાડનાર (એટલે દસ્તુર) તરીકે પોતાની મરજી પ્રમાણે હકુમત ચલાવતો જડ જગત ઉપર (સ્વતંત્રપણે) ફરતો ફરે છે. (સરોશ વડી કરદો ૧૦ ફ૦ ૨૪.)

અર્જૅમ્ અહ્મિ જરથુશ્ત્ર હઓમો અષવ દૂરઓષો; આમાંમ્ યાસંઘ્રઉહ સ્પિતમ, ફ્રા માંમ્ હુન્વંઘ્રઉહ ખરૅતેએ; અવિ માંમ્ સ્તઓઇને સ્તૂઇધિ, યથ મા અપરચિત્ સઓશ્યન્તો સ્તવાંન્.

---

1. સવાલ, જવાબ.

હે જરથુશ્ત્ર! હું અષો (તથા) દર્દને પાછળ નાખનાર હોમ છું. મને શોધ (મારી ઇચ્છા કરતો રેહ) તથા, અએ સ્પીતમાન (જરથુશ્ત્ર)! પીવાને માટે મને નીચવ,[1] (તથા) જેમ બીજા (દુનિયાંને) લાભ કરનારાઓએ મને વખાણ્યો હોય, (તેમ) કીર્તીના ગાયનોથી મને તું વખાણ. (મોટી હોમ યશ્ત કરદે ૧, ફ૦ ૨.)

ફ્રા તે વીસાઇ ઉર્વથો સ્તઑત, ઉર્વથૅમ્ સ્તઑતાર્ૅમ્ વંઘ્રહંઘ્રહૅમ્ દધો અઑખ્ત અહુરો મજ્દાઑ, યથ અર્ષૅમ્ યત્ વહિશ્તૅમ્.

(અએ હોમ!) તારો સ્નેહી (અથવા અર્પણ થયેલો) સ્તુતિ ગાનાર હું થઈશ, (કારણકે) અહુરમજદે સ્નેહી સ્તુતિ કરનારને અષ વહિશ્તના કરતાં અધિક ભલી પેદાયશ ગણી છે. (મોટી હોમ યશ્ત કરદો ૨, ફ૦ ૯.)

નૅમો હુઑમાઇ યત્ કૅરૅનઓઇતિ દ્રિઘઑશ્ હુવત્-મસો મનો, યથ રએવસ્તેમહેચિત્; નૅમો હુઓમાઇ, યત્ કૅરૅનઓઇતિ દ્રિઘઑશ્ હુવત્-મસો મનો, યત્ ઉસ્નાંમ અએઇતિ વએધ્ય.

હોમને નમન (હોજો)! કે જે દરવીશ (સન્યાસી)નાં મનને તવંગર (માણસ)નાં જેટલું મોટું કરે છે. હોમને નમસ્કાર (હોજો)! કે જે દરવીશનાં મનને એટલું ઉચ બનાવે છે, કે (તે) વિદ્યાને લીધે ઉચ જાય છે (એટલે ઉચ વિચાર કરે છે). (મોટી હોમ યશ્ત કરદો ૨, ફ૦ ૧૩.)

હુઑમૅમ્ જાઈરીમ બૅરૅજન્તૅમ યજ્મઇદે; હુઑમૅમ ફ્રાષ્મીમ ફ્રાદત્-ગએથૅમ યજમઇદે; હુઑમૅમ્ દૂરઓષૅમ્ યજમઇદે; વીસ્પે હુઑમ યજમઇદે; જરથુશ્ત્રહે સ્પિતામહે ઇધ અષઑનો અષીમચ ફ્રવષીમચ યજમઇદે.

લીલા (તથા) ઉચ પદવીના હોમને અમે વખાણીએ છીએ. આબાદી કરનાર (તથા) જગતની વૃદ્ધિ કરનાર હોમને અમે વંદયે છીએ. બધા હોમોને (એટલે ભિન્ન ભિન્ન હોમોને) અમે વખાણીએ છીએ. સ્પીતમાન અષો જરથુશ્ત્રની અષોઇને (તથા) તેનાં ફ્રોહરને આ સ્થળે અમે માન સહિત યાદ કર્યે છીએ.

(મોટી હોમ યશ્ત. કરદો ૨, ફ૦ ૨૧)

---

૧. હોમ ગુરૂ આ અલંકારીક શબ્દોમાં, પ્રશ્ન કરી જે જે જાણવું હોય તે મથી, મથીને પુછવા અને ગ્રહણ કરી લેવાને ઉપદેશ કરે છે.

આઇ મિથ્ર વૉઉરૂ-ગઑયઑઇતે, ન્માન્ય રત્વો વીસ્ય જન્તુમ દખ્યુમ જરથુશ્ત્રોતેમ.

ઘરની રક્ષા કરનારા, મોહલ્લાની રક્ષા કરનારા, કસબાની રખેવાલી કરનારા, દેશનું રક્ષણ કરનારા (તથા) વડા ધર્મગુરૂની રક્ષા કરનારા હે બહોળાં ક્ષત્રવાળા મેહર યજદ! (મેહર યશ્ત, ક૦ ૧૧૫.)

મિથ્રૅમ્ યજએષ રિપતમ, ફ્રસ્રૂવિષ અએથ્રપ્યનાંમ્.

અએ સ્પીતમાન (જરથુશ્ત્ર!) મેહર યજદને તારે ઇજવો જોઇએ, (તથા ભજવાને માટે) (તારા) શીષ્યોને તારે જાહેર રીતે કેહવું જોઇએ. (મેહર યશ્ત, ક૦ ૧૧૯.)

આસ્નાઑ યજમઇદે મનાઑ યજમઇદે, દએનાઑ યજમઇદે, સઑષ્યન્તાંમ્ યજમઇદે, ઉરૂનો યજમઇદે.

સઓષ્યન્તોની જાતી અક્કલ (ભિત્તરની બુદ્ધિ)ને (તેમની) વિચાર શક્તિ (તેમના) દીનના હુકમોની (તથા તેમનાં) રવાંનોની સાથ અમે એકતાન થઇએ છીએ. (ફ્રવર્દીન યશ્ત, ક૦ ૭૪)

અહુ રતુશ્ચ ગએથનાંમ્.

(જે) પેગમબર જરથુશ્ત્ર (સર્વ) મુલકોનો અહુ તથા રતુ[1] (હતો). (ફ્રવર્દીન યશ્ત, ક૦ ૯૧.)

યિમ ઇસૅન્ અમૅષાઑ સ્પૅન્ત વીસ્પે હુવરૅહજઑષ, ફ્રઑરૅત્-ફ્રક્ષ્નિ અવિ મનો જરજ્દાતોઇત્ અંઘ્રહુયત્ હુચ, અહૂમ રતૂમચ ગએથનાંમ્, સ્તઑતારૅમ્ અષહે યત્ મજિશ્તહેચ વહિશ્તહેચ સ્રએશ્તહેચ, પઇત-ફ્રક્તારૅમચ દએનયાઑ યત્ હઇતિનાંમ્ વહિશ્તયાઑ.

જેને (પેગમબર જરથુશ્ત્રને) ખોરશેદ યજદની સાથે સમાન મરજી રાખનારા (એક દીલથી સહકાર કરનારા), સઘળા અમેષાસ્પંદોએ, અર્પણ કીધેલાં જીગરની સંપૂર્ણ શ્રદ્ધાથી, (સર્વ) મુલકોના અહુ તથા રતુ તરીકે સર્વથી ઉચ દરજ્જેની સર્વોત્તમ તથા શ્રેષ્ઠ અષોઇની સ્તુતિ કરનાર તરીકે, (તથા) હાલ (ની સર્વ દીનો)માંની (જે) સર્વોત્તમ દીન, (તે)નો ઉપદેષ દેનાર લેખે પસંદ કીધો. (ફ્રવર્દીન યશ્ત, ક૦ ૯૨.)

---

૧. દીન અને દુન્યાનો સરદાર.

યો ફ્રએશ્તૅમ્ ઉસધનાંમ્ ગાથ્રો-રયન્તાંમ્ અષૅમઑધનાંમ્ અનષ-ઑનાંમ્ અનહુનાંમ્ અરતુનાંમ્ સિમનાંમ્ અવસ્ચસ્તો-ફ્રવષિનાંમ્ અવ-જધ્નત્, પઇતિશ્તાતેએ અષવ-કૅરેશ્તહે ત્બએષંઘ્રહે.

જે (માંથ્રવાક) અશો માણસની (વિરૂદ્ધમાં) ઉત્પન્ન થયેલી ખરાબીની સામે થવાને માટે, ઘણા બુરા ગાથાનાં ગાયનને અપવિત્ર કરનારા, અપવીત્ર, ધણી વગરના, ધર્મગુરૂ વગરના, ભયંકર, તોડી નાખવા લાયક ફ્રેશહરવાળા (એ સર્વ લક્ષણોવાળા) આશ્મોગોને, ઘણોજ મારતો હતો. (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૧૦૫.)

ઉક્ષ્યત્-ઍરૅતહે અષઑનો ફ્રવષીમ્ યજમઇદે; ઉક્ષ્યત્-નૅમંઘ્રહે અષઑનો ફ્રવષીમ્ યજમઇદે; અસ્તવત્-ઍરૅતહે અષઑનો ફ્રવષીમ્ યજમઇદે.

અષો હોશેદરબામીનાં ફ્રેશહરને અમે માનથી યાદ કર્યે છીએ; અષો હોશેદરમાંહના ફ્રેશહરને અમે યાદ કર્યે છીએ; અષો સોશ્યોશના ફ્રેશહરને અમે યાદ કર્યે છીએ. (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૧૨૮.)

પઇતિશ્તાતેએ બિજઁ્ગ્રો-ચિથ્રયાઓ દ્રુજો, પઇતિશ્તાતેએ અષવ કરૅશ્તહે ત્બએષંઘ્રહે.

દ્રુજના સ્વભાવના દુષ્ટ માણસોની સામે થવાને માટે (એટલે દેવ્ય દરૂજ તથા બુરા માણસોની ખરાબીને દાબી દેવાને સારૂં) (તે ભવિષ્યના પેગમબર સોશ્યોસ ગુજરેલાંઓને આ દુન્યામાં ફરીને સજીવન કરશે.) (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૧૨૯.)

યથન કહ્માઇચિત્ હાતાંમ્, અષાત્ હચ યત્ વહિશ્તાત્.

જે પ્રમાણે સર્વોત્તમ અષોઇને લીધે હયાત માણસોમાં કોઇને માટે (પણ) (હોય) (તેમ), (અષો) જરથુશ્ત્ર (સાહેબ) વહાલા, ભક્તિને લાયક તથા માનને લાયક આપણને જણાયલા છે. (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૧૫૨.)

આઇનિવ નાંમ અહ્મિ.

માર્ગ દેખાડનાર નામવાળો હું છું. (રામ યશ્ત, ફ૦ ૪૬.)

યાંમ્ યજત આથ્રવ દૂરએ-ફ્રકાતો મરૅધ્રૅમ્ દઇસ્ૅમ્નો દએનયાઇ, અમૅમ્ દઇસ્ૅમ્નો તનુયે.

જેણીને (દીન યજદના હમકાર ચિસ્તને) દૂર(નાં દેશો) સુધી, પ્રેમ પામેલા ધર્મગુરૂએ (જરથુશ્તિ) દીન (ફેલાવવા)ને માટે (જોઇતી) સારી સ્મરણ શક્તિ માંગતાં, (તથા) પોતાનાં તનને માટે શૌર્ય માંગતાં આરાધી. (દીન યશ્ત, ફ૦ ૧૭.)

યા વીસ્પનાંમ્ સઑશ્યન્તાંમ્ ક્રષ ખ્રથ્વ ક્રથંજયેઇતિ.

(જે અશીશવંઘ) (સદગુણી માણસને) સર્વ શોશ્યન્તોની પ્રતાપી અક્કલથી મજબૂત કરે છે. (અશીશવંઘ યશ્ત ફ૦ ૨.)

યત્ અસ્તિ મઇન્યવનાંમ્ યજતનાંમ્ ગએઇથ્યનાંમ્ચ જાતનાંમ્ચ અજાતનાંમ્ચ ફ્રષો-ચરેથ્રાંમ્ સઑશ્યનતાંમ્ચ.

જે (ખોરેહ) મીનો તથા ગેતીના યજદોનું, જન્મ પામેલા તથા હવે પછી જન્મ પામનારા (જગતને) આગળ વધારનારા (દુન્યાંની આબાદી કરનારા) સોશ્યન્તોનું છે. (જમ્યાદ યશ્ત, ફ૦ ૨૨.)

અથઉરૂનો હો રાતનાંમ્ પૅઉરૂ-ક્ષ્નૂતૅમ્ ઇધાઑઘ્રહુએત, અથઉરૂનો હો રાતનાંમ્.

તે માનવી આથ્રવનની આશીષો (મેળવે), (એટલે) દીનના જ્ઞાનની રોશની (પ્રાપ્ત કરે). તે નર આથ્રવનની આશીષો (મેળવે), પુરતું ધર્મજ્ઞાન (સંપાદન કરે). (જમ્યાદ યશ્ત, ફ૦ ૫૩.)

યત્ ઉપંઘ્રહુચત્ સઑશ્યન્તાંમ્ વરેથ્રાજનૅમ્, ઉત અન્યાઑસ્ચિત્ હખયો.

જે (દૈવિક ખોરેહ) વિજયી સોશ્યોસ (નામના હવે પછી પેદા થનાર પેગમબર) તથા બીજા મીત્રો સાથે જોડાશે. (જમ્યાદ યશ્ત, ફ૦ ૮૯.)

યત્ કૅરેનવાત્ ફ્રૅષમ્ અહૂમ્ અજરેષૅન્તૅમ્ અમરેષૅન્તૅમ્ અફ્રિથ્યન્તૅમ્ અપુયન્તૅમ્ યવએજિમ્ યવએસુમ્ વસોક્ષથ્રૅમ્.

જ્યારે (તે સોશ્યોસ) (સકળ) જગતને તાજી, જુની ન થતી, નાશ ન પામતી, ખરાબ થઇ ન જતી, વાસ ન મારતી, નિત્ય સજીવન, શાશ્વત[1] આબાદ થતી, પોતાની મરજી મુજબ સ્વતંત્રતા ભોગવતી કરશે. (જમ્યાદ યશ્ત, ફ૦ ૮૯.)

---

૧. હંમેશા સુધી.

હુઓમો ખાષાર્ંમ્ જવઈતિ ઉત બુયાઓ અફ્રજઇન્તિશ ઉત દૅઉશ્–સ્રવાઓ હચિમ્નો યો માંમ્ અઇવિશ્ હુર્તમ્ દારયેહિ યથ તાયૂમ પેષોસાર્ંમ્ નવ અહ્મિ પેષો–સારો અર્જમ્ યો હુઓમો અષવ દૂરઓષો.

હોમ તેના પીનારને શ્રાપ દે છે. પાપીઓનો વડો (જે) ચોર (તેની) માફક મને કુટીને તૈયાર કરવાથી તુ પાછો રાખે છે, એટલા માટે (તુ) સન્તાન વિનાનો તથા બદનામીવાળો થજે. હું જે દર્દને પાછળ રાખનાર, અષો હોમ તે પાપીઓનો સરદાર નથી. (યશ્ન હા. ૧૧, ફ૦ ૩.)

મઝ્દિશ્તાઇશ્ વએધ્યાઇશ્ દએનયાઓ માઝ્દયસ્નોઇશ્ અથઉરૂનો રતૂમ્ આમરૂયે ચષ્ઓનાંસ્ચા અએષાંમ્ચીત્.

માજદયસ્ની દીનનાં સર્વથી ચઢતે દરજ્જેનાં વિજ્ઞાનને તથા તે વિજ્ઞાન શીખાડનારાઓને (તથા) આથ્રવનના સરદારને હું યાદ કરૂં છું. (હા. ૧૩, ફ૦ ૩.)

યેંઘ્હે મે અષાત્ હચા વહિશ્તર્ંમ્ યેસ્ને પઇતી વએદા મઝ્દાઓ, અહુરો યોઇ આઓંઘ્હર્ંચા હેંન્તિચા તાં યજાઇ ખાઇશ્ નામેનીશ્ પઇરિચા જસાઇ વન્તા વાંહૂ ક્ષથ્રઁમ્ વઇરીમ્ બાગ્ંમ્ અઇબી–બઇરીશ્ત્ંમ્.

જેઓ થઇ ગયાં તથા હસ્તિમાં છે તેમનામાંનાં અષોઇથી યજશ્ને કરવામાં સર્વથી શ્રેષ્ઠ (છે) (તથા જેમને) અહુરમજદ જાણે છે, તેવાં (નર, નારી)ને તેમના પોતાના નામથી ઇજું તથા મીત્રતાથી હું પામું. સારી સ્વતંત્ર બાદશાહી (એ) ઘણીજ મદદ આપનારી પુંજી (છે). (હા. ૬૯, ફ૦ ૩.)

તા નો દાત તા અઁરજ્વાન ફ્રવઓચામ ફ્રચ વઓચામ યા અહુરહે મઝ્દાઓ યા વંઘ્હેઉશ્ મનંઘ્હો યા અષહે વહિશ્તહે યા ક્ષથ્રહે વઇર્યેહે યા સ્પેન્તયાઓ આર્મતોઇશ્ યા હઉર્વતાઓ અમેરેતાતાઓ યા ગેઉશ્ તષ્ને ગેઉશ્ ઉરૂને યા આથ્રે અહુરહે મઝ્દાઓ.

યા સ્રઓષહે અષ્યેહે યા રશ્નઓશ્ રજ઼િશ્તહે યા મિથ્રહે વાંઉરૂ–ગઓયઓઇતોઇશ્ યા વાતહે અષઓનો યા દએનયાઓ વંઘ્હુયાઓ માઝ્દયસ્નોઇશ્ યા દહ્મયાઓ વંઘ્હુયાઓ આફ્રિતોઇશ્ યા દહ્મયાઓ વંઘ્હુયાઓ અનાઢુખ્તોઇશ્ યા દહ્મયાઓ વંઘ્હુ-

યાગ્રૉ અનવઉરૂખ્તોઇશ. યથ ઇઝા વાચિમ્ નાષીમ યથ વા સગ્રૉખ્યન્તો દખ્યુનાંમ્ સુયમન વાચિમ્ બરૅન્તુ બુયમ સગ્રૉગ્યેન્તો બુયમ વૅરૅથ્રાજનો બુયમ અહુરહે મઝ્દાગ્રૉ ફ્રય વાઝિશ્તા અસતયો યોઇ નરો અષવનો હુમતાઇશ્ મઇનિગ્ન હૂખ્તાઇશ્ મશ્વતો હ્વર્શતાઇશ્ વૅરૅઝ્યન્તો.

(હે અહુરમજદ તથા અમેષાસપંદો) અમે જાહેર કર્યે છીએ તથા હું (ભક્ત પણ) જાહેર કરૂં છું કે તે સત્યતા અમને તમે આપો.

અહુરમજદની, બહમનની, અરદીબેહસ્તની, શહરેવરની, અસપંદાર્મદની, ખોરદાદની તથા અમરદાદના, જગતના ઘડનારની, જગતના જવાહીરની (તથા) અહુરમજદના આતશની—(એ સર્વેની) જે (સત્યતા તે અમને દો).

અષો સરોષ (યજદ)ની, સર્વથી સત્યવાદી રશ્ને (યજદ)ની, બહોલાં ક્ષેત્રવાળા મહેર (યજદ)ની, અષો ગોવાદ (યજદ)ની ભલી માજ્દીયસ્ની દીનની, પવીત્ર તથા ભલી આશીષની, પવીત્ર તથા ભલાં પ્રમાણીકપણાંની, પવીત્ર તથા ભલાં નિર્દોષપણાની (એ સર્વની સત્યતા અમને અર્પો).

જેથી દેશોના કલ્યાણકારો જેવા (દીનના) મન્ત્રને પુરતી રીતે અમે પહોંચી શકયે, (તથા) (દીનના) મન્ત્રોનો લાભ મેળવીને, (તેનો) પ્રચાર કરનારા અમે થઇએ, તથા જયકારી, (જગતનું) કલ્યાણકાર અમે થઇએ, (અને એ પ્રમાણે કીધાથી) પવીત્ર વિચાર વિચારનારા, ભલી વાણી ઉચરનારા, તથા પવીત્ર કાર્ય કરનારા અષો માણસની પેઠે, અહુરમજદના પ્યારા તથા સર્વથી ચાલાક દૂતો અમે થઇયે.

(હા ૭૦, ફ૦ ૨-૩-૪.)

નિવએધયેમિ હનકારયેમિ આહુરોઇશ્ ફ્રશ્નહે આહુરોઇશ્ તકએષહે આહુરોઇશ્ દખ્યુમહે આહુરોઇશ જરથુશ્ત્રોતૅમહે અષઑનો અષહે રથ્વો.

અહુરમજદી (દીનને લગતા) સવાલો કરનાર, અહુરમજદી રૂઢીઓ દેખાડનાર, અહુરમજદી પાદશાહ (અથવા દેશના માલેક), અહુરમજદી દસ્તુરાંન દસ્તુર, (જે) અષોઇનો સરદાર, (તેને) હું આમંત્રણ કરૂં છું તથા સભામાં સત્કાર કરૂં છું. (વી૦ ક૦ ૧, ફ૦ ૯.)

યએષાંમ્ નો અહુરો મઝ્દાઓ અષાત્ હચા વંઘ્હો વએધ અએષાંમ્ જરથુશ્ત્રો અંઘ્હુશ્ચ રતુશ્ચ.

અમારામાંના જેઓને અષો અહુરમજદ યજશ્ને કરવામાં અધિક સારા જાણે છે, તેમનો (પયેગમબર) જરથુશ્ત્ર માલીક તથા મુખી છે. (વી૦ ક૦ ૧૬, ફ૦ ૩.)

અય આઇબિગર અય અઇબિજરૅત યા અમેષનાંમ્ સ્પૅન્તનાંમ્ સઑષ્યન્તાંમ્ચ અષઑનાંમ્ ગવે અધાઇશ્ તાઇશ્ શ્યઑથ્નાઇશ્ યાઇશ્ વહિશ્તાઇશ્ ફ્રએષ્યામહિ.

અમેષાસ્પંદોની તથા અષો સોષ્યંતોની આ સ્તુતી કરવાથી (તથા) આ કીર્તી ગાવાથી, (તે સાથે વળી) જગત(ના લોકોના લાભ)ને સારૂં દાન તથા ઉત્તમ કાર્યો કરીને, અમે (યોગ, વસ્લ) ઐકયતા ઇચ્છીયે છીએ. (વી૦ ક૦ ૨૨, ફ૦ ૧.)

તત્ મોઇ વીચિધ્યાઇ વઑચા હ્યત્ મોઇ અષા દાતા વહ્યો,
વીદ્વએ વોહૂ મનંઘ્હા મેન્ચા, દઇધ્યાઇ યેહ્યા મા અૅરેષિશ્,
તાચીત્ મઝ્દા અહુરા યા નોઇત્ વા અંઘ્હત્ અંઘ્હઇતી વા.

અષોઇ તથા ધર્મના કાયદા વીષે (જાણવાનું) મારે માટે જે વધુ સારૂં (હોય, તે) પસંદ કરવાને (હે અહુરમજદ!) મને કેહ, (જેથી) મારી પવીત્ર મનશ્નીથી હું જાણું, (અને) જેનો લાભ મને પ્રાપ્ત થાય. હે અહુરમજદ! જે કાંઇ બનનાર નથી અથવા જે કાંઇ થશે (તે વીષે તુ મને જણાવ.) (ગાથા અહુનવદ, હા ૩૧, ફ૦ ૫.)

અહ્માઇ અંઘ્હત્ વહિશ્તૅમ્ યે મોઈ વીદ્વાઓ વઑચાત્ હઇથીમ્,
માંથ્રૅમ્ યિમ્ હઉર્વતાતો.

જે વિદ્વાન મને, અષોઇ તથા અમરપણાના માંથ્ર કહે, તેને સર્વથી શ્રેષ્ઠ થજો! (ગાથા અહુનવદ, હા ૩૧, ફ૦ ૬.)

વીદ્વાઓ વીદુષે મ્રઑતૂ, મા ઍવીદ્વાઓ અઇપી–દૅબાવયત્
જ઼દી–ને મઝ્દા અહુરા
વંઘ્હેઉશ ફ્રદક્તા મનંઘ્હો.

જ્ઞાની માણસ વિદ્વાન માણસને તે કહે (શીખવે). અજ્ઞાન માણસને (ધર્મની કેળવણી આપવાનું કાર્ય) ન સોંપવું. હે અહુરમજદ!

(તારાં) ભલાં મનની નીશાનીઓ અમને પ્રગટ કર.

(ગાથા અહુનવદ, હા ૩૧, ફ૦ ૧૭.)

મા-ચિશ્ અત્ વે દ્રેગ્વતો માંથ્રાંસ્ચા ગૂશ્તા સાસ્નાઑસ્ચા,
આઝી દૅમાનૅમ્ વીસૅમ્ વા ષોઇથ્રૅમ્ વા દખ્યૂમ્ વા આદાત્
દુષિતાચા મરકએચા, અથા ઈશ્ સાઝ્દૂમ્ સ્નઇથિષા.

તમારામાંનો કોઇપણ દુષ્ટ માણસનો માંથ્ર તથા (તેની) શીખામણો સાંભળશો મા, કારણકે ઘરને, મોહલ્લાને, શહેરને તથા દેશને (તે) સંકટમાં તથા પીડામાં નાખશે, એટલા માટે તેમને (તે માંથ્ર અને શિખામણોને) હથીઆરથી તોડી પાડો (અથવા નષ્ટ કરો).

(ગાથા અહુનવદ, હા ૩૧, ફ૦ ૧૮.)

થ્વોઇ દૂતાઑંઘ્હો આઑંઘ્હામા.

(અએ અહુરમજદ!) તારો સંદેશો પહોંચાડનારા અમે થઇએ!

(ગાથા અહુનવદ, હા ૩૨, ફ૦ ૧.)

ફ્રો સ્પૅન્તા આર્મઇતે અષા દએનાઑ ફ્રદક્ષયા.

ઓ સ્પેન્ત આર્મઇતિ! અષોઇની મારફતે (તું મને) દીનના આદેશો શિખાડે છે. (ગાથા અહુનવદ, હા ૩૩, ફ૦ ૧૩.)

અત્ હ્વો વંઘ્હેઉશ્ વહ્યો ના અઇબી-જમ્યાત્,
યે નાઑ ઍરૅઝૂશ્ સવંઘ્હો પથો સીષોઇત્
અહ્યા અંઘ્હેઉશ્ અસ્તવતો મનંઘ્હસ્ચા,
હઇથ્યૅંગ્ આ-સ્તીશ્ યેંગ્ આ ષએતી અહુરો.

જે માનવી આ જડ તથા (પેલી) મીનોઇ જગતના લાભોનાં ખરા માર્ગો બતાવી શકે-કે જે હયાત જગત તરફ અહુરમજદ રહે છે (તેના માર્ગો બતાવી શકે)-તે માણસ પોતે ભલાંનાં કરતાં અધિક ભલું મેળવે. (ગાથા ઉશ્તવદ, હા ૪૩, ફ૦ ૩.)

ઉજિરૅઇદ્યાઇ અર્જૅમ્ સરૅદનાઑ સૅંઘહ્યા,
મત્ તાઇશ્ વીસ્પાઇશ્ યોઇ તોઇ માંથ્રાઑ મરૅન્તી.

શિખામણના સરદારોને, તે સાથે (બીજા) સર્વે જેઓ તમારા માંથ્રનું સ્મરણ કરે છે તેમને, (તારી મોકલેલી દીન પ્રચલિત કરવાનાં મારાં કાર્યમાં) હું પ્રેરૂં. (ગાથા ઉશ્તુવદ, હા ૪૩, ફ૦ ૧૪.)

સ્પૅન્તૅમ્ અત્ થ્વા મઝ્દા મૅંગ્હી અહુરા,
હ્યત્ મા વૉહૂ પઇરી-જસત્ મનંઘ્હા,
દક્ષત્ ઉષ્યા તુષ્ના મઇતિશ્ વહિશ્તા.

તને, હે અહુરમજદ જરૂર આબાદી કરનાર મેં ગણ્યો, જ્યારે (તારો સંદેશ લાવનાર સરોશ યજદ) શુદ્ધ મન સાથે મારી સમીપ આવ્યો, (તથા) હુશ્યારીથી મને જણાવ્યું કે એક સંતોષી વિચાર સર્વથી શ્રેષ્ટ (ગુણ) (છે). (ગાથા ઉશ્તવદ હા ૪૩, ફ૦ ૧૫.)

ચિથ્રા મોઇ દાંમ્ અહૂમ્બીશ્ રતૂમ્ ચીઝ્દી.

(હે અહુરમજદ!) (તુ) મને જાહેર રીતે એક શ્યાણો સરદાર (ગુરૂ) દેખાડ. (ગાથા ઉશ્તવદ હા ૪૪, ફ૦ ૧૬.)

અત્ ફ્રવક્ષ્યા નૂ ગૂષોદૂમ નૂ સ્રઑતા,
યએચા અસ્નાત્ યએચા દૂરાત્ ઇષથા
નૂ ઇમ્ વીસ્પા ચિથ્રે જી મઝ્દાઑંઘ્હોદૂમ,
નોઇત્ દઇબિતીમ્ દુશ્-સસ્તિશ્ અહૂમ મૅરાંષ્યાત્;
અકા વરના દ્રૅગ્વાઑ હિઝ્વા આ-વૅરૅતો.

(પેગમબર અશો જરથુશ્ત્ર પોતાની વાણી સાંભળનારાઓને કહે છે) (તમે) કે જેઓ નજદીકથી તથા જેઓ દૂરથી ઇચ્છો છો, (તેમને) (જે) હું જાહેર રીતે કહું છું, તે ઉપર હવે તમે કાન ધરો, તથા હવે ધ્યાન આપીને સાંભળો. જરૂર આ વેળાએ (તમે) (આ મારા) સઘળા (વીષયો) ઉપર યોગ્ય રીતે મનમાં તોલ કરો, (કે જેથી) ખોટો ધર્મ સમજાવનાર ફરીને (તમારાં) જીવનને ખરાબ ન કરે.[1]

(ગાથા ઉશ્તવદ હા ૪૫, ફ૦ ૧.)

સ્પૅન્તા મઇન્યૂ સ્રઑતૂ મઝ્દાઑ અહુરો,
યેહ્યા વહ્મે વૉહૂ ફ્રષી મનંઘ્હા,
અહ્યા ખ્રતૂ ફ્રા-મા સાસ્તૂ વહિશ્તા.

---

૧. મનનું સમાધાન અંધ વિશ્વાસથી નહિં, પણ સંપૂર્ણ અને સ્વતંત્રા આપનાર જ્ઞાનથી કરવાનો અત્રે મહાન ઉપદેષ દીધો છે. અત્રે મગજમારી અથવા માત્ર ભેજાંની ઉપર સર્વ આધાર રાખવાનો પાઠ નથી શીખાડયો, એટલું ખાસ ધ્યાનમાં રાખવું જોઈએ. આ શબ્દોથી, કેટલાકો સમજાવી દેવા માંગે છે તેમ, શ્રદ્ધા હીણવામાં નથી આવી.

કલ્યાણુ કરનાર મીનોની મારફતે અહુરમઝ્દ (આપણું ભણતર) સાંભળશે; જેની આરાધના પવીત્ર મનશ્નીની મારફતે કરવામાં આવે છે. તેની પોતાની સર્વોત્તમ અક્કલની મારફતે (તે) અમને શીખાડશે.

(ગાથા ઉશ્તવદ હા ૪૫, ફ૦ ૬.)

મઇઝ્યો થ્વા સાંસ્ત્રાઇ વૅરેને અહુરા.

મને બોધ દેનાર તરીકે, હે અહુરમજદ! તને હું પસંદ કરૂં છું.[1]

(ગાથા ઉશ્તવદ હા ૪૬, ફ૦ ૩.)

કે હ્વેો યે-મા અરૅદ્રો ચોઇથત્ પઔઉરૂયો
યથા થ્વા જૅવીશ્તીમ્ ઉઝેમોહી
બ્યઔથનોઇ સ્પૅન્તૅમ્ અહુરેમ્ અષવનૅમ
યા-તોઇ અષા યા અષાઇ ગેઉશ્ તષા મ્રઔત્
ઇષૅન્તી મા તા તોઇ વૉહૂ મનંઘ્હા.

તે કયો માણસ છે કે જેણે મને મદદ કરવા સાથે, તું અતિશય માનને લાયક તથા દાન દેનાર, અષોઇનો સાહેબ છે, એ વીષે પ્રથમ મને જાણીતો કીધો. જગતના બનાવનારે જાહેર કરેલા સત્યતાના મન્ત્રો, તારી પવીત્ર બુદ્ધીની[2] મારફતે મળે છે.

(ગાથા ઉશ્તવદ હા ૪૬, ફ૦ ૯.)

યાંસ્‌ચા હક્ષાઇ ક્ષ્માવતાંમ્ વહ્માઇ આ,
ફ્રો તાઇશ્ વીસ્પાઇશ ચિન્વતો ફ્રક્રા પૅરૅતૃમ્.

(અષો જરથુશ્ત્ર કહે છે કે) તેઓ (સદાચારીઓ)ને (હે અહુરમજદ!) તારા પ્યાર (અથવા કીર્તિ ગાવા) તરફ હું માર્ગ દેખાડીશ (તથા) તે સઘળાઓને ચિન્વત પુલ પસાર કરાવીને લઇ જઇશ.

(ગાથા ઉશ્તવદ હા ૪૬, ફ૦ ૧૦.)

યે સ્પિતામૅમ્ જરથુશ્ત્રૅમ્ રાદંઘ્હા
મર્ૅતએષૂ ક્ષ્નાઉશ્ હ્વો-ના ફ્રૅસ્રૂઇદ્‌યાઇ ઍરૅદ્‌વો.

માણસોમાંથી જે કોઇ સ્પીતમાન જરથુશ્ત્રને મેહરબાની (અથવા સુખ)થી ખુશી કરશે, તે માણસ પોતે (દીનના હુકમો) જાહેર કરવાને લાયક (છે). (ગાથા ઉશ્તવદ હા ૪૬, ફ૦ ૧૩.)

---

૧. મહાગુરૂ સાહેબનો ગુરૂ અહુરમજદ પોતે શીવાય કોણ હોઈ શકે? ૨. ચિત્ત શુદ્ધિ purification of the heart.

વા ફ્રૅરસ્રુઇદયાઇ વ્રશ્તી.

(તારા ધાર્મિક હુકમો) જાહેર (લોકોમાં જાણીતાં) કરવાને કોણ ખાહેશ રાખે છે? (ગાથા ઉશ્તવદ હા ૪૬, ફ૦ ૧૪.)

ફ્રૅરષઑશ્ત્રા અથા-તૂ અરૅદ્રાઇશ ઇદી
હુવો-ગ્વા તાઇશ યૅંગ્ ઉસ્વહી ઉશ્તા-સ્તોઇ.

હે હચ્છુખ કુલના ફ્રશોશ્તર! તેઓ જેમને દુન્યાંના લાભને માટે આપણે બે જણે પસંદ કીધા છે, તેમની સાથે તે તરફ તું જા.
(ગાથા ઉશ્તવદ હા ૪૬, ફ૦ ૧૬.)

કા-થ્વોઇ અષા આકાઑ અરૅદ્રૅંગ્ ઇષ્યા,
વંઘ્રહેઉશ મન્યેઉશ બ્યઑથનનાંમ્ જવરો.

પવીત્ર મનશ્નીનાં કાર્યોને આગળ વધારનાર, તારા (ઠેરવેલા) જાહેર મદદગારોને અષોઇથી (હું) કેમ પામું?
(ગાથા સ્પેન્તોમદ હા ૪૮, ફ૦ ૮.)

વીદ્યાત્ સઑષ્યાંસ્ યથા હોઇ અષિશ અંઘ્રહત્.
એ બીના (તારી) દીનનો માર્ગ બતાવનાર જાણે, જેથી તેને લાભ થાય. (ગાથા સ્પેન્તોમદ હા ૪૮, ફ૦ ૯.)

કદા મજ્દા માંનરોઇશ નરો વીસૅન્તે.
પારાંગત (કમાલ) બુદ્ધિના માણસો, હે અહુરમજદ! કયારે આવશે?
(ગાથા સ્પેન્તોમદ હા ૪૮, ફ૦ ૧૦.)

કે અઇર્યમા,.....દાતાઇશ અંઘ્રહત્.
નીયમ પ્રમાણે (મને) મદદ કરનાર કોણ થશે?
(ગાથા સ્પેન્તોમદ હા ૪૯, ફ૦ ૭.)

કત્ મોઇ ઉર્વા ઇસે ચહ્યા અવંઘ્રહો.
શું મારાં રવાંને કોઇનીબી મદદની ઇચ્છા રાખી છે?
(ગાથા સ્પેન્તોમદ હા ૫૦, ફ૦ ૧.)

અરોઇ-જી ક્ષ્મા મજ્દા અષા અહુરા
હાત્ યૂષ્માકાઇ માંથ્રાને વઑરાજથા,
અઇબી-દૅરૅશ્તા આવીષ્યા અવંઘ્રહા,
જસ્તાઇશ્તા યા-નાઑ ખાથ્રે દાયાત્.

હે અષો અહુરમજદ! તારી દીનનો મન્ત્ર પ્રગટ કરનારને (તારી) મજબુત તથા જાહેર મદદ આપીને, પુરતી રીતે તું જરૂર આનંદ આપ, કે જેથી (તારી મદદને લીધે), (તે નર) પુર જોરથી અમને સુખ આપે. (ગાથા સ્પેન્તોમદ, હા ૫૦, ફ૦ ૫.)

......જરથુશ્ત્રો
દાતા ખ્રતેઉશ્ હિજ્વો-રઇથીમ્ સ્તોઇ.

(પેગમબર) જરથુશ્ત્ર (જે) જ્ઞાનનો ભંડાર તથા નિત્ય (પોતાની) જીભને સીધે માર્ગે દોરવનાર (છે). (ગાથા સ્પેન્તોમદ, હા ૫૦, ફ૦ ૬.)

યાઇશ્ અજાથા મઝ્દાઇ ખ્યાતા અવંઘ્હે.

જેને લીધે (મારી અષોઇ તથા નેક મનશ્નીને લીધે) (તે માર્ગો તરફ લઇ જવાને), (મને) તું માર્ગ દેખાડે (તથા) મારી મદદે તું થા. (ગાથા સ્પેન્તોમદ, હા ૫૦, ફ૦ ૭.)

વે...સાર્ન્તે, અહુરો......
યએષાંમ્ તૂ પૉઉરૂયો મઝ્દા ફ્રદક્ષ્તા અહી.

હે અહુરમજદ! તને સરદાર તરીકે ગણે છે, (તથા) જેમને હે અહુરમજદ! સર્વથી પ્રથમ માર્ગ દેખાડનાર તું છે. (ગાથા વોહુ-ક્ષથ્ર, હા ૫૧, ફ૦ ૩.)

અત્ ઝી તોઇ વક્ષ્યા મઝ્દા.
હે અહુરજદ! તારા (માંથ્ર) (લોકોમાં) જરૂર હું જાહેર કરીશ. (ગાથા વોહુ-ક્ષથ્ર, હા ૫૧, ફ૦ ૮.)

સાખ્યેની વજયમ્નાબ્યો કઇનિબ્યો મ્રઑામી,
ક્ષ્મઇબ્યાચા વદૅમ્નો મૅનચા-ઇ માંઝ્દઝ્દૂમ;
વએદોદૂમ્ દએનાબીશ્ અબ્યસ્તા અહૂમ યે વંઘ્હેઉશ્ મનંઘ્હો,
અષા વે અન્યો અઇનીમ્ વીવેનઘહત્ તત્ ઝી હોઇ હુષેનૅમ અંઘ્હત્.

(પેગમબર જરથુશ્ત્ર કેહ છે):—પરણતી કન્યાઓને તથા તમે (પરણતા વરરાજાઓ)ને હું (જે) પરણવાને હુકમ (અથવા ઉત્તેજન) આપનાર (તે), (નીચે પ્રમાણે) શીખના વચનો કહું છું. મારા એ (વચનો) ઉપર તમે ધ્યાન આપજો. (અષો જરથુશ્ત્રની શીખ):—

ભક્તિમાન માણુસોની મારફતે ભણેલા થઇને પવીત્ર મનશ્નીનું જીવન મેળવીને, (તથા) અષોઇથી (ખરાં અંતકરણથી) તમારામાં એક બીજાને ચાહતાં[1] રેહજો, કે તેથી ખચીત તે (દરેક)ની જીંદગી સુખી થાય. (ગાથા વહિશ્તોઇશ્ત, હા ૫૩, ફ૦ ૫.)

આથ્રવનૅમ્ બએષજ્યાત્ દહ્માયાત્ પરો આફ્રિતોઇત્.

(તે વૈદ્યનું કાર્ય કરવાને લાયક ઠરેલો મજ્દયસ્ન) આથ્રવનને ભલી આશીષોના બદલામાં સારો કરે. (વંદીદાદ પર૦ ૭, ફ૦ ૪૧.)

આથ્રવનૅમ યઑજ્દથો દહ્માત્ પરો આફ્રિતોઇત્.

આથ્રવન (એટલે દસ્તુર-મોબેદ)ને ભલી આશીષના બદલામાં પવીત્ર કરે. (વંદીદાદ પર૦ ૯, ફ૦ ૩૭.)

યેજિચ અએષો ના યો યઑજ્દાથ્રયો હચ અએઇબ્યો નમાનએઇબ્યો ત્બિશ્તો અક્ષ્નૂતો પરાઇતિ. અપ હે પસ્કાત્ ફ્રૉઇરિસઇતે સ્પિતમ જરથુશ્ત્ર અએષ દ્રુખ્શ યા નસુશ નાઑઘ્રહુનત હચ ચષ્મનત્ હચ હિજ્ઝુમત્ હચ પઇતિશ-ઘ્રૅનાત્ ફ્રવાખ્શત્ હચ ફ્રષુમકત હચ.

જો તે યોજદાથ્રેગર નર આ ઘરમાંથી દુઃખી (તથા) નાખુશ થઇને[2] જાએ તો, હે સર્વથી પવિત્ર જરથુશ્ત્ર! તેની પછી (તે યોજદાથ્રેગર ઘરમાંથી ગયા પછી), તે દરૂજ નસુશ, (તે નહાન નાહનારાના) નાક વાટે, આંખ વાટે, જીભ વાટે, કાંન વાટે, આલાત વાટે (તથા) પાછલા ભાગ વાટે જાય છે. (વંદીદાદ પર૦ ૯, ફ૦ ૪૦.)

---

૧. ત્યાર પછી ઘણે લાંબે કાળે ઇસુ ખ્રિસ્તે Love thy neighbour as thyself નું શીક્ષણ આપ્યું. એજ શીક્ષણ અત્રે દીધું છે. માત્ર પરણેલાં જોડાંનેજ એ શીખ દીધી નથી, પણ જગત ઉપર પ્રેમ કરવાને અત્રે શીક્ષણ દીધું છે. તેનું કારણ છે. પ્રથમ સ્ત્રી, પુરૂષ એકમેક પ્રત્યે, પછી કુટુંબ પ્રત્યે, પાડોશી પ્રત્યે, શહેર પ્રત્યે, દેશ પ્રત્યે અને છેવટે જગતના માનવો તેમજ સકળ પ્રાણી પ્રત્યે પ્રીત કરવાનો અચલ નીયમ છે. પ્રથમથીજ જગત ઉપર પ્રેમ કરવું અશક્ય છે. ક્રમેક્રમે પ્રેમી થવાય છે. જેમ જ્ઞાન તેમ સદગુણોમાંનો શ્રેષ્ઠ પ્રેમનો સદગુણ ગ્રહણ કરવા કાજે અભ્યાસ કરવો પડે છે. હૈયાનું શીક્ષણ લેવે સઘળા સદગુણો મેળવવાને શક્તિ અને વલાણ આવે છે.

૨. * देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवं ।
ब्रह्मचर्यमहिंसा च शारीरम् तप उच्यते ॥ (ગીતા ૧૭-૧૪.)

યઝદો, આથ્રવનો, ગુરૂઓ, જ્ઞાનીઓનો નમસ્કાર અને પૂજન, અને વળી અષોઈ, સરળતા, બ્રહ્મચર્ય અને અહિંસા, શારીરિક તપ ગણાય છે.

અનુસો જી સ્પિતમ જરથુશ્ત્ર અએષ યા પઇતિ-ઇરિસ્ત અવત્ હ્વરે આ-તાપયઇતિ અનુસો હાઉ માઓ અનુસો અવે સ્તારો.

હે સર્વથી પવિત્ર જરથુશ્ત્ર! (તે યોજદાથ્રેગરને તેની મહેનતનું દામ ન આપ્યાથી) તે પાછા રીમન થએલા માણસની ઉપર સૂર્ય, ચંદ્ર તથા તારાઓ નાખુશીથી પ્રકાશે છે. (વંદીદાદ પર૦ ૯, ક૦ ૪૧.)

ખ્શ્નાવઇએઇતિ જી સ્પિતમ જરથુશ્ત્ર અએષો ના યો યઓજ્દાથ્રયો યત્ અએતૅમ્ પઇતિ-ઇરિસ્તૅમ્ ફ્રા-નસૂમ્ કરૅનઓઇતિ ખ્શ્નાવઇએઇતિ આત્રૅમ્ ખ્શ્નાવઇએઇતિ આપૅમ્ ખ્શ્નાવઇએઇતિ જાંમ્ ખ્શ્નાવઇએઇતિ ગાંમ્ ખ્શ્નાવઇએઇતિ ઉર્વરાંમ્ ખ્શ્નાવઇએઇતિ નરૅમ્ અષવનૅમ્ ખ્શ્નાવઇએઇતિ નાઇરિકાંમ્ અષઓનીમ્.

કારણ કે, હે સર્વથી પવિત્ર જરથુશ્ત્ર! તે યોજદાથ્રેગર માણસ કે જે મુવેલાંને અડકેલાંને નસાથી છુટા કરે છે (એટલે તેની રીમની ઉતારે છે) તે (નીચે જણાવેલી સૃષ્ટિને) ખુશી કરે છેઃ—(તે નર) આતશને ખુશી કરે છે, પાણીને ખુશી કરે છે, જમીનને ખુશી કરે છે, ગાય ઢોરને ખુશી કરે છે, માણસને ખુશી કરે છે (તથા) અષો નરને ખુશી કરે છે (તથા) અષો નારીને ખુશી કરે છે.[1]

(વંદીદાદ પર૦ ૯, ક૦ ૪૨.)

પઇતિ-દાનૅમ્ અઇનિમ્ બરઇતિ અનઇવ્યાસ્તો દએનાંમ્ દિવ્ઝ્જત્ હચ આથ્રવ સંઘ્રહઇતે. મા દીમ ગ્રુયાઓ આથ્રવનૅમ્.

જેઓ દીનના કાર્યમાં માહિતગાર થયા વિના પદાંનને ખોટી રીતે રાખે છે, (તથા) (જેઓ) ઠગાઇથી પોતાને આથ્રવન કેહડાવવા માગે છે. તેમને તારે આથ્રવન (દસ્તુર-મોબેદ) તરીકે ઓળખવો ન જોઇએ.[2]

(વંદીદાદ પર૦ ૧૮, ક૦ ૧.)

---

૧. એ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે, રીમની ઉતારનાર યોજદાથ્રેગરની મેહનતનું જે કાંઇ દામ થાય તે તેને આપવું, તેનો ખરો હક ન ડુબાડવો. દરેક માણસનો તેનો ખરો હક આપ્યાથી દાદાર અહુરમજદ રાજી થાય છે. The laborer is worthy of his hire.

૨. દાદાર અહુરમજદ અષો જરથુશ્ત્ર સાહેબને કહે છે કે, આ દુન્યામાં ઘણાં માણસો છે, જેઓ દીનના કાર્યમાં જોઇતી માહીતગારી મેળવ્યા વિના પદાંન રાખીને, તેનો ખોટો ઉપયોગ કરે છે, તેવા માનવીઓ જેઓ દસ્તુર-મોબેદમાં ખપવા માગે છે, તેઓ ઠગાઇ કરે છે; તેઓ એ પદવીને લાયક નથી. ધૂર્તપણું અને ઢોંગ મોબેદમાં હોય, તો તે અતિ તીરસ્કારને પાત્ર અત્રે ઠર્યાં છે.

ખ્રફ્સ્ત્રઘ્નૅમ્ અઇનિમ્ બરઇતિ અનઅઇવ્યાસ્તો દઐનાંમ્ દિવૃઝત્ હચ આથ્રવ સંઘ્નહુઇતે. મા દિમ્ ગ્નયાઓ આથ્રવનૅમ્ ઉઇતિ ગ્નઓત્ અહુરો મઝ્દાઓ આઇ અષાઉમ જરથુશ્ત્ર.

જે માનવી દીનના કાર્યમાં માહીતગારી મેળવ્યા વિના, ખ્રફ્સ્ત્રને મારવાનું[1] હથ્યાર ખોટી રીતે રાખે છે, (તે મનુષ્ય) ઠગાઇથી પોતાને આથ્રવન (દસ્તુર–મોબેદ) કેહવડાવવા માંગે છે. એ પ્રમાણે અહુરમજદે કહ્યું કે, હે અષો જરથુશ્ત્ર! તારે તેવા માનવીને આથ્રવન કેહવો ન જોઇએ. (વંદીદાદ ૫ર૦ ૧૮, ફ૦ ૨.)

અશ્ત્રાંમ્ મઇરીમ્ કાષયેઇતિ અનઅઇવ્યાસ્તો દઐનાંમ્ દિવૃઝત્ હચ આથ્રવ સંઘ્નહુઇતે.

(જે માનવી) દીનનાં કાર્યમાં માહિતગાર થયા વિના,[1] સાંપને મારવાનું હથ્યાર ખોટી રીતે રાખે છે, (તે) ઠગાઇથી પોતાને આથ્રવન કેહવડાવવા માગે છે. (વંદીદાદ ૫ર૦ ૧૮, ફ૦ ૪.)

ઉર્વરાંમ્ અઇનીમ્ બરઇતિ અનઅઇવ્યાસ્તો દઐનાંમ દિવૃઝત્ હચ આથ્રવ સંઘ્નહુઇતે.

(જે માનવી) દીનનાં કાર્યમાં માહીતગારી મેળવ્યા વિના[2], ઝાડ-પાન (અથવા બરસમ) ખોટી રીતે રાખે છે, (તે શખ્સ) ઠગાઇથી પોતાને આથ્રવન (એટલે દસ્તુર–મોબેદ) લેખાવવા માગે છે. (વંદીદાદ ૫ર૦ ૧૮, ફ૦ ૩.)

યો સઐતે હુઉર્વાંમ તરસચ ખ્ષપનૅમ્ અયઝૅમનો અસ્રાવયો અમરો ઑૅવૅર્જયો અષિખ્ષો અસાચયો જયાઇ ચિનવત્ ઉશ્તાનૅમ્ દિવૃઝત્ હચ આથ્રવ સંઘ્નહુઇતે.

(જે માનવી) યજશને કરયા વિના, (ગાથા) ગાયા વિના, (અવસ્તાને) યાદ કર્યા વિના, કામ ધંધો કર્યા વિના, (પોતે) શિખ્યા વિના તથા (બિજાને) શિખાડયા વિના, તમામ રાત (બિછાના ઉપર) પડી રેહે, (અને વળી) ઠગાઇથી પોતાને આથ્રવન (દસ્તુર–મોબેદ) કેહવડાવવા માંગે છે. (વંદીદાદ ૫ર૦ ૧૮, ફ૦ ૫.)

---

૧. ખ્રફ્સ્ત્ર એટલે ઈજા કરનાર જીવોની પણ હિંસા કરવાને માટે અધિકારી પુરૂષજ જોઈએ. ૨. ગુરૂપદ અને ધર્મની મોબેદી માટે નાલાયકપણું અત્રે વર્ણવ્યું છે.

અન્ય ધર્મોની સરખામણીઓ.

अमानित्वमदंभित्वमहिंसा क्षांतिरार्जवम् ।
आचार्योपासनं शौचं स्थैर्यमात्माविनिग्रहः ॥

(ગીતા ૧૩-૮)

નમ્રતા, ઢોંગરહિતપણું, અહિંસા, ક્ષમા, સરળ સ્વભાવ, ગુરૂની સેવા, પવીત્રાઇ, દ્રઢતા અને સ્વકાબુ (એ અધ્યાત્મ જ્ઞાનીના લક્ષણો કહેવાય).

य इदं परमं गुह्यं मद्भक्तेष्वभिधास्यति ।
भक्तिं मयि परां कृत्वा मामेवैष्यत्यसंशयम् ॥
न च तस्मान्मनुष्येषु कश्चिन्मे प्रियकृत्तमः ।
भविता न च मे तस्मादन्यः प्रियतरो भुवि ॥

(ગીતા ૧૮ ૬૮-૬૯)

જે (જ્ઞાની ગુરૂ) આ મારી ઉંડામા ઉંડી ગુહ્ય બાબદ મારા ભકતોમાં જાહેર કરશે, તેણે મને સર્વોત્તમ ભક્તિ બતાવેલી ગણાશે અને અસંશય તે મને પ્રાપ્ત થશે. વળી તેના કરતાં માનવીમાં કોઇપણ મારી વધુ વહાલી સેવા કરી શકતો નથી, અને તેના કરતાં કોઇપણ મને વધુ પ્રિય ન થશે.

गुरु बिन ज्ञान न उपजे, गुरु बिन मिळे न भेद,[1]
गुरु बिन संशय न मिटे, जय जय जय गुरुदेव.
प्रेम बिना धिरज नहिं, बिरहे बिना वैराग,
सद्‌गुरु बिना मिटे नहिं, मन मनसाका दाग.

બિનસ્વાર્થિ પ્રેમ વિના મન ભક્તિમાં ધિરજ રાખી શકતું નથી. ભક્તિભાવ વિના વૈરાગ્ય ઉપજતો નથી. સદ્દગુરૂ વિના મન અને ઇચ્છાઓના કાળા ડાઘો ભૂસી શકતા નથી.

---

૧. ભુત, ભવિષ્યનું જ્ઞાન, ભેદ.

सद्गुरु समान को नहिं, सप्तद्विप नव खंड,
तिन लोक न पाइए, और एकबिस ब्रह्मान्ड.

જગતના સાત દ્વિપ અને નવ ખંડ ફરી વળો અને ત્રણ લોક (પૃથ્વિ, પાતાળ અને સ્વર્ગ) જોઇ લ્યો અને ૨૧) બ્રહ્માન્ડ ઢુંડો છતાં, ગુરૂ સમાન મદદગાર એક પણ શક્તિ નથી.

हरि कृपा तब जानिये, दे मानव अवतार,
गुरु कृपा तब जानीये, जब छोडावे संसार.

દાદગરની દયા ત્યારે સમજવી કે જ્યારે એક પ્રાણીને સર્વોત્તમ માનવીનો અવતાર દે છે. ગુરૂની કૃપા ત્યારે જાણવી કે જ્યારે ૮૪ લાખ યોનીના ચક્કરમાંથી, સંસાર છોડવી છુટકારો અપાવે છે.

देवी बडी न देवता, सुरज बडा न चंद,
आद अंत दोनो बडे, के गुरु के गोवंद.

નર કે નારી ફરેશ્તાઓ કોઇ મોટા નથી, કે નથી ચંદ્ર, સૂર્ય, વડા. ગુરૂ અને યઝદાન એ સર્વથી મોટા, કારણ કે શરૂઆતથી આખર સુધી તેઓ મદદગાર છે.

हरि रुठे गत एक हय, गुरु शरणागत जाय,
गुरु रुठे गत एको नहिं, हरि न होय सहाय.

કીરતાર કોપે ત્યારે એક માર્ગ છે, કે ગુરૂની સહાયતા લેવી. પણ જ્યારે ગુરૂ રૂઠે, ત્યારે તો એકે આશ્રય નથી, કારણ કે ખુદા પણ તે વેળાએ મદદ ન કરે.

गुरु महिमा गावत सदा, मन अति राखी मोद,
सो भव फिर आवे नहिं, बेठ प्रभुकी गोद.

જે સદા ગુરૂના ગુણ ગાય અને મન ખુશાલ રાખે, તે પૂનર્જન્મ લેતો નથી. તે હરહમેશ દાવરે દાદગરનાં પાસામાંજ રહે છે.

पूरा सद्गुरु सेवतां, अंतर प्रगटे आप,
मनसा वाचा कर्मणा, मिटे जन्मके ताप.

ખરા સદ્દગુરૂની સેવા કરતાં અંતરમાં ચઙ્ગ્રાન પ્રગટ થઇને, મન, વાણી અને કર્મના જન્મોનાં પાપો અને દુ:ખો ટળી જાય છે.

गुरुसेवा जन बंदगी,[1] हरी सुमरन वैराग,
ए चारो जब मिळे, पुरन होये भाग.
गुरु लागा तब जानीये, मिटे मोह तन ताप,
हर्ष शोक वाजे नहिं, तब हर आपो आप[2].

ગુરૂ ત્યારે મળ્યા જાણ્યે જ્યારે મોહ અને શરીરના ભોગો માટેની જંજાળ મટે અને હર્ષ, શોકમાં, સમતોલપણું રહે. તે સમયે હર, ઇશ્વર ભેટશે અથવા તું ઇશ્વરરૂપ બની જઇશ.

सद्गुरु ऐसा किजीये,[3] तत् दिखावे सार,
पार उतारे पलकमे, दर्पन दे दातार.

ગુરૂ એવો શોધજે જે ઇશ્વરના દર્શન જેમ આરસી આપતાનેવાર તને મોઢું જણાય છે, તેમ તુરતજ દેખાડે, અને પલકમાં પાર ઉતારી દે.

भटक मुवा भेदी बिना, कोन बतावे धाम ?
चलते चलते जुग गयो, पाव कोस पर गाम.

ગુરૂ ભેદના જાણનાર વિના પન્થો દેખાડનાર નહિં, માટે માનવી ભટકી મરે છે. ચાલતાં ચાલતાં જુગ વીત્યો, જો કે ગામ તો માત્ર પા કોશ દૂર હતું (છતાં ન મળ્યું).

तिर्थमे फळ एक हय, संत मिळे फळ चार,
सद्गुरु मिले अनेक फळ, कहे कबीर बिचार.

તિર્થનું એક ફળ, સંતસમાગમના ૪ ફળ, પણ સદ્દગુરૂ મળવાના અનેક ફળો, છે એમ વિચારવંત કબીર કહે છે.

---

૧. લોકે સેવા. ૨. પોતાની મેળે ત્યારે ખુદા પ્રગટે છે. ૩. જે ગુરૂ સમજાવે અને આરસી આપીને તેમાં જેમ મોઢું દેખાય, તેમ ખુદાને દેખાડી દે અને પેલે પાર ઉતારે.

सद्‌गुरु सत् का शब्द हय, जीने सत् दिया बताय,
जो सत्‌कों पकड रहे, तो सत्‌हि मांहे समाय.

સદ્દગુરૂ 'અષોઇ', 'સત્', 'હક', ઇશ્વરનું બીજું નામ છે, જેણે ઇશ્વર દેખાડયો. જે સત્‌ને બરાબર ધરી રાખે, તે છેવટે સત્‌માંજ સમાઇ જાય છે–એકત્ર થાય છે.

बंधे से बंधा मिला, छुटे कोन उपाय,
संगत करीये निर्बंधकी, पळमे दिये छुटाय.

બંદીવાનને બીજો બંધો મળે તો છુટવાનો ઉપાય શું થઇ શકે? સંગત કરવી બંધથી મુક્ત હોય તેની, (ગુરૂની), જે પળવારમાં (જેલના રખેવાલની માફક) છોડવી શકે છે.

एक घडी आधी घडी, आधी उनमें आध,
संगत करिये संतकी, तो कटे कोट अपराध.

સંતની સંગત એક ઘડી, અડધી ઘડી કે ઘડીનો આઠમો હિસ્સો પણ કરવી. કારણ કે તેથી એક કરોડ પાપો તત્કાળ ભસ્મ થઇ જાય છે.

ز کوی مغان روی مگردان کانجا   فروشند مفتاح مشکل کشائی
آنروز بردلم در معنی کشاده شد   کز ساکنان درگهٔ پیر مغان شدم
منم که گوشهٔ میخانه خانقاه من است   دعای پیر مغان ورد صبحگاه من است
غرض ز مسجد و میخانه وصال شماست   جز این خیال ندارم خدا گواه من است
آمد افسوس کنان مغبچهٔ باده فروش   گفت بیدار شو ای رهرو خواب آلوده
شست وشوی کن و آنگه بخرابات خرام   تا نگردد ز تو این خراب آلوده
بطهارت گذران منزل پیری و مکن   خلعت شیب بتشریف شباب آلوده
بندهٔ پیر مغانم که ز جهلم برهاند   پیر ما هرچه کند عین رعایت باشد

کیمیائیست عجب بندگي پیر مغان خاك او گشتم و چندین درجاتم دادند

مرید پیرِ مغان ز من مرنج ای شیخ چرا که وعده تو کردی و او بجا آورد

خلقهٔ پیر مغان ز ازل در گوش است ما همانیم که بودیم و همان خواهد بود

بباغ تازه کن آئینِ زرتشتی کنونکه لاله برافروخت آتش نمرود[1]

حافظ

GURU.

And a certain scribe came, and said unto him, Master, I will follow thee withersoever thou goest.... And another of his disciples said unto him Lord, suffer me first to go and bury my father. But Jesus said unto him, Follow me: and let the dead[2] bury their dead. (*St. Matthew 8—19 to 22.*)

But be not ye called Rabbi: for one is your Master, even Christ; and all ye are brethren.[3] (*St. Matthew 23-8*).

Watch ye therefore; for ye know not when the master of the house cometh, at even or at midnight or at the cock-crowing, or in the morning: lest coming suddenly he find you sleeping. And what I say unto you I say unto all, Watch! (*St. Mark 13—35 to 37.*)

Knowing that whatsoever good thing any man doeth, the same shall he receive of the Lord, whether he be bond or free. And, ye masters, do the same things unto, forbearing threatening; knowing that

---

1. See Mr. Dinsha J. Irani's contibutrion in the Cama Oriental Journal No. 7 for further development of this subject. 2. Dead to the spiritual world. 3. Brotherhood of disciples.

your Master also is in Heaven; neither is there respect of persons with him. Finally, my brethren, be strong in the Lord, and in the power of his might.

(*Ephesians VI—8 to 10.*)

Then shall the king[1] say unto them on his right hand, Come, ye blessed of my Father, inherit the kingdom prepared for you from the foundation of the world; for I was hungered, and ye gave me meat; I was thirsty, and ye gave me drink; I was a stranger, and you took me in; naked and ye clothed me: I was sick and ye visited me: I was in prison, and ye came unto me. Then shall the righteous answer him, saying, Lord, when saw we thee hungered and fed thee? or thirsty and gave thee drink?....And the king shall answer unto them, Verily I say unto you, Inasmuch as ye have done it unto one of the least of these my brethren[2], ye have done it unto me.

(*St. Matthew XXV—34 to 40.*)

And why call ye me, Lord, Lord, and do not the things which I say? (*S. Luke VI—46.*)

No God is there but Allah, and Mahomed is His prophet. (*The Koran.*)

The teacher is like the candle which lights others in consuming itself. (*Ruffini.*)

He who honestly instructs, reverences God.

(*Mahomed.*)

Long is the way (to learning) by rules; short and effective by examples. (*Seneca.*)

---

1. Master or True Christ. 2. Brotherhood of all mankind is here clearly preached.

Whoso is pure of heart and sweet of speech,
It matters not if he has a rosary on his neck or no.

Whoso has made clear the way of self-knowledge,

It matters not if he have clotted hair on his head or no. (*Tukaram.*)

I esteem my teacher higher than my father,
From my father came to me grace and honor,
But my teacher nurtured my spirit and the spirit is a pearl,
While my father nurtured my body, which is but a shell. (*Majani-ul-adal.*)
The man of God is drunken without wine;
The man of God is filled without meat;
The man of God is always wondering;
The man of God is not formed from dust and wind;
The man of God is a king in ragged raiment;
The man of God is a treasure in a dust-heap.
The man of God is not skilled in bookish lore;
The man of God is hidden, O my son!
The man of God seek him and thou shalt find him. (*Jalaludin Rumi.*)
Every one who is crucified like Mansur[1]
After death his cross becomes a fruitful tree.

(*Abdurrahman.*)

The treasuries of God are the hearts of saints.

(*Ghazzali.*)

---

1. Mansure Hallaj, the great Sufi, put to death at Baghdad, A.D. 922, for exclaiming "I am The Truth (God)".

God's servants are His shadows here below on
earth,
To this world dead, but living in a second
birth. (*Jalaludin Rumi.*)

The Sufi's book is not a book of black letters,
The Sufi's book is a heart as white as snow.
(*Ibid.*)

The true Sufi is he alone, I say,
Who, what he has within his head lays down,
Gives what he has within his hand away,
And takes alike time's fickle smile and frown.
(*Abu Said.*)

The treasures of learned men are the traces
of the pen,
The treasures of the Sufi are the footprints
of the saints. (*Jalaludin Rumi.*)

Tell him I look for no recompense—not even to be born in heaven, but seek the benefit of men, to bring back those who have gone astray, to enlighten those living in dismal error, to put away all sources of sorrow and pain from the world. (*Fo-pen-hing-kih-king, Ch. 18.*)

અષોઈ.

અષઁમ વૉહૂ વહિશ્તઁમ અસ્તી,
ઉશ્તા અસ્તી, ઉશ્તા અહ્માઇ
હ્યત્ અષાઇ વહિશ્તાઇ અષઁમ.

અષોઇ (એ) સર્વથી શ્રેષ્ઠ નેઆમત છે (તથા) સુખ છે; સુખ તે (શખ્સ)ને (છે), કે જે સહુથી શ્રેષ્ઠ અશોઇને ખાતરજ અશો (છે).

હુઇથ્યાવર્શ્તાંમ્ હ્યત્ વસ્ના ફ્રષોતઁમઁમ્ સ્તઑમિ અષઁમ.

અષોઇના સત્ય કાર્ય કરનારાઓની જે ખાહેશ (છે, તે બીજી સઘળી ખાહેશોથી) ઘણીજ ચઢતી (છે). અષોઇને હું વખાણું છું.

(હોરમજ્દ ખોદાય.)

હુક્ષથ્રોતઁમાઇ બાત્ ક્ષથ્રઁમ, અહ્માત્ હ્યત્ અઇબી-દદ્‌મહિચા, ચીશ્મહિચા, હ્વાનમહિચા હ્યત્ મજ્દાઇ અહુરાઇ, અષાઇચા વહિશ્તાઇ.

પાદશાહી સર્વોતમ પાદશાહ (અહુરમજ્દ)ને ખચીત (હોજો)! અહુરમજ્દ જે (પોતે) સહુથી શ્રેષ્ઠ અષોઇ (તે)ની તરફ અમે મન લગાડીએ છીએ, (અથવા તેની સેવામાં રોકાઇએ છીએ), (તથા) તેને અમે કબુલ રાખીએ છીએ તથા તેને અમે પોતાનો તરીકે ગણીએ છીએ.

(બાજ પેશાબની.)

સ્રઑષઁમ અષીમ્ હુરઑઘ્રઁમ, વઁરેથ્રાજનઁમ ફ્રાદત્-ગએથઁમ અષવનઁમ અષહે રતૂમ યજમઇદે.

ખુબસુરત, ફત્તેહમંદ, જગતની વૃદ્ધી કરનાર, પવિત્ર તથા અશો સરોશ (યજદ) (જે) અશોઇનો સરદાર (તેને) અમે વખાણીએ છીએ.

(સરોશ બાજ.)

વંઘુઉહીશ્ચ અધાઓ વંઘુઉહીશ્ચ અષયો, હુપઉર્વાઓ વહેહીશ, અપરાઓ રાસઁન્તીશ દરેઘો-વારેથ્મનો. યથ નો મજિશ્તાઑસ્ચ વહિશ્તાઑસ્ચ સ્રએશ્તાઑસ્ચ અષયો ઍરેન્વન્તે. અમઁષનાંમ સ્પેન્તનાંમ યસ્નાઇચ વહ્માઇચ ક્ષ્નઑથ્રાઇચ ફ્રસસ્તયએચ, ફ્રદથાઇ અહે ન્માનહે,

ફ્રદથાઇ વીસ્પયાઓ અષઓનો સ્તોઇશ, હમિસ્તેએ વીસ્પયાઓ દ્રવતો સ્તોઇશ. સ્તવસ્ અષા યે હુદાઓ યોઇ હન્તિ.

સારાં દાન, પુણ્યનાં કાર્યો તથા સારાં અષોઇનાં કાર્યો (જે) ઘણાજ ચઢતે દરજ્જેનાં (તથા) વધારે ભલાં (છે), તથા પાછળથી (એટલે પરીણામમાં) (આપણને) (મદદે) પોંહચનારાં (તથા) લાંબો વખત સુધી બચાવ કરનારાં (છે, તેમને) (હું વખાણું છું), જેથી સહુથી મોટી તથા સહુથી સરસ તથા સહુથી શ્રેષ્ઠ અષોઇ અમને પ્રાપ્ત થાય.

(શું કરવા અષોઇ મેળવીએ તે વીશે નીચે જણાવે છે) અમેશાસ્પંદોની યજશ્ને કરવાને માટે, (તેમની) આરાધના કરવાને માટે, (તેમને) ખુશનુદ કરવાને માટે, અને (તેમની) કીર્તિ ગાવાને માટે, (તથા) આ ઘરની આબાદીને માટે, (તથા) અશો (હોરમજદ)ની તમામ સૃષ્ટિની આબાદીને માટે, (તથા) દરવંદના તમામ સૃષ્ટિની વિરૂદ્ધ થવાને માટે (અમને તે અષોઇ મળે). અષોઇને લીધે તેની કીર્તિ હું ગાવું છું, જે (પોતે) સારાં ડહાપણવાળો (છે), (તથા) જેઓ (એટલે તેના અમેશાસ્પંદો) (બી તેવાજ) છે. (હોશબાંમ.)

ક્ષયમ્નૅમ્ અષવનૅમ્ દાયત. અક્ષયમ્નૅમ્ દ્રવન્તૅમ્. વસો-ક્ષથ્રો ખ્યાત્ અષવ; અવસો-ક્ષથ્રો ખ્યાત્ દ્રવાઓ ગતો હમિસ્તો, નિજ્ર-ઑરતો હચ સ્પૅન્તહે મઇન્યેઉશ્ દામબ્યો, વરતો અવસો-ક્ષથ્રો.

અશો (માણસ)ને રાજ કરનારો તું ઠેરવ, દરવંદ (એટલે પાપી માણસ)ને રાજ ન કરનારો (તુ બનાવ). અશો (માણસ) પોતાની મરજી પ્રમાણે રાજ્ય કરનારો થાય; દરવંદ (એટલે પાપી પુરૂષ) દુ:ખમાં પડેલો, સ્પેનામીનોની સૃષ્ટિમાંથી બહાર કાઢી મુકેલો, (પોતાની યુક્તિઓમાં) નિષ્ફળ થએલો, (તથા) પોતાની મરજી પ્રમાણે હકુમત ન ચલાવનારો (થાય)! (હોશબાંમ.)

અષ વહિશ્ત, અષ સ્રએશ્ત, દરેસામ થ્વા, પઇરિ થ્વા જમ્યામ, હમૅમ્ થ્વા હખ્મ.

સહુથી ઉત્તમ અશોઇથી, (તથા) શ્રેષ્ઠ અશોઇની મારફતે, (હે અહુરમજદ!) તને અમે જોઇએ, (તથા) તારી નજદીક અમે આવ્યે, (તથા) તારી સદાકાળની મીત્રતાને અમે પોંહચ્યે. (હોશબાંમ.)

આઅત યત્ હ્વરૅ ઉજાક્ષ્યેઇતિ, બવત્ જાંમ અહુરધાતાંમ યઑજદાથ્રૅમ, આપૅમ તચિન્તાંમ યઑજદાથ્રૅમ, આપૅમ ખાંન્યામ યઑજદાથ્રૅમ, આપૅમ જરયનાંમ યઑજદાથ્રૅમ, આપૅમ અર્મએશ્તાંમ યઑજદાથ્રૅમ, બ્વત દાંમ અષવ યઑજદાથ્રૅમ, યાઓ હૅન્તિ સ્પૅન્તહે મઇન્યેઉશ.

જ્યારે સૂર્ય ઉગે છે (ત્યારે) (તે) અહુરમજદની પેદા કીધેલી જમીનને પવીત્ર કરવાનું સાધન થાય છે, વેહતાં પાણીને પવીત્ર બનાવવાનું સાધન (થાય છે), ઝરાનાં પાણીને પવીત્ર કરવાનું સાધન (થાય છે), દરિયાનાં પાણીને પવીત્ર બનાવવાનું સાધન (થાય છે), થમ પાણીને પવીત્ર કરવાનું સાધન (બને છે), તથા અશો સૃષ્ટિ કે જે સ્પેનામીનોની છે (તેને) પવીત્રાઇ આપનાર સાધન બને છે.

(ખોરશેદ નિયાયશ, ફ૦ ૧૨.)

આય નો જમ્યાત્ અષવરતાઇ.........મિથ્રો યો વૉઉરૂ-ગઑયઑઇતિશ.

જે બોહળાં ખેતરવાળો મેહર (યજદ) (તે) અમારી અષોઇને માટે (અત્રે) આવે! (મેહર નિયાયશ, ફ૦ ૧૪.)

ઉસ્-મોઇ ઉજારૅષ્વા અહુરા.

અએ હોરમજદ! તું મને પવિત્ર કર! (આતશ નિયાયશ.)

અષા હજો એમવત્ દસ્વા.

અષોઇને લીધે તું મને હિમ્મતવાળું જોર બક્ષ. (આતશ નિયાયશ.)

અષા દએનાઓ ફ્રદક્ષયા.

અષોઇ મારફતે (તું મને) દીન શીખાડ. (આતશ નિયાયશ.)

દાયાઓ મે, આતર્શ પુથ્ર અહુરહે મજદાઓ......વહીશ્તૅમ અહૂમ અષઑનાંમ રઑચંઘ્હૅમ વીસ્પો-ખાથ્રૅમ, જજે-બુયે વંઘ્હાઉચ મીજદે, વંઘ્હાઉચ સ્રવહિ, ઉરૂનએચ દરૅઘે હવંઘ્હે.

હે! અહુરમજદના પુત્ર આતશ! તું મને અશો લોકોનું રોશન, તમામ આરામવાળું સ્વર્ગ આપ, (અને તે સ્વર્ગ) ભલા બદલામાં, ભલી બંદગીમાં (ભક્તિને લીધે), તથા (મારાં) રવાનની લાંબા વખતની પવિત્રાઇ(ના બદલા)માં હું મેળવું! (આતશ નિયાયશ, ફ૦ ૬.)

સ્તૂમ્ બૅરૅજન્તૅમ્ યજમઇદે યિમ્ અહુરૅમ્ મજદાંમ્, યો અષહે અપનોતૅમો, યો અષહે જવ્રૂમૂસ્તૅમો.

શ્રેષ્ટ સરદાર જે અહુરમજદ (તેને) અમે યાદ કરીએ છીએ, જે (અહુરમજદ) અષોઇમાં સર્વથી ચઢતો (તથા) જે અષોઇમાં ઘણોજ મદદ કરનારો (છે). (હાવન ગેહ, ફ૦ ૧૦.)

નાઇરિકાંમ્ચ અષઑનીમ્ યજમઇદે...નરૅમ્ચ અષવનૅમ્ યજમઇદે.

અશો નારી (ને) અમે વખાણીએ છીએ......અશો નરનું અમે સ્તવન કર્યે છીએ. (અઈવિસ્રુથ્રેમ ગેહ, ફ૦ ૯.)

ઉશ્તા અસ્તી ઉશ્તા અહ્માઇ, ઉશ્તાતાઈત્ય વીસ્પૅમ્ અષવનૅમ્ વીસ્પાઇ અષઑને પર-ચિનસ્તિ, યથના સ્તાઈત્ય વીસ્પૅમ્ અષવનૅમ્ વીસ્પાઇ અષઑને પર-ચિનસ્તિ.

ઉશ્તા અસ્તી ઉશ્તા અહ્માઇ (એ કલામ બોલતાં) (ભણનાર) જેમ દરેક અશો (માણસ)ને, દરેક અશો (માણસ) તરફ મક્કમપણે શામેલ કરે છે. (ક્રાશ્રઓતનો હા, ફ૦ ૨.)

યત્ અષાઈ વહિશ્તાઇ અષૅમ્, પર ચિનસ્તિ વીસ્પૅમ્ માંથ્રૅમ્ વીસ્પૅમ્ માંથ્રાઇ, યથ અષાઈ ક્ષથ્રૅમ્ ચિનસ્તિ, યથચ જ્બયેન્તે અષઑને અષૅમ્ ચિનસ્તિ, યથચ ક્ષમાવોય અષૅમ્ ચિનસ્તિ યત્ સઑષ્યન્તએઇબ્યો.

યત્ અષાઇ વહિશ્તાઇ અષૅમ્ (એ કલામ બોલતાં) (ભણનાર) આખી માંથ્રવાની દરેક માંથ્રવાની જાણનારને માટે સ્વિકારે છે, જેમ (તે) અષોઇને માટે પાદશાહી (સર્વોપરી) કબુલ રાખે છે, તથા જેમ (મીનોઇ યજદોની) આરાધના કરનાર અષો (માણસ)ને માટે, અષોઇ કબુલ રાખે છે, તથા જેમ તમે ફાયદો કરનારાઓ માટે, (તે) અષોઇ કબુલ રાખે છે. (ક્રાશ્રઓતનો હા, ફ૦ ૩.)

મજદાઑ ક્રાશ્રઑત્; ચીમ્ ક્રાશ્રઑત્; અષવનૅમ્ મઇન્યઑમ્ચ ગએથીમ્ચ. સ્વાંસ ક્રાશ્રઑત્ ક્રવાકૅમ્; વહિશ્તો ક્ષયમ્નો સ્વન્તૅમ્, અષવનૅમ્ વહિશ્તૅમ્ચ અવસો-ક્ષથ્રૅમ્ચ.

(દાદાર) અહુરમજદે (અષેમ્ વોહૂનો કલામ) જાહેર કીધો. કોણને જાહેર કીધો?

(જવાબ):—મીનોને લગતા તથા ગેતીને લગતા અષો (માણસ)ને.
કયા અધિકારથી (તે અષેમ્ વોહૂનો) કલામ (તેણે) જાહેર કર્યો?
(જવાબ):—સર્વથી શ્રેષ્ઠ રાજ્યકર્તા લેખે.
કોણને (જાહેર કર્યો)?
(જવાબ):—પોતાના મનના તુરંગ પ્રમાણે ન ચાલનાર, અષોઇથી સર્વથી શ્રેષ્ઠ (માણસ)ને. (ફ્રાબ્રઓતનો હા, ફ૦ ૪.)

કત્ અસ્તિ માંથ્રહે સ્પૅન્તહે......વીસ્પહે અંઘ્રહેઉશ્ અસ્તત્વતો અંઘ્રહ્વાંમ્ અસ્તિ વીમરૅજિશ્તૅમ.

આઅત્ ઓઅૉત્ અહુરો મઝ્દાઑ અષાઉંમ્ નાંમ્, સ્પિતમ જરથુશ્ત્ર, યત અમૅષનાંમ સ્પૅન્તનાંમ્. તત્ અસ્તિ માંથ્રહે સ્પૅન્તહે ...વીસ્પહે અંઘ્રહેઉશ્ અસ્તત્વતો ... અંઘ્રહ્વાંમ્ અસ્તિ વિમરૅજિશ્તૅમ.

માંથ્ર સ્પેન્તો કયો ભાગ આખી હાડમંદ દુનિયામાં જીવને સર્વથી વધુ પવીત્ર કરનારો છે?

ત્યારે અહુરમજ્દે જવાબ આપ્યો કે હે સ્પીતમાન જરથોશ્ત! હમો અમેશાસ્પંદોનાં નામો માંથ્ર સ્પેન્તનો તે ભાગ છે, (જે) તમામ હાડમંદ દુનિયાંમાં જીવને ઘણોજ પાક કરનારો છે. (હોરમજદ યશ્ત, ફ૦ ૧-૫.)

અષવ નાંમ અહ્મિ, અષવસ્તૅમ નાંમ અહ્મિ.

(હું) અષો નામવાળો છું, (હું) સર્વથી અષો નામ ધરાવનાર છું. (હોરમજદ યશ્ત, ફ૦ ૧૨.)

કત્ અષવ મજ્દ વનત્ દ્રવન્તૅમ. અષવ વનત્ દ્રુજિમ્, અષવ વનત દ્રવન્તૅમ.

હે અહુરમજદ! શું અશો (માણસ) દરવંદને (એટલે દુષ્ટ માણસને) મારે? જવાબઃ—(હા) અષો (માણસ) દરૂજને મારે; અશો (માણસ) દરવંદને મારે. (હોરમજદ યશ્ત, ફ૦ ૨૮.)

અષહ્યા આઅત્ સઇરી, અષહ્યા વૅરૅજેને, કહ્માઇચીત્ હાતાંમ જીજિષાંમ્ વહિશ્તાંમ આદ્દા ઉબોઇબ્યા અહુબ્યા.

અષોઇની સરદારી હેઠળ (તથા) અષોઇના કાર્યમાં (કાયમ રહિને), હયાતોમાંનો કોઇ નર, બન્ને દુનિયામાં સર્વથી ઉત્તમ જીવન ગાળવા ઇચ્છતો (હોય, તો) (તેને) સખી (થવું). (મ્હોટી હપ્તન યશ્ત, ક૦ ૧, ફ૦ ૮.)

યાઑસ્ચા તોઇ ગેનાઑ અહુરા મજ્દા, અષાત્ હચા વઇર્યાઑ, તાઑ યજમઇદે. ઇજાઑ, યઓશતયો, ફ્રૅરતયો, આર્મતયો, વંઘુહીમ આબીશ્ અષીમ, વંઘુહીમ ઇષમ, વંઘુહીમ આજાુઇતીમ, વંઘુહીમ ફ્રસસ્તીમ, વંઘુહીમ પરૅન્દીમ યજમઇદે.

હે અહુરમજદ! (આ નીચે જણાવેલી) તારા નારી સ્વરૂપના ફરેશ્તા તથા નીતિના ગુણો જે અપોઇને અંગે પસંદ કરવા યોગ્ય (છે), તેમને અમે વખાણીએ છીએ. સુખાકારી, પવિત્રાઇ, વૃદ્ધિ, સંપૂર્ણ મનશ્ની, તેની સાથે વળી નમ્રતા, ભલી ઇચ્છા, ભલી આબાદી, ભલું શીક્ષણ, (તથા) ભલી પારેન્દિ[1] (એ સર્વને) અમે વંદીએ છીએ.

(મ્હોટી હપ્તન યશ્ત, કo ૪, ફo ૧-૨.)

અપો અત્ યજમઇદે, મએકઇન્તીશ્ચા, હેબ્વઇન્તીશ્ચા, ફ્રવજંઘ્હો, અહુરાનીશ્ અહુરહ્યા, હુવપંઘ્હાઑ, હુપૅરૅથ્વાઑસ્ચા વાઑ, હુવોઘ્જથાઑસ્ચા, હુસ્નાથ્રાઑસ્ચા, ઉબોઇબ્યા અહુબ્યા ચગેમા.

ટીપાતાં, એકઠાં થતાં તથા આગળ વહેતાં પાણીઓને અમે વખાણ્યે છીએ. હે! અહુરમજદનાં (તથા) અહુરમજદને લગતાં (પાણીઓ!) (અમે) તમને ખુબીવાળાં, બોહળાં, સારી પેઠે વેહતાં, (તથા) બન્ને દુનિયાંને સારૂં પવીત્ર કરનારાં લેખીએ છીએ.

(મ્હોટી હપ્તન યશ્ત, કo ૪, ફo ૩.)

દાઇદી અત નેરાંશ્ મજ્દા અહુરા, અષાઉનો અષ-ચિનંઘ્હો, અઇદ્યૂશ્ વાસ્ત્રયેંગ્, દરૅગાઇ ઇજાઇ બેજવઇતે હખ્મઇને, અહ્માઇબ્યાચા અહ્મા રફ્નંઘ્હો.........ઉતા ખ્યામા મજ્દા અહુરા અષવનો ઍરૅશ્યા.

લાંબો વખત સુધી ચાલે તેવી આબાદીને માટે, (તથા) મજબુત મિત્રાચારીને માટે, (હે અહુરમજદ!) અશોઇની ઇચ્છા ધરાવનાર, ચાલાક તથા મેહેનતુ અષો માણસો અમને તથા અમને ખુશાલ કરનારાઓને તું આપ. વળી અમે અષો તથા નીર્મળ થઇએ.

(મ્હોટી હપ્તન યશ્ત, કo ૬, ફo ૩-૪.)

અહ્યા હ્વો ને દાઇદી, અહ્માઇચા અહુયે મનખ્યાઇચા; તત્ અહ્યા યા તત્ ઉપા-જમ્યામા, તવચા સરૅમ્ અષખ્યાચા વીસ્પાઇ યવે.

---

૧. એક ફરેશ્તો.

અએ અહુરમજદ! મારા જેવા ધર્મિષ્ટોને જે બદલો તેં આપ્યો છે (તેટલો, બદલો), આ તથા મીનોઇ દુનિયા સારૂં, તું પોતે અમને આપ, કે તેને લીધે સદાકાળ સુધી તારી તથા અષોઇની સરદારીને અમે પહોંચ્યે. (મ્હોટી હપ્તન યશ્ત, ક૦ ૬, ફ૦ ૬.)

અથઉરૂનાંમચા પઇતીઅજાંથ્રૅમ યજમઇદે, યોઇ યેયાં દૂરાત્ અષો-ઇષો દખ્યુનાંમ.

અથોરનાનોનાં પાછા આવી પહોંચવાને અમે વખાણીએ છીએ, જેઓ દેશોની પવિત્રાઇ (વધારવા)ની ઇચ્છા રાખતા, દુર સુધી જાય છે. (મ્હોટી હપ્તન યશ્ત, ક૦ ૮, ફ૦ ૬.)

ગરો–ન્માનૅમ્ ઉરૂયો અસ્તિ અષાવઑયો. નએચિશ દ્રૂવતાંમ્ અયેને પઇતિશ ગરો ન્માનૅમ્, રવૉહુ અષાયઑનૅમ્ ચિથ્રૅમ અહુરૅમ મજ્દાંમ્.

ગરોથ્માન (બેહશ્ત) અષો માનવીઓને માટે છે: અષો (લોકો)નું સ્થળ (જે) ગરોથ્માન (છે) તે તરફ જવામાં (તથા) કુશાદગીમાં (એટલે સગવડથી) જાહેર રીતે (દાદાર) અહુરમજદ તરફ (જવામાં), દુષ્ટ માણસોમાંનો કોઇપણ નથી હોતો. (અરદીબેહેશ્ત યશ્ત, ફ૦ ૪.)

બએષજનાંમ્ બએષજયોતૅમો યત્ માંથ્રૅમ્–સ્પૅન્તૅમ્–બએષજ્યો, યો નર્શ્ અષઑનો હચ ઉરૂથ્વાંન્ બએષજ્યાત્.

પવિત્ર માંથ્રવાણી ઉચ્ચારીને સાજું કરનાર (સઘળા) વૈદોમાં સર્વથી શ્રેષ્ઠ તંદોરસ્તી આપનાર (છે), (કારણકે) તે અષો માણસનાં ભીત્તરથી તેને આરોગ્યતા આપે છે. (અરદીબેહેશ્ત યશ્ત, ફ૦ ૬.)

આઅત્ પઑઇરીમ્ ફ્રશ્રઑમિ નરૅમ્ અષવનૅમ્; યેજિ પઑઇરીમ્ ફ્રશ્રઑમિ નરૅમ્ અષવનૅમ્ ઇમત્ રપૂન્વો રજિશ્ત, ઇમત્ અમૅષ-એઇબ્યો સ્પૅન્તએઇબ્યો, યો અસ્તિ મઇન્યવનાંમ્ યજતનાંમ્, નઇસ્યો નામનાઑ તાઑ બૂજત્ નરૅમ્ અષવનૅમ્. હચ ન્નસૂમ્, હચ હષિ, હચ ઘષિ, હચ સએને, હચ બૂજિ, હચ હએનયાઑ પૅરૅથુ–અઇનિકયાઑ, હચ દ્રફ્ષયાઑ પૅરૅથુ–ઉજ્ગૅરૅપ્તયાઑ, હચ મષ્યાઇ દ્રૂવઇત્યાઇ સાસ્તયાઇ, હચ સ્તરાઇ વઇસ્યાઇ, હચ નરો સાસ્તયાઇ, હચ યાતાઇ, હચ પઇરિકાઇ, હચ ઉરૂવિસ્ત.

સર્વથી પહેલાં અષો માણસને હું પસંદ કરૂં છું. અષો માણસને એટલા માટે હું પસંદ કરૂં છું કે તેને સર્વથી સાચો રબ્ને યજદ તથા અમેશાસ્પંદો તથા મીનો યજદો, નસુશ (દૈત્યથી), હષિ દૈત્યથી, ઘષિ (દૈત્ય)થી, સએની (દૈત્ય)થી, બુજિ (દૈત્ય)થી, પુષ્કળ પલટણવાળાં લશ્કરથી, ઉંચે પકડેલા બોહળા વાવટા (અથવા ભાલા)થી, દુષ્ટ (તથા) જુલમગાર માણસથી, ધાતુનાં બનાવેલાં ખંજરથી, જુલમગાર માણસોથી, જાદુગરથી, પરીથી (તથા) ભુલા પાડે એવા રસ્તાથી રક્ષણ આપે છે. (ખોરદાદ યશ્ત, ફ૦ ૩-૪.)

હો ઇથ વ્યાખ્મન્યેઇતિ, હો ઇથ પૅરૅસન્યેઇતિ. કો માંમ્ નૂરાંમ્ ક્રાયજાઇતે, ગઑમવઇતિબ્યો, હુઑમવઇતિબ્યો જઑથ્રાબ્યો; કહ્માઇ અર્જૅમ્ દધાંમ્ ગઑયાંમ્ ઇશ્તીમ્, ગઑયાંમ્ વાંથ્વાંમ્ હવહેચ ઉરૂનો યઑજ્દાથ્રૅમ્. નૂરાંમ્ અહ્મિ યેસન્યસ્ચ વહ્મ્યસ્ચ અંઘ્રઉહે અસ્તવઇતે, અષાત્ હચ યત્ વહિશ્તાત્.

એ તરફ તે (તેશતર) સભા બોલાવે છે, (તથા) એ તરફ (સભાસદોને) તે (નીચે મુજબ) પુછે છે:—હવે કોણ મને જીવામ સાથની (તથા) હોમ સાથની ક્રિયાની ભેટોથી ઇજશે? કોણને હું ગાયનાં ટોળાની દોલત (તથા) ગાયનું ટોળું (તથા) પોતાનાં રવાનની પવિત્રાઇ બક્ષું? સર્વથી શ્રેષ્ટ પવિત્રાઇને લીધે હાડમંદ દુનિયાંમાં હવે (હું) યજશનીને લાયક તથા આરાધનાને લાયક છું.

(તીર યશ્ત, ફ૦ ૧૭.)

ના અષવ આફ્રિવચસ્તૅમો, હો વૅરૅથ્ર વૅરૅથ્રવસ્તૅમો.

અશો માણસ સર્વથી વધુ દુઆ (કલ્યાણ)ના સુખન ઉચરનારો (છે), તે ફત્તેહની મારફતે સર્વથી વધુ ફત્તેહમંદ (હોય છે).

(સરોશ હાદોખ્ત, ફ૦ ૩.)

યસ્ચ, જરથુશ્ત્ર, ઇમત્ ઉખ્ધૅમ્ વચો ફ્રવઑચાત્, ના વા નાઇરિ વા, અષ-સર મનંઘ્રહ, અષ-સર વચંઘ્રહ, અષ-સર શ્યઑથ્ન.........કહ્મિ કહ્મિચિત્ વા અઇપ્યનાંમ્; કહ્મિ કહ્મિચિત્ વા અરથ્યનાંમ્ થ્વઍષો બિવિવાઑ; નોઇત્ દિમ્ યત્ અંઘ્રહે અયાંન્, નોઇત્ અંઘ્રહાઑ ક્ષપો, દ્રવાઑ જૅરૅતો જરનુમનો જજરાનો, અષિબ્ય અવ-સ્પશ્તિચિન અવિ અવ-સ્પષ્નઑત્, નોઇત ગધહે વજો-વાંથ્વ્યેહે ત્બઍષો ફ્રાંશ તિચિન ફ્રાષ્નુયાત્.

હે જરથુશ્ત્ર! જે કોઇ નર અથવા નાર આ બંદગીનો મંત્ર (એટલે અહુનવર) અતિશય અષોઇવાળાં મનથી, તે અતિશય અષોઇવાળાં વચનથી (તથા) અતિશય અષોઇવાળાં કાર્યથી આફતોમાંની કોઇ પણ (આફતની વખતે), અથવા કવખતમાંના કોઇએ (કવખતે), ભયમાં (આવી પડેલો હોય) (અથવા) બીધેલો (હોય), (ત્યારે) ભણે (તો), તેને તે દહાડે (અથવા) તે રાતે (એટલે જે વખતે ભણે ત્યારે), (કોઇ પણ) દુરવંદ, જુલમગાર, દુઃખ દેનાર, (અથવા) ઇજા કરનાર (પોતાની) બે આંખોથી (તે ભણનાર) (ઉપર) નજરે (દેખીતી આંખો છતાં) જોઇ શકે નહી; (તથા) જોરાવર ટોળકીવાળા લુટારાની બુરાઇ આગળ વધીને (તે અહુનવર ભણનારને) પહોંચી વળી શકે નહી.

(સરોશ હાદોખ્ત, ફ૦ ૪-૫.)

મા હે મઇર્યો ગેઉર્વયોઇત.....મા અષાવો.

યેજિ-પે મઇર્યો ગેઉર્વયાત્..... અષાવો......પર બઍષજ હુચઇતે ચૅરથ્રઘ્નો અહુરધાતો.

તે (ઇજેલી ચીજ) પાપી માણસ (તથા) અષોઇને તોડનાર માણસ હાથમાં ન પકડે અને જો (ઇજેલી ચીજ) પાપી માણસ (તથા) અષોઇને તોડનાર હાથમાં પકડે તો અહુરમજદે પેદા કરેલો બેહરાંમ (યજદ) તંદોરસ્તીના ઉપાય છીનવી લે છે.

(બહેરાંમ યશ્ત, ફ૦ ૫૧-૫૨.)

હઑમૅમ......નિપાતારૅમ્ વૉહુ બઇરે.

હોમ (જે) સારી (ચીજ)ને બચાવનાર તેને હું મારી પાસે રાખું.

(બહેરાંમ યશ્ત, ફ૦ ૫૭,)

આઅત્ મે અએમ્ પઇતિ-અઑખ્ત હઑમો અષવ દૂરઑષો, અઍમ્ અહ્મિ જરથુશ્ત્ર હઑમો અષવ દૂરઑષો.

ત્યારે તે અશો (તથા) દર્દને પાછળ નાખનાર હોમે મને જવાબ આપ્યો કે, હે! જરથુશ્ત્ર! હું અશો (તથા) દર્દને પાછળ નાખનાર હોમ છું.

(મ્હોટી હોમ યશ્ત, ક૦ ૧, ફ૦ ૨.)

યો જનત્ અજીમ્ દહાકૅમ્......યાંમ્ અશ્-અઑજસ્તૅમાંમ્ દ્રુજૅમ્ ફ્રચ કૅરૅન્તત્ અંઘ્રો મઇન્યુશ, અવિ યાંમ્ અસ્તવઇતીમ્ ગએથાંમ્, અહ્કઇ અષહે ગએથનાંમ્.

જેણે (ફરેદુને) ઝોહાકને માર્યો, જે ઘણાજ બળવંત દ્રુજને (ઝુહાકને) (આ) હાડમંદ દુનિયા ઉપર અષોઇના મુલકોના નાશને માટે અંગ્રેમઇન્યુશે પેદા કર્યો. (મ્હોટી હોમ યશ્ત, ક૦ ૧, ફ૦ ૮.)

અષિશ્ વંઘ્ઉહિ રામયત્ ઇધ ઉપ ઇમત્ ન્માનૅમ્, યત્ આહૂઇરિ યત્ હઓમહે અષવઝંઘ્હે.

આ ઘર કે જે હોરમજદી (તથા) જે અષોઇનું કૌવત આપનાર હોમનું (છે, તેમાં) અશિશવંઘ ખુશાલી (અથવા) સુખ બક્ષે. (મ્હોટી હોમ યશ્ત, ક૦ ૨, ફ૦ ૧.)

(હઓમ) હઇથીમચ અષહે ખાઓ અહિ.

(હે હોમ!) ખરેખર (તું) અશોઇનું મૂળ છે. (મોટી હોમ યશ્ત, ક૦ ૨, ક૦ ૪.)

હો યો હઓમહે મધો અષ હચઇતે ઉર્વાસ્મન.

હોમની જે કેફ તે આનંદ (તથા) પવિત્રાઇને માર્ગે ચલાવે છે. (મોટી હોમ યશ્ત, ક૦ ૨, ફ૦ ૮.)

વીસ્પનાંમ્ચ આઓંઘ્હાંમ્ પઓઇર્યનાંમ્ ફ્રવષિનાંમ્ ઇધ યઝમઇદે ફ્રવષીમ્ અવાંમ્ યાંમ્ અહુરહે મઝ્દાઓ.........અષાત્ અપનોતૅમાંમ્ચ.

આ તમામ ફરોહરોમાંથી સર્વથી પેહલાં (દાદાર) અહુરમજદનું ફરોહર, જે અશોઇમાં સર્વથી શ્રેષ્ટ, (તેને) આ સ્થળે અમે માન સાથે યાદ કર્યે છીએ. (સતુમનો કરદો, ફ૦ ૨.)

પઓઇર્યનાંમ્ ત્કએષનાંમ્ પઓઇર્યનાંમ્ સાસ્નો-ગૂષાંમ્, ઇધ અષઓનાંમ્ અષઓનિનાંમ્ચ અહૂમ્ચ દએનાંમ્ચ બઓધસ્ચ ઉર્વાનૅમ્ચ ફ્રવષીમ્ચ યઝમઇદે, યોઇ અષાઇ વઓનરે. ગેઉશ્ હુધાઓંગ્હો ઉર્વાનૅમ્ યઝમઇદે. યોઇ અષાઇ વઓનરે. ગયેહે મરૅથ્નો અષઓનો ફ્રવષીમ્ યઝમઇદે. જરથુશ્ત્રહે સ્પિતામહે ઇધ અષઓનો અષીમ્ચ ફ્રવષીમ્ચ યઝમઇદે. કવોઇશ્ વીશ્તાસ્પહે અષઓનો ફ્રવષીમ્ યઝમઇદે. ઇસત્ વાસ્ત્રહે જરથુશ્ત્રોઇશ્ અષઓનો ફ્રવષીમ્ યઝમઇદે. નબાનઝ્દિશ્તનાંમ્ ઇધ અષઓનાંમ્ અષઓનિનાંમ્ચ અહૂમ્ચ દએનાંમ્ચ બઓધસ્ચ ઉર્વાનૅમ્ચ ફ્રવષીમ્ચ યઝમઇદે, યોઇ અષાઇ વઓનરે.

પોરયોહદકેશોમાંના (તથા) પેહલી દીન કબુલ કરનારાઓમાંનાં અષો માણસો તથા અષો નારીઓ, જેઓ અષોઇને માટે ફત્તેહથી લડયાં (તેમના) જાનને, અંતઃકરણને, બુદ્ધીને, રવાનને તથા ફરોહરને આ જગાએ અમે માન સાથે યાદ કર્યે છીએ. સારી પેદાયશના ગોધાનાં (એટલે ગાવ્યોદાદનાં) રવાનને અમે માન સાથે યાદ કર્યે છીએ. અશો ગયોમર્દનાં ફરોહરને અમે માન સાથે યાદ કર્યે છીએ. અશો સ્પેતમાન જરથોશ્તની અશોઇને તથા (તેનાં) ફરોહરને આ ઠેકાણે અમે માનપૂર્વક યાદ કર્યે છીએ. અશો કએ ગુશ્તાસ્પનાં ફરોહરને અમો માન સાથે યાદ કર્યે છીએ. (પેગમ્બર) જરથોશ્તના (વડા દીકરા) અશો એસદવાસ્તનાં ફરોહરને અમે માન સાથે યાદ કર્યે છીએ. જે (ઉપર જણાવેલા મહાન પુરૂષો) અષોઇને માટે ફત્તેહથી લડયા. નબાનજદિશ્તોમાંના અશો (માણસો) તથા અશો (નારીઓ) જેઓ અષોઇને માટે ફત્તેહથી લડયાં (તેમના) જાનને, અંતઃકરણને, બુદ્ધીને, રવાનને તથા ફરોહરને આ ઠેકાણે અમે માન સહિત યાદ કર્યે છીએ.

(સતુમનો કરદો, ક૦ ૪-૫-૬.)

અસિશ્તૅમ અષૅમ, અસિશ્તૅમ નર્શ અષઑનો અઑજો, અસિશ્તો આહુઇરિશ તકએષો. જમ્યાન્ ઇથ્ર અષાઉનાંમ્ વંઘ્રઉહીશ્ સૂરાઑ સ્પૅન્તાઑ ફ્રવષયો, અષોઇશ્ બઅેષજ હચિંગ્રાઑ.

હમેશાં અષોઇ, હમેશાં અષો માણસનું કૌવત (તથા) હમેશાં અહુરમજદી તરીકો (આ ખાનદાનમાંથી) (ઉત્પન્ન થજો)!

અશો (લોકો)નાં ભલાં, ગાલેબ, તથા (દુનિયાની) આબાદી કરનારાં ફરોહરો આ મુકામમાં અષોઇના ઉપાયો પોતાની સાથે લઇને આવે.

(દોઆ તંદોરસ્તી અવસ્તામાં, ક૦ ૩-૪.)

અષવ બવાહિ યથ જરથુશ્ત્રો સ્પિતામો.

સ્પીતમાન જરથોસ્તના જેવા અષો થજો.

(આફ્રીને પેગમ્બર જરથોશ્ત, ક૦ ૪.)

અર્ૅમ્ બોઇધ્ તૂમ્ તા નિપયેમિ વીસ્પ વૉહૂ મઝ્દધાત અષચિથ્ર, માંનયૅન્ અહે યથ પસૂમ્ પસુ-વસ્ત્રૅમ્.

અહુરમજદની સરજેલી અષોઇનાં બીજવાળી તમામ આશીષોનું હું ખચીત રક્ષણ કરૂં છું, (તેમજ) તું (પણ) તેનું (રક્ષણ કરે છે.)

(આવાં યશ્ત, ક૦ ૮૯)

પઇતિ–દિમ્ પૅર્સત્ જરથુશ્ત્રો, કુથ અહુરમજ્દ, ના અષવ યઑજ્દાતાંમ્ જ્યૉથ્રાંમ્ ફ્રંઘ્રઉહ્રાત્, યો કૅરેનવાત્.

(પેગમ્બર) જરથોશ્તે તેને (એટલે દાદાર અહુરમજ્દને) પાછું પુછ્યું કે હે અહુરમજ્દ! (તે) અશો માણસ જેણે (તે જોર અથવા ક્રિયાની મારફતે) તૈયાર કીધી હોય, (તે) પવિત્ર જોરને (અશો માણસ) કેમ ખાય? (મેહર યશ્ત, ફ૦ ૧૨૧.)

યહ્માઇ જ્યૉત અષવ અંઘ્રહેઉસ્ દહ્મૉ તનુ–માંથ્રૉ, ફ્રસ્તૅરેતાત્ પઇતિ બરૅસ્મન્, મિથ્રહે વચ યજાઇતે, રાશ્તૅમ્ અહ્માઇ નઇરે મઇ-ન્યાઇ, મિથ્રો મએથનૅમ્ આચરઇતિ.

જે (માનવી)ને માટે અશો, ઘણો નીતિવાન, પોતાના તનને માંથ્ર (એટલે દીનના ફરમાન)ના તાબામાં રાખનાર, દીનની ક્રિયા કરનાર, પાંથરેલી બરસમથી (તથા) મેહર યજદના વચનથી (એટલે મેહર યજદની નૈયતે ભણવાના અવસ્તાના મંત્રોથી) (મેહર યજદને) આરાધે તો, તે માણસને મદદ કરવા માટે મેહર યજદ તાબડતોબ (તેનાં) મુકામમાં જાય છે. (મેહર યશ્ત, ફ૦ ૧૩૭.)

યહ્માઇ જ્યૉત અનષવ અદહ્મૉ અતનુ–માંથ્રૉ, પસ્ચ બરૅસ્મ ફ્રહિશ્ત, પૅરૅનૅમચ બરૅસ્મ સ્તરાનો, દરૅઘૅમચ યસ્નૅમ્ યજાનો.

જે (માનવીને માટે જો દીનની ક્રિયા કરનાર પુરતી) બરસમ પાંથ-રનાર તથા લાંબી યજશ્ને કરનાર (હોવા છતાં), (જો તે ક્રિયા કરનાર) અષોઇ વગરનો, અનીતિમાન, પોતાના તનને માંથ્ર (એટલે દીનના ફરમાન)ના તાબામાં ન રાખનાર (હોય), (તથા) બરસમની પછવાડે ઉભો રહેતો (હોય તો), (તેથી તેને શું થાય છે?) (મેહર યશ્ત, ફ૦ ૧૩૮.)

રશ્નવો અષાઉમ્, રશ્નવો રજિશ્ત,......રશ્નવો અરૅથમત્ બઇરિશ્ત.

અએ રશ્ને રાસ્ત! અહો સર્વથી રાસ્ત રશ્ને યજદ...અએ અષો (માણસ)ને ઘણોજ ટેકો આપનાર રશ્ને યજદ! (રશ્ને યશ્ત, ફ૦ ૭.)

આઅત યો મા હીશ હુબૅરૅતાઑ બરાત્, જવ અષાઑનાંમ્ ફ્રવષયો સાસ્ત દઇંઘ્રહેઉશ હમો–ક્ષથ્રો, હો અંઘ્રહાઇતિ જજારૅતમો ક્ષયો કસચિત્ મષ્યાનાંમ.

જો કોઇ દેશનો સ્વતંત્ર પાદશાહ જીવતાં જીવત અશો લોકોના આ ફ્રેરોહરોને માટે સારી ભેટો લઇ જાય તો, તે માણસોમાં એક ઘણોજ બળવાન રાજ્યકર્તા થાય છે. (ફ્રવર્દીન યશ્ત, ફ઼૦ ૧૮.)

ઇથ તે જાવર્ં અઑજસ્ચ ખ્રર્નો અવસ્ચ રફ્નસ્ચ ફ્રશ્રઑમિ, ઍરૅજ્વો સ્પિતમ, યત્ અષઑનાંમ્ ફ્રવષિનાંમ્ ઉગ્રનાંમ્ અઇવિથૂરનાંમ્; યથ મે જસૅન્ અવંઘ્રહે, યથ મે બરૅન્ ઉપસ્તાંમ્ ઉગ્રાઑ અષઑનાંમ્ ફ્રવષયો.

અશો (લોકો)નાં જોરાવર, બળવાન ફ્રેરોહરોના કૌવત, એજ્મત, ખોરેહ, મદદ તથા ખુશાલી સારૂં, હે નિર્મલ સ્પીતમાન (જરથુશ્ત્ર)! એ પ્રમાણે તને મેં જાહેર કીધું (તથા) જેવી રીતે અશો (લોકો)નાં તે જોરાવર ફ્રેરોહરો મારી મદદે પહોંચ્યાં (તથા) જે પ્રમાણે (તેમણે) મને કુમક આપી. (ફ્રવર્દીન યશ્ત, ફ઼૦ ૧૯.)

યો હીશ યજાતો કુશ્નવાંનો જ્બયેઇતિ બરો-જ્ઑથ્રો અષવ.

જે કોઇ તેમને આરાધનાર, ખુશ્નુદ કરનાર, બંદગી કરીને મદદે બોલાવનાર, ક્રિયાની ભેટ લઇ જનાર (તથા) અષો (હોય છે, તે)ને (તેઓ) ભલું ખોરેહ બક્ષનારાં છે. (ફ્રવર્દીન યશ્ત, ફ઼૦ ૨૪.)

યાઑ અવથ્ર પર ફ્રઑઇરિસિશ્તાઑ, યથ્ર નરો અષવનો અર્ષમ્ હૅન્તિ જરઝ્દાતૅમ, યથ્રચ મજિશ્તાઑ ફ્રૅદઇતાઑ, યથ્રચ ક્ષ્નુતો અષવ યથ્રચ અતિબશ્તો અષવ.

જે તરફ અષો માણસો અષોઇ ઉપર પોતાનું દીલ ઘણુંજ લગાડનારા હોય છે, તથા જે તરફ ઘણાજ માન પામેલા (માણસો) હોય છે, તથા જે તરફ અષો (માણસ) રાજી થયેલો (હોએ છે), તે તરફ (અશો લોકોનાં) ફ્રેરોહરો સર્વથી વધુ જનારા (અથવા પોતાની વલાણ રાખનાર) (છે). (ફ્રવર્દીન યશ્ત, ફ઼૦ ૨૫.)

અષોઇશ્ બએષજ હુચિથ્રાઑ, જૅમ-ફ્રથંઘ્રહ દાનુ-દ્રાજંઘ્રહ હ્વરે બરેજંઘ્રહ.

(અશોના ફ્રેરોહરો) (જેઓ) જમીનની પોહળાઇ જેટલા, નદીની લંબાઇ જેટલા (અને) સૂર્યની ઉંચાઇ જેટલા અષોઇના ઉપાયો પોતાની સાથે લાવનારાં (છે.) (ફ્રવર્દીન યશ્ત, ફ઼૦ ૩૨.)

થ્વાષૅમ......ફ્રવર્જૅન્તે, અવંઘ્નહે નરાંમ્ અષઑનાંમ્, આંજંઘ્નહે દુઝ્વરૅશતાવરેજાંમ.

(અશોના ફ્રરોહરો) અશો માણસોની સહાયને માટે, (તથા) દુષ્ટ કામ કરનારાઓનાં સંકટને માટે (એટલે તેમને શીક્ષા કરવા સારૂં), ઝડપથી જાય છે. (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૩૯.)

પઑઇર્યાઇ હુંઘ્નહનનાઇ, પઑઇર્યાઇ હુંઘ્નહનુષે.....વીસ્પચ વૉહૂ મજ્દધાત અષ-ચિથ્ર.

અહુરમજદની પેદા કરેલી અષોઇના મૂળની તમામ આશીષોને, સર્વથી પેહલાં (અશો જરથોશ્ત) પસંદ કરનારો (તથા) સર્વથી પેહેલાં (તેની ઉપર) પ્રીત રાખનારો (હતો). (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૮૮.)

યો પઑઇર્યો સ્તોઇશ્ અસ્તવઇથ્યાઑ.

જેણે પ્રથમ હાડમંદ દુન્યાંમાં અષોઇની પ્રસંશા કરી.

(ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૮૯.)

યહ્મિ પઇતિ વીસ્પૅમ્ માંથ્રૅમ્ અષૅમ્ સ્રવો વીસ્રુયત્......સ્તઑત અષહે યત્ મજિશ્તહેચ સ્રએશ્તહેચ.

જેને (એટલે પેગમબર જરથોશ્તને) તમામ માંથ્રવાણી (તથા) (દીનનો) પવિત્ર મન્ત્ર સંભળાવવામા આવ્યાં હતાં. (વળી) (જે) સર્વથી ઉંચ પંક્તિની સર્વોત્તમ તથા શ્રેષ્ટ અષોઇની સ્તુતી કરનાર (હતો.)

(ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૯૧.)

મઇધ્યો-માઑંઘ્નહહે આરાસ્તયેહે ઇધ અષઑનો અષીમચ ફ્રવષીમચ યજમઇદે.

આરાસ્તના છોકરા અશો મેદીઓમાહની અષોઇ તથા (તેનાં) ફ્રરોહરને અહિંયાં અમે માનપૂર્વક યાદ કર્યે છીએ.

(ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૯૫.)

યો ઽચ પઉરૂવાંન્ચ અષાઇ રવો યએષ; યો ઽચ પઉરવાંન્ચ અષાઇ રવો વીવએધ.

જેણે (ગુશ્તાસ્પે પોતાના) બળવંત ભાલાથી, અષોઇને માટે ફ્રરાખીનો[1] બહોળો માર્ગ કરી આપ્યો; (તથા) જેણે (પોતાના) બળવંત ભાલાથી અષોઇને સારૂં ફ્રરાખીને સ્પષ્ટ દેખાડી. (ફરવર્દીન યશ્ત, ફ૦ ૯૯.)

૧ વૃદ્ધિને.

યો હીમ્ સ્તાતાંમ્ હિતાંમ્ હુઇતીમ્, ઉઝ્વજત્ હચ હુનૂઇવ્યો ની હીમ્ દસ્ત મઇધ્યોઇષાઘ્ંમ્ બૅરેજિ–રાઝૅમ્ અફ્રકધવઇતીમ્ અષઍાનીમ્ થ્રાફ્ંઘ્ંમ્ ગેઉશ્ચ વાસ્ત્રહેચ, ફ્રિથાંમ્ ગેઉશ્ચ વાસ્ત્રહેચ.

જેણે (એટલે ગુશ્તાસ્પ પાદશાહે) (તે) મક્કમ, ચાલુ, પવિત્ર દીનને બુરા માણસોથી છુટી પાડી અને તેને ઉત્તમ રાજ્ય કરતી, ચોમેર ફેલાતી, નીતિના ફરમાનવાળી, વચમાં વીરાજતી (એટલે લોકોના સમૂહમાં સત્કાર પામેલી), ગાય ઢોર તથા ઘાસચારાને ભરપુર કરનારી તથા ગાય ઢોર તથા ઘાસચારાને પ્રિય થયેલી મુકરર કરી. (ફ્રવર્દીન યશ્ત, ક૦ ૧૦૦.)

ઇધ આથ્રવનો દખ્યુનાંમ્ મન્યેન્તે વંઘ્રહેઉશ્ અષહે.

અહીંયા (આ મુકામમાં) (જુદા જુદા) દેશોના આથ્રવનો (ધર્મગુરૂઓ) ભલી અષોઇનો વિચાર કરે છે. (ફ્રવર્દીન યશ્ત, ક૦ ૧૪૭)

પઓઇર્યનાંમ્ તકએષનાંમ્ પઓઇર્યનાંમ્ સાસ્નો–ગૂષાંમ્, ઇધ અષઓનાંમ્ અષઓનિનાંમ્ચ, અહૂમ્ચ દએનાંમ્ચ બઓધસ્ચ ઉર્વાનૅમ્ચ ફ્રવષીમ્ચ યઝમઇદે, યોઇ અષાઇ વઓનરે. નબાનઝ્દિશ્તનાંમ્ ઇધ અષઓનાંમ્ અષઓનિનાંમ્ચ, અહૂમ્ચ દએનાંમ્ચ બઓધસ્ચ ઉર્વાનૅમ્ચ ફ્રવષીમ્ચ યઝમઇદે, યોઇ અષાઇ વઓનરે.

પોઇરયોદકેશોનાં (તથા) પ્રથમ દીન કબૂલ કરાવનારાઓમાંના અશો (માણસો) તથા અશો (સ્ત્રીઓ), જેઓ અષોઇને માટે ફત્તેહ સાથે લડયાં (તેમના) જાનને, અંતઃકરણને, બુદ્ધિને રવાનને તથા ફરોહરોને આ જગ્યાએ અમે માન સહિત યાદ કર્યે છીએ, નબાનઝ્દિશ્તોમાંના અશો (માણસો) તથા અશો (સ્ત્રીઓ), જેઓ અષોઇને માટે ફત્તેહ સાથે લડયાં, (તેમના) જાનને, અંતઃકરણને, બુદ્ધિને, રવાનને તથા ફરોહરને અમે સત્કારથી યાદ કર્યે છીએ. (ફ્રવર્દીન યશ્ત, ક૦ ૧૪૯.)

પઓઇર્યાંન તકએષે યઝમઇદે, ન્માનનાંમ્ચ વીસાંમ્ચ જન્તુનાંમ્ચ દખ્યુનાંમ્ચ, ન્માનંઘ્રહાનો વીષાનો જન્તુષાનો દઇંઘ્રહુષાનો અષો–અંઘ્રહાનો માંથ્રો–અંઘ્રહાનો ઉર્વો–અંઘ્રહાનો વીસ્પાઇશ્ચ વંઘ્રહૂશ્ વંઘ્રહુષાનો.

(આ) ઘરોના, મોહલ્લાઓના, કસબાઓના, દેશોના પોરીઓદકેશો, (જેઓ) ઘરને લાયકના, મોહલ્લાને લાયકના, અષોઇને લાયકના,

કસબાને લાયકના, દેશને લાયકના, રાસ્તીને લાયકના (અથવા અષોઇ ઉપર પ્રીત રાખનારા), માંથ્રવાણી (એટલે દીનના મંત્રો) તરફ ચાહ રાખનારા, પોતાના રવાનની ઉપર પ્રેમ રાખનારા, તથા તમામ ખુબીને સર્વ રીતે લાયક ગણાએલા (એ સર્વ ગુણોવાળા) પોરીઓદકેશોને અમે માન સાથે યાદ કર્યે છીએ. (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૧૫૧).

યો નાઓ ઇશતસ્ચ યેસ્ન્યસ્ચ વહ્મ્યસ્ચ વઓચે, યથન કહ્માઇચિત હાતાંમ્, અષાત્ હચ યત્ વહિશ્તાત્.

જે પ્રમાણે સર્વોત્તમ અષોઇને લીધે જીવતાં[1] માણસોમાં કોઇને માટે (પણ) (હોય) તેમ, (અશો) જરથુશ્ત્ર (સાહેબ) વાહલા, આરાધનાને લાયક (તથા) માનને લાયક આપણને જણાએલા છે.

(ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૧૫૨.)

તાચ વૉહુ યજમઇદે, યા અન્તરૅરતા યેસ્ન્યાચ વહ્મ્યાચ ફ્રાયશ્તવ નઇરે અપઑને.

(પૃથ્વિ અને આકાશની) મધ્યે આવેલી આરાધનાને લાયક તથા માનને લાયક (એ સઘળાંને) અમે યાદ કર્યે છીએ. (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૧૫૩.)

યજાઇ......રજિશ્તાંમ ચિસ્તાંમ મજ્દધાતાંમ્ અષઑનીમ્ જઑથ્રાબ્યો.

અહુરમજદની પેદા કરેલી સર્વથી સત્ય અશો ચીસ્તને ક્રિયાની ભેટોથી હું વખાણું છું. (દીન યશ્ત, ફ૦ ૪.)

સ્તઑત્ અષૅમ્ યત્ વહિશ્તૅમ્.

(પેગમ્બર જરથુશ્ત્રે) સર્વોત્તમ અષોઇને વખાણી.

(અશીશવંઘ યશ્ત, ફ૦ ૧૮).

પૅરૅસત્ જરથુશ્ત્રો અહુરૅમ્ મજ્દાંમ, અહુરમજ્દ મઇન્યો સ્પૅનિશ્ત, દાતરૅ ગએથનાંમ્ અસ્તવઇતિનાંમ્ અષાઉમ્. કહ્મિ તે અએવહ્મિ પઇતિ વચો વીસ્પનાંમ્ વૉહુનાંમ, વીસ્પનાંમ્ અષ-ચિથ્રનાંમ્ ફ્રવાકૅમ્.

પઇતિ-શ અઑખ્ત અહુરો મજ્દાઓ અષૅમ્ સ્તુતો જરથુશ્ત્ર.

---

૧. અત્રે ફરી આપણે જરથુશ્ત્ર સાહેબને **જીવતાંઓમાં** ગણ્યા છે. તેઓ સૃષ્ટિ છોડીને સ્વધામે સીધાર્યા નથી.

યો અષૅમ સ્તઆઇતિ, ફ્રઓરૅન્-ફ્રક્ષ્નિ અવિ મનો જરજ઼્દાતોઇત્ અંઘ્રહુયત્ હચ, હો માંમ સ્તઑઇતિ યિમ્ અહુરૅમ્ મજ઼્દાંમ, હો આપૅમ્ સ્તઑઇતિ, હો જાંમ્ સ્તઑઇતિ, હો ગાંમ્ સ્તઑઇતિ, હો વીસ્પ વોહૂ મજ઼્દધાત અષ-ચિથ્ર સ્તઑઇતિ.

(પેગમ્બર) જરથોસ્તને (દાદાર) અહુરમજદે પુછ્યું કે, હાડમંદ મુલકોના હે ઘણાજ વૃદ્ધિ કરનાર, મીનો અશો સરજનહાર અહુરમજદ! તારા કયા ફકત એક બંદગીના સુખનમાં (જગતની) તમામ આશીષોની (તથા) અષોઇનાં બીજવાળી સર્વે (ચીજો)ની કીર્તી (સમાયલી) (છે)? (એટલે કઇ બંદગી એવી છે, જે ભણ્યાથી સપેનામીનોની સૃષ્ટિની કીર્તિ ગાવા બરાબર ગણાય?)

(દાદાર) અહુરમજદે તેને (એટલે અશો પેગમ્બરને) જવાબ દીધો કે, અએ જરથુશ્ત્ર! અષોઇની વખાણ (એટલે અષેમ્ વોહૂની બંદગી).

જે કોઇ અર્પણ કરેલા હૈયાંની સંપૂર્ણ શ્રદ્ધાથી, અષોઇને વખાણે છે, તે માનવી પાણીને વખાણે છે, તે જમીનને વખાણે છે, તે ગાય ઢોરને વખાણે છે, તે ઝાડપાનોને વખાણે છે. તે અહુરમજદની સરજેલી અષોઇના તોખમવાળી સર્વે વસ્તુઓને વખાણે છે.

(હાદોખ્ત નુસ્ક, પર. ૧, ફ૦ ૧-૨-૩).

કા અએવ અષો-સ્તૂઇતિશ, યા સતૅમ અન્યએષાંમ્ અષો-સ્તૂઇતિનાંમ્, મસનચ વંઘ્રહુનચ સ્રયનચ અરૅજઇતિ.

પઇતિ-શે અઑખ્ત અહુરો મજ઼્દાઑ, હાઉ બા અષાઉમ્ જરથુશ્ત્ર, યાંમ્ બા-ના પસ્ચ ફ્રંઘ્રઉહરેઇતિ હ્ઑમહે હુતહે અષૅમ સ્તઑઇતિ, ફ્રસ્તવનો હુમતચ હૂખ્તચ હ્વર્શતચ, નિજ઼્બરૅમ્નો દુશમતચ દુજ઼ૂખ્તચ દુજ઼્વર્શતચ.

(પેગમ્બર જરથોસ્તને દાદાર અહુરમજદે પુછ્યું કે), કઇ એક અષેમ્ વોહૂ (છે) જે ઉંચ દરજ્જામાં, લક્ષણમાં તથા શોભામાં એક સો બીજી અષેમ્ વોહૂની કીમત ધરાવે છે?

(દાદાર) અહુરમજદે તેને પાછો જવાબ વાળ્યો કે, હે! અશો જરથુશ્ત્ર! ક્રિયા કરતાં કુટેલો હોમ પીધા પછી, નેક વિચાર, નેક સખુન તથા નેક કર્મ ગૃહણ કરીને, તથા બુરા વિચાર, બુરાં વચન તથા

દુષ્ઠ કાર્ય ત્યજીને[1] (જો કોઇ માનવી એક અષેમ્ વોહૂ) ભણે તો તે (એક અષેમ્ વોહૂ) ખરેખર (સો અષેમ્ વોહૂ જેટલી પ્રભાવવાળી છે.)

(હાદોખ્ત નુસ્ક, પર. ૧, ફ૦ ૮-૯.)

આતરૅમચ અહુરહે મઝ્દાઓ, નરૅમચ અષવનૅમ્ કુક્ષ્ન્વાંનો અસ્નાઅતચ જસૅન્તૅમ્ દૂરાઅતચ.

(તે કેરદાર અષો માણસના રવાનને કહે છે કે) (તું) અહુરમજદના આતશને વખાણતો હતો અને નજદીકથી તથા દૂરથી આવતા અષો માણસને (તેની ઘટતી હાજત પુરી પાડીને) ખુશાલ કરતો (હતો).

(હાદોખ્ત નુસ્ક, પર. ૨, ફ૦ ૧૩.)

પઔઇરીમ્ ગાંમ ફ્રબરત્ યો નર્શ્ અષઓનો ઉર્વ, હુમતે પઇતિ નિદધાત્; બિતીમ્ ગામ ફ્રબરત્ યો નર્શ્ અષઓનો ઉર્વ, હૂખ્તે પઇતિ નિદધાત્; થ્રીતીમ્ ગામ ફ્રબરત્ યો નર્શ્ અષઓનો ઉર્વ, હ્વર્શ્તે પઇતિ નિદધાત્; તૂઇરીમ્ ગામ ફ્રબરત્ યો નર્શ્ અષઓનો ઉર્વ, અનઘ્રએષ્વ રઓચોહ્વ પઇતિ નિદધાત્.

તે અષો માણસનાં રવાને પેહેલી વેળાએ પગલાં ભર્યાં, (જે પગલાંએ) (તે રવાનને) હુમત (એટલે સતર પાયાનાં) બેહશ્તમાં મુકયું; (એટલે તે અષો માણસનું રવાન પ્રથમનું પગલું ભરતાની સાથ સતર પાયાનાં બેહશ્તમાં આવી પુગ્યું). તે અષો માણસના રવાને બીજીવાર પગલાં ભર્યાં, (જે પગલાંએ) (તે રવાનને) હુખ્ત (એટલે માહ પાયાનાં) બેહશ્તમાં મુકયું; (એટલે બીજીવાર પગલાં ભરતાં તે રવાન માહ પાયાનાં બેહશ્તમાં આવી પહોંચ્યું). તે અષો માણસનાં રવાને ત્રીજીવાર પગલાં ભર્યાં, (જે પગલાંએ) (તે રવાનને) હ્વર્શ્ત (એટલે ખુરશેદ પાયાનાં બેહશ્તમાં લાવી મુકયું). તે અષો માણસના રવાને ચોથીવાર પગલાં ભર્યાં (જે પગલાંથી) (તે રવાન) અનહદ રોશનીમાં (એટલે ગરોથ્માન બેહશ્તમાં) આવી પહોંચ્યું.

(હાદોખ્ત નુસ્ક, પર, ૨. ફ૦ ૧૫.)

નિવએધયેમિ હન્કારયેમિ વીસ્પએઇબ્યો અષહે રતુબ્યો. નિવએધયેમિ હન્કારયેમિ વીસ્પએઇબ્યો વંઘ્રહુધાબ્યો યજતએઇબ્યો મઇન્ય

---

૧. અત્રે ભણતર કેમ થવું જોઇએ તેનો ભેદ ખોલ્યો છે. પતેત અથવા પશ્ચાતાપજ કરવો જોઇએ એટલું નહિં, પણ બુદ્ધિ સ્વચ્છ કરીને દુષ્ટ વીચાર, વાણી અને વર્તન ખરેખર છોડયા **પછીજ** ભકિત કરેલી નિશ્ચિત સફળ થાય છે. ત્યાં સુધી માત્ર થોડે હિસ્સે તે કાર્યસાધક થાય છે.

ઑઇબ્યસ્ચા ગએઇથ્યઇબ્યસ્ચા યોઇ હૅન્તિ યેસ્નયાઇચ વહ્મયાઇચ અષાત્ હચ યત્ વહિશ્તાત્.

અષોઇના તમામ સરદારોને હું ઇજન કરૂં છું તથા મીજલસમાં તેમનો સત્કાર કરૂં છું. સારાં ડહાપણવાળા મીનોને લગતા તથા ગેતી (જગત)ને લગતા સર્વે યજદો, જેઓ સર્વથી શ્રેષ્ટ અષોઇને લીધે યજશનેને[1] તથા આરાધના[2]ને લાયક છે, (તેમને) હું નોત્રું છું તથા સભામાં આદર સત્કાર આપું છું. (હા ૧, ફ૦ ૧૯.)

ઇમ હુમતાચ હૂખ્તાચ હ્વરશ્તાચ ઇમાં હઑમાંસ્ચ મ્યજ઼દાંસ્ચ જ઼ઑથ્રાઑસ્ચ બરૅસ્મચ અષય ફ્રસ્તરૅતૅમ ગાંમચ હુધાઑઘ્રહૅમ હુઉર્વત અમૅરૅતાત ગાંમચ હુધાઑઘ્રહૅમ હઑમૅમચ પર-હઑમૅમચ અએસ્માંસ્ચ બઑઇધીમચ. ઇમાંમ્ અંઘ્રહુયાંમચ અષયાંમચ રથ્વાંમચ રતુક્રિતીમચ ગાથનાંમચ સઑથ્રૅમ હ્વરશ્તાઑ માંથ્રાઑ પઇરિય દદૅમહિ આચ વએધયમહિ.

આ ભલા વિચારો, ભલા સુખનો અને નેક કાર્યો, આ હોમ, મ્યજદ, જોર, અષોઇથી પાંથરેલી બરસમ, ગોશદો, પાણી, ગોશદો, હોમ, પરહોમ, એસમ, બોય, આ સાહેબી, પવિત્રાઇ, સત્યતા, વખતસરની બંદગી, ગાથાના ગાયન, સારી રીતે બનાવેલા માંથ્ર (એ સર્વે) અમે તૈયાર કર્યું છે અને તે અમે જાહેર કર્યે છીએ.

(હા ૪. ફ૦ ૧.)

થ્વાંમ્ આતરૅમ્ અહુરહે મજ઼દાઑ પુથ્રૅમ્ અષવનૅમ્ અષહે રતૂમ્ યજ઼મઇદે મત્ વીસ્પએઇબ્યો આતૅરૅબ્યો. આપો વંઘ્રઉહીશ્ વહિશ્તાઑ મજ઼દધાતાઑ અષઑનીશ્ યજ઼મઇદે વીસ્પાઑ આપો મજ઼દધાતાઑ અષઑનીશ્ યજ઼મઇદે વીસ્પાઑ ઉર્વરાઑ મજ઼દધાતાઑ અષઑનીશ્ યજ઼મઇદે.

અષોઇના સરદાર અહુરમજદની તરફના (સઘળી ચીજોને) પવીત્ર કરનાર[3] તુ અષો આતશને (તે) સાથે તમામ આતશોને અમે યાદ કર્યે છીએ. અહુરમજદના પેદા કરેલાં ભલાં સર્વથી શ્રેષ્ટ તથા સ્વચ્છ પાણીઓને અમે યાદ કર્યે છીએ. અહુરમજદના સરજેલાં સઘળાં પવીત્ર ઝાડપાનોનું અમે સ્મરણ કર્યે છીએ. (હા ૬, ફ૦ ૧૧.)

---

૧. યજ્ઞ અને ૨. ભક્તિ. ૩. અહુરમજદના પુત્ર.

અષય દધાંમિ અષોઇશ વંઘ્નહુયાઓ ચિસ્તોઇશ વંઘ્નહુયાઑ એરેથે વંઘ્નહુયાઑ રસાંસ્તાતો વંઘ્નહુયાઑ ખરેનંઘ્નહો સવંઘ્નહો મજદધાતહે.

અષય દધાંમિ દહ્મયાઑ વંઘ્નહુયાઑ આફ્રિતોઇશ દહ્મહેચ નરશ અષઑનો ઉગ્રહેચ તખ્મહે દામોઇશ ઉપમનહે યજતહે.

અશીશવંઘને, ભલાં ડહાપણને, ભલી અષોઇને, ભલા ન્યાયને અહુરમજદનાં પેદા કરેલાં ખોરેહ તથા આબાદી, (એ સર્વે) પવિત્રાઇથી હું (આ ભેટો) આપું છું (અર્પણ કરૂં છું.)

નેક તથા ભલી આશીષને, નેક તથા અષો મરદને તથા જોરાવર અને શક્તિવાન દામી ઉપમ્ન નામના યજદને, (આ ભેટો) પવિત્રાઇથી હું અર્પું છું. (હા ૭, ફ૦ ૧૬-૧૭.)

યાઑંઘ્રહાંમ્ ઇધ અષઑનિનાંમ્ આરૂમઇતિ-પઑઇર્યનાંમ્ યસનેમ્ પર-ચિનસ્તિ. યથ વહમેમ્ અમેષએઇબ્યો થ્રાયો-હકેઅ્ય વીસ્પેમ્ વચો યેસનીમ.

યાઓંઘહાંમ (એ કલામ બોલતાં) (ભણનાર) જે પ્રમાણે અમર લોકોને માટે કીર્તી (અથવા ભક્તિ) (કબુલ રાખે છે,) તે પ્રમાણે આ જગાએ ભક્તિ (અને નમ્રતા)માં સર્વથી શ્રેષ્ઠ અષો (બાઇડીઓ)ની સ્તુતી સ્વિકારે છે. (યેંઘહે હાતાંમના) ત્રણ ભાગ (છે), (અને એ બંદગીનો) દરેક કલામ સ્તુતિને લાયક છે. (હા ૨૧, ફ૦ ૨.)

પાથ્રાઇ અષહે ગએથનાંમ્ હરેથ્રાઇ અષહે ગએથનાંમ્ સુયમ્નનાંમચ સઑષ્યનતાંમચ વીસ્પયાઑસ્ચ અષઑનો સ્તોઇશ.

અષોઇના મુલકોની જતનને માટે, અષોઇના મુલકોના રક્ષણને માટે (તથા) અષો (અહુરમજદ)ની સર્વે પેદાયશનો, હાલ લાભ કરનારા તથા હવે પછી લાભ કરનારાઓના રક્ષણને સારૂં, (દાદાર અહુરમજદે સ્તઓત યસ્નય પ્રગટ કર્યો.) (હા ૫૫, ફ૦ ૪.)

ફ્રશ્રમાઑ અસ્તી અષવ વેરેથ્રજાઑ વહિશ્તો ફ્રશ્રષે ચરેકેરેમહી. હે પતા ગેઉશ્ચા અષંઘ્નહાચા અષઑનસ્ચા અષાવઇર્યાઑસ્ચા સ્તોઇશ. હુઇથ્યો વંઘ્નહુદાઑ યેંઘ્નહે વે મસાનસ્ચા વંઘ્નહાનસ્ચા સ્રયનસ્ચા ચરેકેરેમહી. હેચા ના ફ્રશ્રમાઑ નિશંઘ્નહરત્ હે અઇબ્યાખ્ષયત્ હદા

અષાચા વાસ્રાચા ફ્રરાદાઇતિચા વીદિષ્યાચા અદ્રનિતિચા આથ્રાચા અહુરહે મજ્દાઓ.

અષો (માણસ) (જગતની) આબાદી કરનાર, ફત્તેહમંદ, તથા સર્વોતમ છે; (તે પ્રમાણે) (દુન્યાનું) કલ્યાણ અમે પણ કર્યે. તે (અષો માણસ) અષોઇની પુઠે ચાલવાથી ગાય ઢોરોનો[1] (તથા) અષો (અહુરમજદ)ની અષોઇની મરજી પ્રમાણે ચાલનારી સૃષ્ટિનો પીતા (છે). (અષો માણસ) ખરેખર ભલું આપનારો (છે), જેની મોંહોટાઇ, ખૂબી તથા શોભાને તમારે માટે અમ ઇચ્છયે છીએ. વળી તે (અષો) માણસ અષોઇથી, ઉદ્યોગથી, દાનથી, જ્ઞાનથી, નમ્રતાથી, તથા અહુરમજદના આતશથી[2] (દુન્યાની) સંપત્તિને સદા બચાવશે (તથા સંભાળશે.)

(હા ૫૮, ફ૦ ૪.)

હુવંઘ્રહાઇ ઉરૂને ફ્રદથાઇ ગએથનાંમ્ હુવંઘ્રહાઇ અષવસ્તનાંમ્. દાયાઓ મે અહુરાને અહુરહે વહિશ્તૅમ્ અહુમ્ અષઓનાંમ્ રઓચંઘ્રહૅમ્ વીસ્પો-ખ્રાથ્રૅમ્.

પવિત્રાઇના કાર્યોના વધારાને માટે હે અહુરમજદને લગતી અહુરમજદની (અરદીસુર)! અષો (લોકો)નુ પ્રકાશિત (તથા) સઘળાં આંનદવાળું સ્વર્ગ મને તું આપ.

(હા ૬૮, ફ૦ ૪-૫)

વંઘ્રહુઉહીમ્ ઇશ્તાત્ આદાંમ્ વંઘ્રહુઉહીમ્ અષીમ્ આચનિચ ફ્રમદદે ઇઝાઓ યઓશ્તયો અપો અત્ યજમઇદે.

અત્રે ભલાં ડહાપણને (તથા) ભલી અષોઇને અમે યાદ કર્યે છીએ તથા માંગ્યે છીએ. પાણીની આબાદીનુ તથા પવિત્રાઇનું અમે સ્તવન કર્યે છિએ.

(હા ૬૮, ફ૦ ૨૧.)

વીસ્પાચ દામ મજ્દધાત અષઓનીશ્ યજમઇદે. યા અષવ-દાત અષવ-ફ્રદવરશત અષવ-દાએષ અષવ-ફ્રાયશ્ત. અષઓનિ અષવબ્યો યહ્મ્યાચ અષવબ્યો. વીસ્પએચ પનચ ગાથાઓ અષઓનીશ્ યજમઇદે. વીસ્પૅમચ યસ્નૅમ્ ફ્રાઇતીમચ પઇતિતીમચ અઇબિજરૅતીમચ યજમઇદે.

અહુરમજદની સરજેલી અષોઇની સકળ સૃષ્ટિ જે અષો પેદા કીધેલી, અષો બનાવેલી, અપો નીયમોવાળી, તથા અષો આરાધના થયેલી

---

૧. અથવા સૃષ્ટિનાં પ્રાણી માત્રનો. ૨. અષો માણસનાં મૂખ્ય લક્ષણો અને અધિકાર અત્રે દર્શાવ્યાં છે.

તેને અમે વખાણ્યે છીએ. (જે સૃષ્ટિ) અષો (માણુસો)ની નજરમાં અષો (છે), (તથા) અષો (માણુસો) આગળ જાહેર (છે). સઘળા પાંચ, અષો ગાથાને અમે વખાણ્યે છીએ. સર્વ યજશનેને તથા (તેના) વધારાને, (તેના) ફેલાવાને તથા તેમાં આવેલાં કીર્તિનાં ગાયનોને અમે વખાણ્યે છીએ. (હા ૭૧, ફ૦ ૬.)

અષીમ્ વંઘૂઉહીમ્ યજમઇદે.

ભલી પવિત્રાઇને અમે વખાણ્યે છીએ. (વીસ. ક૦ ૭, ફ૦ ૧.)

અષૅમ્ અહુરૅમ મઝ્દાંમ્ યઝમઇદે. અષૅમ અમૅષે સ્પૅન્તે યઝમઇદે. અષૅમ્ અરૂષુખ્ધૅમ્ યઝમઇદે. અષૅમ વીસ્પૅમ્ માંથ્રૅમ્ યઝમઇદે. જરથુશ્ત્રૅમ્ હુધ–માંથ્રૅમ્ યઝમઇદે સત્ર અષવબ્યો યઝમઇદે. ઉશ્ત અમૅષએઇબ્યો સ્પૅન્તએઇબ્યો યઝમઇદે.

(સરજનહાર) અહુરમજદને પવિત્ર ગણીને અમે યાદ કર્યે છીએ. અમેષાસપંદોને પવિત્ર ગણીને અમે યાદ કર્યે છીએ. સત્ય વચનોને પવિત્ર ગણીને અમે યાદ કર્યે છીએ. તમામ માંથ્રવાણીને પવિત્ર ગણીને અમે યાદ કર્યે છીએ. માંથ્રવાણીના બનાવનાર (પયેગમ્બર) જરથોસ્તને અમે વખાણ્યે છીએ. અષો (લોકો)થી (નીપજતા) ફાયદાઓને અમો યાદ કર્યે છીએ. અમેષાસપંદોથી ઉપજતી આબાદી (પ્રકાશ)ની અમે સ્તુતિ કર્યે છીએ. (વીસ. ક૦ ૧૩, ફ૦ ૧.)

જરથુશ્ત્રહે સ્પિતામહે ઇધ અષઑનો અષીમચ ફ્રવષીમચ યઝમઇદે. વીસ્પએચ ઇધ અષઑનો અષીમચ ફ્રવષીમચ યઝમઇદે. વીસ્પાઑ ફ્રવષયો અષઑનાંમ્ યઝમઇદે.

સ્પીતમાન અષો જરથુશ્ત્રની અષોઇને તથા તેના ફરોહરને અમે આ ઠેકાણે યાદ કર્યે છીએ. પ્રત્યેક અષો (માણસ)ની અષોઇને તથા ફરોહરને આ જગ્યાએ અમે યાદ કર્યે છીએ. અષો (લોકો)ના સઘળાં ફરોહરને અમે યાદ કર્યે છીએ. (વીસ. ક૦ ૧૬, ફ૦ ૨.)

ઉશ્તતાતૅમચ નઇરે અષઑને યઝમઇદે......ઉશ્તતાઇત્યચ વીસ્પૅમ અષવનૅમ્ હૅન્તૅમચ બવન્તૅમચ બૂષ્યન્તૅમચ.

અષો નરને . કાજે (અમે) આનંદ ઇચ્છયે છીએ...સર્વે અષો (માણુસો) જે હમણાં જીવંત છે, આગળ જીવી ગયાં તથા હવે પછી જન્મ પામશે તેમને (બહેશ્તના) આનંદમાં અમે ઇચ્છયે છીએ.

(વીસ. ક૦ ૧૮, ફ૦ ૧-૨.)

અહ્યા યાસા નેમંઘ્રહ્યા, ઉસ્તાનજસ્તો રફ્દ્રહ્યા
મઇન્યેઉશ મજ્દાઓ પઓઉવીર્મ્ સ્પેનતહ્યા, અષા વીસ્પઁગ્ શ્યઓથના
વંઘ્રહેઉશ ખ્રતૂમ્ મનંઘ્રહ્યો યા, ક્ષ્નેવીષા ગેઉશ્ચા ઉર્વાનેંમ્.

નમ્રતાથી હાથ ઉચ કરીને સર્વથી પહેલાં અદ્રષ્ય (તથા) આબાદી કરનાર અહુરમજદનાં સર્વે નેક કાર્યોને (તથા) ભલાં મનની અક્કલને, આ આનંદમાં હું માંગું છું, કે જેથી જગતના આત્માને હું ખુશી કરૂં.
(ગાથા અહુનવદ, હા ૨૮, ફ૦ ૧.)

યે વાઓ મજ્દા અહુરા પઇરી—જસાઇ વોહૂ મનંઘ્રહા
મઇબ્યો દાવોઇ અહ્વાઓ અસ્તવતસ્ચા હ્યત્ચા મનંઘ્રહો
આયપ્તા અષાત્ હ્યા યાઇશ રપન્તો દઇદીત્ ખ્રાથ્રે.

ઓ મહાજ્ઞાની સાહેબ! ભલાં મનથી હું તારી નજદીક પહોંચું. હાડમંદ તથા મીનો (એ) બન્ને દુન્યાના લાભ (જે) અષોઇથી (છે),[1] (તે) મને તું આપ, જેમની મારફતે તે આનંદ આપનારૂં સુખ પ્રાપ્ત થાય.
(ગાથા અહુનવદ, હા ૨૮, ફ૦ ૨.)

યે ઉર્વાનેંમ્ મેન્ ગઇરે વોહૂ દદે હથ્રા મનંઘ્રહા
અષીશ્ચા શ્યઓથનનાંમ્ વીદુશ મજ્દાઓ અહુરહ્યા.

અહુરમજદનાં કાર્યોનાં આશીર્વાદ જાણીને (એટલે અહુરમજદને પસંદ પડતાં કાર્યો કીધાથી જે ઉત્તમ લાભો મળે છે તે જાણીને), ભલાં મનથી મારાં રવાંનને ગરોથ્માન[2] તરફ હું લઇ જાવું.
(ગાથા અહુનવદ, હા. ૨૮, ફ૦ ૪)

દાઇદી અષા તાંમ અષીમ્ વંઘ્રહેઉશ આયપ્તા મનંઘ્રહો
દાઇદી તૂ આર્મઇતે વીશ્તાસ્પાઇ ઇષેમ્ મઇબ્યાચા.

ઓ અષ! તે આશીર્વાદ (કે જે) ભલાં મનનું ફળ (છે તે) તું (મને) આપ. હે આર્મઇતી! ગુસ્તાશ્પને તથા મને (મનની) મુરાદ (કામ)[3] જરૂર આપ.
(ગાથા અહુનવદ, હા ૨૮, ફ૦ ૭.)

વહિશ્તેંમ્ થ્વા વહિશ્તા યેમ્ અષા વહિશ્તા હજ્ઓષેંમ્
અહુરેંમ્ યાસા વ.ઉનુશ નરોઇ ફ્રેરષઓશ્ત્રાઇ મઇબ્યાચા
યએઇબ્યસ્ચા ઇત્ રાઓંઘ્રહંઘહોઇ વીસ્પાઇ યવે વંઘ્રહેઉશ મનંઘ્રહો.

---

૧. અત્રે ટુંકમાંજ જડ જગતમાં ખરી વૃદ્ધિ કેમ થાય છે, તે પણ જણાવી દીધું છે. Dishonesty is never the best policy but righteousness alone is, in both the worlds. ૨. સર્વોત્તમ સ્વર્ગ જેમાં અહુરમજદ પોતે વસે છે. ૩. ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાનો 'કામ'!

હે સર્વોત્તમ! સર્વથી શ્રેષ્ઠ અષોઇની મારફતે, તું સર્વોત્તમ મીત્ર, જે (સકળ સૃષ્ટિનો) સાહેબને, ફરશોસ્ત્ર નરને માટે તથા મારે માટે, પ્યારથી હું માગું છું; જેમને સદાકાળ સુધી ભલાં મનની બક્ષેશ તું આપશે. (ગાથા અહુનવદ, હા ૨૮, ફ૦ ૮.)

અનાઇશ્ વાઓ નોઇત્ અહુરા મઝ્દા
અષેમચા યાનાઇશ્ જરનએમા.

અહો અહુરમજદ! (ભલાં મનની) આ બક્ષેશોથી તને, અષને તથા સર્વોત્તમ વિચારને અમે નુકસાન કરશું નહિ. (ગાથા અહુનવદ, હા ૨૮, ફ૦ ૯.)

યે આઇશ્ અષેમ્ નીપાઓંઘહે મનસ્ચા વોહુ યવએતાઇતે.

એ (મંત્રોની મદદ)થી અષોઇને તથા નેક વિચારને, મારાં જીવનના છેડા પર્યંત હું જાળવી રાખીશ. (ગાથા અહુનવદ, હા ૨૮, ફ૦ ૧૧.)

નોઇત્ એરેઝેજયોઇ ફ્જ્યાઇતિશ્ નોઇત્ ફ્શુયન્તે દ્રેગવસુ પઇરી.

પ્રમાણીકપણાથી જીંદગી ગુજારવામાં હાણી નથી; મેહનતુ માણસને બુરા માણસની નજદીક જવાનું નથી.[1]

(ગાથા અહુનવદ, હા ૨૯, ફ૦ ૫.)

તેમ્ આઝૂતોઇશ્ અહુરો માંથ્રેમ્ તષત્ અષા હજઓષો,
મઝ્દાઓ ગવોઇ ક્ષ્વીદેમચા હુવો ઉરૂપએઇબ્યો સ્પેન્તો સાસ્ન્યા.

સંપત્તિનાં ચાહનાર અહુરમજદે, અષોઇની મારફતે આ માંથ્રવાણી બનાવી. વૃદ્ધિ કરનાર અહુરમજદે પોતે સૃષ્ટિને માટે આબાદી, તથા સત્ય (માણસો)ને માટે શીખામણનાં વચનો બનાવ્યાં.

(ગાથા અહુનવદ, હા ૨૯, ફ૦ ૭.)

યૂઝેમ્ અએઇબ્યો અહુરા અઓગો દાતા અષા ક્ષથ્રેમચા
અવત્ વોહૂ મનંઘહા યા હુષેઇતીશ્ રામાંમચા દાત્ .

હે અહુરમજદ તથા અષ! તમે તેમને કૌવત તથા સત્તા આપો, કે જેથી નેક વિચારથી (તેઓ) (દુન્યાની પ્રજાઓને) ખુશાલી તથા સુખ આપે. (ગાથા અહુનવદ, હા ૨૯, ફ૦ ૧૦.)

---

૧. Honesty is the best policy. The industrious are independent of the vicious, however influential they may be.

અત્ તા વક્ષ્યા ઇષન્તો યા મજ્દાથા હાતચીત્ વીદુષે
સ્તઑતાચા અહુરાઇ યેસ્ન્યાચા વંઘ્હેઉશ્ મનંઘ્હો
હુમાંજ્દ્રા અષા.

(દીનનું જ્ઞાન) જાણવાને માટે, એ ખાહેશમંદો (ઉત્સુકો)! ઇશ્વરી એ શક્તિ, અહુરમજદને માટે સ્તુતી, ભલાં મનની આરાધના તથા અષોઇની મારફતે (મળેલા) ખુબીવાલા માંથ્ર, (એ વીષે) (તમને) હું કહી સંભળાવીશ. (ગાથા અહુનવદ, હા ૩૦, ફ઼ઽ ૧.)

આઑસ્ચા હુદાઑંઘ્હો ઍરેશ્ વીષ્યાતા, નોઇત્ દુજ્દાઑંઘ્હો.

જેઓ સારાં ડહાપણવાળા (છે, તેમણે) અષોઇ ગ્રહણ કરી, ખરાબ અક્કલવાળાઓએ (તેમ) ન કર્યું. (ગાથા ઉશ્તવદ, હા ૩૦, ફ઼ઽ ૩.)

અહ્માઇચા ક્ષથ્રા જસત્ મનંઘ્હા વોહૂ અષાચા
અત્ કેહ્રપ્ઍમ્ ઉતયૂઇતીશ્ દદાત્ આર્મઇતીશ્ આંન્મા.

બળવંત આર્મઇતી શક્તિથી, નેક વીચારથી, તથા અષોઇથી તે (દીનદાર તથા પ્રમાણિક માણસ)ની મદદે પહોંચી, તથા તેનાં શરીરને કૌવત આપ્યું. (ગાથા ઉશ્તવદ, હા ૩૦, ફ઼ઽ ૭.)

અતચા તોઇ વઍમ્ ખ્યામા યોઇ ઇમ્ ફ઼્રષૅમ્ કૅરેનાઉન્ અહૂમ્,
મજ્દાઑસ્ચા અહુરાઑંઘ્હો આ મોયસ્ત્રા બરના અષાચા;
હ્યત્ હથ્રા મનાઑ બવત્ યથ્રા ચિસ્તિશ્ અંઘ્હત્ મએથા.

જેમણે આ દુન્યાને આબાદ કીધી તેમના જેવા અમે જરૂર થઇએ, (અને અમારી એ ઇચ્છામાં) અહુરમજદના (હાથ હેઠળના) સરદારો, અષોઇની મારફતે મદદ તથા ટેકો આપનારા (થાય); કારણ કે જે તરફ ડહાપણ (પોતાનો) વાસો કરે, તે તરફ સારી મનશનીવાળો માનવી હોય. (ગાથા અહુનવદ, હા ૩૦, ફ઼ઽ ૯.)

અદા-જી અવા દ્રૂજો અવો બવઇતી સ્કૅન્દો સ્પયથ્રહ્યા
અત્ અસિશ્તા યઓજન્તે આ-હુષિતોઇત્ વંઘ્હેઉશ્ મનંઘ્હો
મજ્દાઑ અષખ્યાચા, યોઇ જજૅન્તી વંઘ્હાઉ સ્રવહી.

જેઓ ભલી કીર્તિમાં જન્મેલા છે, તેઓ જ્યારે અહુરમજદનાં, બહ્મનનાં તથા અષનાં સારા ધામમાં શામેલ થાય છે, ત્યારે તાબડ-તોડ નાશ કરનાર દરૂજનો ટેકો અવશ્ય તૂટેલો થાય છે. (ગાથા અહુનવદ, હા ૩૦ ફ઼ઽ ૧૦.)

તા વે ઉર્વાતા મરૅન્તો અગુશ્તા વચાઑ સઁગ્હામહી,
અએઇબ્યો યોઇ ઉર્વાતાઇશ્ દ્રૂજો અષહ્યા ગએથાઑ વીમૅરૅન્ચઇતે
અત્ચીત્ અએઇબ્યો વહિશ્તા યોઇ જરજ્દાઑ અંઘ્હેન્ મજ્દાઇ.

હે ખાહેશમંદો (ઉત્સુકો)! આ શીખામણો (જે) કદી ન સાંભળેલા વચનો, તે તમને અમે જાહેર કર્યે છીએ. જેઓ દરૂજની શીખામણોથી અષોઇનાં મુલકોને ખરાબ કરે છે તેમને માટે (આ વચનો છે). પણ જેઓ અહુરમજદને અર્પણ થએલા છે, તેમને માટે (એ વચનો) ઉત્તમ (છે).[1] (ગાથા અહુનવદ, હા ૩૧ ફ૦ ૧.)

યાંમ દાઑ મઇન્યૂ આથ્રાચા અષાચા ચોઇશ રાનોઇબ્યા ક્ષ્નૂતૅમ્
હ્યત્ ઉર્વતૅમ્ ચજ્દાનંઘ્હવદેબ્યો તત્.

(ધર્મને ખાતર) લડનારાઓને તથા ભકતોને જે સંપૂર્ણ ખુશાલી તેં આપી છે, તે (ખુશાલી) હે મીનો (અહુરમજદ), અમારી તેજી (ઉત્સાહ, સાહસ) તથા અષોઇને સારૂં તું અમને આપ.

(ગાથા અહુનવદ, હા ૩૧, ફ૦ ૩.)

યદા અષૅમ્ જૅવીમ્ અંઘ્હેન્ મજ્દાઑસ્ચા અહુરાઁઘ્હો,
અષિચા આર્મઇતી વહિશ્તા ઇષસા મનંઘ્હા
મઇબ્યો ક્ષથ્રૅમ્ અઓજોન્ગ્હ્વત્, યેહ્યા વૅરૅદા વનએમા દ્રુજૅમ્.

જ્યારે અહુરમજદ તથા (તેના હાથ નીચેના) સરદારો પુરતી રીતે કૃપાળુ હોય, (ત્યારે) અષોઇ, નમ્રતા તથા સર્વથી નેક મનશ્નીથી મારે માટે મજબુત સત્તા હું માંગું છું, જેની કુમકથી દરૂજને અમે તોડી શકયે. (ગાથા અહુનવદ, હા ૩૧, ફ૦ ૪.)

અહ્માઇ અંઘ્હત્ વહિશ્તૅમ્ યે મોઇ વીદ્વાઑ વઓચાત્ હઇથીમ્.

જે વિદ્વાન મને સ્પષ્ટ રીતે આનંદ, અષોઇ, તથા અમર્ગીનાં માંથ કહે, તેને સર્વથી, ઉત્તમ સારૂં થજો. (ગાથા અહુનવદ, હા ૩૧, ફ૦ ૬.)

અત્ થ્વા મેંગ્હી પોઉરૂવીમ્ મજ્દા યેઝીમ્ સ્તોઇ મનંઘ્હા,
વંઘ્હેઉશ્ પતરૅમ્ મનંઘ્હો હ્યત્ થ્વા હેમ્ ચષ્મઇની હેન્ગ્રૅબ્મ્
હઇથીમ્ અષહ્યા દાંમીમ્ અંઘ્હેઉશ્ અહુરૅમ્ શ્યઓથનએષૂ.

---

૧. ભલા તેમજ ભુંડાઓને આ શીખો સહાયક થઈ પડશે.

જ્યારથી તને, (ઓ અહુરમજદ!) (મારી) આંખમાં મેં રાખ્યો છે,[1] ત્યારથી સદા સર્વથી પ્રથમ, પાક મનશ્નીથી પૂજવા લાયક, ભલાં મનનો પીતા, અષોઇનું ખરૂં મૂળ તથા આ દુન્યાનાં સર્વે કાર્યો ઉપર સત્તા ભોગવનાર તરીકે મેં તનેજ, હે અહુરમજદ! ગણ્યો છે.

(ગાથા અહુનવદ, હા ૩૧, ફ૦ ૮)

થ્વોઇ અસ્ આર્મઇતીશ્ થ્વે આ ગેઉશ્ તષા અસ્ ખ્રતૂશ્
મઇન્યૂશ્ મઝ્દા અહુરા, હ્યત્ અઙ્હ્યાઇ દદાઓ પથાંમ્,
વાસ્ત્ર્યાત્ વા આઇતે, યે વા નોઇત્ અંઘ્રહત્ વાસ્ત્ર્યો.

સંપૂર્ણ મનશ્ની, હે અહુરમજદ! તારીજ છે. દુન્યાને સરજવાની મીનોઇ અક્કલ તારી છે. જે શખ્સ ઉદ્યોગથી પોતાનું જીવન ગાળે, અથવા જે ઉદ્યોગી ન હોય તેને માટે (ઘટતો બદલો આપવાનો) માર્ગ તેં મુકરર કર્યો છે. (ગાથા અહુનવદ, હા ૩૧, ફ૦ ૯.)

અત્ હ્રી અયાઓ ફ્રવરેતા વાસ્ત્રીમ અઙ્હ્યાઇ ફ્ષુયન્તૅમ્
અહુરૅમ્ અષવનૅમ વંઘ્હેઉશ્ ફ્ષેનગ્હીમ્ મનંઘ્હો;
નોઇત્, મઝ્દા, અવાસ્ત્ર્યો દવાંસચિના હુમૅરૅતોઇશ્ બક્ષ્તા.

એ બેમાંથી તેણે (એટલે અહુરમજદની સંપૂર્ણ મનશ્નીએ) આ (દુન્યાનાં ભલાં) સારૂં આબાદી કરનાર ખેડુતને અષો સાહેબ, ભલી મનશ્નીનો વૃદ્ધિ કરનાર તરીકે પસંદ કર્યો. હે અહુરમજદ! ઠગનાર આળસુ માણસ, ધર્મના સારા નીયમોનો લાભ મેળવનાર (હોતો) નથી.[2]

(ગાથા અહુનવદ, હા ૩૧, ફ૦ ૧૦.)

હ્યત્ ને મઝ્દા પઓઉર્વીમ્ ગએથાઓસ્ચા તષો દએનાઓસ્ચા,
થ્વા મનંઘ્હા ખ્રતૂશ્ચા હ્યત્ અસ્તવન્તૅમ્ દદાઓ ઉશ્તનૅમ્
હ્યત્ શ્યઓથનાચા સઁગ્હાંસ્ચા.

હે અહુરમજદ! જ્યારે પહેલાં (તેં તારી) વીચાર શક્તીથી (સર્વે) પ્રાણીઓ તથા તેમને સારૂં નીયમો બનાવ્યા, ત્યારે અમને (તેં) હાડમંદ (જડ) જીંદગી તથા અક્કલ બક્ષી; (તે સાથે વળી) અમને કાર્ય કરવાની શક્તિ તથા ધર્મના ફરમાનો તેં આપ્યાં. (ગાથા અહુનવદ, હા ૩૧ ફ૦ ૧૧.)

૧. ઐક્યતા અથવા સાક્ષાત્કારનો અત્રે ઇશારો હોવો જોઇએ. ૨. ઠગાઈ (અનષોઈ, અસત્ય) અને આળસ (તમસ) અધર્મીપણાના સાથી હોઈને, ધર્મના વેરીઓ છે.

પૅરૅસા અવત્ યથા હ્વૅા યે હુદાનુશ્ દેમનહ્યા ક્ષથ્રૅમ્
ક્ષોઇથ્રહ્યા વા દખ્યેઉશ્ વા અષા ફ્રદથાઇ અસ્પૅરૅજતા.

જે સારાં ડહાપણવાળા નરે અષોઇના ઘરની, શેહરની તથા દેશની સત્તા વધારવા માટે કોશેષ કરી હોય, તે પોતે કેવો ગણાય, એ વિષે (હે અહુરમજદ) તને હું પુછું છું. (ગાથા અહુનવદ, હા ૩૧ ફ૦ ૧૬.)

જ઼્દી–ને મજ઼્દા અહુરા વંઘ્હેઉશ્ ફ્રદક્તા મનંઘ્હો.

ઓ અહુરમજદ! તારાં ભલાં મનની નીશાનીઓ અમને જાહેર કર. (ગાથા અહુનવદ, હા ૩૧ ફ૦ ૧૭.)

ગૂશ્તા યે મન્તા અષૅમ્ અહૂમ્બિશ્ વિદ્વાઑ અહુરા,
ઍરૅજ઼ુખ્ધાઇ વચંઘ્હાંમ્ ક્ષયમનો હિજ઼્વો–વસો
થ્વા આથ્રા સુખ્રા મજ઼્દા વંઘ્હાઉ વીદાતા રાંનયાઑ.

જે વિદ્વાન, ઓ અહુરમજદ! બન્ને દુન્યા(ના લાભ)ને માટે અષોઇ સાંભળે (તથા તે ઉપર) વિચાર કરે, (તે શખ્સ) સત્ય વચનો ઉપર સત્તા ભોગવનાર (તથા) પોતાની જીભને તાબે રાખનાર (હોય છે). ઓ અહુરમજદ! તારા પ્રકાશીત આતશની મારફતે (તે નર) (જીંદગીના) ભલા સંસારમાં[1] કાયમ રહે છે. (ગાથા અહુનવદ, હા ૩૧ ફ૦ ૧૯.)

મજ઼્દાઑ દદાત્ અહુરો હઉર્વતો અમૅરૅતાતસ્ચા,
બૂરોઇશ્ આ અષખ્યાચા ખ્વાપઇથ્યાત્ ક્ષથ્રહ્યા સરો,
વંઘ્હેઉશ્ વજ઼્દ્રે મનંઘ્હો, યે હોઇ મઇન્યૂ શ્યઑથનાઇશ્ચા ઉર્વથો.

જે શખસ પોતાના વિચારથી તથા કાર્યોથી તેનો (એટલે અહુરમજદનો) મીત્ર (થાય છે), (તે શખસને) અહુરમજદ પોતાની સ્વતંત્રતાથી તંદુરસ્તી, (અને) અમર્ગી બક્ષશે, તથા સંપતિની, અષોઇની, તથા સત્તાની સરદારી, તેમજ ભલાં મનનું સુખ આપશે. (ગાથા અહુનવદ, હા ૩૧ ફ૦ ૨૧.)

ચિથ્રા ઇ હુદાઑધ્હે યથના વચેદ્મ્નાઇ મનંઘ્હા;
વોહૂ હ્વો ક્ષથ્રા અષૅમ્ વચંઘ્હા શ્યઑથનાચા હપ્તિ;
હ્વો તોઇ મજ઼્દા અહુરા વાજિશ્તો અંઘ્હઇતિ અસ્તિશ.

---

૧. 'કર્મ અને ગ્રહસ્થિ માર્ગ' અત્રે દેખાડ્યો છે. પણ અષોઈ એવી ઊચ સુચવી છે કે સ્વાર્થરહિત અને મનથી ત્યાગી માણસજ તે પાળી શકે એ ચોક્કસ છે. કર્મનો ત્યાગ કરવાનું કારણ નથી. ત્યાગ તો કર્મના ફળનોજ હોવો જોઈએ.

જેમ મનથી સમજનારને માટે (તેમ) સારાં ડહાપણવાળાને માટે, આ વીશ્ચયો જાહેર (છે). તે મનુષ્ય (પોતાની) નેક શક્તિથી, વિચારથી તથા કાર્યથી અષોઇને સંભાળે છે. એવો મનુષ્ય, હે અહુરમજદ! તારે માટે ઘણોજ મદદગાર પુરૂષ ગણાય. (ગાથા અહુનવદ, હા ૩૧, ફ૦ ૨૨.)

અત્ યે અકેમ્ દ્રેગ્વાઇતે વચંઘ્રહા વા અત્ વા મનંઘ્રહા
જસ્તોઇબ્યા વા વરેષઇતિ, વંઘ્રહાઉ વા ચોઇથઇતે અસ્તીમ;
તોઇ વારાઇ રાદેન્તી અહુરહ્યા જઓષે મજ્દાઓ.

જે કોઇ પોતાના વચનથી, વિચારથી અથવા બે હાથોથી (એટલે મેહનતથી) દુષ્ટ (માણસ)ને બુરૂં કરે છે, અથવા કોઇ મનુષ્યને તેના સારાંને માટે શીખામણ દેછે, તે અહુરમજદના પ્યારમાં પોતાનાં ધર્મ સંબંધી, શ્રદ્ધાને કાજે, ભેટ આપે છે.[૧] (ગાથા અહુનવદ, હા ૩૩ ફ૦ ૨.)

યે અષાઉને વહિશ્તો, ખ્એતૂ વા અત્ વા વેરેજેન્યો
અઇર્યમ્ના વા અહુરા વીદાંસ્ વા થ્વક્ષંઘ્રહા ગવોઇ,
અત્ હ્વો અષહ્યા અંઘ્રહત્ વંઘ્રહેઉશ્ચા વાસ્ત્રે મનંઘ્રહા.

જે કોઇ અષો (માણસ) તરફ ઘણો સારો (હોય છે), (એટલે સદગુણી માણસ સાથે સારી વર્તન ચલાવે છે), (પછી તે અષો માણસ) તેનો સગો, કોઇ ધંધાદારી અથવા તેનો કોઇ તાબેદાર (એટલે ચાકર) (હોય),(તથા) ચાલાકીથી તેનાં ગાય ઢોરોને સંભાળ રાખનારો (થાય, તો) તે શખ્સ પોતે અષોઇનાં તથા નેક મનશ્નીનાં કાર્યમાં હોય (એમ ગણાય).
(ગાથા અહુનવદ, હા ૩૩, ફ૦ ૩.)

યે જઓતા અષા એરેજૂશ્ હ્વો મન્યેઉશ્ આ વહિશ્તાત્ કયા.

અંતઃકરણપૂર્વક ભક્તિ કરનાર તરીકે, અષોઇની મારફતે તથા ઘણીજ નેક નિષ્ઠાથી (હે અહુરમજદ) તને હુ પોતે અહરનિશ યાદ કરૂં છું. (ગાથા અહુનવદ, હા ૩૩, ફ૦ ૬.)

---

૧. અત્રે યહુદી Tooth for a tooth and eye for an eye નો નીયમ નથી આગળ ધર્યો; તેમજ બુરાઈને જતિ મેળવા પણ નથી ફરમાવ્યું. આ સ્થળે **વીચારથી** પણ બુરાને ભલું ન ઇચ્છવા શીખાવ્યું છે, તેનું કારણ એમ જણાય છે, કે બુરો જો મજબુત અને શકત રહે, તો અષોઈને પ્રત્યેક વેળાએ હાણી પહોંચાડે. ન્યાય અથવા કર્મનો નીયમ આવીજ રીતે નીરંતર કાર્ય કરી રહ્યો છે. વળી નીચેનાજ ફકરામાં હરેક અષો તરફ ભલાઈ શીખાડી છે.

વહિશ્તા.....દર્ષત્‌ચા
અષા વૉહૂ મનંઘ્રહા યા સુયે પરે મગાઉનો.

ધર્મ ઉપર શ્રદ્ધા રાખનાર માણસોની નજદીક, અષોઇ તથા નેક મનશ્નીને લીધે, હું જે જાણીતો છું, (તેને) જે કાંઇ સર્વથી શ્રેષ્ઠ (હોય) તે તું શીખાડ. (ગાથા અહુનવદ, હા ૩૩, ફ૦ ૭.)

દાતા વે અમૅરૅતાઑસ્ચા ઉતયૂઇતી હુઉર્વતાસ્ દ્રઑનો.

(તારી કૃપાની) ભેટ તરીકે ખોરદાદ (એટલે આ જગતનાં સુખ)ની તથા અમરદાદ (એટલે મીનોઇ જેહાનની અમર્ગી)ની જાથુકની બક્ષેશ તું મને આપ. (ગાથા અહુનવદ, હા ૩૩, ફ૦ ૮.)

વીસ્પાઑ, સ્તોઇ, હુજીતયો યાઑ-જી આઁઘ્રહરે, યાઑસ્ચા હૅન્તી,
યાઑસ્ચા મજ્દા બવઇન્તી, થ્વહ્મી હીશ્ જઑષે આબશ્નોહ્વા
વૉહૂ ઉક્ષ્યા મનંઘ્રહા ક્ષથ્રા અષાચા ઉશ્તા તનૂમ્.

જીંદગીની સઘળી સુખી હાલતો, જે (માણસોથી) આગળ ભોગવવામાં આવી હતી, તથા જે હાલમાં ભોગવવામાં આવે છે તથા જે હવે પછી ભોગવવામાં આવશે તે, હે અહુરમજ્દ! (મારી તરફના) તારા પ્યારમાં ખચીત તુ (મને) આપ. (વળી) નેક મનશ્ની, અષોઇ, કૌવત તથા સંપત્તિથી, (હે અહુરમજ્દ!) મારાં શરીરને[1] તુ મજબૂત કર. (ગાથા અહુનવદ, હા ૩૩, ફ૦ ૧૦.)

ઉસ્-મોઇ ઉજારૅષ્વા અહુરા આર્મઇતી તેવીષીમ્ દસ્વા,
સ્પૅનિશ્તા મઇન્યૂ મજ્દા, વંઘ્રહુયા જ્વો-આદા,
અષા હજો એમવત્ વૉહૂ મનંઘ્રહા ફ્રૅસૅરતૂમ્.

હે ઘણાજ વૃદ્ધિ કરનાર તથા ભક્તિનો બદલો ભલી આશીષોથી આપનાર મીનો અહુરમજદ! મને તુ પવિત્ર કર (એટલે દુષ્ટ કાર્યોથી દૂર રાખ). મારી સભ્યતા અથવા નમ્રતાને લીધે તુ મને કૌવત આપ; મારી અષોઇને લીધે મને હીંમતવાળું જોર દે; તથા મારી નેક મનશ્નીને લીધે મને સરદારી આપ. (ગાથા અહુનવદ, હા ૩૩, ફ૦ ૧૨.)

બ્યઑથનહ્યા અષાઇ યાચા ઉખ્ધખ્યાચા સૅરઑષૅમ ક્ષથ્રૅમચા.

---

૧. અષો જરથુશ્ત્ર સાહેબ, સર્વથી મહાન રથેશ્તાર, આ મહાભારત નીયમને આધારે બન્યા હતા

(પેગમબર જરથુશ્ત્ર પોતાનાં) કાર્યની સત્તા તથા દીનના વચનો માટેની તાબેદારી,[1] અષોઇને સારૂં અર્પણ કરે છે.
(ગાથા અહુનવદ, હા ૩૩, ફ૦ ૧૪.)

યા શ્યઑથના, યા વચંઘ્રહા યા યસ્ના અમૅરૅતતાતૅમ્
અષૅમચા તએઇબ્યો દાઑંઘ્રહા મઝ્દા ક્ષથ્રૅમચા હઉર્વતાતો
અએષાંમ તોઇ અહુરા એહ્યા પૉઉરૂતૅમાઇશ્ દસ્તે.

જે કાર્ય, જે વચન, તથા જે ભક્તિને લીધે અમને અમરી, અષોઇ, સત્તા તથા આનંદ મળે છે તે હે અહુરમજદ! સર્વથી પેહલાં તને હું અર્પણ[1] કરૂં છું. (ગાથા અહુનવદ, હા ૩૪, ફ૦ ૧.)

અત્ તોઇ મ્યઝ્દૅમ્ અહુરા નેમંઘ્રહા અષાઇચા દામા.

હે અહુરમજદ! આધીન નમસ્કાર સાથે તને તથા અષને અમે મ્યજદ[2] અર્પણ કર્યે. (ગાથા અહુનવદ, હા ૩૪, ફ૦ ૩.)

યોઇ સ્પૅન્તાંમ્ આર્મઇતીમ્ થ્વહ્યા મઝ્દા બૅરૅખ્ધાંમ્ વીદુષો,
દુશ્-શ્યઑથના અવઝ્જત વંઘ્રહેઉશ્ એવીસ્તી મનંઘ્રહો,
અએઇબ્યો મશ્ અષા સ્યઝ્દત્ યવત્ અહ્મત્ અઉરૂના ખ્રફ્સ્ત્રા.

જેઓ, હે અહુરમજદ! સ્પેન્ત આર્મઇતી (નમ્રતા)ને તારી પ્યારી જાણવા છતાં, નેક મનશ્નીથી બેદરકાર રહીને, દુષ્ટ કાર્ય કરનારા તરીકે જીવન ગાળે છે, તેવા પુરૂષો આગળથી જેમ જંગલી ખ્રફ્સ્તરો[3] આપણી આગળથી દૂર જાય છે, તેમ અષોઇ તદન નહાસી જાય છે.
(ગાથા અહુનવદ, હા ૩૪, ફ૦ ૯.)

સ્પૅન્તાંમચા આર્મઇતીમ્ દાંમીમ્ વીદ્વાઑ હિથાંમ્ અષહ્યા.

તે (એટલે ડહાપણવાળો માણસ) સ્પેંત આર્મઇતી (નમ્રતા અથવા ભક્તિ)ને અષોઇનું ખરૂં મૂળ સમજે છે.[4] (ગાથા અહુનવદ, હા ૩૪, ફ૦ ૧૦.)

સીષા-નાઑ અષા પથો વંઘ્રહેઉશ્ ખ્અએતૅંગ્ મનંઘ્રહો.

અષોઇની મારફતે (હે અહુરમજદ!) તુ અમને વોહુમનોના પોતાના (ખાસ) માર્ગો શીખવ. (ગાથા અહુનવદ, હા ૩૪, ફ૦ ૧૨.)

---

૧. આ સર્વસ્વનો ત્યાગ, ભોગ અથવા અર્પણતા છે. ૨. મેજ, ક્રિયાની ભેટ. ૩. જાનવરો. ૪. નમ્રતા અથવા ભક્તિ અષોઈનું મૂળજ છે. ત્યારે હજારો વર્ષો પછી Humility is the first of Christian virtues, the second of them and the last of them એમ ખ્રિસ્તીઓ સ્વિકારે છે.

તત્ જી મજ્દા વઇરીમ્ અસ્તવઇતે ઉશ્તાનાઇ દાતા.....
ક્ષ્માકાંમ્ હુચિસ્તીમ્ અહુરા ખ્રતેઉશ્ અષા ફ્રાદો વૅરૅજેના.

(જેઓ) અષોઇની મારફતે અક્કલનાં કાર્યો વધારનારા છે, (તેમની) (આ) શારીરિક જીંદગીને, હે અહુરમજદ! તારૂં નેક ડહાપણ ખરેજ તેં દીધું છે. (ગાથા અહુનવદ, હા ૩૪, ફ૦ ૧૪.)

મજ્દા અત્ મોઇ વહિશ્તા સ્રવાઓસ્ચા શ્યઓથનાચા વઓચા
તા તૂ વોહૂ મનંઘહા અષાચા ઇષુદેમ્ સ્તૂતો.

હે અહુરમજદ! તુ મને સર્વોત્તમ દીનના વચનો તથા કાર્યો વીષે કેહ, કે તેથી જરૂર નેક મનશ્નીી તથા અષોઇથી, તારી કીર્તિનાં ગાયનનું કરજ (હું ફેરૂં). (ગાથા અહુનવદ, હા ૩૪, ફ૦ ૧૫.)

ગત્ તોઇ વસેમી...અર્ષમ્ દૅરૅદ્યાઇ.

અષોઇ પકડી રાખવાને કાજે (હે અહુરમજદ!) તારી પાસેથી હું તે (તંદુરસ્તી તથા કૌવત) જરૂર યાચું[1] છું. (ગાથા ઉશ્તવદ, હા ૪૩, ફ૦ ૧.)

યા દાઓ અષા વંઘહેઉશ્ માયાઓ મનંઘહો,
વીસ્પા અયારે દૅરૅગો-જ્યાતોઇશ્ ઉર્વાદંઘહા.

પ્યારથી (અમારી) લાંબી આયુષ્યના સઘળા દિનો, નેક મનશ્નીનું ધન,[2] અષોઇની મારફતે (હે અહુરમજદ!) તું અમને દે!
(ગાથા ઉશ્તવદ, હા ૪૩, ફ૦ ૨.)

અત્ થ્વા મેંગહાઇ તખ્મૅમચા સ્પૅન્તૅમ્ મજ્દા,
હ્યત્ તા જસ્તા યા-તૂ હફ્ષી અવાઓ
યાઓ દાઓ અથ્રીશ્ દ્રૅગ્વાઇતે અષાઉનએચા.

હે અહુરમજદ! તને જરૂર સર્વ શક્તિમાન તથા આબાદી કરનાર હું ગણતો રહીશ, કારણ કે (તારા) જે (હાથ)થી પાપી તેમજ અષો (માણસ)ને તું મદદ આપે છે, તેજ હાથથી તું (તેમને) સારૂં આશીર્વાદ પાંથરે છે (મોકલે છે).[3] (ગાથા ઉશ્તવદ, હા ૪૩, ફ૦ ૪.)

યેહ્યા શ્યઓથ્નાઇશ્ ગએથાઓ અષા ફ્રાદૅન્તે.

(હે અહુરમજદ!) તું કે જેનાં કાર્યથી દુન્યાના લોકો અષોઇની મારફતે આબાદ થાય છે. (ગાથા ઉશ્તવદ, હા ૪૩, ફ૦ ૬.)

---

૧. માગું. ૨. તપોધન સરખાવો. ૩. આ ઠેકાણે The sun shines on the righteous and the unrighteous alike એવો ભાસ આપવામાં આવ્યો છે.

અત્ આ થ્વહ્માઇ આથ્રે, રાતાંમ્ નેમંઘ્રહો
અષહ્યા મા યવત્ ઇસાઇ મન્યાઇ.

જ્યાં સુધી મારામાં બળ રેહશે, (ત્યાં સુધી) (હે અહુરમજદ!) તારા આતશને માટે ભક્તિ તથા અષોઇની ભેટને ખચીત હું કીંમતી ગણીશ. (ગાથા ઉશ્તવદ, હા ૪૩, ફ૦ ૯.)

અત્ તૂ મોઇ દાઇશ્ અષેંમ્,
હ્યત્ મા જઓજઓમી,
આર્મઇતી હચિમ્નો ઇત્ આરેંમ.

તુ મને અષોઇ દે, કારણ કે તે (હું) મારે માટે જરૂર માંગું છું, કે જેથી આર્મઇતી (નમ્રતા) મુજબ બરોબર ચાલનારો (હું થાઉં.) (ગાથા ઉશ્તવદ, હા ૪૩, ફ૦ ૧૦.)

હ્યતચા મોઇ ઓઁશ્ અષેંમ જસો ફ્રાક્ષ્નેને
અત્ તૂ-મોઇ નોઇત્ અસ્રુશ્તા પઇરચઓદ્ધ્ઝા.

જ્યારે (તેં) મને કહ્યું છે, કે પૂરતી રીતે અષોઇને પોંહચનારો (તું છે), માટે મને જે કાંઇ સાંભળવા જેવું ન (હોય), તે તું જાહેર કરીશ માં. (ગાથા ઉશ્તવદ, હા ૪૩, ફ૦ ૧૨.)

હ્યત્ ના ફ્યાઇ વએદેંમ્નો ઇસ્વા દઇદીત્
મઝ્દાઓ મજ્દા તવા રફ્નો ફ્રાક્ષ્નેનેંમ,
હ્યત્ થ્વા ક્ષથ્રા અષાત્ હચા ફ્રાંસ્તા.

તે ડાહ્યો (તથા) શક્તિવાળો નર, હે અહુરમજદ! મને મીત્રને પુરતી રીતે તારે (થી મળતી) ખુશાલી આપી શકશે, કે જે તારી સંપૂર્ણ શક્તિ તથા અષોઇને લીધે તેં ફરમાવેલી છે. (ગાથા ઉશ્તવદ, હા ૪૩, ફ૦ ૧૪.)

અસ્તવત્ અષેંમ ખ્યાત્ ઉશ્તાના અઓજોંગ્હ્વત્.
અષોઇ પુર તેજી (પ્રતાપ)થી જોરાવર (તથા) વીર્યવાં થાય!
(ગાથા ઉશ્તવદ, હા ૪૩, ફ૦ ૧૬.)

હ્વો જી અષા સ્પૅન્તો ઇરિખ્તંમ વીસ્પોઇબ્યો
હારો મઇન્યૂ અહૂમબીશ્ ઉર્વથો મજ્દા.

હે મીનો અહુરમજદ! જરૂર તું પોતે અષોઇથી આબાદી કરનાર તથા એમ સઘળાંઓથી ખરાબી દૂર કરનાર તથા બન્ને દુન્યામાં મીત્ર છે. (ગાથા ઉશ્તવદ, હા ૪૪, ફ૦ ૨.)

કસ્ના જાંથા પતા અષહ્યા પૉઉરૂયો.

(હે અહુરમજ્દ!) આરંભમાં અષોઇનો પેદા કરનાર તથા પીતા કોણ હતો? (ગાથા ઉશ્તવદ, હા ૪૪, ફ૦ ૩.)

અષેમ ષ્યૉઑથનાઇશ દેબાંજઇતી આર્મઇતીશ.

શું આર્મઇતી (તેનાં) કાર્યોને લીધે અષોઇની વૃદ્ધિ કરે છે?[1] (ગાથા ઉશ્તવદ, હા ૪૪, ફ૦ ૬.)

તત્ થ્વા પૅરેસા ઑરેશ–મોઇ વઑચા અહુરા...
યાચા અષા અંઘ્હેઉશ અરેમ વએદ્યાઇ.

જે (ભક્તિ) આ દુન્યાનું સુખ, અષોઇની મારફતે પ્રાપ્ત કરવાને જરૂરની છે, તે વીષે હે અહુરમજ્દ! તને હું પુછું છું, તે તુ મને સત્ય કેહજે. (ગાથા ઉશ્તવદ, હા ૪૪, ફ૦ ૮.)

ઑરેઝ્વા ક્ષથ્રા થ્વાવાંસ્ અસીશ્તીશ મજ્દા
હદેમોઇ અષા વૉહુચા ષ્યાંસ્ મનંઘ્હા.

હે અહુરમજ્દ! (તારાં) ન્યાયી રાજ્યને લીધે અષોઇ તથા નેક મનશ્ની સાથે એકજ ઠામમાં તું રહે છે. (ગાથા ઉશ્તવદ, હા ૪૪, ફ૦ ૯.)

યા–મોઇ ગએથાઑ અષા ફ્રાદોઇત્ હચેમ્ના.

(તે દીન) કે જે અષોઇની પૂઠે ચાલવાને લીધે, મારી માલમતાને આબાદ કરી શકે છે. (ગાથા ઉશ્તવદ, હા ૪૪, ફ૦ ૧૦.)

કે અષવા યાઇશ પૅરેસાઇ દ્રેગવાઑ વા.

જે (માણસો) સાથે હું વાતચીત કરૂં છું (તેમનામાં) અષો કોણ તથા દુષ્ટ કોણ (છે)? (ગાથા ઉશ્તવદ, હા ૪૪, ફ૦ ૧૨.)

તત્ થ્વા પૅરેસા ઑરેશ મોઇ વઑચા અહુરા;
યેજી અહ્યા અષા પોઇ મત્ ક્ષયેહી.

જો તું આ (દુન્યા)માં અષોઇ સાથે (સઘળાંઓના) રક્ષક તરીકે રાજ્ય કરે છે, તો હે! અહુરમજ્દ! હું તને પુછું છું, તે (તું) મને ખરૂં કેહજે. (ગાથા ઉશ્તવદ, હા ૪૪, ફ૦ ૧૫.)

નોઇત્ હીમ મીજેન્ અષા વાસ્ત્રેમ ફ્રાદઇંઘ્હે.

---

૧. અત્રે ફરીને નમ્રતા અને ઈશ્વર પ્રત્યે પ્રેમની સ્તુતી છે.

અષોઇથી ખેતીને વધારવા માટે, (દૈત્યો) આ (પૃથ્વી)ને તાજી રાખતા નથી. (ગાથા ઉશ્તવદ, હા ૪૪, ફ૦ ૨૦.)

અત્ ફ્રવક્ષ્યા અંઘ્રહેઉશ અહ્યા વહિશ્તૅમ
અષાત્ હચા......
પતરૅમ્ વંઘ્રહેઉશ્ વૅરૅજયન્તો મનંઘ્રહો
અત્ હોઇ દુગેદા હુષ્યઑથના આર્મઇતીશ્.

અષોઇને લીધે આ દુન્યામાં (જે) સર્વોત્તમ (તથા જે) મેહનતુ (અથવા ચાલાક), ભલાં મનનો પીતા તથા જેની છોકરી ભલું કાર્ય કરનારી આર્મઇતી(છે), તે સર્વોત્તમ વીષે હું (તમને) જાહેર રીતે કહું છું. (ગાથા ઉશ્તવદ, હા ૪૫, ફ૦ ૪.)

વીસ્પનાંમ્ મઝિશ્તૅમ્ સ્તવસ્ અષા.

સર્વમાં જે સર્વથી ચઢતી પંક્તિનો, તેની કીર્તિ, અષોઇને લીધે હું ગાવું છું. (ગાથા ઉશ્તવદ, હા ૪૫, ફ૦ ૬)

તેમ્ ને સ્તઑતાઇશ્ નૅમંઘ્રહો આ વીવરૅષો;
નૂ-ઈત્ ચષ્મઇની વ્યાદરૅસૅમ્,
વંઘ્રહેઉશ્ મન્યેઉશ્ ષ્યઑથનહ્યા ઉખ્ધખ્યાચા
વીદુશ્ અષા યૅમ્ મઝ્દાંમ્ અહુરૅમ્.

ભક્તિનાં ગાયનોથી તેને (અહુરમજદને) અમે વખાણવાને ઇચ્છયે છીએ, કારણકે જરૂર (ધર્મની બાબદોથી) જાણીતો થઇને, અષોઇની મારફતે નેક વિચારના, વચનોના તથા કાર્યના તે મહાજ્ઞાની સાહેબને હવે મારી નજરે હું સ્પષ્ટ રીતે જોવું છું. (ગાથા ઉશ્તવદ, હા ૪૫, ફ૦ ૮,)

મઝ્દાઓ ક્ષથ્રા વૅરૅઝી નાઓ દાત્ અહુરો,
પસૂશ્ વીરૅંગ્ અહ્માકૅંગ્ ફ્રદથાઇ આ,
વંઘ્રહેઉશ્ અષા હઑજાંથ્વાત્ આ મનંઘ્રહો.

અમારા માણસો તથા ગાય ઢોરને આબાદ કરવા સારૂં, (અમારાં) ભલાં મનનાં સારાં ડહાપણને લીધે, (તથા) અષોઇને લીધે અહુરમજદ (પોતાની) સત્તાથી અમને (જોઇતું) બળ આપે! (ગાથા ઉશ્તવદ, હા ૪૫, ફ૦ ૯.)

હ્યત્ હોઇ અષા વૉહુચા ચોઇશ્ત્ મનંઘ્રહા
ક્ષથ્રોઇ હોઇ હઉર્વાતા અમૅરૅતાતા.

(તે કે) જેણે અષોઇ અને નેક મનશ્નીની મારફતે પોતાનાં રાજ્યમાં તેને માટે (એટલે સદગુણી માણસને માટે) આનંદ તથા અમરપણું મુકરર કર્યું છે. (ગાથા ઉશ્તવદ, હા ૪૫, ફ૦ ૧૦.)

આખ્સો વંઘ્રહેઉશ્ અષા દશ્તીમ્ મનંઘ્રહો.

અષોઇની મારફતે ભલાં મનની દોલત તું (મને) શીખાડ. (ગાથા ઉશ્તવદ, હા ૪૬, ફ૦ ૨.)

કદા મઝ્દા......

અંઘ્રહેઉશ્ દરેથ્રાઇ ફ્રો અષહ્યા ફ્રાર્ન્તે,...

સઓશ્યન્તાંમ્ ખ્રતવો.

અષોઇની દુન્યાંની આબાદીને માટે, હે અહુરમજદ, સોશ્યંતોની ઉત્તમ બુદ્ધિ...કયારે આવશે ? (ગાથા ઉશ્તવદ, હા ૪૬, ફ૦ ૩.)

અષહ્યા વઝ્દ્રેંગ્ પાત્,

ગાઓ ફ્રોરેતોઇશ્ ષોઇથ્રહ્યા વા દખ્યેઉશ્ વા.

(પાપી માનવી) અષોઇના મદદગારોને તથા શહેરનાં તેમજ દેશનાં ગાય-ઢોરોને[1] ફરવા હરવા(માં)થી અડચણ કરે છે. (ગાથા ઉશ્તવદ, હા ૪૬, ફ૦ ૪.)

યયાઓ શ્યોથનાઇશ્ અષેમ્ થ્રઓશ્તા અહુરા.

જે બન્નેના કાર્યોથી, હે અહુરમજદ! અષોઇ વધે છે. (ગાથા ઉશ્તવદ, હા ૪૬, ફ૦ ૭.)

અષા......આર્મતોઇશ ગએથાઓ ફ્રાદો થ્વક્ષંઘ્રહા.

અષોઇને લીધે આર્મઇતિ (પરહેજગારી અથવા નમ્રતા)ના મુલકો પોતાની ઉલટથી (ચંચલાઇથી) આબાદ કરે છે. (ગાથા ઉશ્તવદ, હા ૪૬, ફ૦ ૧૨.)

તેમ્ વે અષા મેહ્મઇદી હુશ્-હખાઇમ.

તે (માણસને) હે અષ! (અમે) તારો ખરો મીત્ર ગણીએ છીએ. (ગાથા ઉશ્તવદ, હા ૪૬, ફ૦ ૧૩.)

અષેમ્ ફ્મઇબ્યા દદુયે.

તમારે માટે અષોઇ મુકરર કીધી છે. (ગાથા ઉશ્તવદ, હા ૪૬, ફ૦ ૧૫.)

યથા અષા હચઇતે આર્મઇતિશ્.

---

૧. અથવા પ્રાણીઓને.

તે તરફ ભક્તિ અષોઇની પુઠે ચાલે છે.

(ગાથા ઉશ્તવદ, હા ૪૬, ફ૦ ૧૬.)

મજ્દા અષા ક્ષ્માકૅમ્ વારૅમ્ ક્ષ્નઑષેમ્નો.

હે અહુરમજદ! અષોઇની મારફતે તારી ઇચ્છાને તૃપ્ત કરવાને (આધિન થવાને) હું ઇચ્છું છું. (ગાથા ઉશ્તવદ, હા ૪૬, ફ૦ ૧૮.)

વહિશ્તાચા મનંઘ્હા
હ્યા અષાત્ શ્યઑથનાચા વચંઘ્હાચા,
અહ્માઇ દાંન્ હઉર્વાતા.

અષોઇથી (ઉત્પન્ન થતા) સર્વથી પવીત્ર વિચાર, સખુન તથા કાર્યને લીધે (દાદાર) અહુરમજદ આપણુને......સુખ આપે છે.

(ગાથા સ્પેન્તોમદ.હા ૪૭, ફ૦ ૧.)

ઓયા ચિસ્તી હ્વો પતા અષહ્યા મજ્દાઓ.

માત્ર (પોતાનાં) (હરવેસ્પ-આગાહ) જ્ઞાનને લીધે અહુરમજદ પોતે અષોઇનો પિતા (એટલે સત્યતાનું મૂળ છે) (ગાથા સ્પેન્તોમદ, હા ૪૭, ફ૦ ૨)

નોઇત્ ઇથા અષાઉનો;
કસેઉશ્ચીત્ ના અષાઉને કાથે અંઘ્હત્.

પણ અષો માણસો નહી (એટલે દુઃખી થતાં નથી). અષો માણસને રાજી રાખવા માટે કોઇપણ શખ્સ (માત્ર) થોડી ચીજની તંગીમાં હોય છે.[1] (ગાથા સ્પેન્તોમદ, હા ૪૭, ફ૦ ૪.)

અષાઉને ચોઇશ્ યા-જી ચીચા વહિશ્તા.

અષો (માણસ)ને જે કાંઇ સર્વોત્તમ તે (એટલે અહુરમજદ સાથે રહેવાનું સુખ) જરૂર તું આપે છે. (ગાથા સ્પેન્તોમદ, હા ૪૭, ફ૦ ૫.)

તા દાઓ સ્પૅન્તા મઇન્યૂ મજ્દા અહુરા,
આથ્રા વંઘ્હાઉ વીદાઇતે રાનોઇબ્યા
આર્મતોઇશ દ્બાંજંઘ્હા અષખ્યાચા.

હે આબાદી કરનાર અનદીઠ અહુરમજદ! (તારા) આતશની મારફતે તે બે હરીફોને (તેમની સંપૂર્ણ મનશ્ની તથા અષોઇના વધારા

૧. એટલે અષો માનવીને સંતોષવાનું સહેલ છે; દુષ્ટને સંતોષવું દુષ્કર છે.

(તબક્કા) મુજબ, ભલા ચુકાદામાં (એટલે વાજબી ન્યાય કરીને), તે (એટલે તે પ્રમાણેનો) બદલો તું આપે છે. (ગાથા સ્પેન્તોમદ, હા ૪૭, ફ૦ ૬.)

યેજી અદાઇશ અષા દ્રુજૅમ વેંગ્હહઇતી.

જ્યારે (અષો-સદગુણી માણસ) (પોતાના) પરોપકારી કાર્યોથી (તથા) અષોઇથી દરૂજ (એટલે ઠગાઇ-જુઠાઇ)ને મારશે.
(ગાથા સ્પેન્તોમદ, હા ૪૮, ફ૦ ૧.)

કત્ અષવા મજ્દા વેંગ્હત્ દ્રેગ્વન્તૅમ્ .

શું અષો માણસ, હે અહુરમજદ! દુષ્ટ માણસ ઉપર ફાવશે?
(ગાથા સ્પેન્તોમદ, હા ૪૮, ફ૦ ૨.)

યઑજ્દાઑ મશ્યાઇ અઇપી જાંથૅમ્ વહિશ્તા.

પવિત્રતાઇ (એ) માનવીને માટે જન્મથી સર્વથી શ્રેષ્ઠ (લક્ષણ છે.)
(ગાથા સ્પેન્તોમદ, હા ૪૮, ફ૦ ૫.)

કા-થ્વોઇ અષા આકાઑ અરૅદ્રૅંગ્ ઇશ્યા.

તારા (ઠેરવેલા) જાહેર મદદગારોને[1] અષોઇની મારફતે (હું) કેમ પ્રાપ્ત કરૂં? (ગાથા સ્પેન્તોમદ, હા ૪૮, ફ૦ ૮.)

કદા વએદા યેજી ચહ્યા ક્ષયથા
મજ્દા અષા યેહ્યા-મા...દ્રુએથા.

હે અહુરમજદ! અષોઇને લીધે દરેક (પેદાયશ)ની ઉપર તું સત્તા ભોગવે છે તો, જે (બાબદ)નો મને શક (છે તે વીષે) હું ક્યારે જાણીશ?
(ગાથા સ્પેન્તોમદ, હા ૪૮, ફ૦ ૯.)

કદા મજ્દા અષા મત્ આર્મઇતિશ
જિમત્ .

ક્યારે, હે અહુરમજદ! અષોઇ સાથની સંપૂર્ણ મનશ્ની (અથવા નમ્રતા) (અમને) મળશે? (ગાથા સ્પેન્તોમદ, હા ૪૮, ફ૦ ૧૧.)

યે દુશ્-ઍરૅથ્રીશ ચિક્નુષા અષા.

અષોઇની મારફતે બેદિલ (નિરાશ) થએલાઓને રાજી રાખવાને ઇચ્છું છું. (ગાથા સ્પેન્તોમદ, હા ૪૯, ફ૦ ૧.)

નએદા વૉહૂ મજ્દા ફ્રશ્તા મનંઘ્હા.

---

૧. ગુરૂ માટે અત્રે ઈશારો જણાય છે.

નેક મનશ્નીથી, હે અહુરમજદ!(દીનની બાબદ વિષે તે દુષ્ટ બેનદ) જાણીતો થએલો નથી. (ગાથા સ્પેન્તોમદ, હા ૪૯, ફ૦ ૨.)

અત્ચા અહ્માઇ વરૅનાઇ મજદા નિદાતૅમ.

અષૅમ્ સૂઇદ્યાઇ.

(દુન્યાનાં લોકોને) લાભ કરવાને માટે આ દીનને સારૂં હે અહુરમજદ! અષોઇ નક્કિ કરેલી (છે). (ગાથા સ્પેન્તોમદ, હા ૪૯, ફ૦ ૩.)

આર્મતોઇશ કસ્ચીત્ અષા...

થ્વહ્મી ક્ષથ્રોઇ.

નમ્રતા (ભક્તિ)ની અષોઇને લીધે એવો કોઇપણ માનવી તારી પાદશાહોમાં (દાખલ થશે). (ગાથા સ્પેન્તોમદ, હા ૪૯, ફ૦ ૫.)

અષૅમ્ચા શ્રઇતે......

ખ્રતેઉશ્ ક્ષ્માકહ્યા આ-મનંઘ્રહ્યા,

અરૅશ્ વીચિદ્યાઇ.

તારી (હર્વેસ્પ-આગાહ, ત્રીકાળદરશી) અક્કલના વિચારની મારફતે, અષોઇ ફરમાવે છે કે ખરૂં એખ્ત્યાર કરવું.[1] (ગાથા સ્પેન્તોમદ, હા ૪૯,ફ૦ ૬)

સ્રઑત્ અષા.

અષોઇ (એટલે ખાલેસ દીલ)થી તે ઉપર (એટલે દીન ઉપર) ચિત્ત લગાડશે. (ગાથા સ્પેન્તોમદ, હા ૪૮, ફ૦ ૭.)

નોઇત્ ઍરૅશ-વચાઑ સરૅમ્ દદાંસ્ દ્રૅગ્વાતા......

અષા યુખ્તા યાહી દેજામાસ્પા.

સત્ય બોલનારે દુષ્ટ માણસની મારફતે સરદારી ન લેવી...અષોઇને લીધે બહાદુર (ગુશ્તાસ્પ) અને જામાસ્પ-હકીમ જોડાયેલા (છે). (ગાથા સ્પેન્તોમદ, હા ૪૯, ફ૦ ૯.)

કત્ તોઇ અષા જ્બયેન્તે અવંઘ્રહો

જરથુશ્ત્રાઇ, કત્ તોઇ વૅહૂ મનંઘ્રહા.

(જરથોશ્ત દાદાર અહુરમજદને પુછે છે) તારા નમ્ર જરથોશ્તને માટે (હે અહુરમજદ) (તેની) અષોઇને લીધે તથા (તેની) નેક મનશ્નીને લીધે, (તારી) કૃપા (મેહેરબાની)નો કેટલો (ભાગ) (તું આપનાર છે)? (ગાથા સ્પેન્તોમદ, હા ૪૯, ફ૦ ૧૨.)

---

૧. અષોઈ, સત્યતા સાથે સર્વથી નીકટ સંબંધ રાખે છે.

કે મે ના...વિસ્તો,
અન્યો અષાત્......વહિશ્તાઅત્ચા મનંઘ્રહો

અષોઇ તથા સર્વથી નેક મનશ્ની સીવાય કયો માનવી મારે માટે (રક્ષક તરીકે) જણાયલો (છે)? (ગાથા સ્પેન્તોમદ, હા ૫૦ ફ૦ ૧.)

વાઓ યજાઇ...અષા વહિશ્તાચા મનંઘ્રહા.

(હું) અષોઇથી (એટલે પવીત્ર અંતઃકરણથી), સર્વથી નેક મનશ્નીથી...તને નિત્ય આરાધું. (ગાથા સ્પેન્તોમદ, હા ૫૦, ફ૦ ૪.)

મહ્યા રાજૅંગ્ વોહૂ સાહીત્ મનંઘ્રહા.

(કોઇપણ માનવી) નેક મનશ્નીથી મારા ભેદો[1] શિખવી શકે છે. (ગાથા સ્પેન્તોમદ, હા ૫૦, ફ૦ ૬.)

પઇરિ-જસાઇ......અત્ વાઓ અષા......વાઓ.

અષોઇની મારફતે..તને, તને જરૂર હું પહોંચું. (ગાથા સ્પેન્તોમદ, હા ૫૦, ફ૦ ૮.)

અષોઇશ્ મખ્યાઓ વસે ક્ષયા.

મારી અષોઇની ઇચ્છા ઉપર હું દ્રઢ છું. (ગાથા સ્પેન્તોમદ, હા ૫૦, ફ૦ ૯.)

અષા તવાચા......
અરૅદત વોહૂ મનંઘ્રહા;
હુઇથ્યાવરૅશ્તાંમ્ હાત્ વરના ફૅરષોતૅમમ.

અષોઇની મારફતે હું શક્તિ ધરાવું છું. અષોઇનાં કાર્ય કરનારાઓની ઇચ્છા જે સર્વથી ચઢતે દરજ્જેની (છે), (તે) નેક મનશ્નીને લીધે પાર પડે છે. (ગાથા સ્પેન્તોમદ, હા ૫૦, ફ૦ ૧૧.)

વીદીષેમ્નાઇશ્ ઇજ઼ાચીત્ અષા અન્તરૅ-ચરઇતી
વ્યોથનાઇશ્.

અષોઇને લીધે તથા પવિત્ર કાર્યોને લીધે, (જગતના લોકોમાં) સંપત્તિ, સુખ ઇત્યાદી પાંથરે છે. (ગાથા વોહુ-ક્ષથ્ર, હા ૫૧, ફ૦ ૧.)

તા-વે મજદા પઓઉરૂવીમ્ અહુરા અષાઇ યેચા.

---
૧. ગુપ્ત જ્ઞાન

અષોઇને માટે, હે અહુરમજદ! તને સર્વથી પેહલ્લા દરજ્જાનો હું ગણું છું. (ગાથા વોહુ-ક્ષથ્ર, હા ૫૧, ફ૦ ૨.)

યોઇ વે હ્યઓથનાઇશ સારેન્તે,
અહુરો અષા હિજ્વા ઉખ્ધાઇશ વંઘ્હેઉશ મનંઘ્હો.

જેઓ (પોતાનાં) કાર્યોથી, અષોઇથી, જીભથી (એટલે સત્ય વાણીથી), તથા નેક મનશ્નીની (એટલે ખરાં અંતઃકરણથી કરેલી) ભક્તિથી, હે અહુરમજદ તને સરદાર તરીકે ગણે છે.

(ગાથા વોહુ-ક્ષથ્ર હા ૫૧, ફ૦ ૩.)

કુથ્રા યસો ખ્યેન્ અષેમ્, કૂ સ્પેન્તા આર્મઇતિશ.

કઇ તરફ અષોઇ (તથા) કયાં સંપત્તિ આપનાર નમ્રતા (અથવા સત્યતા) આવાગમન[1] કરે છે? (ગાથા વોહુ-ક્ષથ્ર, હા ૫૧, ફ૦ ૪.)

અષાત હચા ગાંમ વીદત.

તે અષોઇની મારફતે જગત આબાદ કરે.

(ગાથા વોહુ-ક્ષથ્ર, હા ૫૧. ફ૦ ૫.)

મઝ્યો જ્બયા અષેમ્ વંઘ્હુયા અષી ગત તે.

મારે માટે તો (હું) અષોઇને વખાણું છું. (હે અહુરમજદ!) તારી નેક આશીષ(ના બદલા)માં અષોઇ (મને) પ્રાપ્ત થાય!

(ગાથા વોહુ-ક્ષથ્ર, હા ૫૧, ફ૦ ૧૦.)

કે...અષા આફ્રસ્તા, કા સ્પેન્તા આર્મઇતિશ,
કે વા વંઘ્હેઉશ મનંઘ્હો અચિસ્તા મગાઇ એરેશ્વો.

કોણે અષોઇથી (ધર્મ વીષે) સવાલો પુછયા હતા? કોણની મારફતે પવિત્ર (અથવા વૃદ્ધિ કરનાર) નમ્રતા (ભક્તિ) (મેળવી શકાય)? અથવા નેક મનશ્નીનો કયો અંતઃકરણપૂર્વક (માણસ) (તે) માહાભારત કાર્યને માટે જણાયલો (છે)? (ગાથા વોહુ-ક્ષથ્ર, હા ૫૧, ફ૦ ૧૧.)

તા દ્રેગ્વતો મરેદઇતી દએના એરેજાઉશ હઇથીમ.

અષો (માણસ)નો ધર્મનો માર્ગ (છેવટે) દુષ્ટ (માણસ)ના (માર્ગને) ખરેખર કચડી નાખે છે. (ગાથા વોહુ-ક્ષથ્ર, હા ૫૧, ફ૦ ૧૩.)

---

૧. આવવું.

યેઙ્હા ઉર્વા.....
ચિન્વતો પૅરૅતાઑ આકાઑ...
અષઙ્હા નાંસ્વાઑ પથો.
જેનું (દુષ્ટ માણસનું) રવાંન જાણીતા ચિન્વત પુલ ઉપર અષો-ઇના માર્ગ તરફ (એટલે બેહશ્તના માર્ગમાં) પહોંચવાને ઇચ્છે છે.
(ગાથા વોહુ-ક્ષથ્ર, હા ૫૧, ફ૦ ૧૩.)

વે વૉહૂ મનંઘ્રહા અષાઇચા સવાઇશ્ ચિવીષી.
(હે માજદયસ્ની જરથોશ્તીઓ!) તમને (પણ) (તમારી) નેક મનશ્નીને લીધે તથા અષોઇને માટે આશીર્વાદો સાથે આપવામાં આવશે.
(ગાથા વોહુ-ક્ષથ્ર, હા ૫૧, ફ૦ ૧૫)

તાંમ્ કવા વીશ્તાસ્પો મગઙ્હા ક્ષથ્રા નાંસત્
વંઘ્રહેઉશ્ પદ્ભીશ્ મનંઘ્રહો યાંમ્ ચિસ્તીમ્ અષા મન્તા.
પાદશાહ ગુશ્તાસ્પે નૈતિક વર્તણુંકથી, ન્યાયી રાજ્ય કારભારમાં નેક ધ્યાનતનું ડહાપણ (એટલે સારી ધ્યાનત રાખ્યાથી જે લાભો મળે છે તે), ખરૂં પડેલું જોયું છે.
(ગાથા વોહુ-ક્ષથ્ર, હા ૫૧, ફ૦ ૧૬)

અષા વૅરૅન્તે, તત્ ક્ષથ્રૅમ મનંઘ્રહો વંઘ્રહેઉશ્ વીદા.
અષોઇની મારફતે (મેળવેલી) સત્તા તથા પવીત્ર ધ્યાનતની પ્રાપ્તિ ઇચ્છે છે.
(ગાથા વોહુ-ક્ષથ્ર, હા ૫૧.ફ ૦ ૧૮.)

મજ઼્દાઑ દાતા ખ્રઑત્, ગયેઙ્હા શ્યઑથનાઇશ્ વહ્યો.
પોતાના જીવનનાં કાર્યોથી વધારે નેકીવાળો (થઇને), અહુરમજદના નીયમને જાહેર કરે છે.[1]
(ગાથા વોહુ ક્ષથ્ર, હા ૫૧, ફ૦ ૧૯.)

અષૅમ વૉહૂ મનંઘ્રહા ઉખ્ધા યાઇશ્ આર્મઇતિશ્.
અષોઇ, નેક ધ્યાનત તથા ભક્તિ, જેથી નમ્રતા (પ્રાપ્ત થાય છે).
(ગાથા વોહુ ક્ષથ્ર, હા ૫૧, ફ૦ ૨૦.)

આર્મતોઇશ્ ના સ્પૅન્તો હ્વો....
અષૅમ્ સ્પૅન્વત્ વોહૂ ક્ષથ્રૅમ મનંઘ્રહા,...દદાત્.
સંપૂર્ણ મનશ્નીનો (નમ્ર) માણસ પોતે દુન્યાનું કલ્યાણ કરનાર હોય છે...આનંદ આપનારી અષોઇ (તથા તેની) નેક ધ્યાનતને લીધે સત્તા આપે છે.
(ગાથા વોહુ-ક્ષથ્ર, હા ૫૧, ફ૦ ૨૧.)

---

૧. ધર્મગુરૂ કેવો હોવો જોઈએ તે અત્રે જણાવ્યું છે.

હોઇ દાત આયપ્તા,
અષાત્ હચા અહુરો મઝ્દાઓ.

(દાદાર) અહુરમજદે (જરથોશ્તને) (તેની) અષોઇને લીધે તેને એ બક્ષેશો આપી. (ગાથા વહિશ્તોઈશ્ત, હા ૫૩, ફ૦ ૧.)

મનંઘ્રહા ઉખ્ધાઇશ્ શ્યોથનાઇશ્ચા..મઝ્દાઓ વહ્માઇ.

(પવીત્ર) મનશ્નીથી, ગવશ્નીથી તથા કુનશ્નીથી...અહુરમજદની કીર્તિ (ગાવા)ને માટે (તેઓ તત્પર છે). (ગાથા વહિશ્તોઇશ્ત, હા ૫૩, ફ૦ ૨.)

વંઘ્રહેઉશ્ પઇત્યાસ્તૅમ્ મનંઘ્રહો અષહ્યા...તઇબ્યો દાત્ સરૅમ્.

નેક મનશ્ની તથા અષોઇને અર્પણ થયેલો, (તેને) તારે માટે સરદાર તરીકે મુકરર કર્યો છે. (ગાથાવહિશ્તો ઈશ્ત, હા ૫૩, ફ૦ ૩)

થ્વા ખ્રથ્વા સ્પૅનિશ્તા આર્મતોઇશ્ હુદાન્વર્ષ્વા.

સંપૂર્ણ મનશ્નીથી તારી ઘણીજ પવીત્ર (અથવા કલ્યાણકારી) અક્કલથી સારાં ડહાપણથી કાર્ય કરતી રેહેજે.

(ગાથા વહિશ્તોઈશ્ત, હા ૫૩, ફ૦ ૩.)

વએદોદૂમ...અહ્નૂમ્ યે વંઘ્રહેઉશ્ મનંઘ્રહો,
અષા વે અન્યો અઇનીમ્ વીવેનઘ્રહત્.

નેક મનશ્નીની જીંદગી પ્રાપ્ત કરજો (તથા) અષોઇથી (ખરાં અંતઃકરણથી) તમારામાંનાં એક બીજાંને ચાહતાં રહેજો.

(ગાથા વહિશ્તોઇશ્ત, હા ૫૩, ફ૦ ૫.)

યઓઝ્દાઓ મશ્યાઇ અઇપિ જાંથૅમ્ વહિશ્તાઓ. હા યઓઝ્દાઓ જરથુશ્ત્ર યા દએન માઝ્દયસ્નિશ. યો હ્વાંમ્ અંઘ્રહ્વાંમ્ યઓઝ્દાઇતે હુમતાઇશ્ચ હૂખ્તાઇશ્ચ હ્વર્ષ્તાઇશ્ચ.

પવિત્રાઇ માણસને સારૂં જન્મથીજ સર્વથી શ્રેષ્ઠ (છે); હે જરથુશ્ત્ર! તે પવિત્રતાઇ માજદયસ્ની દીન (છે); કોઇપણ માનવી સારી મનશ્ની, સારી ગવશ્ની તથા સારી કુનશ્નીથી પોતાના અંતઃકરણને શુદ્ધ[1] કરે છે.

(વંદીદાદ પર૦ ૫, ફ૦ ૨૧.)

યો નરૅમ્ અષવનૅમ્ અન્યો-વર્ૅનાઇ વા અન્યો-તકએષાઇ વા કસયંઘ્રહે સંઘ્રહાઇ દધાઇતિ. વીધ્વાઓ અવત્ હચ ખ્રથ્વ પરાઇતિ. અઇઘ્રહત હચ શ્યઓથ્નાવર્ૅઝ અથ બવઇન્તિ પૅષો-તન્વ.

૧. પાક, પવીત્ર.

જે શખ્સ અષો માણસને બિજા વરણવાળો અથવા બીજા ધર્મ-વાળો અથવા વધારે હલકા સમાજવાળો (અને હલકી નીતિવાળો) વિચારે, (તથા) જાણીબુજીને પોતાની અટકળથી તે પાપ કરે તો, તે કાર્ય કર-વાથી (તેઓ) તે પ્રમાણે શીક્ષાને પાત્ર થાય છે. (પર૦ ૧૫, ફ૦ ૨)

ઉસ્રૅહિશતત્ વૅાહુ મનો હચ ગાત્વો જરન્યો કૅરૅતો ફ્રવઑચત્ વૅાહૂ મનો કધ નો ઇધ અષાઉમ્ અગતો ઇથ્યેજંઘ્રહતત્ હચ અંઘ્રહુ-ઑાત્ અઇથ્યેજંઘ્રહૅમ અહૂમ્ આ.

(જ્યારે તે સારા માણસનું રવાન ચિનવત પુલ પસાર કરીને મીનો ચજદોના પુલ આગળ જાય છે ત્યારે), બહમન (અમેશાસ્પંદ) (પોતાના) સોનાના બનાવેલાં તખ્ત ઉપરથી ઉભા થાય છે, (અને ત્યાર પછી) બહમન (અમસાસ્પંદ) તે રવાનને (નીચે પ્રમાણે) કહે છે:—

"હે અષો (રવાન)! નાશવંત જગતમાંથી અમર સૃષ્ટિ તરફ અત્રે અમારી આગળ તું કયાં આવ્યું ?" (પર૦ ૧૯, ફ૦ ૩૧.)

ક્ષ્નુતો અષાઉનાંમ્ ઉર્વાંનો પાસ્યેઇન્તિ અવિ અહુરહે મજ્દાઑ, અવિ અમૅષનાંમ્ સ્પૅન્તનાંમ્, અવિ ગાત્વો જરન્યો-કૅરૅતો. અવિ ગરો-ન્માનૅમ્ મએથનૅમ્ અહુરહે મજ્દાઑ, મએથનૅમ્ અમૅષનાંમ્ સ્પૅન્ત-નાંમ્, મએથનૅમ્ અન્યએષાંમ્ અષઑનાંમ્.

અષો (માણસો)ના રવાનો અહુરમજદની નજદીક, અમેશાસ્પંદોની નજદીક, સોનાનાં બનાવેલાં તખ્તની નજદીક, ગરોથમાન (બહેશ્ત) (કે જે) અહુરમજદનું રેહઠાણ, અમેશાસ્પંદોનું રેહઠાણ (તથા) બીજા અષો (માણસો)નું રેહઠાણ (છે), તે તરફ આનંદથી ચાલ્યાં જાય છે. (પર૦ ૧૯, ફ૦ ૩૨.)

યઑાજ્દાથ્રયો અષવ. પસચ પરઇરિસ્તીમ્ દએવ દ્રવન્તો દુજ્દા-ઑાન્હો બઑાધૅમ અન્થ ક્રતૅરૅસૅન્તિ. યથ મએષિ વૅહ્ર્કવઇતિ વૅહ્ર્કત્ હચ ક્રતૅરૅસઇતિ.

પવીત્રાઇ આપનારો શખ્સ અષો (હોએ છે). જેમ વરૂથી ઘેરાયલું મેંઢું વરૂથી બીહે છે, તે પ્રમાણે દેત્યો, દ્રવંદો (તથા) દુષ્ટ જાણનારા (તે અષો માણસના) સુવા પછી (તેના રવાનની) સુગંધથી ડરે છે (અને નાહસે છે). (પર૦ ૧૯, ફ૦ ૩૩.)

નરો અષવનો હાંમ્-બવઇન્તિ નઇર્યોસંઘ્રહો હાંમ્-બવઇતિ.

અષો માણસો એકઠાં મળે છે; નેરયોસંગ (ફરેશ્તો) સાથે મળે છે. (પર૦ ૧૯, ફ૦ ૩૪)

અન્ય ધર્મોની સરખામણીઓ.

आवृतं ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा ।
कामरूपेण कौन्तेय दुष्पूरेणानलेन च ॥

(ગીતા ૩-૩૯)

જ્ઞાન હમેશ જ્ઞાનીયોના આ દુશ્મન જે કામ (હવસ અને ઇચ્છા) છે, તેનેથી ઢંકાઇ રહેલું છે, જે કામ એક આતશની માફક વધારે અને વધારે ખાવા (બાળવા) માગ્યાજ કરે છે.

योगयुक्तो विशुद्धात्मा विजितात्मा जितेन्द्रियः ।
सर्वभूतात्मभूतात्मा कुर्वन्नपि न लिप्यते ॥

(ગીતા ૫-૭)

જે યોગથી ખુદા સાથ યુક્ત થયેલો, જે અષો થયલો, સ્વકાબુ ધરાવનાર, ઇન્દ્રિયો જીતનાર, જેનો જીવ સર્વે પ્રાણીઓનો જીવ બનેલો, તે જોકે કર્મ કરે છે, છતાં તેનાથી લેપાતો (બંધાતો, ખરડાતો) નથી.

युंजन्नेवं सदात्मानं योगी विगतकल्मषः ।
सुखेन ब्रह्मसंस्पर्शमत्यन्तं सुखमश्नुते ॥

(ગીતા ૬-૨૮)

જે યોગી, જીવને ખુદા સાથ એકત્ર કરવાની કોશેષ કરતો, પાપ છોડી દે છે, તે સહેલાઇથી અપાર આનંદ, જે બ્રહ્મ (પરમેશ્વર) સાથે સંબંધ રાખવાથી પ્રાપ્ત થાય છે, તે ભોગવે છે.

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।
निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी ॥
संतुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिर्यो मे भक्तः स मे प्रियः ॥
यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥
अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः ।
सर्वारंभपरित्यागी यो मद्भक्तः स मे प्रियः ॥

यो न हृष्यति न द्वेष्टि न शोचति न कांक्षति ।
शुभाशुभपरित्यागी भक्तिमान्यः स मे प्रियः ॥
समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ।
शीतोष्णसुखदुःखेषु समः संगविवर्जितः ॥
तुल्यनिंदास्तुतिर्मौनी संतुष्टो येन केनचित् ।
अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नरः ॥

(ગીતા ૧૨-૧૩-૧૯)

કોઇ પ્રાણીનો દ્વેષ ન કરનાર, મીત્ર અને દયાળુ, નીર્મમ, અહંકારરહિત, સુખદુઃખમાં સમતોલ, ક્ષમા કરનાર, નીત્ય સંતુષ્ટ, યોગી, સ્વકાબુવાળો, દ્રઢકાબુવાળો મન અને બુદ્ધિ મને અર્પણ કરેલી, તેવો મારો ભક્ત મને (ઇશ્વરને) પ્રિય છે. જેનેથી જગત દુર ભાગતી નથી અને જે જગતથી ભાગતો નથી, હર્ષ, ક્રોધ અને ભયથી રહિત છે; જે કોઇપણ ઇચ્છા ધરાવતો નથી, અષો છે, દક્ષ (હુશ્યાર), હવસ વિનાનો, શાન્ત, દરેક કર્મનો આરંભ ત્યજનાર; જે નથી વલગણ રાખતો, નથી દ્વેષ ધરાવનાર, નથી શોચતો અને નથી ખાહેશ કરતો, ભલું, બુંડું (શુભ અને અશુભ) ત્યેજે છે, ભક્તિમાન છે; વળી જે શત્રુ અને મિત્રને એક ગણી વર્તન કરેછે, અને માન, અપમાનમાં સમાન છે; ગરમી, શરદીમાં, સુખદુઃખમાં સમાન છે, જે વલગણથી વિરક્ત છે; જે નીંદા અને સ્તુતીમાં ચકસાન છે, જે મૌની,[૧] અને જે મળે તેનેથી સંતોષી છે; જે ઘરબાર વીનાનો, સ્થીર મતિનો, અને ભક્ત છે, તે મને (ઇશ્વરને) વહાલો છે.

अभयं सत्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः ।
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ॥
भवंति संपदं दैवीमभिजातस्य भारत ॥

(ગીતા ૧૬-૧, ૩)

ભય રહિતપણું, અષોઇ, જ્ઞાનયોગમાં દ્રઢતા, દાન, સ્વકાબુ અને યજ્ઞ, શાસ્ત્રાભ્યાસ, તપ (એકચિત્તપણું) અને પ્રમાણિકપણું એ, હે ભારત, જે દૈવિક ગુણો સાથે જન્મયો હોય છે તે સંપાદન કરે છે.

૧. થોડું બોલનાર. અષોઈ અત્રે બહુ સુંદર રીતે વર્ણવી છે.

यज्ञे तपसि दाने च स्थितिः सदिति चोच्यते ।
कर्म चैव तदर्थीयं सदित्येवाभिधीयते ॥

(ગીતા ૧૭–૨૭).

યજ્ઞ (સ્વભોગ), તપ અને દાન કરવામા દ્રઢતાને, તેમજ ઇશ્વર પ્રત્યેનુ દરેક કર્મ 'સત' (અષો) ગણાય છે.

यज्ञदानतपःकर्म न त्याज्यं कार्यमेव तत् ।
यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥

(ગીતા ૧૮-૫)

યજ્ઞ, દાન અને તપ એ કર્મો કદી ત્યજવાં નહીં, પણ અવશ્ય કરવાં. કારણ કે યજ્ઞ, દાન અને તપથી અક્કલમંદ માનવીઓને પવીત્ર (અષો) બનાવે છે.

नाह्वा धोयो क्या भयो, मनको मेल न जाय,
मिन सदा जलमें रहे, धोवे कलंध न जाय.

જ્યાં સુધી મનનો મેલ સ્વચ્છ ન થાય ત્યાંસુધી નાહવાથી[1] શું વળે? એમતો મચ્છી પાણીમાંજ રહે છે, અને રાત દિન નાહે છે, તોપણ તેનો બુરો વાસ કયાં જાય છે?

कबीर ! ए संसारमे, पंच रत्न हय सार,
साधू मिलन, हरी भजन, दया, दिन,[2] उपकार.
लेनेको हरनाम हय, देनेको अन्न दान,
तीरनेको आधिनता, बुडनेको अभिमान.

લેવું તો હરીનું નામ, આપવામાં શ્રેષ્ઠ ભુખ્યાને અન્ન. સંસાર તરી જવો હોય તો યઝદાનના હુકમને શરણ થવું અને ડુબવું હોય તો ગર્વ કરવો.

पशुकी तो पनिया भई, नरका कछु न होय,
नर जो उत्तम करनी करे, तो नर नारायण होय.

---

૧. સ્નાન અને અવશ્ય કરીને યાત્રા, તીર્થમાં સ્નાન. ૨. નમનતાઈ.

ઢોરોનું તો ચામડું પણ જુવા કેડે કામ લાગે છે, પણ માનવીની ખાલ તેટલાં કામની પણ નથી. છતાં જો ઉત્તમ રહેણી, કરણી હોય તો માનવી ખુદાઇ પદ પામે, યઝદાનના દર્શન કરે.

कबीर, कबीर क्या करो, खोजो आप शरीर,
जो ये पांचो वश करो, तो आपहि दास कबीर.

કબીરની મોટાઇની શી વાત કરો છો! તમે પોતે તમારા શરીરમાં કીરતારને શોધો અને પાંચ ઇન્દ્રિયો વશ રાખો તો તમે કબીર જેટલીજ મહાત્મ્ય મેળવશો.

साहेबकी गत अगम हय, तुं चल अपने अनुमान,
धिरे धिरे पांउ धर, पहौंचेगा प्रमान.

કરીમે કારસાઝની ગતિ ગુપ્ત છે. તું માત્ર તારિ યથાશક્તિએ ચાલ્યા કર. ધિમે ધિમે પણ દ્રઢ વિશ્વાશથી જો તું ફરજો બજાવશે, તો જરૂર આખર ધામમાં તું પહોંચવાનો.

RIGHTEOUSNESS

Purity is the best good, happiness is to him who is pure for purity's sake. (*Ashem Vohu.*)

Only the heart without a stain knows perfect ease. (*Goethe.*)

The chaste mind, like a polished plane, may admit of foul thoughts, without receiving their tincture.

The man who consecrates his hours
By vig'rous effort and an honest aim
At once he draws the sting of life and death;
He walks with nature and her paths are peace.
(*Young.*)

There are many persons of whom it may be said, they have no other possession in the world but their character and yet they stand as firmly upon it as any crowned king. (*Samuel Smiles.*)

Your disposition will be suitable to that which you most frequently think on; for the soul is, as it were, tinged with the color and complexion of its own thoughts. (*Marcus Antonius.*)

Character resides in the man, reputation in other people; the one is the substance, the other the shadow. (*Beecher.*)

He that has light within his own clear breast,
May sit i' th' centre and enjoy bright day:
But he that hides a dark soul and foul thoughts
Benighted walks under the midday sun;
Himself his own dungeon. (*Milton.*)

He's truly valiant that can wisely suffer
The worst that man can breathe;
And makes his wrongs his outsides,
To wear them like his raiment, carelessly.
(*Shakespeare.*)

He that has character will draw after it condition. Circumstances obey principles. (*Beecher.*)

Character is the product of daily, hourly actions and words and thoughts; daily forgiveness, unselfishness, kindness, sympathies, charities, sacrifices for the good of others, struggles under temptation, submission under trials. Oh! it is these, like the blending colors in a picture or the blending notes of music which constitute the man. (*J.K. MacDuf.*)

Reverence the highest; have patience with the lowest. Let this day's performance of the *meanest duty* be thy religion. (*Margaret F. Ossoli.*)

Among the many strange servilities mistaken for piety, one of the least lovely is that which hopes to flatter God by despising the world and villifying human nature. (*C. H. Lewes.*)

Piety is not an end but a means of attaining the highest degree of culture, by perfect peace of mind. Hence it is to be observed that those who make piety an end and aim in itself, for the most part become hypocrites. (*Goethe.*)

We are surrounded by motives to piety and devotion, if we would but mind them. The poor are designed to excite our liberality; the miserable, our pity; the sick, our assistance; the ignorant, our instruction; those that are fallen, our helping hand. In those who are vain, we see the vanity of the world; in those who are wicked, our own frailty. When we see good men rewarded, it confirms our hope; and when evil men are punished, it excites our fear.

(*Bishop Wilson.*)

Blessed are the pure in heart for they shall see God. (*Bible.*)

Righteousness exalteth a mation. (*Proverbs. Bible.*)

For what is a man profited, if he shall gain the whole world and lose his own soul? (*Matthew, XVI—26.*)

Unto the pure all things are pure. (*2 Tim. i-15.*)

Blessed are they which do hunger and thirst after righteousness; for they shall be filled (*St. Matthew, 5.*)

Better is the poor that walketh in his uprightness, than he that is perverse in his ways though he be rich. (*Bible, Proverbs.*)

Know ye not that ye are the temple of God and that the spirit of God dwelleth in you?

If any man defile the temple of God, him shall God destroy,—for the temple of God is holy, which temple ye are. (*Bible, Corinthians.*)

He withdraweth not his eyes from the righteous: but with kings are they on the throne; yea, he doth establish them for ever, and they are exalted.

(*Job. 36-7.*)

તે અષો ઉપરથી પોતાની મહેરની નીગાહ ખીસાડતો નથી; પણ નૃપતિઓ સાથે તે અષો લોક રાજ્યગાદી ઉપર બેશે છે; ખરેજ તે કીરતાર તેમને હંમેશને માટે નીરાંત કરે છે અને તેઓ ઉત્કૃષ્ઠ જગ્યા મેળવે છે.

The righteous cry, and the Lord heareth and delivereth them out of all their troubles. (*Psalms 33-17.*)

જ્યારે અષો લોકો પુકાર કરે છે, ત્યારે યજદાન સાંભળે છે અને તેમની દરેક વિપત્તી ટાળે છે. (હુઇશ્ચાવર્શતીંમ્ હ્યત્ વસ્ના ફ્રૅરષોતૅમૅમ્, એટલે અષો, સત્ય આચરણવાળાઓની ઇચ્છા સર્વોત્તમ છે!)

I have been young, and now am old; yet have I not seen the righteous forsaken, nor his seed begging for bread. (*Psalms 3-25.*)

હું જુવાન હતો અને હમણા વૃદ્ધ થયો છું; પણ આજદિન પર્યંત અષોને ત્યજાયલા અથવા તેનાં બચ્ચાંઓને રોટી માટે ભીખ માગતાં મેં કદી દીઠાં નથી.

The hope of the righteous shall be gladness; but the expectation of the wicked shall perish. (*Prov. 10-28.*)

The desire of the righteous is only good: but the expectation of the wicked is wrath. (*Prov. 11-23*)

અષો આનંદની આશામાંજ રહે છે, જ્યારે દુષ્ટોની દરેક આશા નીરાશી અને નષ્ટ પામશે. અષોની ઇચ્છા ભલાઇ માટેજ હોય છે; પણ દુષ્ટોએ ક્રોધ(સજા)નીજ આશા રાખવી જોઇએ.

The wicked flee when no man pursueth: but the righteous are bold as a lion. (*Prov. 28-1.*)

જો કે કોઇ તેમની પુઠ પકડતું નથી છતાં દુષ્ટો ભાગે છે; પણ અષો તો સિંહ સમાન હિમ્મતવાન છે.

For by one man's disobedience many were made sinners, so by the obedience[1] of one shall many be made righteous. (*Rom. 5-19*).

જેમ એક માનવીની નાફરમાન-બરદારીને લીધે ઘણાકો પાપી બન્યા, તેમ એક માનવીની ફરમાન-બરદારી (અને આધિનતા)થી ઘણાકો અષો થશે.

Treasures of wickedness profit nothing: but righteousness delivereth from death[2]. Riches profit not in the day of wrath: but righteousness delivereth from death. (*Prov. 10-2, 11-4.*)

દુષ્કૃત્યોથી મેળવેલી દોલત નિરૂપયોગી થશે, જ્યારે અષોઇ તો મોતથી છુટકારો (મોક્ષ) આપશે! જ્યારે શીક્ષા પામવાનો દીવસ આવે છે, ત્યારે ધન વ્યર્થ થઇ પડે છે; પણ ત્યારે અષોઇ મોતમાંથી છોડવી દે છે!

Clouds and darkness[3] are round about him: righteousness and judgment are the habitation of his throne[4]. (*Psalms 97-2.*)

તે પરમકૃપાળુ ઇશની આસપાસ ઘણાંક વાદળાંઓ અને અંધકાર છે; પણ તેની પોતાની રાજ્યગાદી અષોઇના સ્થાન ઉપર સ્થાપિત છે.

---

1. સરોષ, તાબેદારીના ગુણ ઉપર મુવકલ ફરેશ્તો એ માટે નીત્ય યાદ કરવામાં આવે છે. એની **મારફતેજ** અષોઈ પ્રાપ્ત થાય છે. 2. અમેરેતાત. 3. અંઘહેઉશ અસ્તતો. 4. ગરોન્માનેમ્ નેરયો અસ્તિ અષાવઓયો.

My tongue shall speak of thy word[1]: for all Thy commandments are righteousness[2].

મારી ઝબાનથી તારા (વહિથી) શીખાડેલા શબ્દો ઉચરશે, કારણકે તારા સર્વે ફરમાનો અષોજ છે.

He that followeth righteousness and mercy findeth life, righteousness, and honor. (*Prov. 31-21.*)

જે પણ અષોઇ અને દયાથી વર્તન કરે છે તેને (અમર) જીવન, અષોઇ અને સન્માન મળે છે.

When I shall say to the righteous, that he shall surely live: if he trust to his own righteousness, and commit iniquity, all his righteousness shall not be remembered: but for his iniquity that he hath committed, he shall die for it. (*Eze. 33-13.*)

અષો લોકને મારી ચેતવણી છે કે તે જરૂર જીવતો (અમર) રેહશે; પણ પોતાની અષોઇ માટેજ અભિમાની અથવા બેપરવા બનીને વળી દુષ્ટાચરણ કરશે તો તેની સઘળી અષોઇ ભુલાઇ જશે ભુસિ નાખવામાં આવશે), અને ઉપરથી બુરાઇને માટે તેને મોત (મરણના ફેરાઓ) મળશે.

Sow to yourselves in righteousness, reap in mercy; but break up your fallow ground: for it is time to seek the Lord, till he come and rain righteousness upon you. (*Hosea. 10-12.*)

અષોઇના બી વાવો અને તમે (ઇશ્વરની) મેહર અને દયાના ફળ ચાખો. પણ રાતદિન તમારા ખેતરની જગ્યા ખેતિ માટે હળ ફેરવીને તૈયાર રાખજો. કારણકે દરેક માટે ઇશ્વરને ઢુંઢવાનો વખત આવી

1. માંથ્ર સ્પેન્ત. 2. વીસ્પ સ્રવાઓ જરથુશ્ત્ર યજમઇદે.

હાગ્યોજ છે; અને ખેતર તૈયાર હશે તો તે હીનદયાળુ અષોઇનો વર્સાદ તમ ઉપર વરસાવશે.

But unto you that fear my name shall the sun of righteousness arise with healing[1] in his wings; and he shall go forth and grow up as calves of the stall. And ye shall tread down the wicked in the day. That I shall do this, saith the Lord of hosts.

(*Malachi 4-23.*)

ઇશ્વર કહે છે કે મારા નામનો જેમને ડર (માન) છે, તેઓ માટે અષોઇનો સૂર્ય દવા અને મદદ પોતાની પાંખમાં રાખીને ઉગશે. અને જેમ ગોશાળામાં વાછરડાંઓ પળાય છે જ, તેમ તે ઉધરતો જશે, અને જ્યારે આવું બનશે ત્યારે દુષ્ટાચારીઓને પગ હેઠળ તમે કચડી નાખી શકશો.

And who will turn aside from the faith of Abraham, but he who has debused his soul to folly? Surely he has chosen him in this world, or in the Hereafter he will be of the righteous. When his Lord said to him, strive after righteousness; he said, I will strive for the Lord of the worlds. (*Koran II.—124, 125.*)

It is no good that ye turn your faces *in prayer* to the east or the west, but goodness is of him who believes in God, and the Hereafter and the Angels, and the Books, and the Prophets; who gives of his wealth for his love to kindred and the orphans and the poor, and the homeless, and these who ask, and for the captives; who is steadfast in prayer and gives alms; and of these who perform their ceremonials

---

૧. અષ વહિષ્ત અને અષો બગ્એષજ્યો.

when they have covenanted, and who behave themselves patiently in adversity and hardships and in time of silence: These are the true and these are the pious. (*Koran II.—172.*)

Ye children of Man, We have sent to you the apparel to hide your nakedness, and splendid garments, but the clothing of piety,—that is the best. This is of the signs of God, that they might consider. (*Koran VII—25.*)

Verily those who say, Our Lord is God, and then keep straight, there shall descend upon them angels, saying, "Fear not, neither ye be ye grieved, but rejoice in the gardens which ye are promised; We are your friends in the life of this world and in the Hereafter; and for you therein is what your souls desire and for you therein is what ye ask for,—a present from the forgiving, compassionate God." (*Koran XLI—30 to 32.*)

Verily the pious shall be amid Goodness and rivers, in the seat of Truth, before the King Almighty. (*Koran LIV—54, 55.*)

Verily for the pious is an abode of bliss; therein shall they hear no vain talk, nor an untruth; a reward from thy Lord, gift enough. (*Koran LXXVII—31, 35, 36.*)

Right is more beautiful than private affection and is compatible with universal wisdom. (*Emerson.*)

The Saviour comes in the strength of righteousness. (*P. Books.*)

If men would only take the chances of doing right because it is right, instead of the immediate certainty of the advantage of doing wrong, how much happier would their lives be! (*B. R. Haydon.*)

For right is right, since God is God and right
the day must win,
To doubt would be disloyalty,
To falter would be sin.

I can see nothing very noble in a man who is for ever going about calling for his right. Alas! for the man who feels nothing more grand in this wondrous, divine world, than his own right, (*F. W. Robertson.*)

In whom there is truth and righteousness, he is blessed, he is a Brahman. (*Dhamapada V—393.*)

Better than sovereignty over this Earth—better than lordship over all worlds, is the recompense of the first step in holiness. (*Ibid V.—178.*)

Evil he overcomes by righteousness.

(*Questions of King Milinda Book 4, Ch. I sec. 38.*)

He who lives far from me yet walks righteously is ever near me. (*Fo-Sho-hing-tsan-King, V—1960.*)

Even a king may be full of trouble; but a common man who is holy, has rest everlasting.

(*Zo-ho-hin-tsan-King, V—1623.*)

راستی

جز راست مگوی گاه و بیگاه — تاحاجت نیایدت بسوگند
بود راستی نزد هر کس پسند — بود مردم راست گو ارجمند
نگارندهٔ آسمان و زمین — فزایندهٔ مهر و کاهنده کین
نخواهد ز بنده بجز راستی — نباشد پسندش کژ و کاستی
عزیزا بکن راستی اختیار — که گردی بهر دو جهان بختیار
مروزکه بازارت پرجوش خریدارست — دریاب و بند گنجی از مایهٔ نیکوئی
ز بد دور باش و بنیکی بکوش — مکن عمر ضائع بلهو و لعب
ای دریغا عمر تو رفته بخواب — اندکی ماندست اورا زور یاب
راستی موجب رضائی خداست — کس ندیدم که گم شده از راه راست

سعدی

પાકીએ તન.

હેહેર્ નસા ખોરશ્ની, હેહેર્ નસા જોએશ્ની હેહેર્ નસા ઓએ આવ્ ઓ આતશ્ બોર્દન્, યા આવ્ ઓ આતશ્ હેહેર્ નસા બોર્દન્, અવસ્તા પચ મનશ્ની ન ગોફ્તન્, મોએ નાખુન્ દંદાન્ ફ્રેશ, દસ્તે શવીન, ઓ અવરે હર્ચે પદર્ હેહેર્ નસા, ચુન્ મન્ અંદર્ ગુનેહ્ગાર્ બુદ એસ્તેદ્ હોમ્, અઝ્ આંન્ ગુનાહ્......પ પતેત હોમ્.

સુક્કા નસાને (તથા) લીલા નસાને ખાવો (અથવા ખાવાનું કામ), સુકા નસા (તથા) લીલા નસાનો સ્પર્શ કરવો, સુક્કા નસા તથા લીલા નસાને પાણી તથા આતશમાં લઇ જવું, અથવા તો પાણી તથા આતશને સુક્કા નસા (તથા) લીલા નસા (માં) લઇ જવું, (પાક) અવસ્તાને પવીત્ર મનથી (સાફ તથા ખરાં દીલથી) ન ભણવી, બાલ, નખ, દાંત કોતરણી (એ ત્રણ ચીજ નહી પરહેજવી), રાતના (વસીદા) હાથ (નીરંગ તથા પાણીથી સાફ કીધા વગર હરેક ચીજને લગાડવા), તથા જે કાંઇ બીજું સુક્કા તથા લીલા નસા તરીકે (ગણાતું હોય તેનો સ્પર્શ કરીને) જો હું પાપી થયો હોવું તો, તે સર્વ પાપોનો હું પશ્ચાતાપ કરીને તેથી પાછો ફરૂં છું. (પતેત પશેમાની, ક૦ ૫.)

નિતેમો તિશરો સત અઘ્વિચ હો વરેફ્ષ્વ સુપ્રય જરનએન્ય અપિચ હો વરેમ મરેઝ્ત દવરેમ રઓચનેમ ખાર્ઓક્ષનેમ અન્તરે નએમાત્.

તેના ગુફામાં દરેક ગુફાની આસપાસ અંદરના ભાગમાં કુદરતી રોશની દાખલ થાય તેવાં બારણાં તથા બારી સોનેરી ઢોલ ચહડાવેલાં હટ્યારે કરીને બનાવ્યાં. (પર૦ ૨. ફ૦ ૩૮.)

દાતરે ગએથનાંમ્ અસ્તવઇતિનાંમ અષાઉમ્ ચયો આઅત્ અએતે રઓચાઓ અંઘ્રહેન્ અષાઉમ્ અહુરમઝ્દ યો અવથ આરઓચયેઇંતિ અએતએષ્વ વરેફ્ષુવ યો યિમો કેરેનઓત્.

હાડમંદ મુલકોના હે સૃષ્ટા અષો અહુરમજદ! ત્યારે આ ગુફા જે જમશેદે બનાવ્યા (તેમનામાં) એ પ્રમાણે જે (રોશની) પ્રકાશે છે, તે કહી રોશની હતી? (પર૦ ૨, ફ૦ ૩૯.)

આઅત્ અઍાખ્ત અહુરો મજ઼્દાઍા. ખધાતચ રઍાચાઍા સ્તિધાતચ વીસ્પ અનઘ્ર રઍાચાઍા ઉસ્ચ ઉસ્-રઍાચયેઇતિ વીસ્પ સ્તિધાત રઍાચાઍા અઍાર આરઍાચયેઇતિ અનતરાત્, હકૅરેત્ જી ઇરિખ્તહે સધ્યચ વએનઇતે સ્તરસ્ચ માઍાસ્ચ હ્વરૅચ.

ત્યારે અહુરમજ્દે કહ્યું કે કુદરતી રોશની તથા હાથની બનાવેલી (રોશની હતી); તમામ બેહદ રોશની અંદરના ભાગમાં (એટલે તે ગુફામાં) ઉપરથી પ્રકાશે છે, (તથા) તમામ હાથની બનાવેલી રોશની નીચેથી (તે ગુફાના) અંદરના ભાગમાં પ્રકાશે છે. કારણકે તારા, ચંદ્ર તથા સૂર્ય (દરરોજ) એક વખત ઉગતા અને અસ્ત પામતા દેખાય છે. (પર૦ ૨, ફ૦ ૪૦.)

આઅત્ મ્રઍાત્ અહુરો મજ઼્દાઍા થ્રિસત-ગાઇમ્ હચ આથ્રત્ થ્રિસત-ગાઇમ્ હચ અપત્ થ્રિસત-ગાઇમ્ હચ બરૅસ્મન્ ફ્રસ્તઇરયાત્ થ્રિગાઇમ હચ નરૅબ્યો અષવબ્યો.

ત્યારે અહુરમજ્દે કહ્યું કે ૩૦ પગલાં આતશથી, ૩૦ પગલાં પાણીથી, ૩૦ પગલાં પાથરેલી (અથવા બાંધેલી?) બરસમથી (અને) ૩ પગલાં અષો નરથી દૂર (તે એખલો લઇ જનાર નસેસાલાર[1]ની રહેવાની જગ્યા હોવી જોઇએ). (પર૦ ૩, ફ૦ ૧૭.)

અએતધ્ર હે અએતે મજ઼્દયસ્ન અઘ્રહાઍા જૅમો પઇરિ-દએજાંન પઇરિ-દએજ઼યાંન્ ખરૅથએઇબ્યો પસચએત આસ્તયન્ત અએતે યોઇ મજ઼્દયસ્ન. વસ્ત્રએઇબ્યો પસચએત આસ્તયન્ત અએતે યોઇ મજ઼્દયસ્ન.

ત્યાં તે માજદયસ્નો તે (ઉપર જણાવેલા નસેસાલાર)ને માટે તે જગાએ એક આસપાસથી ઘેરી લીધેલી જગ્યા બાંધે; ત્યાર પછી તે માજદયસ્નો ખોરાકને માટે મુકરર કરે; ત્યાર પછી તે માજદયસ્નો કપડાંને વાસ્તે મુકરર કરે. (પર૦ ૩, ફ૦ ૧૮.)

દરૅજિશ્તોતૅમએબ્યચ નિઉરૂજ઼્દાતૅમએબ્યચ અએતાઍા ખરૅથાઍા બરતુ અએતાઍા વસ્ત્રાઍા વંઘ્રહતુ વીસ્પૅમ્ આ અહ્માત્ યત્ હનો વા જઉરૂરો વા પઇરિશ્તા-ક્ષુદ્રો વા બવાત્.

ઘણોજ હલકો (ખોરાક) તથા ઘણાંજ હલકાં (કપડાં) (તેને આપવાં); જ્યાં સુધી કે (તે ઉપર જણાવેલો નસેસાલાર) બુઢો, જઇફ અથવા

૧. રવાન, શબ ઊચકનાર.

સુકઇ ગએલી મનીવાળો થાય ત્યાં સુધી, આવો ખોરાક તે ખાય તથા આવાં કપડાં તે પહેરે. (પર૦ ૩, ફ૦ ૧૯.)

નસાઉમ્ અવ-કરષૅન્તિ સ્પાનૅમ્ વા રઓઝૅમ્ વા વૅહર્કૅમ્ વા, કા હે અસ્તિ ચિથ.

કુતરૂં તથા કોહોલું અથવા તો વરૂ (તે પાણી સીંચેલાં ખેતરમાં) નસો ખેંચી લઇ જાય તો તેને માટે શું શિક્ષા છે? (પર૦ ૫, ફ૦ ૫.)

આઅત્ મ્રઑત્ અહુરો મજ્દાઓ નોઇત્ સ્પો-બૅર્તો નોઇત્ વયો-બૅર્તો નોઇત્ વૅહર્કો-બૅર્તો નોઇત્ વાતો-બૅર્તો નોઇત્ મખ્ષિ-બૅર્તો નસુશ્ નરૅમ્ નોઇત્ અસ્તાસ્યેઇતિ.

ત્યારે અહુરમજ્દે જવાબ આપ્યો કે કુતરાથી લઇ જવાએલો, પક્ષિથી લઇ જવાએલો, વરૂથી લઇ જવાએલો, પવનથી લઇ જવાએલો (અથવા તો) માંખથી લઇ જવાએલા નસો, માણસને રીમન[1] કરતો નથી. (પર૦ ૫, ફ૦ ૬.)

દાતરૅ ગએથનાંમ અસ્તવઇતિનાંમ્ અષાઉમ. ચ્વન્તો અંધ્રહૅન્ અએતે કત અએતહે યત ઇરિસ્તહે. આઅત્ મ્રઑત્ અહુરો મજ્દાઓ, યત્ હે નોઇત્ ઑરૅદ્વો-આઓંન્રહનૅમ્ વગ્રવનૅમ્ ઉપ-જનયાત્ નોઇત્ ફ્રષ પાધએઇબ્ય નોઇત્ જસ્તએઇબ્ય વીતરૅ અએષો ઈ અસ્તિ દાઇત્યો કત અએતહે યત ઇરિસ્તહે.

અએ દાદાર! તે મુવેલાં (માણસ)ના તે કત કેવા હોવા જોઇએ? ત્યારે અહુરમજ્દે કહ્યું કે (તે મુવેલાં માણસનું) તકીયો દઇને ઉંચે કીધેલું માથું (કત)ને ન લાગે; (તેના) બે પગ કરતાં વધારે મ્હોટા નહીં; (તથા) (તેના) બે હાથ કરતાં વધારે પહોળો નહીં; કારણકે તે મુવેલાં (માણસ)નો આ લાયક કત છે. (પર૦ ૫, ફ૦ ૧૧.)

અએતધ હે ઉજ્બઑધાંમ તનૂમ નિદઇથ્યાંન્ બિખ્ષપરૅમ વા થ્રિખ્ષપરૅમ વા માજ્દ્રાજહીમ્ વા. વીસ્પૅમ આ અહ્માત્ યત્ ક્રા વયો પતાંન્ ક્રા ઉર્વરૅ ઉખ્ષ્યાંન્ ન્યાઑન્ચો અપ-તચિન્ ઉસ્ વાતો જાંમ હુએચયાત્.

---

૧. અપવિત્ર.

ત્યાં (એટલે કતમાં) તે (માણસ)ના જીવ વગરના તનને દિવસ સુધાંની આખી બે રાત અથવા ત્રણ રાત અથવા એક મહીનાના અરસા પર્યંત મુકી રાખે; જ્યાં સુધી કે પક્ષિઓ ઉડવા માંડે, ઝાડ પાન ઉગે, બરફ, પાણી, કાદવ ઇત્યાદી દૂર થાય (તથા) પવન જમીનને સુકવી નાંખે. (પર૦ ૫, ફ૦ ૧૨.)

યેજિચ્ અએતે નસાવો ક્રિધ્યેઇતિચ પુયેઇતિચ. કુથ તે વર્ૅજયાંન્ અએતે યોઇ મજ્દયસ્ન.

અએ દાદાર! અગરજો નસો[1] ફિણ ફિણ થઇ ગયેલો હોય, તથા સડી ગએલો હોય તો, આ જેઓ માજદયસ્નો (છે) તેઓ શું કરે? (પર૦ ૬, ફ૦ ૨૮.)

આઅત્ મ્રઑત્ અહુરો મજ્દાઓ, યવત્ સ્વતચ્ હે જસ્તએઇબ્ય હનગેઉરૂવયાંન્ અએતવત્ અપત્ હચ નિર્હબાર્યેન્ હુર્શ્કે જંમે નિદઇધ્યાંન્ નોઇત્ અસ્તાંમ્ નોઇત્ વર્ૅસાંમ નોઇત્ સ્પામાંમ્ નોઇત્ મૂથ્રાંમ્ નોઇત્ વંઘ્રહુતાતાંમ્ પઇરિ-સ્પાઇતિ અપાંમ્ આસ્ત્રયાઓન્તે.

ત્યારે અહુરમજદે કહ્યું કે તેના બે હાથથી જેટલો પકડી શકાએ તેટલો (નસો) પાણીમાંથી બહાર કાઢીને સુકી જમીન ઉપર મુકે. (પાણીમાંથી નસો બહાર કાઢતી વખતે) (તે નસાના) હાડકાં, બાલ, રસી, માંસ, નજીસાત (અજીઠવતાડ) અથવા તો લોહી ફરીથી પાણીમાં પડી જાય તો, તેથી તે નસો કાહાડનાર ગુનેહગાર થતો નથી. (પર૦ ૬, ફ૦ ૨૯.)

દાતર્ૅ ગએથનાંમ્ અસ્તવઇતિનાંમ્ અષાઉમ, ચ્વત્ અએતં ઘ્રહાઓ આપો યત્ અર્મએશતયાઓ અએપ દ્રુક્ષ્ યા નસુશ્ અખ્તિચ પવિતિચ આહિતિચ ક્રાપ્નઓઇતિ.

હાદમંદ મુલકોના હે અષો પેદા કરનાર! આ સ્થીર પાણીમાં તે દરૂજ નસુશ ગલીચાઇ તથા કોહોવાટ તથા અપવિત્રાઇ સાથે કેટલો આગળ દોડે છે? (પર૦ ૬, ફ૦ ૩૦)

આઅત્ મ્રઑત્ અહુરો મજ્દાઓ ક્ષવશ-ગાઇમ્ કૅમચિત્ પઇતિ ચથ્રુષનાંમ્. વીસ્પૅમ્ આ અહ્માત્ અએષ આફ્શ્ અયઓજ્દય અન-

---

૧. શરીરનો છુટો પડેલો મુવેલો અથવા મરતો, સુકો અથવા રસવાળો ભાગ.

ઇવિશ-ખર્ઁથ યવત્ અએષ નસુશ્ નિજર્ઁરૅત. ઉસ્ હચ નસાવો અએતવત્ અપત્ હચ નિજબારયૅન્ હુશ્કે જૅમે નિદઇથ્યાંન્.

ત્યારે અહુરમજદે કહ્યું કે દરેક તરફથી છ પગલાં; જ્યાં સુધી કે તે નસાને (પાણીમાંથી) બાહાર કાઢે, ત્યાં સુધી તે પાણી અપવિત્ર તથા પીવાને નાલાયક (થાય છે);[1] (તેટલાં માટે) તેટલા નસાને (એટલે જેટલો નસો પાણીમાં હોય તેને) પાણીમાંથી બાહાર કાઢી, દુર લઇ જઇને સુક્કી જમીન ઉપર તેઓ મુકે. (પર૦ ૬, ફ૦ ૩૧.)

અંઘ્રહાઓ આપો પર-હિન્ચયૅન્ યત્ વા નએમૅમ યત્ વા થ્રિષ્ટ્રમ યત્ વા ચથ્રુર્યૅમ્ યત્ વા પંઘ્તંઘ્રહૅમ. યેજિ તૃતવ નવાત્ તૃતવ. પસ્ચ નસાવો નિજર્ઁરૅઇતિ પસ્ચ આપો પર-હિખ્તિ, અએષ આફ્રશ્ યઓ-જદ્દય બવઇતિ વસો અઇવિશ્-ખર્ઁથ પસુબ્ય વીરએઇબ્ય હમથ યથ પરચિત.

તે પાણીમાંથી જો બને તો (તે પાણીનો) અડધો હિસ્સો, ન બને તો ત્રીજો હિસ્સો; જો બને તો ત્રીજો હિસ્સો, ન બને તો ચોથો હિસ્સો; જો બને તો ચોથો હિસ્સો, ન બને તો પાંચમો હિસ્સો, બહાર કાઢી નાંખે. (તે પાણીમાં પડેલો) નસો બહાર કાઢયા પછી, (તથા) (ઉપર જણાવ્યા મુજબ) પાણી કાઢી નાખ્યા પછી, તે (બાકી રહેલું) પાણી પવિત્ર થએલું ગણાય, (અને ત્યારપછી) ગમે તો અગાઉની માફક પશુઓ તથા માણસો (બે)ને માટે પીવા યોગ્ય (થાય છે.) (પર૦ ૬. ફ૦ ૩૨.)

દાતર્ઁ ચૂવત્ અએતંઘ્રહાઓ આપો યત્ ચાતયાઓ ઉજ્જાઇથ્યા-ઓસ્ચ અએષ દ્રુક્ષ યા નસુશ્ અખ્તચ પવિતિચ આહિતિચ ફ્રાષ્નઓઇતિ.

હે દાદાર[2]! કુવા ને લગતાં તથા ઝરાને લગતાં આ પાણીમાં, તે દરૂજ નસુસ ગલીચાઇ તથા કોહવાટ તથા અપવિત્રાઇ સાથે કેટલો આગળ દોડે છે? (પર૦ ૬. ફ૦ ૩૩.)

---

૧. આજનું પદાર્થ શાસ્ત્ર એ શીખનું અનુકરણ કરવા લાગી છે, અને બહુ ગર્વિષ્ટ બની છે, કે તેણે સ્વચ્છતા માટેની આ શોધ કરી છે. તે ભુલે છે; કારણ કે આ શોધ જરથોસ્ત સાહેબના વખતની જુની છે. ૨. ફીરતાર.

આઅત મ્રઑાત અહુરો મજદાઑ, વીસ્પૅમ આ અહ્માત અએષ આફ્શ અયઑાજદય અનઇવિશ-બરેથ યવત અએષ નસુશ નિજબૅરેત. ઉસ હચ નસાવો અએતવત અપત હચ નિજબારયૅન હુશકે જૅમે નિદઇથ્યાંન.

ત્યારે અહુરમજદે કહ્યું કે (તે પાણીમાંથી) જ્યાં સુધી તે નસાને બહાર કાઢે, ત્યાં સુધી તે પાણી અપવિત્ર (તથા) પીવાને નાલાયક (છે); (તેટલા માટે) તેટલા નસાને (એટલે જેટલો નસો પાણીમાં પડેલો હોય તેને), પાણીમાંથી બહાર કાઢી દૂર લઇ જઇને, સુકી જમીન ઉપર તેઓ મુકે. (પર૦ ૬, ફ૦ ૩૪.)

અરેદ્વી નાંમ આપે સ્પિતમ જરથુશ્ત્ર હા-મે આપો યઑાજદથા-ઇતિ હા અર્ષનાંમ ક્ષુદ્રાઑા હા ક્ષથ્રિનાંમ ગરેવાંન હા ક્ષથ્રિનાંમ પએમ.

(પેગામ્બર) સ્પીતમ જરથુશ્ત્ર! અરેદ્વી (સુર) નામનું તે પાણી મારાં (બીજાં) પાણીઓને પાક કરે છે; તે (અટલે અરેદ્વીસૂરનાં પાણી) મરદોની મનીને તથા બાઇડીઓના ગર્ભસ્થાનને તથા સ્ત્રીઓના દુધને પવિત્ર કરે છે. (પર૦ ૭, ફ૦ ૧૬)

આઅત મ્રઑાત અહુરો મજદાઑ. પસ્ચ પન્ચાસતૅમ સરેધાંમ સ્પિતમ જરથુશ્ત્ર સઇરે મશ્યેહે ઇરિસ્તહે જૅમે નિકન્તે હ્વત જૅમો બવઇન્તિ.

ત્યારે અહુરમજદે કહ્યું કે, હે સર્વથી પવિત્ર જરથુશ્ત્ર! મુવેલાં માણસનું શરીર જમીનની અંદર ડટાએલું પડેલું હોય તો, ૫૦) વર્ષ પછી તે જમીન આગળની માફક પવિત્ર થાય છે. (પર૦ ૭, ફ૦ ૪૮.)

આઅત મ્રઑાત અહુરો મજદાઑ નોઇત ની પર અહ્માત સ્પિતમ જરથુશ્ત્ર યત અએષ પાંસ્નુ રએથ્વાત.

ત્યારે અહુરમજદે કહ્યું કે, હે સર્વથી પવિત્ર જરથુશ્ત્ર! તે (ઘોરમાં ડાટેલુ શરીર) ધૂળ થઇ જાય, તેની આગળ (તે જમીન પવિત્ર થયેલી) ન ગણાય. (પર૦ ૭, ફ૦ ૫૦.)

દાતરે ગએથનાંમ અસ્તવઇતિનાંમ અષાઉમ, કત તા તશ્ત આઑા-થ્રઉહરેન યઑાજદયાંન અંગ્રહૅન અષાઉમ અહુર મજદ યા નસાઉમ અવ-બૅરેત.

હોરમજ્દ દુન્યાના હે અષો પેદા કરનાર અષો અહુરમજદ! ખાવાને લગતાં તે વાસણો કે જે (મુવેલાં) માણસના નસાને લાગેલાં હોય તે શું પાક થઇ શકે? (પર૦ ૭, ફ૦ ૭૩.)

આઅત્ મ્રઑત્ અહુરો મજદાઑ. યઑઝ્દયાંન્ અંઘ્રહુન અષાઉમ્ જરથુશ્ત્ર. કવ અએત. યેજિ અંઘ્રહુત જરનએનિશ હકૅરેત ફ્રસ્નાધયૅન્ મએસ્મન ગેઉશ હકૅરેત જૅમો ઉજ્દાથયૅન્ હકૅરેત આપો ફ્રસનાધયૅન્, અથ યઑઝ્દયાંન. આઅત યેજિ અંઘ્રહુત ઑરૅજત-એનિશ. બિશ ફ્રસ્નાધયૅન્ મએસ્મન ગેઉશ બિશ જૅમો ઉજ્દાથયૅન બિશ આપો ફ્રસ્નાધયૅન્ અથ યઑઝ્દયાંન્.

ત્યારે અહુરમજદે કહ્યું કે, અએ અષો જરથુશ્ત્ર! (તે વાસણો) પવીત્ર થઇ શકે. શી રીતે? આ રીતે:—તે વાસણ સોનાનું હોય તો બળદના નીરંગે[1] (તેને) એક વેળા ધોય, મટોડીથી એક વેળા ઉજારે (તથા) પાણીથી એક વખત ધોય; ત્યારે (તે સોનાનું વાસણ) પવીત્ર થએલું ગણાય. પણ જો (તે વાસણ) રૂપાનું હોય, તો બળદના નીરંગથી (તેને) બે વેળાએ ધોય, માટીથી બે વખત ઉજારે તથા પાણીથી બે વેળાએ ધોય, ત્યારે (તે રૂપાનું વાસણ) પવિત્ર (શુદ્ધ) થયેલું ગણાય. (પર૦ ૭. ફ૦ ૭૪.)

આઅત યેજિ અંઘ્રહુત અયંઘ્રહએનિશ, થ્રિશ ફ્રસ્નાધયૅન મએસ્મન ગેઉશ થ્રિશ જૅમો ઉજ્દાથયૅન્ થ્રિશ આપો ફ્રસ્નાધયૅન અથ યઑઝ્દયાંન્; આઅત યેજિ અંઘ્રહુત હઑસફ્નએનિશ, ચથ્રુશ ફ્રસ્નાધયૅન્ મએસ્મન ગેઉશ, ચથ્રુશ જૅમો ઉજ્દાથયૅન્ ચથ્રુશ આપો ફ્રસનાધયૅન્. અથ યઑઝ્દયાંન્. આઅત યેજિ અંઘ્રહુત જસ્તએનિશ ક્ષવશ ફ્રસ્નાધયૅન મએસ્મન ગેઉશ ક્ષવશ જૅમો ઉજ્દાથયૅન્ ક્ષવશ આપો ફ્રસ્નાધયૅન્ અથ યઑઝ્દયાંન્. આઅત યેજિ અંઘ્રહુત જૅમએનિશ દ્રવએનિશ ફ્રવાખ્પએનિશ યવએતાતે અયઑ-ઝ્દય.

પણ જો (તે વાસણ) લોઢાનું હોય તો બળદના નીરંગથી (તેને) ત્રણ વખત ધોય, માટીથી ત્રણ વખત ઉજારે તથા પાણીથી ત્રણ વખત ધોય; ત્યારે (તે લોઢાંનું વાસણ) પવિત્ર થયેલું ગણાય. પણ જો (તે

---

૧. ગોમૂત્ર.

વાસણુ) જસદનું હોય, તો ખળદના નીરંગથી (તેને) ચાર વખત ધોય, મટોડીથી (તેને) ચાર વેળાએ ઉજારે (તથા) પાણીએ ચાર વેળાએ ધોય, ત્યારે (તે જસદનું વાસણુ) પવીત્ર થએલું ગણાય. પણ જો (તે વાસણુ) પત્થરનું હોય તો ખળદના નીરંગથી (તેને) છ વખત ધોય, મટોડીથી છ વખત ઉજારે, (તથા) પાણીથી (તેને) છ વખત ધોય; ત્યારે (તે પત્થરનું વાસણુ) પવીત્ર થયેલું ગણાય. પણ જો (તે વાસણુ) કાદવનું, લાકડાનું (અથવા) કાંજીનું[1] (બનાવેલું) હોય તો, (તે) સદાકાળ સુધી અપવીત્ર ગણાય (એટલે ધોવાથી પવીત્ર થઇ ન શકે.) (પર૦ ૭, ફ૦ ૭૫.)

દાતરૅ ગએથનાંમ અસ્તવઇતિનાંમ અષાઉમ્ કત તા ગેઉશ યઑાજદયાંન્ અંઘ્રહેંન્ અષાઉમ્ અહુર મજદ યા નસાઉમ ક્રંઘ્રહરાત સૂનો વા પર-ઇરિસ્તહે મશ્યેહે વા.

હાડમંદ જગતના હે પેદા કરનાર અષો અહુરમજદ! તે ગાય જેણે મુવેલાં કુત્રાંનો અથવા (મુવેલાં) માણસનો નસો ખાધો હોય, તે શું પવીત્ર થઇ શકે? (પર૦ ૭, ફ૦ ૭૬.)

આઅત્ મ્રઑાત્ અહુરો મજદાઑ. યઑાજદયાંન્ અંઘ્રહેંન્ અષાઉમ્ જરથુશ્ત્ર. નોઇત પયો-ફ્રુત જઑાથ્રે નોઇત ગેઉશ જઑાથ્રે બરેંસ્મઇને પઇતિ-બરેંત અન્તરાત નએમાત યારૅ-દ્રાજો; આઅત્ પસ્ચ યારૅ-દ્રાજો વસો ખરૅથાઑા અંઘ્રહેંન્ નૅરૅબ્યો અષવબ્યો હમથ યથ પરચિત.

ત્યારે અહુરમજદે કહ્યું કે, હે અષો જરથુશ્ત્ર! (નીચે પ્રમાણે તે ગાય) પવીત્ર થએલી ગણાએ:—

એક વર્ષના સમયની અંદર ક્રિયાના કામમાં (તે નસો ખાધેલી ગાયના દુધનું) પનીર (તથા માખણ), તથા બરસમને લગતી ક્રિયાના કામમાં (તેનું) જીવામ[2] ઉપયોગમાં ન લે. એક વર્ષની મુદ્દત થવા પછી, આગળની માફક અષો માણસોને માટે (તે ગાયનુ દુધ ઇત્યાદિ) મરજી મુજબ ખોરાક થાએ. (પર૦ ૭, ફ૦ ૭૭.)

કો હો અંઘ્રહુત અહુર મજદ યો અયૅમ મઇનિશ્નો અયૅમ ઇસૅશ્નો અયૅમ અપરઑાધયેઇતિ અયૅમચ મઇનિશ્નો દ્રુજૅમચ વીનસ્તિ.

---

૧. અથવા ચીકણી માટીનું, of clay. ૨. દુધ.

હે અહુરમજદ! તે કોણ છે કે જે અષોઇને વમાસનારો (છે), (તથા) અષોઇને ઇચ્છનારો (છે), (પણ) અષોઇને તોડી નાખે છે; (જે) અષોઇને વમાસનારો (છે), (પણ) દ્રુજને વધારે છે (એટલે જુઠાઇની વૃદ્ધિ કરે છે)? (પર૦ ૭, ફ૦ ૭૮.)

આઅત્ અ્રઑત્ અહુરો મજ્દાઓ. હો બા અંઘ્રુહત્ અષાઉમ જરથુશ્ત્ર યો અર્ષમ્ મઇનિમ્નો અર્ષમ્ ઇસમ્નો અર્ષમ્ અપરઑધયેઇતિ અર્ષમચ મઇનિમ્નો દ્રુજૅમચ વીનસ્તિ યો નસુમઇતીમ્ આપૅમ વીજઑથ્રાંમ્ ફ્રબરઇતિ યો ઉપ નખ્તુરૂષુ તાંથ્રેષુ વીજઑથ્રાંમ્ ફ્રબરઇતિ.

ત્યારે અહુરમજદે કહ્યું કે, હે અષો જરથુશ્ત્ર! જે (માણસ) નસાવાળા પાણીને (તેની ઉપર) ક્રિયા કર્યા વિના વાપરે છે, (તથા) જે (માણસ) રાતને લગતાં અંધારામાં (એટલે અંધારી રાત્રીએ), (તેની ઉપર) ક્રિયા કર્યા વિના, (તે નસાવાળાં પાણીને) કાર્યમાં લે છે, તે (નર) ખચીત છે કે જે અષોઇને વમાસનારો (છે), (તથા) અષોઇને ઇચ્છનારો (છે), (પણ) અષોઇને તોડી નાખે છે; (તે માણસ) અષોઇને વમાસનારો (છે), (પણ) દ્રુજને વધારે છે.[1] (પર૦ ૭, ફ૦ ૭૯.)

આઅત્ હ્વાંમ્ તનૂમ પઇરિ-યઑજ્દઇથીત ગેઉશ્ મએસ્મન અપાચ પઇતિ અવથ યઑજ્દયાંન.

(તે નસાને અડકેલો માનવી) જો (માજદયસ્નો) તેને પવીત્ર નહી કરે તો, તે માનવીએ પોતાના (અપવીત્ર થયેલાં) તનને બળદના નીરંગથી તથા પાણીથી પવીત્ર કરવું જોઇએ; એ પ્રમાણે માજદયસ્નાનો પવીત્ર થાય. (પર૦ ૮, ફ૦ ૧૦૩.)

યત્ હે તનુશ્ હિશ્કવિ હિઘ્નવિ પાંસ્નુ બવાત્. પસ્ચએત અવ તા અન્યો મઘ આઇતિ-જસોઇત્ અએષ યા પઇતિ-ઇરિસ્ત. પઑઇરીમ્ ઉપ મઘૅમ્ હકૅરત્ આપો આઅત્ હ્વાંમ્ તનૂમ પઇરિ-યઑજ્દઇથિત, બિતીમ્ ઉપ મઘૅમ્ બિજ્વત્ આપો આઅત્ હ્વાંમ્ તનૂમ પઇરિ-યઑજ્દઇથિત. થ્રિતીમ્ ઉપ મઘૅમ્ થ્રિજ્વત્ આપો આઅત્ હ્વાંમ્ તનૂમ, પઇરિ-યઑજ્દઇથિત.

જ્યારે તે (રીમન) નાહનાર (માનવી)નું તન સુકાઇ જાય, (તથા) (તેના તન ઉપર ચોળેલી) રેતી સુકાઇ જાય, ત્યારે તેણે બીજા ખાડા

૧. અષોઈ ઇચ્છવા છતાં, જટ જગતની અષોઈને તોડે છે.

આગળ જવું જોઇએ. પહેલા ખાડા આગળ પોતાના તનને પાણીથી એક વખત (ધોઇને) પવીત્ર કરવું જોઇએ; બિજા ખાડા આગળ પોતાના તનને પાણીથી બે વખત (ધોઇને) પવીત્ર કરવું જોઇએ; ત્રીજા ખાડા આગળ પોતાના તનને પાણીથી ત્રણ વખત (ધોઇને) પવિત્ર કરવું જોઇએ. (પર૦ ૯, ફ૦ ૩૧.)

પસ્ચએત દિમ્ આબઑધયઍત ઉર્વાસ્નયાઑ વા વૉહૂ-ગઑનહે વા વૉહૂ-કૅરૅતોઇશ્ વા હધાનએપતયાઑ વા કાંમચિત્ વા હુબઑધિતૅમનાંમ્ ઉર્વરનાંમ્. વસ્રાત્ પસ્ચએત અઇવ્યાઑંઘ્નહયએત. પસ્ચએત અવ તા આઇતિ નમાન આઇતિ-જસોઇત અએષ યા પઇતિ ઇરિસ્ત.

ત્યાર પછી તે (માણસ)ને ઉર્વાસ્ન અથવા વોહૂ-ગઓન અથવા વોહૂ-કેરેતિ અથવા હધાનએપતની અથવા તો કોઇપણ ઘણાજ ખુશબોદાર ઝાડની ખુશબોની ધુંઇ આપે. ત્યાર પછી (તેણે) કપડાં પહેરવાં જોઇએ, પછી (કોઇ એકાંત) સ્થળમાં જવું જોઇએ (જેમ હાલમાં અગ્યારીમાં બેશે છે તે પ્રમાણે). (પર૦ ૯, ફ૦ ૩૨.)

અઇરિમે ગાતૂમ્ હે નિશહિધએત અન્તરૅ અરૅધૅમ્ નમાનહે પારૅન્તરૅ હચ અન્યએઇબ્યો મઝ્દયસ્નએઇબ્યો. મા ક્ષયમન જસોઇત આતરૅમ્ મા આપૅમ્ મા જાંમ્ મા ગાંમ્ મા ઉર્વરાંમ્ મા નરૅમ્ અષવનૅમ્ મા નાઇરિકાંમ્ અષઑનીમ્. વીસ્પૅમ આ અહ્માત્ યત્ હે થ્રાયો ક્ષફ્ન સચાઑન્તે. આઅત્ પસ્ચ થ્રિક્ષપરાત્ ઉસ્ તનૂમ સ્નયએત ઉસ્ વસ્રાત્ ગેઉશ્ મએસ્મન અપાચ પઇતિ અવથ યઑઝ્દયાંન્.

બીજા માજદયસ્નોથી એક બાજુએ (એટલે દૂર) (તે રીમન નાહેલા માણસો), (તે) સ્થળના મધ્ય ભાગની એકાંત જગાએ નિરાંતે બેસવું જોઇએ; (અને જ્યાં સુધી ત્રણ રાત ગુજરે ત્યાં સુધી) આતશ, પાણી, (ખેતીવાડી ને લગતી) જમીન, ગાય ઢોર, ઝાડપાન, (તથા) અષો નર (તથા) અષો નારીની નજદીક (તે રીમન નાહેલા માનવીએ) મરજી (ફાંટાં) પ્રમાણે ન જવું જોઇએ.

દીવસ સુધીની ત્રણ રાત પસાર કર્યા કેડે (એટલે આખા ત્રણ દહાડા થયા પછી), (પોતાના બદન ઉપરથી) કપડાં કાઢીને, (તેણે)

(પોતાના) તનને બળદના નીરંગથી તથા પાણીથી ધોવું જોઇયે, એ પ્રમાણે (માજદયસ્નો તે માણસને) શુદ્ધ કરે. (પર૦ ૯, ફ૦ ૩૩.)

અઇરિમે ગાતૃમ હે નિશહિધ્યએત અન્તર્ં અર્ધ્રેમ ન્માનહે પાર્ન્તર્ં હચ અન્યએઇબ્યો મજદયસ્નએઇબ્યો. મા ક્ષયમન જસોઇત આતર્ંમ મા આર્પેમ મા જાંમ મા ગાંમ મા ઉર્વરાંમ મા નર્ંમ અષવનેંમ મા નાઇરિકાંમ અષઓનીમ. વીસ્પેંમ આ અહ્માત યત હે ક્ષવશ ક્ષફ્ન સચાઓન્તે. આઅત પસ્ચ ક્ષવશ-ક્ષપરાત ઉસ તનૃમ સ્નયએત ઉસ વસ્ત્રાત ગેઉશ મએસ્મન અપાચ પઇતિ અવશ યઓજદયાંન.

બીજા માજદયસ્નોથી એક બાજુએ (એટલે દૂર) (તે રીમન નાહેલા માનવીએ) (તે) સ્થળમાં મધ્ય ભાગની એકાંત જગ્યાએ નિરાંતે બેશવું જોઇએ; (અને) જ્યાં સુધી ૬ રાત વિતે ત્યાં સુધી આતશ, પાણી, (ખેતીવાડીને લગતી) જમીન, ગાય ઢોર, ઝાડપાન (તથા) અષો નર (તથા) અષો નારીની નજદીક (તે રીમન નાહેલા માણસે) મરજી પ્રમાણે જવું ન જોઇએ. દિવસ સુધાંની ૬ રાત વિતાડયા પછી (એટલે ૬ દહાડા પછી), (પોતાના તન ઉપરથી) કપડાં કાઢીને (તેણે) (પોતાના) શરીરને બળદના નીરંગથી તથા પાણીથી ધોવું જોઇએ; એ પ્રમાણે (માજદયસ્નાનો તે માણસને) પવીત્ર કરે. (પર૦ ૯, ફ૦ ૩૪.)

અઇરિમે ગાતૃમ હે નિશહિધ્યએત અન્તર્ં અર્ધ્રેમ ન્માનહે પાર્ન્તર્ં હચ અન્યએઇબ્યો મજદયસ્નએઇબ્યો મા ક્ષયમ્ન જસોઇત આતર્ંમ મા આર્પેમ મા જામ મા ગાંમ મા ઉર્વરાંમ મા નર્ંમ અષવનેંમ મા નાઇરીકાંમ અષઓનીમ. વીસ્પેંમ આ અહ્માત યત હે નવ ક્ષફ્નપન સચાઓન્તે આઅત પસ્ચ નવ ક્ષપરાત ઉસ તનૃમ સ્નયએત ઉસ વસ્ત્રાત ગેઉશ મએસ્મન અપાચ પઇતિ અવશ યઓજદયાંન.

બીજા માજદયસ્નોથી એક બાજુએ (એટલે દૂર) (તે રીમન નાહેલા માનવીએ), (તે) સ્થળના મધ્ય ભાગની એકાંત જગ્યાએ નિરાંતે બેસવું જોઇએ; (અને) જ્યાં સુધી ૯ રાત વિતે, ત્યાં સુધી આતશ, પાણી, (ખેતીવાડીને લગતી) જમીન, ગાય, ઢોર, ઝાડપાન (તથા) અષો નર (તથા) નારીની નજદીક (તે રીમન નાહેલા માણસે) મરજી પ્રમાણે જવું ન જોઇએ. દીવસ સુધાંની ૯ રાત ગુજાર્યા પછી (એટલે આખા નવ દહાડા થયા પછી), (પોતાના શરીર ઉપરથી) કપડાં કાઢીને

(તે માણસે) (પોતાના) તનને બલ્લ્હના નીરંગથી તથા પાણીથી ધોવું જોઇએ; એ પ્રમાણે (માજદયસ્નો તે માણસને) પવીત્ર કરે.

(પર૦ ૯, ફ૦ ૩૫.)

દાતર્રે કુથ ન્માનૅમ્ યઓઝ્દથાનિ કુથ બુન્ યઓઝ્દાત. આઅત્ મ્રઓત્ અહુરો મઝ્દાઓ થ્રિશ્ ફ્રસ્નાદતિ તનુનાંમ્ થ્રિશ્ ફ્રસ્નાદતિ વસ્ત્રનાંમ્ થ્રિશ્ ફ્રસ્નાદતિ ગાથનાંમ્. ઇમાઓ નો આતર્રેમ્ યઝ્એત બર્રેસ્મ સ્તૅરૅનએત અઇવ્યો વંધુહિબ્યો જઓથ્રાઓ બરએત. યઓ-ઝ્દાત પસ્ચએ। બુન્ ન્માન વસો ઉપાઇતિ અપાંમ્ વસો ઉપાઇતિ ઉર્વરનાંમ્ વસો ઉપાઇતિ અમૅષનાંમ્ સ્પૅન્તનાંમ્ સ્પિતમ જરથુશ્ત્ર.

અએ દાદાર! હું ઘરને કેમ પવિત્ર કરૂં? (તથા) તે પવિત્ર થયેલું કેમ ગણાય? ત્યારે અહુરમજદે કહ્યું કે ત્રણ વખત તન ધોયાથી, ત્રણ વખત વસ્ત્ર ધોયાથી (તથા) ત્રણ વખત ગાથા ભણ્યાથી (તે ઘર પવીત્ર થએલું ગણાય). અમારા આ આતશને ઇજવા જોઇએ, બરસમ પાંથરવી જોઇએ (અથવા બાંધવી જોઇએ)? ભલાં પાણીને માટે જોર[1] લઇ જવી જોઇએ, ત્યાર પછી ઘર પવીત્ર થયેલું ગણાય. હે સર્વથી પવિત્ર જરથોસ્ત! (ત્યાર પછી) (તે ઘરમાં) ગમે તો પાણીઓ-માંના (પાણી) ભલે આવે, ગમે તો ઝાડપાનોમાંના (ઝાડો) આવે, (તથા) ગમે તો અમશાસ્પંદોમાંના (અમશાસ્પંદ) આવે. (પર૦ ૧૨, ફ૦ ૨.)

આઅત્ મ્રઓત્ અહુરો મઝ્દાઓ ગઓમએઝૅમ્ અયસોઇશ્ જરથુશ્ત્ર ગઓમ પઇરિ ઉક્ષ્યાનૅમ્ બિખૅદ્ધૅમ્ દાઇત્યો કૅરૅતૅમ્. યઓ-ઝ્દાત ફ્રબરોઇશ્ જાંમ પઇતિ અહુરધાતાંમ્.

ત્યારે અહુરમજદે કહ્યું કે, હે જરથોસ્ત! (તે અપવીત્ર થયેલાં માણસની અપવીત્રાઇ ઉતારવાને માટે) (તારે) નીરંગ (ગોમેજ) શોધવો જોઇએ; (અને તે મેળવવાને માટે) ખસી ન કીધેલો, કામ કરવાને શક્ત (તથા) પવીત્ર કીધેલો ગોધો, અહુરમજદની પેદા કીધેલી જમીન ઉપર તારે લઇ જવો જોઇએ. (પર૦ ૧૯, ફ૦ ૨૧.)

ચતુર ફ્રસનન ફ્રસનયોઇત ગઓમઓજૅમ્ ગવ દાતયાઓ.

(ત્યાર પછી) (તે અપવીત્ર થયેલા માણસે) ગોધાના આપેલા નીરંગથી ચાર નાહાન[2] નાહવાં જોઇએ. (પર૦ ૧૯, ફ૦ ૨૨.)

---

૧. ક્રિયા કરેલું પાણી અથવા હોમ પાણી. ૨. સ્નાન.

અન્ય ધર્મોની સરખામણીઓ.

સત્

देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम् ।
ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते ॥

(ગીતા ૧૭-૧૪.)

દેવતાઓને, બ્રાહ્મણોને, ગુરૂઓને, અને જ્ઞાનીઓને નમવું અને શૌચ (પાકી), ખાલેસી, બ્રહ્મચર્ય, અને અહિંસા શારીરિક 'તપ' લેખાય છે.

सद्भावे साधुभावे च सदित्येतत्प्रयुज्यते ।
प्रशस्ते कर्मणि तथा सच्छब्दः पार्थ युज्यते ॥
यज्ञे तपसि दाने च स्थितिः सदिति चोच्यते ।
कर्म चैव तदर्थीयं सदित्येवाभिधीयते ॥

(ગીતા ૧૭ ૨૬-૨૭)

હે પાર્થ! સત્યતા (દેખાડવા)માં અને સાધુતા (દેખાડવા)માં સત્ એ શબ્દ વપરાય છે. તેમ કલ્યાણકારી કર્મમાં સત્ એ શબ્દ બોલાય છે. સત્, તપ અને દાનમાં સ્થિરતા (તત્પરતા)ને પણ સત્ એમ કહિ છે. તથા તે માટે જે કર્મ (આટોપ્યું હોય) તે પણ સત્ એમજ કહેવાય છે.

જ્ઞાન.

તાંમ્ મોઇ દાંસ્ત્વાંમ્ દએનયાઇ ફ્રાવઑચા.

દીનને માટે તે જ્ઞાન (અએ અહુરમજદ!) મને તું જાહેર કર.

(કેમના મજદા.)

સતાઑમ્ જમાઑમ્ દાદાર્ અહુરમજ્દ......હુર્વેસ્પ-આગાહ્.

દાદાર અહુરમજદ (જે) સર્વજ્ઞ છે (તેને) હું વખાણું છું અને યાદ કરૂં છું. (ખોરશેદ નિયાયશ.)

રજીશ્તાંમ્ ચિસ્તાંમ્ મજ્દધાતાંમ્ અષઑનીમ્ યજમઇદે.

અશો (તથા) સઉથી સાચા જ્ઞાનને (એટલે ધર્મની કેળવણીને) અમે વખાણીએ છીએ. (ખોરશેદ નિયાયશ, ક૦ ૮.)

નમાજ્ ઓઐ વીસ્પ-આગાહ્ અશખાવર્, કેશ્ ફરેસ્તીદ્ ૫ જર્થોશત્ સપેતમાન્ અશો ફરોહર્, અશતશ્ ઓઐ દામાંન્ દીન્-દાનેશ્ને વરોએશ્ને આસ્ને-ખેરદી ગોશો-સરૂતેહ્ ખેરદી.

તે સર્વજ્ઞ (તથા) તે રક્ષણ કરનાર સાહેબને (હું) શીર નમાવું (છું), જેણે પવિત્ર ફરોહરવાળા સ્પીતમાન જરથુશ્ત્રની મારફતે દુનિયાનાં લોકોને (પોતાની તરફ) મીત્રતા કરાવવા સારૂં, શ્રદ્ધા લાવવા લાયક દીનનું જ્ઞાન, (કે જે) જાતી અક્કલ (તથા) કાને સાંભળેલી (શીખેલી) અક્કલથી (મેળવી શકાએ છે), (તે) મોકલ્યું.

(દોઆ નામ સેતાયશ્ને.)

દાયાઑ મે આતર્શ્ પુથ્ર અહુરહે મજ્દાઑ,......ઉરૂને ઉષ્ઠિ, ખ્રતૂમ્ પસ્ચએત મસિત મજાઑન્તૅમ્.

આપ મને હે અહુરમજદના પુત્ર આતશ! તું રવાનને માટે હુશીઆરી (તથા) અક્કલ (જે અક્કલ) (તે મળ્યા) પછી પ્રમાણમાં વધતી (થાય) (અને) ઘટનારી ન (થાય). (આતશ નિયાયશ, ક૦ ૪.)

હુમાઇમ્ પઇરિજથ્રૅમ્ અષવનૅમ્ અષહે રતૂમ્ યજમઇદે.

અષોઇના સરદાર, સારાં ડહાપણવાળા, બહાર ફરનાર અષો (માણુસ)ને અમે વખાણીએ છીએ. (અઈવિસ્રૂથ્રૅમ્ ગેહ ક૦ ૮.)

અશ્તૅમો યત્ અહ્મિ ચિસ્તિશ્, નાઉમો ચિસ્તિવાઑ......વીસાં-સ્તૅમો અહ્મિ યત્ અહ્મિ મજ્દાઑ નાંમ્.

(મારૂં) આઠમું (નામ્) એ કે (હું) (પોતે) ડહાપણ છું. (મારૂં) નવમું (નામ) ડહાપણવાળો. વીસમો જે હું છું તે મહાજ્ઞાની નામ-વાળો છું. (અહુરમજદ યશ્ત, ફ૦ ૭-૮.)

જ્નાતાચા મઇન્યુશ્ચ અહ્મિ સ્પૅન્તોતૅમો.

(હું) જાણનાર તથા સર્વથી અધિક વૃદ્ધિ કરનાર મીનો છું. (અહુરમજદ યશ્ત, ફ૦ ૧૨.)

મન ખ્રથ્વાચ ચિસ્તિચ યાઇશ્ આ અંઘ્હુશ્ પઑઉર્યો બવત્, યથાચ અંઘ્હત્ અપેમૅમ્ અંઘ્હુશ્.

(અહુરમજદ જરથુશ્ત્રને કહે છે કે) મારી અક્કલથી તથા (મારાં) ડહાપણથી દુનિયા આદિથી હતી તેજ પ્રમાણે દુનિયા અંત સુધી રહેશે. (અહુરમજદ યશ્ત, ફ૦ ૨૬.)

વંઘ્હવે મનંઘ્હે આક્તોઇશ્ હાંમ-વઇન્ત્યાઑ તરધાતો અન્યાઇશ્ દામાંન્, આસ્નહે ખ્રથ્વો મજ્દધાતહે, ગઑષો-સ્રૂતહે ખ્રથ્વો મજ્દધાતહે.

ફ્તેહમંદ મીત્રતાનો (અથવા પ્રેમી સુલેહનો) (ધરાવનાર) બેહમન (અમેશાસ્પંદ) (જે) બીજી સૃષ્ટિ કરતાં વધારે સરસ (તથા) (જે) અહુરમજદની પેદા કીધેલી જાતી અક્કલનો, (તથા) કાને સાંભળીને મેળવેલી અક્કલનો (માલીક છે, તેની યાદ કરીએ છીએ.) (હપ્તન યશ્ત, ફ૦ ૧.)

આહુ અત્ પઇતી અદાઊ, મજ્દા અહુરા, મઝ્દાંમ્ચા બૂઇરિયા કુઁર્ષ્વા.

હે અહુરમજદ! આ પેદાયશોમાં મ્હોટું જ્ઞાન તથા આશીષ તું ઉત્પન્ન કર. (હપ્તન યશ્ત, કા૦ ૬, ફ૦ ૧.)

સ્પેઇશ્ચા તૂ ને દરૅગૅમ્ચા ઉશ્તાચા, હાતાંમ્ હુદાસ્તૅમા.

હૈયાતી ભોગવનારાઓમાં હે સર્વથી મહાજ્ઞાની! લાંબી મુદત સુધી તારે અમને સંપત્તિથી ખુશી કરવું જોઇએ. (હપ્તન યશ્ત, કા૦ ૭, ફ૦ ૪.)

હુખ્રય ચિસ્તોઇશ્ વંઘ્હુયાઑ, હુખ્રય રજિશ્તયાઑ ચિસ્તયાઑ.

સારાં જ્ઞાનના મીત્રોને, સર્વથી સત્ય જ્ઞાનના (ધર્મની કેળવણીના) મીત્રોને અમે વખાણીએ છીએ. (સરોષ હાદોખ્ત, ક૦ ૪, ફ૦ ૧૬.)

કેહ્રપેંમ ચિસ્તોઇશ વંઘ્રહુયાઓ યજમઇદે, કેહ્રપેંમ રજિસ્તયાઓ ચિસ્તયાઓ યજમઇદે.

સારાં જ્ઞાનની મુખ્ય બાબદો (શરીર)ને અમે વખાણીએ છીએ; સર્વથી સત્ય જ્ઞાનની (ધર્મ કેળવણીની) મુખ્ય બાબદો (શરીર) ને અમે વખાણીએ છીએ. (સરોષ હાદોખ્ત, ક૦ ૫, ફ૦ ૨૧.)

અહ્માઇ દથત વેરેથ્રઘ્નો અહુરધાતો,...અઓમચ સૂકેંમ ચિમ બરઇતિ કરો મસ્યો ઉપાપો.

અહુરમજદના પેદા કીધેલા બેહરામ (યજદે), તે જોવાની શક્તિ કે જે પાણીમાં રહેનારી કર (નામની) માછલી રાખે છે, તે તેને (યાને પેગામ્બર જરથુશ્ત્રને) આપી. (બેહરામ યશ્ત, ફ૦ ૨૯.)

અહ્માઇ દથત વેરેથ્રઘ્નો અહુરધાતો......અઓમ્ચ સુકેંમ ચિમ બરઇતિ અસ્પો અર્ષ.

અહુરમજદના પેદા કીધેલા બેહરામ યજદે, તે જોવાની શક્તિ જે ઘોડો રાખે છે, તે તેને (મહર્ષિ જરથુશ્ત્રને) આપી. (બેહરામ યશ્ત, ફ૦ ૩૧.)

અહ્માઇ દથત વેરેથ્રઘ્નો અહુરધાતો......અઓમ્ચ સૂકેંમ ચિમ બરઇતિ કહ્રકાસો જરેનુમઇનિશ.

અહુરમજદના સરજેલા બેહરામ યજદે તે જોવાની શક્તિ જે સોનેરી રંગનું ગીધ રાખે છે, (તે) તેને (અષો જરથુશ્ત્રને) આપી. (બેહરામ યશ્ત, ફ૦ ૩૩.)

ની તે જાઇરે મવેંમ શ્રુયે, ની અમેંમ, ની વેરેથ્રઘ્નેંમ, ની દરવરે ની બએષજેંમ, ની ફ્રદથેંમ, ની વરેદથેંમ, ની અઓજો વીસ્પો-તનૂમ, ની મસ્તીમ વીસ્પો-પએસંઘ્રહેંમ.

અએ લીલા (હોમ)! તારૂં ડહાપણ, (તારી) હિમ્મત, જય, તંદો-રસ્તીના ઉપાય, આબાદી, વૃદ્ધી, તમામ શરીરનું જોર, તથા સઘળી ચળકાટ ભરેલી મોહટાઇ, એ સર્વ હું માગું છું. (મોટી હોમ યશ્ત, ક૦ ૧, ફ૦ ૧૭.)

ઇમॅમ થ્વાંમ્ ક્ષ્તૂમ્ યાનॅમ હઓમ જઇધ્યેમિ દૂરઓષ; પઉર્વ તાયૂમ, પઉર્વ ગર્દમ, પઉર્વ વેહ્‌ર્કॅમ બૂઇધ્યોમઇધે; મા ચિશ્ પૉઉર્વૉ બૂઇધ્યએત નો; વિસ્પે પઉર્વ બૂઇધ્યોમઇધે.

હે દર્દને પાછળ રાખનાર હોમ! તારી પાસે છઠો વર (હું) આ માંગું છું, (તે એ કે) અમે આગળથી ચોર વીષે, અગાઉથી ખુની વીષે (તથા) અગાઉથી વરૂ વીષે જાણી શકીએ. અમારી આગળ કોઇ (બીજો) ન જાણી શકે; સઘળું અગાઉથી અમે જાણી શકીએ.

(મોટી હોમ યશ્ત, કo ૧, ફo ૨૧. યજ. હા ૯, ફo ૨૧.)

નॅમો હઓમાઇ, યત્ કॅરॅનઓઇતિ દ્રિઘઓશ્ચ હવત્-મસો મનો. યથ રઓવસ્તॅમહેચિત્; નॅમો હઓમાઇ, યત્ કॅરॅનઓઇતિ દ્રિઘઓશ્ચ હવત્-મસો મનો, યત્ ઉસ્નાંમ્ અએઇતિ વએધ્ય.

હોમને નમન (હોજો)! કે જે દરવીશનાં મનને સર્વથી ધનાઢ્ય (માણસ)ના જેટલું મોટું કરે છે. હોમને નમન (હોજો)! કે જે દરવીશના મનને એટલું ઉંચ કરે છે કે (તે) વિદ્યાને લીધે ઉચ જાય છે.[1]

(મોટી હોમ યશ્ત, કo ૨, ફo ૧૩.)

હુધાઓંઘ્રહॅમ્ વ્યાખ્નॅમ્ બવાહિ યથ ઉર્વાક્ષહે.

ઉર્વાક્ષના જેવો (તું) સારાં ડહાપણવાળો (તથા) (મ્હોટાં) માણસોની સભામાં બેસનારો થજે! (આફ્રીને પેગામ્બર જરથોશ્ત, ફo ૩.)

થ્વાંમ્ નરચિત્ યોઇ તખ્મ જઇધ્યાઓન્તે આસુઅસ્પીમ્ ખર્ॅનંઘ્રહસચ ઉપરતાતો. થ્વાંમ્ આથ્રવનો મર્ॅથ્રો......સ્પાનॅમચ.

(વળી) બળવાન નરો તારી પાસેથી, ઘોડાની તેજી તથા ખોરહની શ્રેષ્ઠતા માંગશે. (વળી) અવસ્તાના માંથ્રો ભણનારા અથોરનાનો તારી પાસેથી ડહાપણ માંગશે. (આવાં યશ્ત, ફo ૮૬.)

થ્વા યાસામહિ......વએઇધીમચ.

(હે મહેર યજદ) તારેથી અમે વિદ્યા માગ્યે છીએ.

(મહેર યશ્ત, ફo ૩૩.)

મિથ્રॅમ્ વૉઉરૂ-ગઓયઓઇતીમ્ યજમઇદે......હુધાઓંઘ્રહॅમ.

---

૧. હોમ ગુરૂ હોવો જોઈએ એમ આ શ્લોક ઉપરથી અનુમાન નીકળે છે. જરથોશ્તિ ત્યાગીનું મન ઉંચ પંક્તિ ઉપર તે ચઢાવી લે છે. અત્રે માનસિક સન્યાસનો ઈશારો છે.

સારી દાનેશવાળા તથા બહોળા ક્ષેત્રવાળા મેહર યજદની અમે સ્તુતી કર્યે છીએ. (મહેર યશ્ત, ફ૦ ૬૦.)

યહ્મિ વ્યાને દએનયાઇ સ્રીરયાઇ પૅરેથુ-ફ્રાકયાઇ મઝ અમત નિધાર્તેમ; યહિ પઇતિ ચિથ્રૅમ વીધાર્તેમ વીસ્પાઇશ અવિ કરૂવાંન યાઇશ હુ'ત.

જેનામાં (મેહર યજદમાં) સોહામણી (તથા) પુરતી રીતે પ્રસરેલી (માજદયસ્ની) દીનને માટે, બહોળી (તથા) મજબુત, તીક્ષ્ણ બુદ્ધિ મુકી (છે), જેનો પૂરાવો આખા સાત વિભાગની (હફ્તે કેશ્વર) (જગત) ઉપર ફેલાયલો (છે). (મહેર યશ્ત, ફ૦ ૬૪.)

યજાઇ મિથ્રૅમ......બઘનાંમ અસ્તિ અશ-ખ્રથ્વસ્તૅમો.

(હે જરથુશ્ત્ર) મહેર યજદ (જે) યજદોમાં પુરતી રીતે સર્વોત્તમ અક્કલવાળો છે, (તેને) તું ભજ. (મહેર યશ્ત, ફ૦ ૧૪૦-૧૪૧.)

યો પઓઇરિશ વએઇધિશ સૂરૅમ ફ્રાધાઇતિ સ્પૅન્તહે મઇન્યેઉશ દામાંન.

જે (મહેર યજદ) પુર્ણ જ્ઞાની (હોવાથી), સ્પેના મીનોથી સૃષ્ટિને મજબૂતીથી વધારે છે. (મહેર યશ્ત, ફ૦ ૧૪૨.)

રશ્નવો વએધિશત.

હે સર્વથી અધિક વિદ્યા-સંપન્ન રશ્ને યજદ! (રશ્ને યશ્ત, ફ૦ ૭.)

આષાઉનાંમ વંઘ્રઉહીશ સૂરાઓ સ્પૅન્તાઓ ફ્રવષયો યજમઇદે... આસ્નો ઉર્વાનો અષઓનીશ.

અષો (લોકો)નાં ભલાં, શુરાં (તથા) સંપત્તિ દેનારાં ફરોહરોને અમે માનથી યાદ કર્યે છીએ, (જેઓ) ચઢતી બુદ્ધીના રવાનો છે. (ફરવર્દીન યશ્ત, ફ૦ ૪૦.)

પઓઇરયાઇ ફ્રવએધ્યાઇ પઓઇરયાઇ ફ્રવએધ્યમ્નાઇ.

(જેણે) સર્વથી પ્રથમ દીનનું જ્ઞાન સંપાદન (કીધું) (તથા) સર્વથી પહેલાં (તે) (બીજાઓને) શિખાડયું. (ફરવર્દીન યશ્ત, ફ૦ ૮૮.)

હુઝન્તૅઉશ પઇતિ અપરયાઓ વ્યરૅથ્યયાઓ વહિશ્તહે અંઘહેઉશ.

અધર્મિપણાથી દૂર રહેતા સુજ્ઞ માનવીનું ધાર્મિક તથા સદ બુધ્ધીવાળા નરને માટે (નીમેલું) સ્વર્ગ (મેળવવા)ને માટે (અષો લોકોના ફ્રોહરોને યાદ કર્યે છીએ.) (ફરવર્દીન યશ્ત, ફ૦ ૧૩૪.)

પઓઇર્યનાંમ્ ત્કએષનાંમ્ પઓઇર્યનાંમ્ સાસ્નો-ગૂષાંમ, ઇધ અષઓનાંમ્ અષઓનિનાંમ્ચ, અહૂમ્ચ દએનાંમ્ચ બઓધસ્ચ ઉર્વાનૅમ્ચ ફ્રવષીમ્ચ યજમઇદે, યોઇ અષાઇ વઓનરે. નબાનજ્દિશ્તનાંમ્ ઇધ અષઓનાંમ્ અષઓનિનાંમ્ચ, અહૂમ્ચ દએનાંમ્ચ બઓધસ્ચ ઉર્વાનૅમ્ચ ફ્રવષીમ્ચ યજમઇદે, યોઇ અષાઇ વઓનરે.

પોરયોદકેશોમાંના (તથા) પ્રથમ ધર્મ સ્વિકારનારાઓમાંના અષો (માણસ) તથા અષો (સ્ત્રીઓ) જેઓ અષોઇને કાજે જયથી લડયાં, (તેમના) આત્માને, અંતઃકરણને, બુદ્ધિને, રવાનને તથા ફ્રોહરને અમે માનથી યાદ કર્યે છીએ. (ફરવર્દીન યશ્ત, ફ૦ ૧૪૯.)

રજિશ્તાંમ્ ચિસ્તાંમ્ મજ્દધાતાંમ્ અષઓનીમ્ યજમઇદે.

અહુરમજદનાં સરજેલાં અષો (તથા) સર્વથી સત્ય જ્ઞાનને[1] અમે વખાણ્યે છીએ. (દીન યશ્ત, ફ૦ ૧.)

યાંમ્ યજત હ્વોવિ અષઓનિ વીશુપિ, વૉહુ બંધ્રહૅમ ઇસૅમ્ન અષવનૅમ્ જરથુશ્ત્રૅમ, અનુમતેએ દએનયાઇ, અનુખ્તેએ દએનયાઇ, અન્વર્શ્તેએ દએનયાઇ.

જેણીને (ગોઠયા ચિસ્તને) ભણેલી (અથવા) પંડીતા (તથા) અષો હવોવીએ (પોતાને માટે) ઉત્તમ ધર્મજ્ઞાન ઇચ્છતી ભજી, (તે એ કે) તેણી અષો જરથુશ્ત્રના દીનના વિચાર, દીનના વચન (તથા) દીનના કાર્યને અનુસરે. (દીન યશ્ત, ફ૦ ૧૫.)

અષિ દાથ્રે વૉહૂમ્ ખરૅનો, અએષાંમ્ નરાંમ્ યોઇ હચહિ.

હે અષી! જેમને તું ચલાવે છે, (દોરવે છે) તે માણસોને ભલી કીર્તિ તુ દેનારી છે. (અશીશવંઘ યશ્ત, ફ૦ ૬.)

ફ્રઓત અહુરો મજ્દાઓ સ્પિતમાઇ જરથુશ્ત્રાઇ, અજૅમ્ દધાંમ્ અઇર્યનૅમ્ ખરૅનો.....હાંમ-બૅરૅતૅમ્ ખ્રશ્યૅમ.

---

૧. જેની આશીષથી અહુરમઝદનો સાક્ષાત્કાર થાય છે

અહુરમજદે સ્પીતમાન જરથુશ્ત્રને કહ્યું, કે મે આર્યન ખુરેહને જ્ઞાનથી પુરતી રીતે ભરપુર પેદા કર્યું. (આસ્તાદ યશ્ત, ફ૦ ૧.)

અહ્માત્ હચ ગરયો ફ્રઓરૂયાંન્ ઉષિધ્રાઓ ઉષિદરેનો અરેજિ-ફ્યસચ ફ્રઓરેપો.

તેમાંથી (ઉપર જણાવેલા જેરેધજ નામના પહાડમાંથી) હુશિયારી આપનાર ઉષિ-દરેન, એરેજિફ્ય (તથા) ફ્રઓરેપ (નામના) પહાડો ઉત્પન્ન થયા. (જમ્યાદ યશ્ત, ફ૦ ૨.)

આઅત્ વો કસચિત્ મશ્યાનાંમ્, ઉઇતિ અઓત્ અહુરો મજ-દાઓ, આઇ અષાઉમ જરથુશ્ત્ર, ખરેનો અખ્રરેતમ્ હસએત, અથઉરૂનો હો રાતનાંમ... પૉઉરૂ-ફ્નૃતેમ્ ઇષાઆઁધ્રહુએત, અથઉરૂનો હો રાતનાંમ.

ત્યાર કેડે અહુરમજદે (મહર્ષિ જરથુશ્ત્રને) એ પ્રમાણે કહ્યું કે, તમ માણસોમાંનો કોઇ પણ, હે અષો જરથુશ્ત્ર! (તે) અક્ષય ખુરેહને મેળવવાને કોશેષ કરશે તો, તે આથ્રવનની આશીષો (ખરેજ મેળવશે.) (જમ્યાદ યશ્ત, ફ૦ ૫૩.)

યિમ્ બરત્ કવ વીશ્તાસ્પો અષ્ડે હુએનયાઓ ચએષેમ્નો.

જે (ખુરેહ) કય ગુસ્તાસ્પ (બાદશાહ) રાખતો હતો, (જેની આશીષથી) (તે) સૈનાને અષોઇનો બોધ દેનાર (હતો). (જમ્યાદ યશ્ત, ફ૦ ૯૩.)

અષય દધાંમિ હુમયાઓ વંઘ્રહુયાઓ આક્રિતોઇશ દહ્મહેચ નર્શ અષઓનો ઉગ્રહેચ તખ્મહે દામોઇશ ઉપમનહે યજતહે.

પવીત્ર (તથા) ભલી દુઆને, પવીત્ર (તથા) અષો નરને તથા બળવાન તથા શક્તિમાન દામીઉપમન યજદને, (આ ભેટ) પવિત્રાઇથી હું દઉં છું. (યજ૦ હા ૭, ફ૦ ૧૭.)

હઓમો તએચિત્ યોઇ કતયો નસ્કો-ફ્રસાઓંઘ્રહો આઓંઘ્રહેન્તે સ્પાનો મસ્તીમચ બક્ષઇતી.

જે ઘરધણીઓ નુસ્ક ભણવા બેસે છે, તેમને હોમ જ્ઞાન તથા મોટાઇ દે છે. (યજ૦ હા ૯, ફ૦ ૨૨.)

હઓમ......સ્પનંઘ્રહ વએધ્યા પઇતિ......ઉપસ્રુયે.

અએ ડહાપણને અંગે, વિદ્યાના ધણી હોમ, હું તારૂં સ્મરણ કરૂં છું. (યજ૦ હા ૯, ફ૦ ૨૭.)

અઉિરૂવન્તૅમ્ થ્વા દામિ-ધાતૅમ્ બધા તતષત્ હ્વાપાઓ.

મહાન સાહેબે તને ચાલાક તથા ડહાપણ દેનારો બનાવ્યો છે.

(યજ૦ હા ૧૦, ફ૦ ૧૦.)

પૅઉિરૂનરૅમ તૂમ્ કૅરૅનૂઇષિ સ્પન્ય઼ંધ્રહૅમ્ ચિસ્તિવસ્ત્રૅમ યસૅ-તે બાધ હઓમ જાઇરે ગવ ઇરિસતહે બક્ષઇતિ.

હે પીળા હોમ! જે કોઇ તને જરૂર ગાયમાંથી નીકળતી વસ્તુ (અથવા દુધ) અર્પણ કરે છે, તેને તુ નરથી ભરપુર, તથા સર્વોત્તમ ડહાપણવાળો તથા જ્ઞાનવાળો બનાવે છે. (યજ૦ હા ૧૦, ફ૦ ૧૩.)

મજિશ્તાઇશ્ વએધ્યાઇશ્ દએનયાઓ માઝ્દયશ્નોઇશ્ અથઉિરૂનો રતૂમ આપ્રયે. અપાનાંસ્યા અએષાંમ્ચીત્.

માજદયસ્ની ધર્મના સર્વથી ચઢતી પદવીના જ્ઞાનને તથા તે શીખનારાઓને તથા આથ્રવનના સરદારને, હું યાદ કરૂં છું.

(યજ૦ હા ૧૩, ફ૦ ૩.)

રજિશ્તયાઓ ચિસ્તયાઓ મઝ્દધાતયાઓ અષઓન્યાઓ... આસ્નહે ખ્રત્વો મઝ્દધાતહે ગઓષો-સ્રૂતહે ખ્રત્વો મઝ્દધાતહે...ક્ષ્નૂમઇને અહુરહે મઝ્દાઓ.

અહુરમજદનાં સરજેલાં સર્વથી સત્ય અને પવિત્ર જ્ઞાનની તથા અહુરમજદની આપેલી અન્તર બુદ્ધિની તથા અહુરમજદની દીધેલાં કાને સાંભળેલાં જ્ઞાનની ખુશાલીને માટે (આ વસ્તુઓ યજશનેમાં હું ઇચ્છું છું).[1] (યજ૦ હા ૨૨, ફ૦ ૨૪-૨૫.)

સ્તવસ અષા યે હુદાઓ યોઇ હૅન્તી.

જેઓ સુજ્ઞ છે તેઓ અષોઇના વખાણનાર છે. (યજ૦ હા ૫૨, ફ૦ ૪.)

હેચા-ના ફ્રૂમાઓ નિશંધ્રહૅરૅતૂ હે અઇવ્યાક્ષયતૂ હુદા અષાચા વાસ્ત્રાચ ફ્રારાઇતિચા વીદીશ્યાચા અઇનિતિચા આથ્રાચા અહુરહે મઝ્દાઓ.

વળી તે અષો માણસ અષોઇથી, ઉદ્યોગથી, દાનથી, જ્ઞાનથી, (નમ્રતાથી) તથા અહુરમજદના આતશથી (જગતની) સંપત્તિને હમેશાં બચાવશે તથા સંભાળશે. (યજ૦ હા ૫૮, ફ૦ ૪.)

૧. અર્પું છું.

પઇરી–વે અમેષા સ્પૅન્તા હુક્ષથ્રા હુધાઑંઘ્રહો દધામિ તન્વસ્ચીત ખ્ખ્યાઑ ઉશ્તનૅમ્ પઇરી વીસ્પાઑ હુજીતયો.

અએ સારી બાદશાહીવાલા તથા સુજ્ઞ અમેષાસ્પંદો! હું તમને મારા પોતાના શરીરનો આત્મા તથા મારૂં સકળ સુખ અર્પણ કરૂં છું.

(વીસ્પ૦ ૫, ફ૦ ૨.)

ખ્શ્નિ દાંમ્ ખ્શ્નિ ચિથ્રે ખ્શ્નિ જઑષે ખ્શ્નિ ક્ષથ્રે ખ્શ્નિ રતવો ખ્શ્નિ આયપ્તૅમ્ યત અહુરહે મજદાઑ ફ્રઑરૅત ફ્રફ્રને અવિ મનો જરજદાતોઇત્ અંઘ્રહુયત હચ.

અર્પેલાં હૈયાંની સંપુર્ણ શ્રદ્ધાથી અમારી પોતાની અક્કલ પ્રમાણે પોતાની રૂઢી પ્રમાણે, પોતાની ખુશી પ્રમાણે, પોતાની શક્તિ પ્રમાણે, પોતાની પદવીનુસાર, તથા અહુરમજદની (આપેલી અમારી) પોતાની શક્તિ પ્રમાણે (અહુનવદ ગાથા ને) અમે યાદ કર્યે છીએ.

(વીસ્પ૦ ક૦ ૧૪, ફ૦ ૨.)

ખ્રતૃમ્ વીસ્પો વીધ્વાઑંઘ્રહૅમ્ યજમઇદે.

તમામ જાણકાર અક્કલ, જે અહુરમજદની, તેને અમે યાદ કર્યે છીએ.

રફૅધ્રાઇ વૅાઉરૂચષાને દાઇષી
મોઇ યા–વે અબિફ્રા
તા ક્ષથ્રહ્યા અહુરા યા
વંઘ્રહેઉશ્ અષિશ મનંઘ્રહો
ફ્રો સ્પૅન્તા આર્મઇતિ અષા
દએનાઑ ફ્રદક્ષયા.

હે અહુરમજદ! (મારા) આનંદને માટે (તથા) પુરતી રીતે દીનનું જ્ઞાન[1] સંપાદન કરવા માટે, શેહરેવરની તથા બહમનની જે આશીર્વાદ પામેલી બક્ષેસો તે ચોક્કસ રીતે (તુ) મને આપ. એ સ્પેન્ત આર્મઇતિ! અષોઇની મારફતે (તું મને) દીનનાં નીયમો શીખાડ.

(ગાથા ૩૩, ફ૦ ૧૪.)

---

૧. આ વિષય "માઝદયસ્ની દર્શન" ના પેહલાં પુસ્તકમાં આપેલાં પ્રકરણ (પાન ૧૭૯ થી ૧૮૬) સાથે વાંચવો ઠીક પડશે.

અન્ય ધર્મોની સરખામણીઓ.

श्रेयान्द्रव्यमयाद्यज्ञाज्ज्ञानयज्ञः परंतप ।
सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते ॥
तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥

(ગીતા ૪ ૩૩-૩૪)

હે! પરંતપ! દ્રવ્યના યજ્ઞ કરતાં જ્ઞાનયજ્ઞ શ્રેષ્ઠ છે. (કારણ કે) પાર્થ! કર્મ માત્ર (નું ફળ) જ્ઞાનમાં[1] સંપૂર્ણ સમાઇ જાય છે.

ગુરૂ ચરણે પડીને, શોધન કરીને અને સેવાથી આ તું ભણ. જ્ઞાનીઓ જે તત્ત્વ પિછાણે છે તેઓ તને આ જ્ઞાન દેશે.

अपि चेदसि पापेभ्यः सर्वेभ्यः पापकृत्तमः ।
सर्वं ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यसि ॥

(ગીતા ૪-૩૬)

જો કે તું સર્વથી અધિક પાપી હોઇશ, તોએ જ્ઞાનની હોડીથી તું તરી જઇશ !

नहि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।

(ગીતા ૪-૩૮)

માટે જ્ઞાનના જેવું પવીત્ર કરનાર સાધન દુન્યામાં એકકે નથી.

श्रद्धावांल्लभते ज्ञानं तत्परः संयतेंद्रियः ।
ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ॥

(ગીતા ૪-૩૯)

શ્રદ્ધાવાન, તત્પર અને ઇન્દ્રિયોને હાથમાં રાખનાર જ્ઞાન પામે છે. અને જ્ઞાન પામીને તુરતજ પરમ શાન્તિ મેળવે છે.

ज्ञानविज्ञानतृप्तात्मा कूटस्थो विजितेन्द्रियः ।
युक्त इत्युच्यते योगी समलोष्टाश्मकांचनः ॥ (ગીતા ૬-૮)

---

૧. આ 'જ્ઞાન' માત્ર 'મન'નું નથી. એ આત્મ પ્રકાશ છે, જે અનુભવવેજ સમજાશે. એ 'ગઓશો સુતે ખેરદ' નથી 'પણ અમુક આસ્નીદે ખેરદ' છે, જે 'રવાન ગુફ્તગી'થીજ મળે છે.

જે જ્ઞાન અને વિજ્ઞાન (અનુભવ)થી તૃપ્ત આત્માવાળો છે, જે સ્થિર રહે છે, સદા જીતેંદ્રિય છે અને જેને માટી, પત્થર, સોનું એ સર્વે સમાન છે, તેવો યોગી યુક્ત કહેવાય છે.

तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यंत ।
प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः ॥
उदाराः सर्व एवैत ज्ञानी त्वात्मैव मे मतम् ।
आस्थितः स हि युक्तात्मा मामेवानुत्तमां गतिम् ॥
बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥

(ગીતા ૭-૧૭, ૧૮, ૧૯)

તે (ચાર જાતના દુઃખી, જીજ્ઞાસુ, તલખગાર અને જ્ઞાની) માંનો જ્ઞાની એક (ઇશ્વર) ઉપર સ્થિરતા અને ભક્તિથી પ્રીદા થયલો સર્વોતમ છે; હું (શ્રી કૃષ્ણ, વિષ્ણુ) તે જ્ઞાની મહાત્માને અતિ પ્રિય છું અને તે મને પ્રિય છે.

એ (ચારે જાતના) સર્વે અમીરી સ્વભાવના છે; પણ તેમાંથી જ્ઞાનીને તો મારા પોતા જેવોજ સમજવો; કારણ કે મક્કમ મનનો રહીને, તે મને એકલાને શ્રેષ્ઠ આદર્શ તરીકે લેખે છે.

ઘણાક જન્મો કેડે તે જ્ઞાની મને પહોંચે છે અને માને છે કે હુંજ 'વાસુદેવ' (સર્વવ્યાપક) છું. તે ખરો મહાત્મા છે, જેની મીસાલ માનવી મળવો કઠણ છે.

राजविद्या राजगुह्यं पवित्रमिदमुत्तमम् ।
प्रत्यक्षावगमं धर्म्यं सुसुखं कर्तुमव्ययम् ॥

(ગીતા ૯-૨)

આ રાજવિદ્યા છે, ગુહ્યમાં ગુહ્ય (મંત્ર રૂપ) છે, પવિત્ર છે, ઉત્તમ છે, પ્રત્યક્ષ જણાય એવી છે, ધર્મના ફળ રૂપ છે, સુખથી સંધાય એવી છે, અને (સિદ્ધ થયા પછી) કદી પણ નાશ ન પામશે એવી છે.

अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ।
एतज्ज्ञानमिति प्रोक्तमज्ञानं यदतोऽन्यथा ॥

(ગીતા ૧૩-૧૨)

અધ્યાત્મજ્ઞાનમાં નિરંતર મચો રહેવું, તત્વજ્ઞાનમાં મોક્ષ રૂપી અર્થનું અવલોકન, એને જ્ઞાન કહ્યું છે. એથી જે અન્ય, તે અજ્ઞાન છે.

इदं ज्ञानमुपाश्रित्य मम साधर्म्यमागताः ।
सर्गेऽपि नोपजायन्ते प्रलये न व्यथन्ति च ॥

(ગીતા ૧૪-૨)

આ જ્ઞાનનો આશ્રય કરીને મારા ભાવને પામેલા (યોગીઓ) સૃષ્ટિની ઉત્પત્તિ વેળાએ જન્મ લેતા નથી, તથા પ્રલયકાળમાં પણ નાશ પામતા નથી.

मन मथुरा, दील द्वारका, काया काशी जान,
दसमें द्वारे हय देहरा, तामे जोत पिछान.
हरि हि सबको भजें, हरकों भजे न कोय,
जबलग आश शरीरकी, तबलग दास[1] न होय.
चतुराइ पोपट पढि, पडा सो पिंजर मांहि,
फिर परमोधे ओरकों, आपन समजे नहिं.

મોઢે ઇશ્વરની સ્તુતી કરે, પણ હૈયાંથી કપટ ટળે નાહં; એ રીતે શાસ્ત્ર શીખાડેલાં શીક્ષણ પ્રમાણે વર્તે નહિં અને બીજાઓને શાસ્ત્ર શીખાડવાને ફાંકો રાખે!

ब्राह्मण गुरु जगतके, संतनके गुरु नांहि,
उलट पलट कर डुब्या, चार बेदके मांहि.

બ્રાહ્મણો જગતના સંસારી લોકના ગુરૂ છે, પણ સંતોના નથી. તેઓ શબ્દોના વ્યાકરણ અને રચના અને અર્થ સાથે માથું કુટયા કરે તેથી ચાર વેદ ભણ્યા છતાં સંસારમાં ડુબી મુવા છે.

चार वेद पढवो करे, हरिसे नाहि हेत,
माल कबिरा ले गया, पंडित ढुंडे खेत.

---

૧. માનવી પોતાની એસ્ક્લપેટ્રાઈ જોય, તે કદી ખુદાનો વહાલો પુંજારી ન બને.

મહાભારત ચારે વેદો જોકે પંડીત ભણે છે, છતાં ઇશ્વર સાથે પ્રેમ તેના જીગરમાં નથી. ત્યારે પ્રેમી કબીર ખેતરની અંદરનો (ગુપ્ત) ખજાનો ઉંચકી લઇ ગયો (જે પ્રેમથીજ મળે છે), જ્યારે પંડીત તો હજી ઉભો ઉભો, ખેતરમાં તે ખજાનો શોધે છે![1]

संस्कृतहि पंडित कहे, बहोत करे अभिमान,
भाषा जानके तर्क करे, सो नर मुंढ अज्ञान.

સંસ્કૃત વારે વારે બોલી, પઢીને 'પંડીત' અભિમાની બની જાય છે. માત્ર ભાષા અને વ્યાકરણ જ્ઞાન સંપાદન કરનાર, જ્યારે ગુમરાહ બનીને ખોટી તર્કો કરે છે, ત્યારે તે મૂઢ અને અજ્ઞાન પૂરવાર થાય છે.

कबिर! पंडितकी कथा, जैसी चोरकी नाव,
सुन कर बेठे आंधला, भावे तहां बिलमाव.

પંડિત જે કથા, બકવું કરે છે, તે ચોરની નાવડી જેવી છે. આંધળો જોકે તેમાં કાનથી મીઠી વાતો સાંભળી ને બેશે છે (કે ઘરે પહોંચાડશે), પણ તે જોઇ શકતો નથી, કે તે નાવ પોતાના માલ સાથે, ચોરને ઘરજ હંકારાઇને જાય છે. (પોથી પંડિતો ધર્મનો મર્મ, રમ્ઝ સમજાવી શકતા નથી).

चतुराइ चुले पडो, ज्ञानको जमरा खाओ,
भाव भक्ति समजे नहि, जानपनो जल जाओ.

ચતુરાઇ ચુલામાં જાય, જ્ઞાનને જમ ગળી જાય! ઇશ્વર તરફનો ભક્તિભાવ જાણ્યા વિનાનું જ્ઞાન બળી જાય![2]

पोथी पढपढ जग मुवा, पंडित भया न कोय,
अढाइ अक्षर प्रेमका, पढे सो पंडित होय.

---

૧. આ મહાવાક્ય જરથોશ્તિ પોથી પંડીતોને બહુજ બંધબેસતું છે. માત્ર વ્યાકરણ પાંડિત્યમાં અને શબ્દાર્થમાં મચ્યા રહિને, જાણે ગોળના બહારના માટલાં સાથે રમત કર્યા કરી, ભિત્તરના ગોળથી બાપડા અજ્ઞાત અને બેનસીબ રહે છે. ૨. ધાર્મિક અને નૈતિક જ્ઞાન વિના જડવાદી પોથી જ્ઞાને, જુવો જરથોશ્તિ ટોળાને કેટલે દરજ્જે રૂહાની જ્ઞાન સંબંધી, ધૂળમાં નાખી દીધો છે.

પોથી વાંચી, વાંચીને જગત કુટાય છે, પણ તે વાંચને એકકે માનવી પંડિત બન્યો નથી. માત્ર 'પ્રેમ'ના અઢી અક્ષર છે, તેને ભણે, સમજે અને તેનું અનુકરણ કરે તેજ ખરો પંડિત થાય.

ज्ञानीको ज्ञानी मिले, तब रसकी लुटा लुट,
ज्ञानीको अज्ञानी मिले, होय बडी माथा कुट.

જ્ઞાનીને જો જ્ઞાની મલે તો બન્ને રસિક વાતો કરે છે. જ્ઞાની ને જો કમભાગ્યે અજ્ઞાની મળે તો જ્ઞાનીને જબરી માથાઝિંક થાય છે.

लीखना पढना चातुरी, ए सब बातां सहेल,
काम दहन, मन वश करन, गगन चढन मुश्केल,

લખી પઢીને ચતુર બનવું સહેલ છે. પણ ઇંદ્રિયોને જીતવી, મનને વશ કરવું અને આકાશમાં ચઢી ઇશ્વર મેલાપ કરવો, એ સર્વે અત્યંત કઠીણ છે.

علم چون بر دل زند یاري شود علم چون بر تن زند باری شود

જ્યારે જ્ઞાન જીગરને પહોંચી જાય છે ત્યારે તે ખરી મીત્રતા દેખાડે છે. જ્યારે જ્ઞાન શરીરને પહોંચે છે, ત્યારે તેમાંથી ફળ નીપજે છે.

علم دریائیست بیحد وکنار طالب علم است غواص بحار

જ્ઞાન એક સાગર છે જેની હદ અથવા કીનારો નથી. જે જ્ઞાનનો શોધક છે તે દર્યામાં ડુબકી મારે છે.

خاتم ملك سلیمان است علم جمله عالم صورت و جانست علم

ઇલ્મ અથવા જ્ઞાન સુલેમાનના દેશની આસપાસની વીંટી છે. આખી દુન્યા મોઢું છે અને તે જ્ઞાન, અંદર વસનાર જાન છે.

آدم خاکی ز حق آموخت علم تا به هشتم آسمان افروخت علم

ખાકી માનવીએ પરમેશ્વર પાસે જ્ઞાન પ્રાપ્ત કર્યું અને તેણે જ્ઞાનને સાતમે આસમાને પહોંચાડયું.

میان بلبل و پروانه فرق بسیاراست کجا برتبه کردار می رسد گفتار

બુલબુલ અને (બીજા) પક્ષીઓની વચમાં ભારે અન્તર છે. માત્ર વાતચીત (બકબકારો), કર્મની પદવીએ કેમ ચઢી શકે ?

واعظان کین جلوه بر محراب و منبر میکنند

چون بخلوت میروند آن کار دیگر میکنند

જે વક્તાઓ જાહેર તખ્તાની ઉપર (શબ્દોની) ઝમક બતાવે છે, તેઓ ખાનગીમાં તો પોતાના બોલોથી ઉલટું વર્તન કરે છે.

میان عالم و جاهل برابر از موی تفاوتی نبود تا که علم بی عمل است

જ્ઞાની અને અજ્ઞાનીની વચમાં એક બાલ જેટલોજ ફરક ગણવો, જ્યારે જ્ઞાની પોતાના જ્ઞાનાનુસાર કર્મ કરતો ન હોય.

نه محقق بود نه دانشمند چارپای بر و کتابی چند

ગમે એટલાં પુસ્તકો ચોપગું જાનવર (પીઠે) લાધીને ફરે, છતાં તે ન ભેદી સત્ય જાણનાર થશે, ન જ્ઞાની.

مشکلی دارم ز دانشمند مجلس باز پرس

توبه فرمایان چرا خود توبه کمتر میکنند

એક મુશ્કેલી છે જે હું સભાના જ્ઞાનીઓને પુછવાને ઇચ્છું છું, કે જેઓ પશ્ચાતાપ કરવા શીખાડે છે, તેઓ પોતે આટલો થોડો પશ્ચાતાપ શા માટે કરે છે ?

چشم دل چون نیست بینا دیدهٔ ظاهر چه سود

همچو نرگس درمیان باغ بیداری عبث

જ્યાં સુધી હૈયાં (જીવાત્મા) ની ચક્ષુઓ દેખતી થઇ નથી, ત્યાં સુધી બહારની આંખોનો શો ફાયદો ? જેમ નરગીસ ઉજાગરાના બાગમાં નીરૂપ્યોગી છે (તેમ જીગરની આંખો દેખે નહિં ત્યાં સુધી બહારની આંખો નીરર્થક છે.)

علم را تا نفروشی و عمل راخری   تا ابد کی زدلت گرد جهالت برود

જો જ્ઞાનને વેચો નહિં અને કર્મને વેચાતું ન લ્યો, તો તમારાં હૈયાં ઉપરની અજ્ઞાન રૂપી ધૂળ હમેશને માટે કેમ ઉડાડી શકશો ?

نتوان به قیل و قال ارباب حال شد   منعم نمیشود کسي از گفتگوی گنج

હાલના સમય ઉપર માત્ર વાર્તાલાપ કરવાથી જીત મેળવાતી નથી. નાણાની માત્ર વાત કરવાથી કોઇ સખી બની જતો નથી.

حیف که از علم نه بر ره شوي   شمع به کف گیری و در چه شوی

અફસોસ જો તમને જ્ઞાન હોય છતાં તમે તે પ્રમાણે વર્તન ન કરો; ત્યારે હાથમાં મીણબતી સળગાવેલી હોવા છતાં તમે (રાત્રીએ) કુવામાં પડો, એવી હાલત બનેલી જાણવી.

KNOWLEDGE.

His mind his kingdom, and his will his law.

(*Cowper.*)

Not the good things we accomplish
But the better things we plan,
Not achievement, but a deed,
Is the measure of the man. (*S. Coley.*)

It is written not "Blessed is he that feedeth the poor" but "Blessed is he that considereth the poor." And you know that a little thought and a little kindness are often worth more than a great deal of money. (*J. Ruskin.*)

Know then this truth (enough for man to know),
"Virtue alone is happiness below." (*Pope.*)

---

1. The spirit is willing; but the flesh is weak.

There is this difference between happiness and wisdom: he that thinks himself the happiest man really is so; but he that thinks himself the wisest, is generally the greatest fool. (*Cabel C. Colton.*)

The happiest life is that which constantly exercises and educates what is best in us. (*Hamerton.*)

Sincerity is the most compendious wisdom.

(*Chesterfield.*)

Knowledge[1] dwells
In heads replete with thoughts of other men;
Wisdom[2] in minds attentive to their own.

(*W. Cowper.*)

Go where he will the wise man is at home.
His heart, the earth; his all in all, the azure dome.
Where his clear spirit leads him, there's his road,
By God's own light illumined and foreshadowed.

(*R. W. Emerson.*)

Wheresoever the search after truth begins, there life begins; wheresoever the search ceases, there life ceases. (*J. Ruskin.*)

He who learns nothing from the past will be punished by the future.

Keep in the sunlight; nothing beautiful grows in darkness.

But let no one imagine that we can attain to this true light and perfect knowledge, and to the life of Christ, by much questioning or by listening to others, or by reading and study, or by ability and deep

---

૧. જ્ઞાન. ૨ આરન્નીદેહ એરદ.

learning. For so long as a man is occupied with anything which is this or that, whether it be himself or any other creature, or does anything or forms plans or opinions or objects,[1] he comes not to the life of Christ. Christ Himself declared as much, for He said, "If any man will come after Me, let him deny[2] himself, and take up his cross[3] and follow Me."

(*Light, Life and Love by W. R. Inge.*)

It is an old observation that wise men grow usually wiser as they grow older, and fools more foolish. (*Beecher.*)

For verily I say unto you, Till heaven and earth pass, one jot or one tittle shall in no wise pass from the *law*, till *all* be fulfilled. (*St. Mathew 5-18.*)

It is the mind that makes us rich and happy, in what condition soever we are, and money signifies no more to it, than it does to the gods. (*Seneca.*)

I consider how little man is, yet, in his own *mind*, how great. He is lord and master of all things, yet scarce can command anything. (*Edmund Burke.*)

Let him be kept from paper, pen and ink;
So may he cease to write and learn to think.

(*Mathew Prior.*)

He, whose mind is subdued and perfectly controlled, is happy.

If a man speaks or acts with a pure thought, happiness follows him like a shadow that never leaves him. (*Budha*).

---

૧. મનની વૃત્તિઓ છોડ. ૨-૩. ઇંદ્રિયજીત બન.

He that has light within his own clear breast,
May sit i' th' centre and enjoy bright day,
But he that hides a dark soul, and foul thoughts.
Benighted walks under the midday sun. (*Milton.*)

Knowledge and Love of God are ultimately one and the same. There is no difference between pure knowledge and pure love. (*Ramkrishna's Sayings.*)

The following are among those who cannot gain self-knowledge. Those who boast of learning, those who are proud of knowledge and those who are vain of riches. (*Ramkrishna's Sayings.*)

We shall be made truly wise if we be made content; content too, not only with what we can understand, but content with what we do not understand--the habit of mind which theologians call and rightly, *faith* in God. (*C. Kingsley.*)

Is there a sweeter thing on earth
than pleasant thoughts, I wonder,
Or a happier man than he
who has the greatest number?

(*G. H. Gorman.*)

Knowledge without practice is a burden, and practice without knowledge a mischief.

(*Akhtak-e-Jalali.*)

He who has missed acquiring either knowledge or riches is on a level with the dogs. (*Sari-at-Dila.*)

The man of God is a treasure in a dust heap;
The man of God is not skilled in bookish lore;

The man of God is hidden O my son?
The man of God—seek him and thou shalt
find him.
(*Jalaluddin Rumi.*)

He breathes not the fragrance of divine mysteries, whose head is not warmed by the heart. (*Wali.*)

The Sufi's book is not a book of black letters,
The Sufi's book is a heart as white as snow.
(*Jalaluddin Rumi.*)

વહિ.[1]

આઅત્ અઓખ્ત અરૅદ્દો સૂર અનાહિત, અૅરૅજ્વો અષાઉમ્ સ્પિતમ જરથુશ્ત્ર, નિવયક નિપઅનક અપસ્કરક અપ-ખ્રઓસક, ઇમાઓ પઇતિ-વીસૅન્તે યાઓ માવૅાય પસ્ચ વર્જૅન્તિ, ક્ષ્વશ-સતાઇશ્ હજંઘ્રરૅમચ, યા નોઇત્ હઇતિ વીસૅન્તિ દએવનાંમ્ હઇતિ યસ્ન.

ત્યારે નિર્મળ અરદ્વીસૂરે જવાબ આપ્યો કે, હે ખાલેસ (તથા) અષો સપેતમાન જરથોશ્ત! આએ (ક્રિયાની ભેટો) જે મારે માટે (સુરજનાં અસ્ત પામવા) પછી (બુરા લોકો) લઇ જાએ છે (એટલે લાવે છે) તે, છસો તથા હજાર દેવો, દોડતા, હાથની તાલી પાડતા, નાચતા, કુદતા (તથા) પોકારતા (ઇઆને અતિશય ખુશાલીમાં આવીને) કબુલ રાખે છે. સબબ કે હું કબુલ રાખતી નથી, તેથી તે ક્રિયાની ભેટો દેવ્યોની આરાધના તરીકે થાય છે. (આવાં યશ્ત, ફ૦ ૯૫.)

આઓાત્ અહુરો મજ્દાઓ સ્પિતમાઇ જરથુશ્ત્રાઇ, આઅત્ યત્ મિથ્રૅમ્ યિમ્ વૅાઉરુગઓયઓઇતીમ્ ફ્રાદથાંમ્, અજૅમ્ સ્પિતમ, આઅત્ દિમ્ દથાંમ્ અવાઓન્તૅમ્ યેસન્યત, અવાઓન્તૅમ્ વહ્મ્યત, યથ માંમચિત્ યિમ્ અહુરૅમ્ મજ્દાંમ્.

મૅરૅન્ચઇતિ વીસ્પાંમ્ દઇંઘ્હુઓામ મઇર્યો મિથ્રો-દ્રુક્ષ, સ્પિતમ, યથ સતૅમ્ કયધનાંમ્ અવવત્ અષવ-જચિત્. મિથ્રૅમ્ મા જન્યાઓ, સ્પિતમ મા યિમ્ દ્રવતત્ પૅરૅસાઆઁઘ્હે, મા યિમ્ ખાદએનાત્ અષ-ઓનત્. વયાઓ જી અસ્તિ મિથ્રો, દ્રવતએચ અષઓનએચ.

(દાદાર) અહુરમજદે સપેતમાન જરથોશ્તને કહ્યું કે, જ્યારે મેં, હે સપેતમાન (જરથોસ્ત)! બોહલાં ખેતરવાળા મેહર યજદને પેદા કીધો, ત્યારે (મેં) તેને હું અહુરમજદના જેટલો યજશનેને લાએક (તથા) આરાધનાને લાએક પેદા કીધો

ઘાતકી કોલ તોડનાર શખ્સ, હે સપેતમાન (જરથોશ્ત)! તમામ દેશને ખરાબ કરે છે. સો દુષ્ટ માણસોના જેટલી (ઇઆને ૧૦૦ બુરા માણસો ખરાબી કરે તેટલી) (તે કોલ તોડનાર શખ્સ) અષો માણસને

---

1. શ્રુતિ, revelation.

હાની પોંહચાડનારો (થાએ છે). હે સપેતમાન (જરથોશ્ત!) (હરગેજ) (તું) કોલ તોડતો ના; (પછી તે કોલ) (તું) બુરા માણસ સાથે કરે (અથવા) અશો હમદીન સાથે કરે (પણ તે કોલ હરગેજ તોડતો) ના, કારણ કે બુરા માણસ તથા રાસ્ત માણસ સાથનો એ બેહુ સાથનો કોલ (એક સરખો) છે. (મેહર યશ્ત, ફ૦ ૧-૨.)

યહ્માઇ અઉરૂપ અઉર્વન્ત યૂખ્ત વાષ થંજયાઓન્તે, અએવ ચખ્ર જરનએન અસાનસ્ચ વીસ્પો-બામ; યેજિ-ષે જઓથ્રાઓ બરઇતિ અ઼િ-ષે મઍથનૅમ.

ઉશ્ત અહ્માઇ નઇરે મઇન્યાઇ, ઉઇતિ મ્રઓત અહુરો મજદાઓ, આઇ અષાઉમ જરથુશ્ત્ર.

જેને માટે (ઇઆને મેહર યજદને માટે) સફેદ ઘોડાની જોડી તમામ ચળકાતવાળી ધરી સાથની સોનાનાં એક પૈડાંની ગાડીએ જોડવામાં આવે છે.

અગરજો તેને માટે તેનાં મુકામમાં ક્રિયાની ભેટો લઇ જાએ છે.

તે માણસને આબાદી (હોજો) (એમ) હું વિચારૂં (ઇઆને તે માણસને હું આબાદી ઇચ્છું), હે અષો જરથોશ્ત! એ પ્રમાણે (દાદાર) અહુરમજદે કહ્યું. (મેહર યશ્ત, ફ૦ ૧૩૬-૧૩૭.)

આઅત મ્રઓત અહુરો મજદાઓ, અર્જૅમ બા-તે તત ફ્રમ્રવાની, અરૅજવો અષાઉમ સ્પિતમ, માંથ્રો સ્પૅન્તો યો અશ-ખ્રૅનાઓ. તત અસ્તિ માંથ્રહે સ્પૅન્તહે અર્શ-દાતૅમ, તત ફ્રજદાતૅમ, તત વીચિ-થૅમ, તત થમનંઘ્નહુન્તૅમ, તત વરૅચંઘ્નહુન્તૅમ, તત યઓક્ષ્તિવન્તૅમ તરધાતૅમ અન્યાઇશ દામાંન.

ત્યારે અહુરમજદે કહ્યું, હે સપેતમાન (જરથોશ્ત)! તે હું તને ખચીત કહીશ; (અને તે), પુષ્કળ ખોરેહવાળી પવિત્ર માંથ્રવાની (છે). પવિત્ર માંથ્રવાનીનો તે (ભાગ) રાસ્ત બનાવેલો, આબાદી કરનારો, (ખરૂં ખોટું) પીછાણનારો, તનદરોસ્તી આપનારો, પ્રતાપવાળો, કૌવત ધરાવનારો (તથા) બીજી પેદાયશોના કરતાં વધારે ચઢતો પેદા કીધેલો છે. (રશ્ને યશ્ત, ફ૦ ૨.)

ગયેહે મરૅથ્નો અષઓનો ફ્રવષીમ યજમઇદે; યો પઓઇર્યો અહુરાઇ મજદાઇ મનસ્ચ ગૂશ્ત સાસ્નાઓસ્ચ.

અષો ગયોમર્દના ફ્રેરોહરને અમે માન સાથે યાદ કર્યે છીયે, જેણે પહેલવહેલાં (દાદાર) અહુરમજદનો વિચાર તથા (તેની) શિખામણો સાંભળી. (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૮૭.)

અઓઘ્ન અહુર મજદ, સ્રઑષચ અષ્ય સૂર માંથ્રચ સ્પેન્ત વીદુષ; યો વીદએવો વીદએવહે અશ્તો મજ઼દાઑ અહુરહે; યિમ જ઼રથુશ્ત્રો ફ્રેરેનઑત હ્વાવન્તૅમ અંઘ્હુવે અસ્તવઇતે.

(તે ફ્રેરોહરો) (દાદાર) અહુરમજદની મારફતે, શૂરા અષો સરોશ યજદ મારફતે, વિદ્વાન માંથ્ર સ્પેન્તની મારફતે (અમને) મદદ કરનારાં (થાય). જે (માંથ્ર સ્પેન્ત) દૈત્યના નીયમની સાંમે થનાર (તથા) (દાદાર) અહુરમજદનો પેગામ લાવનાર (છે), જેને (પેગમ્બર) જરથોશ્તે હાડમંદ દુન્યામાં દિલોજાનની નજરે જોયો. (ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૧૪૬)

તાઑસચ મે નાંમ જ઼બ્યએષ, અહ્નિ અષાઉમ જ઼રથુશ્ત્ર,......

તાઑસચ મે નાંમ જ઼બ્યએષ, અહ્નિ અષાઉમ જ઼રથુશ્ત્ર, યિમ સાસ્ત દઇંઘ્હુહેઉશ હ્મો-ક્ષથ્રો પૅરૅન્તૅમ વા, જબરૅન્તૅમ વા, કરિષેન્તૅમ વા, રથોઇર્યૅમ વા, પઇતિર્યૅન્તૅમ થ્રિમહે, પઇતિર્ષૅન્તૅમ બએષજ઼યેહે.

હે અષો જરથોસ્ત! આ (ને ઉપર જણાવેલાં) મારાં નામો તારે યાદ કરવાં જોઇએ, (કે) હું (હાજર થયેલો) છું.[1]

જ્યારે (કોઇ) દેશનો આપખત્યાર જુલમગાર (પાદશાહ) (તારી ઉપર) ધસારો કરતો, અથવા કાવાદાવા ચલાવતો, અથવા (તને) જખમી કરતો, અથવા (તારી સાંમે) લડાઇની ગાડી ગગડાવીને લાવતો અથવા (તારી) આબાદીની અદેખાઇ કરતો, (અથવા) (તારી) તનદરોસ્તીની અદેખાઇ કરતો (આવે) (તે વખતે), હે અષો જરથોસ્ત! આએ મારાં નામો તારે યાદ કરવાં જોઇએ, કે હું (હાજર થયલો) છું. (રામ યશ્ત, ફ૦ ૪૯-૫૦.)

અથા અથા ચોઇત અહુરો મજ઼દાઑ જ઼રથુશ્ત્રૅમ અઘ્ના ક્ષયએતા વીસ્પએષૂ ફ્રષ્નએષૂ વીસ્પએષૂ હન્જમ્નએષૂ યાઇશ અપૅરૅસયતૅમ મજ઼દાઑસ્ચા જ઼રથુશ્ત્રસ્ચા.

અથા અથા ચોઇત જ઼રથુશ્ત્રો દએવાઇશ સરૅમ વ્યાક્ર્વીતા.

જે તમામ સવાલ જવાબોમાં (તથા) તમામ મુલાકાતોમાં (દાદાર)

૧. નામ સ્મરણ મહિમા! સરખાવો વિષ્ણુ સહસ્રનામ મહિમા (૧,૦૦૦ વિષ્ણુંના નામ.)

અહુરમજદે તથા (પેગમ્બર) જરથોશ્તે એકબીજા સાથે વાદવીવાદ કર્યો હતો તે વખતે (દાદાર) અહુરમજદે (પેગમ્બર) જરથોશ્તને (દેત્યોની સરદારી તજી દેવાને) તાકીદથી ફરમાવ્યું. (તે ઉપરથી), જે પ્રમાણે (તે) અષો જરથોસ્તે દેત્યોની સરદારીને ખરેખર તુચ્છકારી કાઢી હતી, તેજ પ્રમાણે હું જે માજ્દયસ્ની જરથોસ્તી (છું તે) દેત્યોની સરદારીને તુચ્છકારી કાઢું છું. (હા ૧૨, ફ૦ ૫-૬.)

ઇમા આત્ ઉખ્ધા વચાઓ અહુરા મજ્દા અષેમ્ મનયા વહેહ્યા ફ્રવઓચામા થ્વાંમ્ અત અએષાંમ્ પઇત્યાસ્તારેમ્ચા ફ્રદક્તારેમ્ચા દદેમઇદે.

હે અહુરમજદ! અષોઇને ધ્યાનમાં (રાખીને), વધારે સારી રીતે આ વખણાયેલા કલામો હમો જાહેર કર્યે છીએ. તે (કલામો)નો સાંભળનાર તથા શીખાડનાર તરીકે તને અમો મુકર્રર કર્યે છીએ. (હા ૩૫, ફ૦ ૯.)

કત જઓત ખ્સાત વચ આપો વંઘુઉહીશ યજાઇતે કુથ બવાત્ હીતો-હિજ્વાઓ યેજિ અનરેથે યજાદતે; કુથ વાચો અવિ-બ્રુત યાં હે ચક્ષે અએથ્રપઇતિશ. કુથ તાઓ ક્યો બવાંન્, કુથ તાઓ ઇષુદો બવાંન્, કુથ તાઓ રાતયો બવાંન્. યાંમ્ અહુરો મજ્દાઓ જરથુશ્ત્રાઇ ફ્રવચ ફ્રા જરથુસ્ત્રો ગએથાભ્યો અસ્તવઇતિભ્યો.

શીખેલા કલામથી, જોતી કેવી રીતે ભલાં પાણીઓને ઇજે (અથવા વખાણે)? જો તે જોતી (ગેરકાયદે) (પાણીઓને) ઇજે તો, કેવી રીતે તેની જબાંન બાંધેલી થાય? જે (કલામો) હેરબદે તે (જોતી) ને શીખવ્યા, (તે) કલામો કેવી રીતે તે કામે લગાડે? તે બંદગી કેવી રીતે થાય, તે એહસાંનમંદી કેવી રીતે બજાવવામાં આવે? તે બક્ષેશ (અથવા ભેટ) કેવી રીતે થાય? જેને વિષે (દાદાર) અહુરમજદે (પયેગમ્બર) જરથોશ્તને કહ્યું હતું, અને હજ્રત જરથોશ્તે હાડમંદ દુન્યાના લોકોને જાહેર કર્યું. (હા ૬૫, ફ૦ ૯.)

અએતે જી વાચો વહિશ્તા અહુરો મજ્દાઓ ફ્રામ્રઓત જરથુશ્ત્રાઇ, અએતે જી જરથુશ્ત્ર ઉસ્તેમે ઉર્વએસે ગયેહે ફ્રા મ્રઇધિ.

યેધિ જી જરથુશ્ત્ર અએતે વાચો ઉસ્તેમે ઉર્વએસે ગયેહે ફ્રમ્રવાઓ પઇરિ તે તનવ અજેમ્ યો અહુરો મજ્દાઓ ઉર્વાનેમ્ હચ અચિશ્તાત્ અંઘ્હુઓત્.

અવવઇત્ય બાંજસ્ચ ક્રથસ્ચ પઇરિ–તનુયે યથ ઇમ જાઓ.

ખરેખર આ ઉત્તમ કલામો (હાદાર) અહુરમજ્દે (પયગંમ્બર) જરથોસ્તને જાહેર કીધા. હે જરથોસ્ત ખરેજ તે (કલામો) (તારી) જીંદગીના છેવટના અંત સુધી (દુન્યામાં) તું આશકારા કરજે.

હે જરથોસ્ત તે કલામો (તારી) જીંદગીના છેવટના અંત સુધી અગરજો દુન્યામાં ખચ્ચીત તું આશકારા કરે, તો હું જે અહુરમજદ (તે) તારાં રવાનને જેટલી આ જમીન (છે), તેટલી (તેની) લંબાઇ તથા પહોલાઇ પર્યંત દોજખથી દૂર લઇ જાઉં. (હા ૭૧, ફ૦ ૧૪-૧૫.)

યાનીમ્ મનો, યાનીમ્ વચો, યાનીમ્
શ્યઑથનૅમ્, અષઑનો જરથુશ્ત્રહે.

અશો જરથુશ્ત્રના વિચાર, કલામ તથા કામ બશારત પામેલાં છે.
(ગાથા અહુનવદ, યશ્ન હા ૨૮.)

ક્ષથ્રમ્ચા અઘ્નજ્યૉન્ગ્નૅમ
વર્દદઇતિ આર્મઇતિશ.

જેની પૂર્વે કોઇ નહિ એવા અહુરમજદને તથા હે અષ તથા વોહુ મનો! તમને હું કીર્તિનાં ગાયન ગાવું, જેઓથી આબાદી આપનારી સંપૂર્ણ મનશ્ની (આર્મઇતી) તથા હંમેશની દોલત (બહેશ્તનું સુખ મલે છે.) (ગાથા અહુનવદ, યસ્ન હા ૨૮, ફ૦ ૩.)

અઙ્માઇચા ક્ષથ્રા જસત્
મનંઘ્હા વૅાહૂ અષાચા,
અત્ કેહ્રૅપૅમ્ ઉતયૂઇતીશ
દદાત્ આર્મઇતીશ આંન્મા.

બળવંત આર્મઇતી હકુમતથી, નેક વિચારથી તથા રાસ્તીથી, તે (દીનદાર તથા પ્રમાણીક માણસ)ને મદદે પહોંચી, તથા તેનાં શરીરને કોવત બક્ષ્યું. (ગાથા અહુનવદ, યસ્ન હા ૩૦, ફ૦ ૭.)

ને મજ્દા વીદ્વનોઇ વઑચા
હિજ્વા થ્વહ્યા આઑઘ્હો, યા
જવન્તો વીસ્પૅંગ્ વાઉરયા.

અમોને (અર્થાત મને તથા મારા શીષ્યોને) જાણવાને માટે, હે અહુર-મજદ! તારાં મોઢાંની જબાંનથી તું કેહ, કે જેથી હું સઘલાં માણસોને દીન ઉપર શ્રદ્ધા રાખનારાં કરૂં. (ગાથા અહુનવદ, યસ્ન હા ૩૧, ફ૦ ૩.)

યદા અષેમ્ જ઼ેવીમ્ અંઘ્રહેન્
  મજ઼્દાઑસ્ચા અહુરાઑંઘ્રહો,
અષિચા આર્મઇતી વહિશ્તા
  ઇષસા મનંઘ્રહા
મઇબ્યો ક્ષથ્રેમ્ અઓજોનગ્રહ્વત્
  યેહ્યા વેરેદા વનએમા દ્રુજેમ્.

જ્યારે મજદ તથા (તેના હાથ હેઠળના) સરદારો પુરતી રીતે કૃપાળુ હોય, ત્યારે રાસ્તી, નમ્રતા તથા સૌથી નેક મનશ્નીની મારફતે મારે માટે મજબુત સત્તા હું માંગું છું, જેની કુમકથી દરૂજને અમે તોડી શકીએ. (ગાથા અહુનવદ, યસ્ન હા ૩૧, ફ૦ ૪.)

તત્ મોઇ વીચિદ્યાઇ વઓચા
  હ્યત્ મોઇ અષા દાતા વહ્યો
વીદુયે વોહૂ મનંઘ્રહા મેન્ચા
  દઇદ્યાઇ યેહ્યા મા એરેષિશ.

રાસ્તી તથા (દીનના) કાયદા વીષે (જાણવાનું) મારે માટે જે વધારે નેક (હોય, તે) પસંદ કરવાને, ઓ અહુરમજદ! મને કહે, (કે જેથી) મારી નેક મનશનીથી હું જાણું, અને તેનો ફાયદો મને હાસેલ થાય. (ગાથા અહુનવદ, યસ્ન, હા ૩૧, ફ૦ ૫).

જ઼દી-ને મજ઼દા અહુરા
  વંઘ્રહેઉશ્ ક્રદક્તા મનંઘ્રહો.

હે અહુરમજદ! (તારાં) ભલાં મનની નીશાનીઓ અમને જાહેર કર.
(ગાથા અહુનવદ યસ્ન, હા ૩૧, ફ૦ ૧૭.)

થ્વોઇ દૂતાઑંઘ્રહો આઑંઘ્રહામા.

હે અહુરમજદ! અમે (?) પેગામ પોંહચાડનારા થઇએ.
(ગાથા અહુનવદ યસ્ન, હા ૩૨, ફ૦ ૧.)

અએઇબ્યો મજ઼દાઑ અહુરો.........

હ્યા પઇતિ પ્રઑત......
સ્પૅન્તાંમ્ વે આર્મઇતીમ્
વંધ્રહુહીમ્ વરૅમઇદી; હા-ને અંધ્રહત્.

તેઓને દાદાર અહુરમજદે જવાબ આપ્યો કે ભલી તથા આબાદી કરનાર નમ્રતાને (ભક્તિ) અમે કબુલ રાખી હતી તે અમારી થાય.

(ગાથા અહુનવદ, યસ્ન હા ૩૨, ફ૦ ૨.)

થ્વહ્મી વી મજ઼્દા ક્ષથ્રોઇ
અષાઇચા સેંગ્હો વીદાંમ્.

તારી પાદશાહીમાં રાસ્તી (ફેલાવો પામે તે)ને માટે (તારી મોકલેલી) દીનના ફરમાનો હું કાયમ કરૂં (અર્થાંત શીખવું)

(ગાથા અહુનવદ યસ્ન, હા ૩૨, ફ૦ ૬.)

યહ્મી સ્પૅન્તા થ્વા મઇન્યૂ ઉર્વઍસે જસો,
મજ઼્દા ક્ષથ્રા અહ્મી વૉહૂ મનંધ્રહા,
યેહ્યા શ્યઑથનાઇશ ગએથાઓ અષા ફ્રાદૅન્તે;
અએઇબ્યો રતૂશ સૅંગ્હઇતી આર્મઇતીશ
થ્વહ્યા ખ્રતેઉશ યેમ્ નએ ચીશ દાબયેઇતી.

જે છેવટે, હે અહુરમજદ! તારા આબાદી કરનાર મીનોની સાથે તથા શેહરેવર અને બહમનની સાથે તું આવશે. (તું) કે જેનાં કામોથી દુન્યાનાં લોકો અશોઇની મારફતે આબાદ થાય છે. આર્મઇતી તે (લોકો) ને તારા ડહાપણના ઠેરવેલા કાયદા શીખવશે.

(ગાથા ઉશ્તવદ યસ્ન, હા ૪૩, ફ૦ ૬.)

કદા મજ઼્દા યોઇ ઉક્ષાનો અસ્નાંમ્
અંધ્રહેઉશ દરૅથ્રાઇ ફ્રો અષહ્યા ફ્રારૅન્તે,
વૅરૅજ઼્દાઇશ સૅંગ્હાઇશ સઑષ્યન્તાંમ્ ખ્રતવો;
કએઇબ્યો ઉથાઇ વૉહૂ જિમત્ મનંધ્રહા
મઇબ્યો થ્વા સાંસ્ત્રાઇ વૅરૅને અહુરા.

અષોઇની દુન્યાની આબાદીને માટે, હે અહુરમજદ! સોષ્યન્તોની ઉત્તમ બુદ્ધિ કે જે (કયામતના) દહાડાની પ્રકાશ આપનારી છે (તે) એજમતી આકાશવાણી સાથે કયારે આવશે? ભલી મનશ્ની

(હોવા) ને લીધે મદદને માટે કોણુને તે પહોંચશે? મને બોધ આપનાર તરીકે, હે અહુરમજદ! તનેજ હું પસંદ કરૂં છું.

(ગાથા ઉશ્તવદ, યસ્ન હા ૪૬, ફ૦ ૩.)

કે હ્વો યે-મા અરેદ્રો ચોઇથત્ પૉઉરૂયો
યથા થ્વા જૅનીશ્તીમ્ ઉર્જૅમોહ્રી
બ્યઑથનોઇ સ્પૅન્તૅમ્ અહુરૅમ્ અશવનૅમ્.

તે કયો માણુસ છે, કે જેણે મને મદદ કરવા સાથે, તું અતીશય માનને લાયક તથા બક્ષેશ કરનાર અષોઇનો સાહેબ છે, એ વીષે પહેલ વેહલાં મને જાણીતો કીધો. (ગાથા ઉશ્તવદ, યસ્ન હા ૪૬, ફ૦ ૯.)

યે મોઇ અષાત્ હઇથીમ્ હચા વૅરૅષઇતી
જરથુશ્ત્રાઇ હ્યત્ વસ્ના ફૅરષોતૅમૅમ્,
અહ્માઇ મીઝ્દૅમ્ હનૅન્તે પરાહૂમ,
મને-વિસ્તાઇશ મત્ વીસ્પાઇશ ગાવા અજી;
તાચીત્ મોઇ સાંસ્ ત્વૅમ્ મઝ્દા વએદીશ્તો.

જે કોઇ હું જરથુશ્ત્રને માટે જાહેર રીતે અષોઇથી (તથા) પોતાનાં ખરા દીલની ખાહેશથી કામ કરશે, તેને માટે આ ફરતી પૃથ્વી ઉપર સકળ સત્કારની દોલત સાથે, આવતી દુન્યામાં બદલો લાયક ગણાશે. એ (બીના), હે સર્વવિદ્વાન અહુરમજદ! તેં મને શીખવી.

(ગાથા ઉશ્તવદ યસ્ન, હા ૪૬, ફ૦ ૧૯.)

અન્ય ધર્મોની સરખામણીઓ.

ये त्वेतदभ्यसूयंतो नानुतिष्ठन्ति मे मतम् ।
सर्वज्ञानविमूढांस्तान्विद्धि नष्टानचेतसः ॥

(ગીતા ૩-૩૨)

એટલે, જેઓ મારાં (ઇશ્વરના) શીક્ષણ મંજુર રાખતા નથી અને તેની ઉપર અમલ નથી કરતા તેઓ અજ્ઞાન, સર્વ જ્ઞાનમાં મૂઢ હોઇને, જાણે કે ચેતના વિનાના નાશ થનાર છે.

श्रीभगवानुवाच ।

इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम् ।
विवस्वान्मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवित् ॥
एवं परंपराप्राप्तमिमं राजर्षयो विदुः ।
स कालेनेह महता योगो नष्टः परंतप ॥

(ભગવદ્ ગીતા ૪ ૧-૨)

આ તેજ અવ્યય યોગ છે, જે મેં વીવસ્વનને કહ્યો હતો. વીવસ્વને તે મનુને કહ્યો અને મનુએ ઇક્ષ્વાકુને તે કહ્યો. આ રાજરીષીઓએ એક પછી એકને શીખાડયો હતો. હે પરંતપ! આ યોગ મોટા કાળ પછી નાશ પામ્યો.

इदं तु ते गुह्यतमं प्रवक्ष्याम्यनसूयवे ।
ज्ञानं विज्ञानसहितं यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥

(ગીતા ૯-૧)

તું જે તકરારી નથી, તેને આ સર્વથી ગુપ્ત શીક્ષણ દઉં છું, જેમાં જ્ઞાન અને આત્મજ્ઞાન જોડાયલાં છે, જે જાણવે દુષ્ટતાથી તું છુટશે.

त्वमक्षरं परमं वेदितव्यं त्वमस्य विश्वस्य परं निधानम् ।
त्वमव्ययः शाश्वतधर्मगोप्तासनातनस्त्वं पुरुषो मतो मे ॥

(ગીતા ૧૧-૧૮)

તું અક્ષર અને પરમ છે, તું વિશ્વમાં પરમ ત્રીજોરી છે, જેમાં સઘળું પડેલું છે. શાશ્વત ધર્મનો હમેશનો જાળવનાર તું છે. સર્વથી પ્રથમ 'પુરૂષ' તુંજ છે.

स एवाऽयं मया तेऽद्य योगः प्रोक्तः पुरातनः ।
भक्तोऽसि मे सखा चेति रहस्यं ह्येतदुत्तमम् ॥

(ગીતા ૪-૩)

આજ જુનો 'યોગ' મે તને આજ કહિ સંભળાવ્યો છે, કારણ કે તું મારો ભક્ત અને મિત્ર (સખા) છે. એજ ઉંડું રહસ્ય (ગુપ્ત વિદ્યા) છે.

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदाऽऽत्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

(ગીતા ૪-૭, ૮)

જ્યારે જ્યારે અષોઇ ઘટી જાય છે અને અધર્મનો વેગ વધે છે ત્યારે હે ભારત ! હું પોતે (ઇશ્વર) પ્રગટ આવું છું અને યુગ પછી યુગમાં હું એમ ભલાઓનાં રક્ષણ કાજે અને બુરાઓની હાણી માટે અને અષોઇ અને ધર્મની સ્થાપના માટે જન્મ લઉં છું.

योऽन्तःसुखोऽन्तरारामस्तथाऽन्तर्ज्योतिरेव यः ।
स योगी ब्रह्मनिर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति ॥

(ગીતા ૫-૨૪)

જે અંતરમાં સુખી, અંતરમાં મોજ કરે છે, જેનો અંતર જ્યોતી પ્રકાશે છે. તે યોગી બ્રહ્મ બનીને, બ્રહ્માની શાન્તિ અને નિર્વાણ પ્રાપ્ત કરે છે.

वक्तुमर्हस्यशेषेण दिव्या ह्यात्मविभूतयः ।
याभिर्विभूतिभिर्लोकानिमांस्त्वं व्याप्य तिष्ठसि ॥

(ગીતા ૧૦-૧૬)

તારે (ઇશ્વરે) તારી પોતાની દૈવીક વિભૂતિઓ વગર અચકાયે પૂરી કેહવી જોઇએ, જે વિભૂતિઓ સાથે તું જગતમાં વ્યાપી રહ્યો છે.

ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ।
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ॥

(ગીતા ૧૨-૨૦)

જેઓ આ અમૃત ધર્મ જે અત્રે મેં શીખાડયો છે તે પાળે, અને મને પોતાનો આદર્શ રાખે, તે ભકતો મને (શ્રીકૃષ્ણ ઇશ્વરને) અતિ પ્રિય છે.

इति गुह्यतमं शास्त्रमिदमुक्तं मयाऽनघ ।
एतद्बुध्द्वा बुद्धिमान्स्यात्कृतकृत्यश्च भारत ॥

(ગીતા ૧૫-૨૦)

હે પાપ રહિત! એ પ્રમાણે આ ગુહ્ય શીક્ષણ મારેથી (ઇશ્વરથી) અપાયું છે. એ જાણીને સાંભળનાર બુધ્ધિમાન થયો છે અને તેનો જે કરવાનું હતું તે સર્વ બજાવી નાખ્યું છે, હે ભારત!

य इदं परमं गुह्यं मद्भक्तेष्वभिधास्यति ।
भक्तिं मयि परां कृत्वा मामेवैष्यत्यसंशयं ॥

(ગીતા૧૮-૬૮)

જે મારૂં આ ગુહ્ય શીક્ષણ મારા ભકતોને જાહેર કરશે, તેણે મારે માટે સર્વોત્તમ ભક્તિ બતાવેલી ગણાશે અને તે જરૂર મને (ઇશ્વરને) પ્રાપ્ત કરશે!

पुरा सद्गुरु सेवतां, अंतर प्रगटे आप,
मनसा, वाचा, कर्मणा, मिटे जनम ताप.

ખરા સદગુરૂની સેવા કરતાં, ખુદા અંતરમાં જાહેર થાય છે, અને ત્યારે વિચાર, વાણી અને કર્મથી કરેલાં તારાં સર્વે પાપો બળી જશે અને દુઃખો મટશે. (કબીર.)

पार ब्रह्मके तेज का, कैसा हय अनुमान,
कहेनेकी शोभा नहिं, देखा हि प्रमान.

આકાર વિનાની પરબ્રહ્મની હાલત વિષે અનુમાન થઇ શકતું નથી; મોઢેથી તેની વાત કરવી અશકય છે, તેને જોવાથીજ સમજણ પડે છે. (કબીર.)

मैं था, तब हरि नहि था, अब हरि हय मैं नाहि,
सकल अंधेरा मिट गया, दिपक देखा मांहि.

એટલે, જ્યાં સુધી હું હતો ત્યાં તુલીક મારામાં ખુદા ન હતો; હવે ખુદા છે અને 'હુંપણું' નીકળી ગયું. સઘળું અંધારૂં મટી ગયું, કારણ કે અંદરજ તેનો દીપ પ્રગટયો. (કબીર.)

कबीर हदका गुरु है, बेहद्का गुरु नाहि,
बेहद् आपे उपजे, अनुभवके घर मांहि.

આ હદવાળી જગતમાં ગુરૂની જરૂર છે, કે તે હદમાંથી (જેલમાંથી) છોડવે. બેહદમાં ગુરૂની જરૂર નથી. બેહદ તો આત્માનુભવથીજ પ્રાપ્ત થાય છે.

तेरे घटमें सरजनहार, तुं खोज मन काया नगरी,
ज्युं पत्थरमें हय देवता, युं घटमे हय कीरतार,
जो चाहो दिदार को, तो चकमक होके जार.

તારાં શરીરમાંજ ખુદા છે, માટે શરીરમાંજ તેને શોધ. પત્થરની અંદર અગ્નિ દેવ જેમ ગુપ્ત રહ્યો છે, તેમ શરીરમાં ખુદા રહસ્યમાં છે. જો તેનાં દર્શન લેવાં હોય, તો ચકમકને જેમ મહેનત કરીને અથડાવવી પડે છે, તેમ શ્રમ કરી લે, તો તે પ્રત્યક્ષ દેખાશે!

REVELATION.

Revelation is separate from and superior to the thought of the age. Hence it always will be found true, that a struggle is necessary to bring up the human mind and keep it up to the level of revealed religion and that revealed religion produces the struggle.

The king answered unto Daniel and said, Of a truth it is, that your God *is* a God of gods, and a Lord of Kings, and a revealer of secrets, seeing thou couldest reveal this secret. (*Daniel II—47.*)

If ye have heard of the dispensation of the grace of God which is given me to you-ward. How that by revelation he made known unto me the mystery..which in other ages was not made known unto the sons of men, as it is now revealed unto his holy apostles and prophets by the Spirit. (*Ephesians III—2 to 5.*)

The Revelation of Jesus Christ, which God gave unto him, to shew unto his servants things which must

shortly come to pass; and he sent and signified it by his angel unto his servant John; who bore record of the word of God and of the teaching of Jesus Christ and of all things that he saw, Blessed is he that readeth and they that hear the words of this prophecy and keep those things which are writteu therein; for the time is at hand. (*Revelation I—1 to 3.*)

It is not expedient for me doubtless to glory. I will come to visions and revelations of the Lord...and lest I should be exalted above measure through the abundance of the revelations, there was given to me a thorn in the flesh, the messenger of Satan to buffet me lest I should be exalted above measure.

(*II Corinthians XII—1 and 7.*)

The revelation of the Book is from God, the mighty, the wise. We have sent down to thee the Book in truth; therefore serve God, being sincere in religion to him. (*Koran XXXIX—102*).

Verily we have revealed the Koran on the night of power. (*Koran XCVII—1*).

સત્યતા.

મૅરૅન્ચઇતે વીસ્પાંમ્ દઇંઘ્યુહુઑમ્ મઇર્યો મિથ્રો-દ્રુક્ષ્, સ્પિતમ, યથ સતૅમ્ કયધનાંમ્ અવવત્ અષવ-જચિત્. મિથ્રૅમ્ મા જન્યાઓ, સ્પિતમ, મા યિમ દ્રુવતત્ પૅરૅસાઆઁઘ્રહે, મા યિમ ખ્વાદએનાત્ અષ-ઑનત્. વયાઓ જી અસ્તિ મિથ્રો, દ્રુવતએચ અષઑનએચ.

ઘાતકી કોલ તોડનાર માનવી, હે સ્પીતમાન (જરથુશ્ત્ર)! સર્વ દેશને ખરાબ કરે છે. સો દુષ્ટ માણસોના જેટલી (૧૦૦ બુરા માણસો ખરાબી કરે તેટલી) (તે કોલ તોડનાર માનવી) અષો માણસને હાની પહોંચાડનારો (થાય છે). હે સ્પીતમાન (જરથુશ્ત્ર)! (તું) વચન ભંગ કરતો ના; (પછી તે કોલ) (તું) બુરા માણસ સાથે કરે (અથવા) અષો પોતાના ધર્મવાળા સાથે કરે (પણ તે કોલ તોડીશ) મા, કારણ કે બુરા માણસ સાથનો તથા અષો માણસ સાથનો, એ બન્ને સાથનો કોલ (એક સરખો) છે. (મેહર યશ્ત, ક૦ ૨.)

આસુ-અસ્પીમ્ દધાઇતિ મિથ્રો યો વૉઉરૂ-ગઑયઑઇતિશ્, યોઇ મિથ્રૅમ્ નોઇત્ અઇવિ-દ્રુઝિન્તિ, રઝિશ્તૅમ્ પન્તાંમ્ દધાઇતિ આતર્શ મઝ્દાઓ અહુરહે, યોઇ મિથ્રૅમ્ નોઇત્ અઇવિ-દ્રુઝિન્તિ; અષઑનાંમ્ વંઘ્યુહીશ્ સૂરાઓ સ્પૅન્તાઓ ફ્રવષયો દધાઇતિ આસ્નાંમ્ ફ્રઝઇન્તીમ્, યોઇ મિથ્રૅમ્ નોઇત્ અઇવિ-દ્રુઝિન્તિ.

જેઓ કોલ નથી તોડતા, (તેમને) બહોળા ક્ષેત્રવાળો મેહર યજદ તેજ ઘોડા દે છે. જેઓ કોલ નથી તોડતા (તેમને) અહુરમજદનો આતશ સર્વથી અષો માર્ગ આપે છે (બતલાવે છે). જેઓ કોલ નથી તોડતા (તેમને) અષો (લોકો)નાં ભલાં, શુરાં (તથા) (જગતનાં) કલ્યાણકારી ફ્રેરોહરો અન્તર (જાતી) અક્કલનાં સન્તાનો[1] દે છે.

(મેહર યશ્ત, ક૦ ૩.)

યો વીસ્પાહુ કર્ષ્વૉહુ મઇન્યવો યજતો વજઇતે ખ્વરૅનો-દાઓ; યો વીસ્પાહુ કર્ષ્વૉહુ મઇન્યવો યજતો વજઇતે ક્ષથ્રો-દાઓ. અએષાંમ્ ગૂનઑતિ વરૅથ્રઘ્નૅમ, યોઇ દિમ્ દક્ષ વીદુશ્-અષ જઑથ્રાબ્યો ફ્રાયજૅન્તે.

---

૧. બચ્ચાંઓ.

(મેહર) જે ખુરેહ દેનારો મીનો યજદ, (તે) સઘળાં કેશ્વરોમાં જાય છે. (મેહર) જે બાદશાહી દેનારો મીનો યજદ (તે) સર્વે કેશ્વ-વરોમાં જાય છે. (વળી) જેઓ મનમાં સમજીને ભલી અષોઇની મારફતે ક્રિયાની ભેટોથી તેને ભજે છે, તેઓની જયને તે વધારે છે.

(મેહર યશ્ત, ફ૦ ૧૬.)

અહ્માઇ નએમાઇ ઉજ-જસાઇતિ મિથ્રો અન્તો ઉપ-દ્વિબશ્તો, યહ્માઇ નએમનાંમ્ મિથ્રો-દ્રુક્ષ; નએધ મઇન્યુ પઇતિ-પાઇતે.

અસ્પચિત્ યેઇ મિથ્રો-દ્રુજાંમ્ વજ્યાંસ્તર બવઇન્તિ, તચિન્તો નોઇત્ અપયેઇન્તિ, બરેન્તો નોઇત્ ફ્રસ્તનવન્તિ, વજેન્તો નોઇત્ ફ્રમન્યેન્તે. અપપ વજઇતે અર્શતિશ્ યાંમ્ અંઘ્રહુયેઇતિ અવિ-મિથ્રિશ, ફ્રેન અઘનાંમ્ મિથ્રનાંમ્ યાઓ વૅરૅજયેઇતિ અવિ-મિથ્રિશ.

યત્ચિત્ હુવસ્તૅમ્ અંઘ્રહુયેઇતિ, યત્ચિત્ તનૂમ્ અપયેઇતિ, અત-ચિત દિમ નોઇત્ રાશ્યેન્તે, ફ્રેન અઘનાંમ્ મિથ્રનાંમ્ યાઓ વૅરૅજયેઇતિ અવિ-મિથ્રિશ. વાતો તાંમ્ અરૂશ્તીમ્ બરઇતિ, યાંમ્ અંઘ્રહુયેઇતિ અવિ-મિથ્રિશ, ફ્રેન અઘનાંમ્ મિથ્રનાંમ્, યાઓ વૅરૅજયેઇતિ અવિ-મિથ્રિશ.

જે તરફ કોલ તોડનારો માનવી (હોય છે), તે તરફ ક્રોધાયમાન (તથા) દુઃખી થયેલો મેહર યજદ (તેને શિક્ષા કરવાને માટે) આવી ચઢે છે (તથા) (તેને) પોતાનો મિનોઇ બચાવ આપતો નથી.

ભલાં પાણીઓની વખાણ કરવા માટે તથા અષો (લોકો) ના ફરોહરો જે અમને પ્રિય (છે તેમને માટે), (તથા) (મૃત્યું પામેલાઓનાં) રવાનોને માટે આદિથી તે અંત સુધી ઇજશને કરવા સારૂં, આ મુકામમાં તાબેહારી થજો! વળી ભલાં પાણીઓની વખાણ કરવાને માટે તથા અષો (લોકો)ના ફરોહરો જે અમને પ્રિય (છે તેમને માટે, તથા) (ગુજરેલાંઓનાં) રવાનોને માટે ઇજશને કરવા સારૂં આ મુકામમાં તાબેહારી થજો!

ભલાં પાણીઓની વખાણ કરવા માટે, તથા સારી બાદશાહી કરનારા તથા સારા ડહાપણવાળા ભલાં નર તથા ભલી નારી (સ્વરૂપના) અમેષાસ્પંદોની તથા અષીશવંઘ કે જે અમારી વૃદ્ધિ તથા ફાયદાને માટે, અમને અષોઇની પુઠે ચલાવનારી છે (તેની) વખાણ કરવા માટે, આ મુકામમાં ભલી તાબેહારી હોજો! ભલાં પાણીઓની વખાણ કરવા માટે આ મુકામમાં આદિથી તે અંત સુધી ભલી તથા સાચી તાબેહારી હોજો. (હા ૫૬, ફ૦ ૧, ૨, ૩.)

ફ્રૂમાઑ અસ્તી અષવા વૅરૅથ્રજાઑ વહિશ્તો ફ્રૂષે ચરૅકૅરૅમહી; હે પ્તા ગેઉશ્ચા અષઘ્નંહાચા અષઑનસ્ચા અષા-વઈર્યાઑસ્ચા સ્તોઇશ.

અષો (માણુસ) કલ્યાણકારી, ફત્તેહમંદ તથા સર્વોત્તમ છે; (તે પ્રમાણે) (દુન્યાની) આબાદી અમે પણ કર્યે. તે (અષો માણસ) અષોઇની પુંઠે ચાલવાથી ગાય ઢોરો તથા (તેઓ) અષો (અહુરમજદ) ની અષોઇની મરજી પ્રમાણે ચાલનારી સૃષ્ટિનો પીતા[1] (અથવા રક્ષક) (છે). (હા ૫૮, ફ૦ ૪.)

વીસ્પયાઑ અષઑનો સ્તોઇશ્ યસ્નાઇચ વહ્માઇચ ક્ષ્નઑથ્રાઇચ ફ્રસસ્તયએચ સ્રઑષો અસ્તુ.

અષો (અહુરમજદ)ની તમામ સૃષ્ટિની આરાધના કરવાને, (તેની) ખુબીઓ ગાવાને, (તેની) વખાણ કરવાને તાબેહારી હોજો.

(હા ૭૦, ફ૦ ૬.)

---

૧. જરથોશ્તિ ધર્મનો મૂળ સિદ્ધાંત આવા સ્પષ્ટ શબ્દમાં જણાવ્યો છે. અષોઈની તેનેથી અધિક સ્તુતી થઇજ કેમ શકે?

અહ્મ્ય જઓથ્રે બરેસ્મનચ રથ્વાંમ ફ્રબરેતારેમ્ આયેસે યેશ્તિ યિમ નરેમ્ અષવનેમ્ ધરાનેમ્ હુમતેમચ મનો હૂખ્તેમચ વચો હ્વરશ્તેમચ વ્યઓથનેમ્ સ્પેન્તાંમચ આરમઇતીમ્ દરેતમ્ યોઇ માંથ્રેમ્ સઓષ્યન્તો યેંગ્રહે વ્યઓથનાઇશ ગએથાઓ અષ ફ્રાદેન્તે.

આ જોર તથા બરસમથી સરદારોની આરાધના કરનાર અષો મરદ, જે નેક વિચારેલા વિચારને, નેક બોલેલા વચનને, તથા નેક કરેલાં કાર્યને, મજબુત પકડનારો તથા આબાદી કરનાર નમ્રતાને તથા સોષ્યન્તના માંથ્રને માન આપનાર (એવા ગુણોવાળા અષો નર)ને, ઇજશનેમાં હું યાદ કરૂં છુ, જેના કાર્યોથી પવિત્રાઇથી જગત રિદ્ધિ-સિદ્ધિવાળી (આબાદ) થાય છે. (વીસ૦ ક૦ ૨, ફ૦ ૫.)

હાવનાનેમ્ આસ્તાય, અજેમ્ વીસાઇ.
આતરેવક્ષેમ આસ્તાય, અજેમ વીસાઇ.
ફ્રબરેતારેમ્ આસ્તાય, અજેમ્ વીસાઇ.
આબેરેતમ્ આસ્તાય, અજેમ્ વીસાઇ.
રથ્વીશકરેમ્ આસ્તાય, અજેમ વીસાઇ.
સઓષાવરેજેમ આસ્તાય, દાંહિશ્તેમ અર્ષૂ-વચસ્તેમેમ અજેમ વીસાઇ.

(જોતી રાસ્પીને કહે છે)–હાવનાને હાજર કર.
(રાસ્પી જોતીને ઉત્તર દે છે)–હું (તમારા) હુકમને તાબે થાઉં છું.
(જોતી કહે છે)–આતરવક્ષીને હાજર કર.
(રાસ્પી જવાબ દે છે)–હું (તમારા) હુકમને તાબે થાઉં છું.
(જોતી કહે છે)–ફ્રબેરેતરને હાજર કર.
(રાસ્પી ઉત્તર દે છે)–હું (તમારા) હુકમને તાબે થાઉં છું.
(જોતી કહે છે)–આબેરેતરને હાજર કર.
(રાસ્પી જવાબ વાળે છે) હું (તમારા) હુકમને તાબે થાઉં છું.
(જોતી કહે છે)-આસ્નાતરને હાજર કર,
(રાસ્પી જવાબ દે છે)–હું (તમારા) હુકમને તાબે થાઉં છું.
(જોતી કહે છે)–રથવીશકરેને હાજર કર.
(રાસ્પી જવાબ વાળે છે)–કે હું (તમારા) હુકમને તાબે થાઉં છું.
(જોતી કહે છે)–ઘણાજ ડહાપણવાળા તથા ઘણાજ સાચા શબ્દ બોલનારા સઓષાવરેજને હાજર કર.

(રાસ્પી જવાબ દે છે)—હું (તમારા) હુકમને તાબે થાઉં છું.

(વીસ૦ ક૦ ૩, ફ૦ ૧.)

હા વંઘ્રહુ સ્રઓષો યો અષહે હચઇતે.

જે (માનવી) સંપૂર્ણ અષોઇની પુઠે ચાલે છે, તે ભલો તાબેદાર છે.[1]

(વીસ૦ ક૦ ૧૨, ફ૦ ૧.)

સ્રઓષસ્ચ ઇધ અસ્તુ અહુરહે મઝ્દાઓ યસ્નાઇ સૅવિશ્તહે અષઓનો યે-નાઓ ઇશ્તો યસ્નહેચ હપતંઘ્રહાતોઇશ ફ્રવાકએચ પઇતિ-આસ્તયએચ મઝ્દાતએચ જરઝ્દાતએચ ફ્રમર્તએચ ફ્રઓખ્તએચ વૅર્થ્રઘ્ને અષઓને અનપ્યખ્ધે અનપિષૂતે.

ઘણોજ ફાયદો કરનાર (તથા) અષો અહુરમજદ જે અમને વહાલો (છે તેની) ઇજ્શને (કરવા)ને માટે તથા યસ્ન હપ્તનઘાઇતીને ફતેહ આપનાર તથા પવિત્ર (ગણીને), (તે ભણતી વેળાએ) બીજું કાંઇ અધવચમાં બોલ્યા વિના (અથવા) કાંઇ મુકી દીધા વિના (તેને) ભણવાને માટે, (તેને) કબુલ રાખવાને માટે, (તેને) ઉચ્ચ પદવી આપવાને, (તેની ઉપર) હૈયું લગાડવાને, (તેનું) સ્મરણ કરવાને તથા (બીજાઓને) (તે) સમજાવવાને માટે, આ મુકામમાં તાબેદારી થજો.

(વીસ૦ ક૦ ૧૫, ફ૦ ૨.)

સ્રઓતૅમચ મરૅઝ્દિકૅમચ યજમઇદે. સ્રઓતૅમ્ વહ્નૅમ્ યજમઇદે.

(ધરમના ફરમાનોની) તાબેદારીને તથા દયાને અમે વખાણયે છીએ. (ધર્મના હુકમોની) ખરી તાબેદારીને અમે વખાણયે છીએ.

(વીસ૦ ક૦ ૨૧, ફ૦ ૩.)

અહુરો, અથા—ને અંઘ્રહુત યથા હ્વો વસત.

જેમ તે પોતે ઇચ્છે છે તેમ અમને થજો (એટલે અમે તેની મરજીને તાબે છિએ.) (ગાથા અહુનવદ, હા ૨૯ ફ૦ ૪.)

થ્વોઇ અસ્ આર્મઇતીશ્, થ્વે આ ગેઉશ્ તષા અસ્ ખ્રતુશ્ મઇન્યુશ્ મઝ્દા અહુરા.

સંપૂર્ણ મનશ્ની, હે અહુરમજદ! તારી છે. જગતને બનાવવાની મીનોઇ (દિવ્ય) અક્કલ તારી છે. (ગાથા અહુનવદ, હા ૩૧, ફ૦ ૯.)

અત તોઇ સ્પયઝૅમ અહુરા નેમંઘ્રહા અષાઇચા દામા.

---

[1] સરોષ યઝદની આરાધના આ મહાભારત કારણને અંગે પ્રત્યેક જરથોશ્તિ ન્યાયશ, યશ્તના ભણતરના આરંભમાં અવશ્ય ફરમાવી છે, તે યાદ રાખવું ઘટે છે.

હે અહુરમજદ આધીન નમસ્કાર સાથે તને તથા અષને (હમો) મ્યજદ[1] અર્પણ કર્યે. (ગાથા અહુનવદ, હા ૩૪, ફ૦ ૩.)

ક્ષમાકા ક્ષથ્રા અહુરા ફ્રૅરષેમ્ વસ્ના હઇથ્યૅમ્ દાઓ અહૂમ્.

તારી સત્તાથી તથા તારી મરજી પ્રમાણે, હે અહુરમજદ! મારાં જીવનને (તું) ખરેખર સજીવન કરે. (ગાથા અહુનવદ, હા ૩૪, ફ૦ ૧૫.)

વસે-ક્ષયાંસ્ મજ્દાઓ દાયાત્ અહુરો ઉતયૂઇતી તેવીષી.

પોતાની મરજી પ્રમાણે રાજ કરનાર અહુરમજદ (પરોપકારી માણસને) શરીરની આરોગ્યતા તથા જોર દે. (ગાથા ઉશ્તવદ,હા ૪૩, ફ૦ ૧.)

હ્યત્ આ બ્રૂશ્તીશ્ વસસે ક્ષથ્રહ્યા દ્યા,
યવત્ આ થ્વા મજ્દા સ્તાઉમી ઉક્યાચા.

હે અહુરમજદ! જ્યાં સુધી (હું) તને વખાણું છું, તથા તારી કીર્તિના ગાયન ગાવું છું, (ત્યાં સુધી) (તારી) બાદશાહીની શોભામાં તથા (તેને માટેની) ઇચ્છામાં હું પ્રવૃત્ત રહું.

(ગાથા ઉશ્તવદ, હા ૪૩, ફ૦ ૮.)

અરૅથા વોઇજ્દયાઇ કામહ્યા તૅમ્ મોઇ દાતા
દરૅગહ્યા યાઉશ્ યેમ્ વાઓ નએચીશ્ દારૅશ્ત ઇતે.

(મારે તને પહોંચવાની)ઇચ્છાની નેમ સંપાદન કરવા સારૂં,(હે અહુરમજદ!) લાંબી આયુષ્યનો તે (ભાગ) મને તું દે, કે જે કોઇપણ માનવીએ એ પ્રમાણે તારી પાસેથી મેળવ્યો નથી. (ગાથા ઉશ્તવદ, હા ૪૩, ફ૦ ૧૩.)

તૅમ્ ને વૅાહૂ મત્ મનંઘ્હા ચિક્ષ્નુષો,
યે-ને ઉસૅન્ ચોરૅત્ સ્પૅનચા અસ્પૅનચા.

નેક મનશની સાથે તે (અહુરમજદ)ને અમે રાજી રાખવાને ઇચ્છીએ છિએ, જેણે અમારૂં ભલું ચાહીને સુખ તથા દુઃખ પેદા કીધું છે.[2]

(ગાથા ઉશ્તવદ, હા ૪૫, ફ૦ ૯.)

ફ્રૅરષઓશ્ત્રા અથા-તૂ અરૅદ્રાઇશ ઇદી
હ્વો-ગ્વા તાઇશ્ યેંગ્ ઉસ્વહી ઉશ્તા-સ્તોઇ.

---

૧. મેજ અથવા ફળ, ફળાદી. ૨. ટુંકમાં અત્રે ભારે ફીલસુફી ઉંચાદી છે, કે સુખ, દુઃખ બન્ને માનવનાં ભલાંર્થે છે. દુઃખ દુષ્ટ નથી. દુઃખ દુર કરવાનો સરળ ધાર્મિક માર્ગ, દુઃખ હોય ત્યારે પકડાય છે, માટે દુઃખ ગુરૂ સમાન થઈ પડે છે.

હે હ્વુઓબ કુલના ફ્રશોસ્તર! જેમને દુન્યાનાં લાભને માટે, આપણે બે જણાએ પસંદ કીધા છે, તેમની સાથે તે તરફ તું જા.

(ગાથા ઉશ્તવદ, હા ૪૬, ફ૦ ૧૬.)

મઝ્દા અયા ક્ષ્માકૅમ્ વારૅમ ક્ષ્નઑષેમ્નો,
તત્ મોઇ ખ્રતેઉશ મનંઘ્હુસ્ચા વીચિથૅમ્.

હે અહુરમજદ! અષોઇથી તારી ખાહેશને તૃપ્ત કરવાને હું ઇચ્છું છું. મારી અક્કલ તથા મનશ્નીનો ઠરાવ એજ (છે).

(ગાથા ઉશ્તવદ, હા ૪૬, ફ૦ ૧૮.)

યે-વે સ્તઓતાઇશ મઝ્દા ફ્રીનાઇ અહુરા.
અવત યાસાંસ્ હ્વત વે ઇશ્તા વહિશ્તૅમ.

તારી મરજી પ્રમાણે (ચાલીને) જે કાંઇ સર્વથી શ્રેષ્ઠ (છે), તેનો ઇચ્છા રાખનારો (થઇને) કીર્તિનાં ગાયનોથી, હે અહુરમજ્દ! તને હું વખાણીશ. (ગાથા સ્પેન્તોમદ, હા ૪૯, ફ૦ ૧૨.)

અન્ય ધર્મોની સરખામણી

આધિનતા.

नाभिनन्देत मरणं नाभिनन्देत जीवितम् ।
कालमेव प्रतिक्षेत निर्देशं भृतको यथा ॥

(મનુસ્મૃતિ ૬-૪૫)

મરણની પણ ઇચ્છા ન કરવી, તેમ જીવવાની એ ઇચ્છા ન કરવી; પરંતુ પગારદાર ચાકર જેમ ધણીનીજ આજ્ઞાને પાળ્યાકરે છે, તેમ કાળની આજ્ઞાને આધિન રેહવું,-અર્થાત જે જે બને તે તે સહન કર્યા કરવું.

ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः ।
अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते ।

तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
भवामि न चिरात्पार्थ मय्यावेशितचेतसाम् ॥

(ગીતા ૧૨, ૬-૭)

જેઓ સર્વ કર્મ મારે માટે ત્યજીને, મને સર્વોત્તમ લેખે અને મારૂં ધ્યાન કરીને મારી ભક્તિમાં લીન થાય, તેઓનો હું મૃત્યસંસારના સમુદ્રમાંથી જલદી ઉગારનાર થાઉં છું. કારણ કે તેઓનું ચિત્ત મારામાં પરોવાયલું છે.

सर्व धर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः

(ગીતા ૧૮-૬૬)

સર્વ ફરજો છોડીને, મારા એકલાનો આશ્રય લે, હું તને સર્વ પાપોમાંથી મુક્ત કરીશ, ચિંતા કરીશ મા.

कबीर में क्या चितवुं, हम चितवे क्या होय ?
हरी आपही चिंता करे, जो मोहे[1] चिंता ना होय.
रामहि किया सो हुवा, राम करे सो होय,
राम करे सो होयगा, काहे कल्पो[2] कोय ?
किये बिना मागे बिना, जान बिना सब कछु आय,
काहेको मन कल्पीए, सहेजे रहे समाय.
दाता नदी एक सम, सब कोइको देत,
हाथ कुंभ[3] जीसका जेसा, तैसाहि भर लेत.
पिछे चाहे चाकरी, पहेले महिना देय,
तो साहेबको सिर सोंपते, कसकसता[4] हय देह ?
अजगर करे न चाकरी, पंखी करे न काम,
दास कबीरा युं कहे, सबका दाता राम.

---

૧. જેથી મને ચિંતા ન થાય. ૨. ચિંતા શા માટે કરો છો ? ૩. હાથમાં જેટલી મોટી માટલી. ૪. શરિર ડરે છે કેમ ?

लेनेको हर नाम हय, देनेको अन्न दान,
तीरनेको आधिनता, बुडनेको आभिमान.

પાક કરવા માટે સર્વથી શ્રેષ્ઠ હરીનું (અહુરમજદનું) નામ છે; સર્વોત્તમ દાન અન્નનું છે; સંસાર સાગર તરવા કાજે આધિનતા[1] અવશ્યની જ છે; ડુબી મરવા સારૂં અભિમાન પુરતું છે.

दास कहावत कठन हय, मैं दासनको दास,
अब तो एसा हो रहुं, के पांउ तलेकी घास.

પોતાને દાસ એટલે હરીભક્ત કહેવડાવવું એ બહુ મુશ્કેલ કાર્ય છે; હું તો માત્ર ભક્તજનોનો નોકર છું અને હવે પછિ તો તેમના પગ હેઠળના ઘાસ બરોબર હું થઇ રહિશ.

कबीर ! माया डाकनी, खाया सब संसार.
खाइ न शके कबीरको, जाके राम आधार.

હે કબીર ! ડાકની માયા આખા સંસારને ગળી ગઇ, પણ કબીરને ખાઇ ન શકી, કારણ કે રામનો આશ્રય તેણે લીધો છે.

कबीर ! जुगकी क्या कहुं, भवजल डुबे दास,
पार ब्रह्म पति छांडके, करे दुनिकी आस.

હે કબીર ! કલયુગની વાત શી કરૂં; માયાના ભવસાગરમાં સર્વે ડુબી મરે છે; કારણ કે પરબ્રહ્મ (પરમેશ્વર) જે સૃષ્ટિનો પતિ અને પિતા છે, તેને છોડીને દુન્યવી આશાના બંધનમાં તેઓ પડયા રહેછે.

छोरे बिन छुटे नहि, छोरन हारा राम,
जीव जतन बहोतहि करे, सरे न एको काम.

૧. કબીરજી ફરમાવે છે કે સર્વથી શ્રેષ્ઠ સદગુણ જે માનવીને તારે છે, તે "આધિનતા"જ છે. ખરેખર બહુ ઉંડું મનન કરવાથી આ મહાન સત્ય કળી શકાય છે. રાત દીવસ મનન કરવા કેડેજ, આવું મહાભારત સત્ય હૈયું સમજીને શ્રાદ્ધાથી માન્ય રાખતાં શીખે છે. મગજની કેળવણી માનવીને પોતાની ઉપર મુસ્તાક અને ગર્વિષ્ઠ બનાવે છે. પણ હૈયાંની કેળવણી તેને 'આધિનતા'ના મેળવવાને કઠીણ પણ મોટા દરવાજામાંથી, નિર્વાણ અથવા ગરોથ્માનમાં સીધો પહોંચાડી દે છે.

જ્યાં તુલીક માનવી પોતે માયાને ત્યજતો નથી, ત્યાં સુધી તે છુટતી નથી. એ કાર્યમાં મદદગાર રામ (ઇશ્વર) એકલોજ છે, અને તેમની સહાય શીવાય કાંઇ વળતું નથી.

खुडिया तो धरती खमे, काट खमे वनराय,
कठन वचन साधू खमे, दरिया नीर समाय.

ગમે એવું ખોદકામ ચાલે તોપણ ધર્તિ વિના પુકારે તે ખમિ જાય છે; અને વનના વૃક્ષો વહેરાવા છતાં, ખમી જાય છે; સાધૂ પૂરૂષો અપશબ્દો ખમી જાય છે; આખી દુન્યાની નદીોના પાણી જોકે સમૂદ્રમાં ધસી જાય છે, છતાં તે સર્વે વગર ઉછલતે દર્યો પોતાની છાતિમાં સમાવી દે છે.

जीतने तारे गगनमें, इतने शत्रु होय.
कृपा हय श्री रामकी, तो बाल न वांको होय.

તારી કાંઇ સત્તા છેજ નહિં, માટે તું તારાપણું છોડ. તું શાનો બનેલો છે? સ્થૂળ શરીર અને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર, એનો તું બનેલો છે. હવે જોકે શરીર પંચભૂતનૂં છે તે પૃથ્વિ, પાણી, તેજ, વાયુ અને આકાશનું છે. એ પાંચ સ્થૂળ તત્વો, તેવાંજ બાકીનાં ચાર તત્વો મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર છે. એ સ્થૂળ પાંચ તત્વોપર તારી સત્તા નથી એ પ્રત્યક્ષ છે. જો હોય તો વંટોલીયા, ધરતીકંપ, જ્વાળા મૂખી ઇત્યાદિ બંધ કર! તો એવીજ રીતે મન, બુધ્ધિ ઇત્યાદિ સૂક્ષ્મ તત્વો ઉપર પણ તારી હાલ સત્તા નથી. જો સત્તા હોય તો અહંકાર છોડ જોઇએ? તોપણ પછી એ તત્વોની ક્રિયા ઉપર તારે શા માટે હર્ષ શોક હોવા જોઇએ. તું કેહતો હોય કે એ બધાંથી વિરક્ત એવું જે ચૈતન્ય, કે જેની સત્તામાં એ તત્વો છે, તે હું છું, તો પછી એ ચૈતન્ય, તત્વ છે તે તો દ્રષ્ટા સ્વરૂપેજ રહે છે. તેમ તું રહે તોપણ હર્ષ શોક તને હોઇ શકે નહિં

(બોધ વચન, મહાત્મા ઝવેરભાઈ ગરબડભાઈ પટેલ)

પ્રારબ્ધને શાંતિથી વેદવું એજ પુરૂષાર્થ છે. સારૂં, ખોટું, લાભહાનિ, સુખદુઃખ, ઇત્યાદી સર્વ સંકલ્પવિકલ્પ, મન યાને બુદ્ધિના છે; માટે તેની પાર જાઓ તોજ આત્મ સ્વરૂપ પ્રાપ્ત થશે.

દુઃખ સહન કર, કારણ વ્યાજબી અગર ગેરવ્યાજબી હોય, તો પણ કોઇ જીવને દુઃખનું કારણ થતો નહિં. (ઉપલાં બોધ વચન)

رضا بر قضا

حکمی‌که آن از بادگر کبریا بود   بالاتر از مقولهٔ چون و چرا بود
بنده را گر نیست در کاری رضا   کی تواند باد گرداند قضا
هیچ کس از خود قضا را در نکرد   هر که راضي از قضا شد بد نکرد
گر شود ذراتِ عالم پیچ پیچ   با قضای ایزدی هیچ اند هیچ
چون قضا بیرون کند از چرخ سر   عاقلان گردند جمله کور و کر
این قضا بادیست سخت و تندخو   خلق چون خس عاجز اندر پیش او

Renew my will from day to day,
Blend it with Thine, and take away
All that now makes it hard to say
Thy will be done! (*C. Eliott.*)
Is thy path lonely? Fear it not, for He
Who marks the sparrow's fall is guarding thee;
And not a star shines o'er thy head by night
But He hath known that it will reach thy sight.
Rose dreamed she was a lily
Lily dreamed she was a rose;
Robin dreamed he was a sparrow,
What the owl dreamed no one knows.
To weary hearts, to mourning homes,
God's meekest angel gently comes;
No power has he to banish pain,
Or give us back our lost again;
And yet in tenderest love, our dear,
And Heavenly Father sends Him here.

There's quiet in that Angel's glance!
He mocks no grief with idle cheer,
Nor wounds with words the mourner's ear;
But ills and woes He may not cure
He kindly trains us to endure. (*J. G. Whittier.*)

If men would but believe that they are in process of creation, and consent to be made—let the Maker[1] handle them as the potter his clay, yielding themselves in respondent motion and submissive hopeful action with the turning of His wheel—they would ere long find themselves able to welcome every pressure of that Hand on them, even when it was felt in pain; and sometimes, not only to believe, but to recognise the Divine end in view—the bringing of a Son into glory.

(*C. MacDonald.*)

Who little gives, knows not the joy of living;
His shrunken soul the bliss of heaven foregoes
For earthly gain; and daily harder grows
His task—the task of little giving.
Who gives his all, and gives with spirit willing,
Yes, gives himself, and mourns "a gift so slight"
Shall find in sacrifice supreme delight,
A heavenly joy, the emptied vessel filling.

(*G. H. Hubbard.*)

He who hath led thee, will lead
All through the wilderness;

---

1. Compare Bhagvad Gita, Chapter XVIII, verse 61.

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥

He who hath blessed will bless,
He who hath heard thy cry
Will never close His ear;
He who hath marked thy faintest sigh,
Will not forget thy tear;
He loveth always, faileth never,
So rest on Him, to-day, for ever.

In bitterness there is sweetness; in afflictions, joy; in submissions, strength; in the God who punishes, the God who loves. To lose one's life that one may gain it, to offer it that one may receive it, to possess nothing that one may conquer all, to renounce self that God may give Himself to us—how impossible a problem, and how sublime a reality! No one truly knows happiness, who has not suffered; and the redeemed are happier than the elect. (*Longfellow.*)

Let us remember that each day is ordered by Almighty love, and brings with it that measure of the bitter and the sweet which, according to the judgment of Infinite Wisdom, is most conducive to our true peace and welfare. (*Krummacher.*)

Pain's furnace-heat within me quivers
God's breath upon the flame doth blow.
And all my heart in anguish shivers
And troubles at the fiery glow.
And yet I whisper—As God will!
And in His hottest fire, stand still. (*Julius Sturin.*)
Henceforth let human weal or woe,
At Thy command, my trial prove
For both are welcome, while I know
That both are measured out by love.

And be it mine with equal joy
To do or suffer Thy behest
Let duty now each thought employ
And patience guide me to my rest. (*Bella.*)
Let us be patient! These severe afflictions
Not from the ground arise
But often times celestial benedictions,
Assume this dark disguise. (*Longfellow.*)
Patience the key that opens the treasury
Of wished-for things, unlocks each closed
up way. (*Eastwick's Anwar-i-Suheli.*)

Hear this much, that whereas the totality of actions is not effected without God's direction, when the decree of God becomes the pleasure of man, then man desires the fulfilment of God's decrees and this too spontaneously, not in hope of reward. He desires not even his own life for himself, nor is he relying on the hope of sweets of life to come. Whatever path is taken by the eternal decree whether it be life or death, it is all one to him. He lives for the sake of God, not for wealth, he dies for the sake of God, not in fear or grief. His faith is based on his desire to do God's will, not in hope to gain paradise with its groves and founts. He utterly burnt up all his self-pity, at the time he lit the lamp of love to God. His love was the hell that burned up his inclinations, yet he burnt his own inclinations one by one. (*Masnavi al Manavi.*)

Let that please men which has pleased God.

(*Seneca.*)

The Lord gave and the Lord hath taken away—blessed be the name of the Lord. (*Bible.*)

What is resignation? It is putting God between one's self and one's grief. (*Mme. Swetchine.*)

Obedience and resignation are our personal offerings upon the altar of duty. (*Hosea Ballon.*)

As you cannot do what you wish, you should wish what you can do. (*Terence.*)

Resignation is the name of the angel who carries most of our soul's burdens. (*J. L. Basford.*)

We cannot conquer fate and necessity. Yet we can yield to them in such a manner as to be greater than them, if we could. (*Landor.*)

Like the plants that throw their fragance from the wounded part, breathe sweetness out of woe. (*Moore.*)

To be resigned when ills betide, patient when favours are denied and pleased with favors given.

(*Nathaniel Cotton.*)

Suffering becomes beautiful when anyone bears great calamities with cheerfulness, not through insensibility, but through greatness of mind. (*Aristotle.*)

Valaicourt said when his own unique library was destroyed by fire "A man must have profited very little by his books, who has not learned how to part with them." (*Chapin.*)

If God send thee a cross, take it up willingly and follow Him. Use it wisely, lest it be unprofitable. Bear it patiently, lest it be intolerable. If it be light, slight it not. If it be heavy, murmur not. After the cross is the crown. (*Quarles.*)

Sanctified afflictions are an evidence of our adoption. We de not prune dead trees, to make them fruit-

ful nor those which are planted in a desert, but such as belong to the garden and possess life. (*Arrowsmith.*)

I have heard a good story of Charles Fox. When his house was on fire, he found all efforts to save it useless and being a good draughtsman, he went upto the next hill to make a drawing of the fire—the best instance of philosophy I have ever heard of. (*Southey.*)

Patience aud submission are very carefully to be distinguished from cowardice and indolence. We are not to repine, but we may lawfully struggle, for the calamities of life, like the necessities of nature, are calls to labour and exercise of diligence. (*Dr. Johnson.*)

Kiss the rod. (*Shakespeare.*)

Resignation is the courage of Christian sorrow. (*Prot Vinet.*)

It is the Lord; let Him do what seemeth Him good. (*Bible.*)

The evil which one suffers as inevitable, seems insupportable as soon as he conceives the idea of escaping from it. (*De Tocqueville.*)

The good, we have enjoyed from Heaven's free will, and shall we murmur to endure the ill? (*Dryden.*)

It is a higher exhibition of Christian manliness to be able to bear trouble than to get rid of it. (*Beecher.*)

Agilds the sacred page
Majestic like the Sun,
It gives a light to every age,
It gives, but borrows none. (*Cowper.*)

The sandal-tree, most sacred tree of all,
Perfumes the very axe, which bids it fall,

" Rest in the Lord; wait patiently for him"–In Hebrew "Be silent to God, and let him mould thee". Keep still, and He will mould thee to the right shape.
(*Martin Luther.*)

Dare to look up to God and say; "Deal with me in the future as Thou wilt. I am of the same mind as Thou art; I am Thine. I refuse nothing that pleases Thee. Lead me where Thou wilt; clothe me in any dress Thou choosest." (*Epectitus.*)

To be resign'd when ills betide,
Patient when favours are denied,
And pleased with favour given;—
Dear Chloe, this is wisdom's part,
This is that incense of the heart
Whose fragrance smells to heaven.
(*Nathaniel Cotton.*)

Strike! Thou the master, we Thy keys,
The anthem of the destinies!
The minor of Thy loftier strain,
Our hearts shall breathe the old refrain—
" Thy will be done". (*John G. Whittier.*)

To obey is better than sacrifice. (*Bible.*)
Obedience[1] sums up our entire duty. (*Hosea Ballou.*)
Obedience is the Christian's crown. (*Schiller.*)
Light is a special help to obedience and obedience is a singular help to increase Light. (*Flavel.*)

All the good of which humanity is capable is comprised in obedience.[1] (*J. Stuart Mill.*)

1. Compare Sarosh the Commander in-Chief of all the Zoroastrian Angels, whose neme itself bespeaks "Obedience".

We will obey the voice of the Lord our God, that it may be well with us. (*Bible.*)

Prepare the soul calmly to obey; such offering will be more acceptable to God than every other sacrifice. (*Metastasio.*)

O God, the strength of all those who put their trust in Thee, mercifully accept our prayer; and because through the weakness of our mental nature, we can do no good thing without Thee, grant us the help of The grace, that in keeping Thy commandments we may please Thee, both in will and deed, through Jesus Christ our Lord. (*Book of Common Prayer.*)

From obedience and submission spring all other virtues, as all sin does from self-opinion. (*Montaigne.*)

In struggling with misfortunes, lies the true proof of virtue. (*Shakespeare.*)

There is a strength of quiet endurance, as significant of courage as the most daring feats of prowess. (*Tuckerman.*)

The greatest man is he who chooses the right with invincible resolution; who resists the sorest temptations from within and without; who is calmest in storms and whose reliance on truth or virtue, or God, is the most unfaltering. (*Channing.*)

Silently shall I endure abuse, as the elephant in battle endures the arrow sent from the bow. (*Dhammapada V-320.*)

I am that ant which under foot is trod,
No wasp am I, for man to curse my sting.
How can I rightly thank Almighty God

That I am harmless both to clown and king?
(*Sadi.*)

O thou seeker of food, sit, for thou shalt eat!
O thou desired of death, run not, for thou can'st not save thy life! (*Sadi.*)

ઉદ્યોગ.

હ્વરૅ-ક્ષએતૅમ અમેષૅમ રઍમ્ અઉર્વ્‌ત-અસ્પૅમ્ યજમઇદે.

અમર, પ્રકાશિત (તથા) તેજ ઘોડાવાળા ખુરશેદને અમે વખાણીએ છીએ. (ખોરશેદ નિયાયશ, ક૦ ૬.)

મિથ્રૅમ્ વૉઉરૂ ગઍાયઍાઇતીમ્ યજમઇદે,......અખફ્નૅમ, જઘા-ઉર્વાઁઘ્રહૅમ.

બોહળાં ક્ષેત્રવાળો મેહૅર યજદે (જે) ઉંઘ વિનાનો (તથા) જાગૃત, (તેને) અમે વખાણીએ છીએ. (ખોરશેદ નિયાયશ, ક૦ ૬.)

દાયાઓ મે આતર્શ પુથ્ર અહુરહે મજ્દાઓ......ઍરૅધ્વો-જંગાંમ, અખફ્ન્યાંમ થ્રિશુમ અસ્નાંમચ ક્ષફ્નાંમચ.

આપ મને અહુરમજ્દના પુત્ર આતશ, તું ખડે ઉભું રહેવાની શક્તિ, દહાડાના તથા રાતના એક તૃતિયાંશ ભાગ (સિવાય) (બાકીના વખતમાં) જાગૃતિ! (આતશ નિયાયશ, ક૦ ૪.)

ઉપ-થ્વા વૅરૅજ્વતચ મનો, વૅરૅજ્વતિચ હક્ષોઇત્ અંઘ્ઉહુ.

તને કામ કરતું મન (થજો)! (તારી) જીંદગી કામ કરતી થજો! (આતશ નિયાયશ, ક૦ ૧૦.)

ઉષાઓઁઘ્રહૅમ યજમઇદે, રૅવીમ્ રૅન્જત્-અસ્પાંમ, યા સનત્ અવિ હફ્તો-કર્ષ્વઇરીમ્ જાંમ.

તેજ (તથા) ચપળ ઘોડાવાળી સહવારની રોશની જે ૭ વિભાગ (કેશ્વર)વાળી જમીન ઉપર પથરાયલી છે, (તેને) અમે વખાણીએ છીએ. (ઉષહિન ગેહ, ક૦ ૫.)

વૅરૅજિ-સઑક નાંમ્ અહ્મિ, વૅરૅજિ-સવાઑ નાંમ્ અહ્મિ.

(હું) કાર્યમાં ચળકતો નામવાળો છું, (હું) કામમાં ઉપયોગી (એવા) નામવાળો છું. (હોરમજદ યશ્ત, ફ૦ ૧૫.)

યથા તૂ ઈ અહુરા મજ્દા મેંગ્હાચા, વઑચશ્ચા, દાઑસ્ચા, વરૅશ્ચા, યા વૅાહૂ. અથા તોઇ દદેમહી, અથા ચીષ્મહી, અથા થ્વા આઇશ્ યજમઇદે.

હે અહુરમજ્દ! જે કાંઇ સારૂં (છે) (તેને) જે પ્રમાણે તે વિચાર્યું, તું બોલ્યો,, તે પેદા કીધું તથા તે કાર્ય કીધું, તેજ પ્રમાણે અમે તને ગણીએ છીએ, તથા તારી ખુબી પિછાણયે છીએ, તેમજ તને અમે યાદ કર્યે છીએ. (મોટી હફ્તન, યશ્ત ક૦ ૫, ફ૦ ૪)

તિશ્ત્રીમ્ સ્તારૅમ્ રઍવન્તૅમ્ ખરૅનંઘ્ઉહન્તૅમ્ યજમઇદે યો અત્ર-વત ક્ષ્વએવો વજાઇતે, અવિ જ્રયો વૅાઉરૂકષૅમ્ યથ તિઘ્રશ મઇન્ય-વસાઑ.

ચળકાટવાળા (તથા) ખોરેહવાળા તેશ્તર સેતારાને અમે યાદ કર્યે છીએ. (જે) તેશ્તર વેગથી જતા તીરના જેટળી ઝડપથી, વોઉરૂકષ (નામના) દરિયા તરફ જાય છે. (તીર યશ્ત, ફ૦ ૬)

તત્ અયઑશ યથ પઑઇરીમ્ વીરૅમ્ અવિ-યાઑ બવઇતિ.

તે ઉમરનો (૧૫, વર્ષની ઉમરનો) કે જ્યારે માણસ પ્રથમ કાર્ય કરતો (અથવા ચાલાક) થાય છે. (તીર યશ્ત, ફ૦ ૧૪.)

આદિમ્ પસ્કાત્ અનુમરૅજતૅમ્ અપિશચ વંઘ્ઉહિ બૅરૅજઇતિ, પારૅન્દિચ રઑરથ.

ત્યાર પછી ભલી (તથા) ઉચ પાયરીવાળી અશીશ્વંઘે (તથા) ઝડપથી ચાલતી (અથવા હલકી) ગાડીવાળી પારેન્દીએ, તેને માટે (માર્ગ) સાફ કર્યો. (તીર યશ્ત, ફ૦ ૩૮.)

યો અનવંઘ્હબ્દૅમ્નો જ્એનંઘ્હ નિપાઇતિ મજ્દાઑ દામાંન્; યો અનવંઘ્હબ્દૅમ્નો જ્એનંઘ્હ, નિશહ્ઉર્વઇતિ મજ્દાઑ દામાંન્.

જે (સરોષ યજદ) ઉંઘાયા વિના જાગૃતપણાંથી, અહુરમજ્દની પેદાયશોનું રક્ષણ કરે છે, જે ઉંઘાયા વગર જાગૃતપણાથી, અહુરમજ્દની પેદાયશોની જતન કરે છે. (સરોષ હાદોખ્ત, ફ૦ ૧૧)

સ્ર્ઑર્ઍમ્ અષીમ્........યજમઇદે........યૂનાંમ્ ધ્વક્ષિશ્તૅમ્.

પવિત્ર સરોષ યજદને અમે આરાધીએ છીએ, જે જવાનોમાં સર્વથી વધુ ચાલાક (છે). (સરોશ યશ્ત, વડી, ક૦ ૧૩.)

યિમ્ ચથ્વારો અઉર્વન્તો અઉરૂષ, રઑક્ષ્ન, ફ્રાદ્દૅરૅસ્, સ્પૅન્ત, વિધ્વાઓંઘ્રહો, અસય મઇનિવસંઘ્રહો વજૅન્તિ,.....આસ્યંઘ્રહ અસ્પએઇબ્ય, આસ્યંઘ્રહ વાતએઇબ્ય, આસ્યંઘ્રહ વારએઇબ્ય, આસ્યંઘ્રહ મએઘએઇબ્ય, આસ્યંઘ્રહ વયએઇબ્ય હુવપતરૅતએઇબ્ય, આસ્યંઘ્રહ હુવસ્તયાઓ અઇંઘ્રહિમનયાઓ.

જેને (સરોષ યજદને) સફેદ, ચકચક થતા, દેખામણા, પવિત્ર, શાણા (તથા) મિનોઇ મરજી પ્રમાણે ચાલનારા ચાર ઘોડા ઝટ ગાડીમાં લઇ જાય છે. (અશો સરોષ યજદના ઉપર જણાવેલા ઘોડા) (બીજા) ઘોડાઓ કરતાં વધારે શેતાબ, પવનના કરતાં વધારે વેગવાળા, વરસાદના કરતાં વધારે ઝડપી, વાદળાનાં કરતાં વધારે ઝડપી, સારી પાંખવાળાં પક્ષીઓનાં કરતાં વધારે ઝડપી, (તથા) સારી પેઠે ટાંકીને ફેંકેલા તીર કરતાં વધારે વેગવાળા (હોય છે).

(સરોષ યશ્ત વડી, ક૦ ૨૭-૨૮.)

અહ્માઇ તૂઇર્યો આજસત્ વજૅમ્નો વૅરૅથ્રઘ્નો અહુરધાતો, ઉશ્ત્રહે કૅહ્રુપૅ વધર્યઓશ, દદાનસઓશ, અઇવિ-તચિનેહે, ઉર્વતો, ફ્રસ્પરનહે, ગએથાઉશ્ મશ્યો-વંઘ્રહહે.

(જે માનવી બેહરાંમ યજદને ઇજીને તેની મદદ માગે છે) તેને માટે, ચોથી વેળાએ (તે) અહુરમજ્દનો પેદા કીધેલો બેહરાંમ (યજદ) ભારબરદાર, પાળવા જોગ, ઝડપથી દોડતા, જોરાવર, આગળ પગલાં ભરનાર (અથવા મજબુત પગલાંવાળા), માણસનો માલ લઇ જનાર (તથા) જીવધન લઇ જનાર, (એ લક્ષણનાં) ઉંટનાં શરીરમાં ચાલીને જાય છે.

(બહેરામ યશ્ત, ક૦ ૧૧.)

યાંમ્ હે દુરએ-સૂકૅમ્ સૂઇરે ફ્રજવઇતિ.

તે (ઉંઠના રૂપમાં આવેલા બેહરાંમ યજદ) ની દૂર જોવાની શક્તિ લાંબે સુધી, જાય છે. (બહેરાંમ યશ્ત, ક૦ ૧૩.)

હો અએવો ઉશ્તનવતાંમ્ કઝ્વ-વરૅમ અપયેઇતિ.

તેજ (બેહરાંમ યજદ પક્ષીના આકારમાં) માણીઓમાં તીરના જેવી ઝડપથી જાય છે. (બહેરાંમ યશ્ત, ફ૦ ૨૦.)

ગવે વૅરૅજયાતાંમ્, તાંમ્ ને ખ઼રૅથાઇ ફ્રુયો.

ગાય ઢોર (ગોસ્પંદ)ને માટે (માણસે) મેહનત કરવી જોઇએ. (કારણ કે) તે આપણા ખોરાકને માટે વધારો કરનારાં (છે).

(બેહરાંમ યશ્ત, ફ૦ ૬૧.)

અઉર્વન્તૅમ્ થ્વા દામિધાતૅમ્ બધો તતષત્ હ્વાપાઓ; અઉર્વન્તૅમ્ થ્વા દામિધાતૅમ્ બઘો નિદથત્ હ્વાપાઓ.

સવાબ કરનાર સાહેબે તને (ચાલાક) તથા ડહાપણ દેનારો બનાવ્યો છે; કેરફેગર સાહેબે તને અલબુર્જ (પહાડ) ની ઉપર ચાલાક (તથા) ડહાપણ દેનાર તરીકે મુકરર કીધો છે.

(મોટી હોમ યશ્ત, ક૦ ૨, ફ૦ ૧૦.)

ફ્રપ ફ્રયન્તુ તે મધો, રઑક્ષ્ન ફ્રયન્તુ તે મધો.

તારાં રોગને દુર કરનારાં સાધનો આગળ વધે! તારાં રોગને દૂર કરનારાં સાધનો તેજથી ફેલાવો પામે તો સારૂં!

(મોટી હોમ યશ્ત, ક૦ ૨, ફ૦ ૧૯.)

વારૅથ્રઘ્નિશ હૅન્તૅમ આસ્તઑઇતે, હુશ્ર અન ગાથ્વ્ય વચ.

આ ગાથાનાં મન્ત્રો સહિત (જે કોઇ) (હોમને) વખાણે છે, (તે) ફેતેહમંદ (અથવા વેરીને મારનાર) તથા ચપળ (થાય છે).

(મોટી હોમ યશ્ન. ક૦ ૨, ફ૦ ૧૯.)

પૅઉરૂ-જિરો યથ અઑશ્નરો.

અઑશ્નરનાં જેવો (તું) પુર ચાલાકીવાળો (થજે)!

(આફ્રિને પેગામ્બર જરથોશ્ત, ફ૦ ૨.)

અઉર્વત્-અસ્પૅમ બવાહિ યથ હ્વરૅ,...તિઘ્નવન્તેમ બવાહિ યથ મિથ્રૅમ.

સૂર્યના જેવો (તું) તેજ ઘોડાવાળો થજે!......મેહરના જેવો (તું) તેજીવાળો થજે! (આફ્રિને પેગામ્બર જરથોશ્ત, ફ૦ ૬.)

મિથ્રૅમ વૅઉરૂ-ગઑયઑઇતીમ્ યઝમઇદે......ઑરૅદ્વો જંગૅમ.

ખડે પગે ઉભું રહેવાની શક્તિ ધરાવનાર બહોળા ક્ષેત્રવાળા મહેર યજદને અમે આરાધ્યે છીએ. (મેહર યશ્ત, ક૦ ૬૧.)

યિમ્ હર્તાર્મચ અઇવ્યાક્તાર્મચ ક્રદથત્ અહુરો મજ્દાઓ, વીસ્પયાઓ ક્રવોઇશ ગએથયાઓ; યો હર્તચ અઇવ્યાક્તચ, વીસ્પયાઓ ક્રવોઇશ ગએથયાઓ. યો અનવંઘ્રઉિહબ્દેમ્નો જઍનંઘ્રહ, નિપાઇતિ મજ્દાઓ દામાંન્; યો અનવંઘ્રઉહુબ્દેમ્નો જઍનંઘ્રહ, નિશહઉવદતિ મજ્દાઓ દામાંન્.

જે (મેહર યજદ)ને (દાદાર) અહુરમજ્દે સકળ ફરતી જગતનો રક્ષક તથા ચોકસી કરનાર (બનાવ્યો છે). જે (મેહર યજદ) ઉંઘયા વિના, જાગૃતપણે અહુરમજ્દની સૃષ્ટિનું પાલન કરે છે. જે ઉંઘયા વિના, જાગૃતપણે અહુરમજ્દની સૃષ્ટિની સંભાળ કરે છે.

(મેહર યશ્ત, ક૦ ૧૦૩.)

અવિ બાધ્ર ક્રતૅરસઇતિ, બૂષ્યાંસ્ત દરૅઘો–ગવ, અવિ બાધ્ર ક્રતૅરૅન્તિ, વીસ્પે મઇન્યવ દએવ, યએચ વરૅન્ય દ્રવન્તો.

(મહેર યજદની) સમક્ષ લાંબા હાથવાળો બૂષ્યાંસ્ત (એટલે આળસનો દૈત્ય) જરૂર ડરે છે; (તેની) સમક્ષ તમામ મીનો દૈત્યો (તથા) ગીલાન (શેહર)ના દ્રવંદો ખચીત ગભરાય છે. (મેહર યશ્ત, ક૦ ૧૩૪.)

આસુ–કઇર્યાંમ્ ઑષુ–કઇર્યાંમ્ ...... વંઘ્રઉહીમ્ દએનાંમ્ માજ્દયસ્નીમ્.

ચાલાકીથી કાર્ય કરનારી, ઝડપથી કાર્ય કરનારી, ભલી માઝદયસ્ની દીનને (અમે વંદયે છીએ.) (દીન યશ્ત, ક૦ ૧.)

તદ્દૈર્વયેઇતિ બૂષ્યાંસ્તૅમ્ જઇરિનૅમ્.

(ઇરાની ખોરેહ) મંદ બુદ્ધિના બૂષ્યાંસ્ત (એટલે આળસના દૈત્ય) ને તોડે છે. (આસ્તાદ યશ્ત, ક૦ ૨.)

ઉગ્રૅમ્ કવએમ્ ખરૅનો મજ્દધાતૅમ્ યજમઇદે; અશ–વંદ્રૅમ્ ઉપરો–કઇરીમ્ થમનંઘ્રઉહન્તૅમ્.

પુર્ણ જય મેળવી આપનાર, વધારે બળથી કાર્ય કરનાર, તનદરોસ્તી દેનાર, અહુરમજ્દના સરજેલાં મબળ કયાની ખોરેહની અમે સ્તુતી કર્યે છીએ. (જમ્યાદ યશ્ત, ક૦ ૯.)

નઇર્યાંમ્ હાંમ્ વરેતીમ્ યજમઇદ. ઍર્ષ્વો-જંગાંમ્ અખ્રફ્ન્યાંમ્, આસિતો-ગાતૂમ્ જઘાઉરૂમ્.

નઇરચ હામ્-વરેતિ (જે) ખડે પગે ઉભું રેહેવાનું બળ ધરાવનાર, ઉંઘ વિના, પોતાનાં કાર્ય ઉપર દ્રઢ તથા જાગૃત (તે)નું અમે સ્તવન કર્યે છીએ. (જમ્યાદ યશ્ત, ફ૦ ૩૯.)

યત્ બાઉન્ ...... વીસ્પે થમનંઘ્રઉહન્ત.

જે ઇશ્વરી! ખોરેહને લીધે સઘળા (કયાની વંશના ભુપતિઓ) ......સખ્ત કાર્ય કરનારા (ઉંમગિ) હતા. (જમ્યાદ યશ્ત, ફ૦ ૭૨.)

આઅત્ મઇરે ક્રદ્રઇતિ બુષ્યાંસ્ત દરેઘો-ગવ અપાખ્તરત્ હચ નએમાત્, અપાખ્તરએઇબ્યો હચ નએમએઇબ્યો, ઉઇતિ અઓજૅન્ન, ઉઇતિ દઓન્ન, ખફ્સત મષ્યાકાઑંઙ્હો ખફ્સત મૅરેજુ-જ્ઞ્વાઑંઘ્રહો, ખફ્સત મૅરેજુ-જીતયો.

ત્યારે લાંબા હાથવાળો, ઘાતકી બુષ્યાંસ્ત (આળસનો દૈત્ય) આ પ્રમાણે ચીસ્રાઇને બોલતો, બોલતો ઉત્તર (દીશા) તરફના ભાગમાંથી, ઉત્તર તરફના ભાગોમાંથી દોડી આવે છે:—

"હે માણસો! તમે સુઇ રહો. હે પાપી જીવનગાળનાર! તમે સુઇ રહો. હે પાપી જીવનવાળા તમે સુઇ રહો." (હાદોખત નુસ્ક ફ૦ ૪૨.)

અપિ-ઘ્વો-જગતૅમાં ગવાસ્ત્ર્યાવરૅશતૅમાં નરાંમ્ અષઑનાંમ્ વાસ્ત્ર્યેહે ફ્શુયન્તો રતૂમ્ આય્રેયે.

ઘણાજ મેહનતુ તથા ગાય ઢોર ઘાસ ચારાને માટે ઘણુંજ કાર્ય કરનાર; અષો માણસોના (મૂખીને) (તથા) (દેશનું) કલ્યાણ કરનાર ખેડુતના વડાને હું યાદ કરૂં છું. (યજ૦ ૧૩ ફ૦ ૨.)

આયેસે યેશ્તિ......અપૅરૅનાયૂકે કઇનિકે વાસ્ત્ર્યાવરૅજિ.

મહેનતુ, નાની વયની કન્યાને આ જગ્યાએ યજશનેમાં હું યાદ કરૂં છું. (યજ૦ હા ૨૩ ફ૦ ૩.)

દાઇદી અત્ નરાંશ મજ઼્દા અહુરા અષઑનો અષ-ચિનંઘ્રહો અઇદયુશ વાસ્ત્ર્યેંગ્ દરૅગાઇ ઇજ્યાઇ ઑજવઇતિ હુખ્મઇને.

લાંબા કાળ સુધી ચાલે તેવી સંપત્તિને કાજે તથા મજબુત મીત્રાચારીને માટે હે અહુરમજદ! અષોઇની ઇચ્છા રાખનારા, ચાલાક

તથા ઉદ્યોગી અષો માણસો અમને તથા અમને ખુશી કરનારાઓને તું આપ. (યજ૦ હા ૪૦ ફ૦ ૩.)

હૅચા–ના ફ્રૂમાઑ નિશંઘ્નહરત્ર હે અઇંવ્યાક્ષયત્ર હુદા અષાચા વાસ્ત્રાચા ફ્રારાઇતિચા વીદિષયાચા અઇનિતિચા આથ્રાચા અહુરહે મઝ્દાઑ.

વળી તે (અષો) માણસ અષોઇથી ઉદ્યોગથી, દાનથી, જ્ઞાનથી, નમ્રતાથી તથા અહુરમઝ્દના આતશથી (દુન્યાની) આબાદીને નિત્ય બચાવશે તથા સંભાળશે. (યજ૦ હા ૫૮, ફ૦ ૪.)

યઝમઇદે થ્વા અહુરાને અહુરહે વંઘ્નહેઉશ્ ષ્યઑથ્નહે જઑથ્રાબ્યો.

હે અહુરમઝ્દને લગતી અહુરમઝ્દની (અર્દ્વિસૂર) ભલાં કાર્યની ભેટોથી, તને અમે આરાધ્યે છીએ. (યજ ૬૮, ફ૦ ૩)

દાયત વંઘ્નઉહીશ આપો વાસ્ત્રયાવરૅજનાંમચ અહ્માઇ તન્વો દ્રુવતાતૅમ્ અહ્માઇ તન્વો વઝ્દ્વરે અહ્માઇ તન્વો વૅરૅથ્રૅમ.

હે ભલાં પાણીઓ અમે ઉદ્યોગ કરનારાઓને તમે તનની મજબુતી, તનનું સુખ તથા તનની ફતેહ દ્યો. (યજ ૬૮. ફ૦ ૧૨-૧૧.)

રૅવીમ્ રવો મનંઘ્નહાંમ રૅવીમ્ રવો વચંઘ્નહાંમ રૅવીમ્ રવો ષ્યૉથનનાંમ્ ક્રા તન્વો રએનજયેઇતી.

જે (પારેન્દિ) વિચારની ચંચળાઇને લીધે ચપળ, બોલવાની ચંચળાઇને લીધે ચપળ, કાર્યની ચંચળાઇને લીધે ચપળ, (એવા ગુણોવાળી પારેન્દિને અમે સ્તવ્યે છીએ). વળી (માણસોના) બદનોને (પારેન્દિ) ચપળ કરે છે. (સીરૂપ ક૦ ૭ ફ૦ ૨)

નોઇત્ મોઇ વાસ્તા ક્ષમત્ અન્યો, અથા મોઈ સાંરતા વૉહૂ વાસ્ત્યા.

તમારા સિવાએ મને બચાવનાર (કોઇ) નથી, એટલા માટે મને ભલો ઉદ્યમ શીખાડો (કે જેથી સદર બલાઓ હું દુર કરૂં.)

(ગાથા અહુનવદ, હા ૨૯, ફ૦ ૧)

નોઇત્ ઍરૅજૅજ્યોઇ ફ્રજ્યાઇતિશ નોઇત્ ફ્રુયેન્તે દ્રૅગ્વસૂ પઈરી.

પ્રમાણિકપણાથી જીંદગી ગુજારવામાં હાણી (હોતી) નથી. મેહનતુ (માણસને) બુરા લોકોની નજદીક (જવાનું નિર્માણ) નથી.

(ગાથા અહુનવદ, હા ૨૯, ફ૦ ૫.)

યાંમ દાઓ મઇન્યૂ આથ્રાચા અષાચા ચોઇશ રાનોઇબ્યા ક્ષ્નૂતૅમ
હ્યત ઉર્વતૅમ ચજ્દોનંઘહ્વદેબ્યો તત.

(ધર્મને ખાતર) લડનારાઓને તથા દીન ચાશીદારોને જે સંપૂર્ણ ખુશાલી તેં દીધી છે તે (ખુશાલી), હે મીનો (અહુરમજ્દ)! અમારી તેજી તથા અષોઇને અંગે, તુ અમને દે. (ગાથા અહુનવદ, હા ૩૧, ફ૦ ૩.)

હ્યત અખ્યાઇ દદાઓ પથાંમ,
વાસ્તર્યાત વા આઇતે, યે વા નોઈત અંઘહુત વાસ્તર્યો.

જે માનવી ઉદ્યોગથી પોતાની જીંદગી ગાળે અથવા જે ઉદ્યોગી ન હોય, તેને માટે (ઘટતો) માર્ગ તેં મુકરર કીધો છે.

(ગાથા અહુનવદ, હા ૩૧, ફ૦ ૯)

અત હી અયાઓ ફ્રવરૅતા વાસ્ત્રીમ અખ્યાઇ ફ્ષુયન્તૅમ,
અહુરૅમ અષવનૅમ, વંઘહેઉશ ફ્રૅનગહીમ મનંઘહો;
નોઈત મજ્દા. અવાસ્તર્યો દવાંસચિના હુમૅરૅતોઇશ બક્તા.

એ બેમાંથી તેણે (અહુરમજ્દની સંપૂર્ણ મનશ્નીએ) આ જગતના ઉપકારને સારૂં આબાદી કરનાર ખેડુતને અષો સાહેબ, ભલી મનશ્નીનો વધારો કરનાર તરીકે પસંદ કીધો. હે અહુરમજ્દ! ઠગાઇ કરનાર, આળસુ માણસને દીનના સારા કાયદાનો ફાયદો (મળતો) નથી.

(ગાથા અહુનવદ, હા ૩૧, ફ૦ ૧૦)

ને મજ્દા......ગ્રત્શચા હ્યત અસ્તવન્તૅમ દદાઓ ઉશ્તનૅમ
હ્યત શ્યઓથનાચા સેંગહાંસચા.

અમને (તેં) જડ જીવન તથા અક્કલ દીધી, (તે સાથે વળી) અમને કાર્ય કરવાની શક્તિ તથા ધર્મનાં ફરમાનો તેં દીધા.

(ગાથા અહુનવદ, હા ૩૧, ફ૦ ૧૧.)

કે વાતાઇ દ્વાંનમઇબ્યસ્ચા યઓગેત આસૂ.

પવનને તથા વાદળાંને કોણે ઝડપ દીધી?

(ગાથા ઉશ્નવદ હા ૪૪, ફ૦ ૪.)

યાઓ મનોથ્રીશ ચ્રજ્દાંગહ્વન્તૅત અરૅથહ્યા.

જે (દહાડાના ત્રણ ભાગ) ધર્મગુરૂને (તેની) ફરજ (અથવા કાર્ય) વિષે યાદ આપનાર (છે). (ગાથા ઉશ્તવદ, હા ૪૪, ફ૦ ૫.)

અત ફ્રવક્ષ્યા અંઘ્રહેઉશ અહ્યા વહિશ્તૅમ
અષાત હચા મઝ્દાઑ.........
પતરૅમ વંઘ્રહેઉશ વરૅઝયન્તો મનંઘ્રહો
અત હોઇ દુગેદા હુશ્યઑથના આર્મઇતિશ.

અષોઇને લીધે આ દુન્યામાં (જે) સર્વોત્તમ (તથા જે) મહેનતુ ભલાં મનનો પિતા, (તથા) જેની છોકરી નેક કાર્ય કરનારી આર્મૈતિ (છે), તે સર્વોત્તમ વિષે (હું) (તમને) પ્રગટ કહું છું.
(ગાથા ઉશતવદ, હા ૪૫, ફ૦ ૪.)

અષા......આર્મતોઇશ ગએથાઑ ફ્રાદો થ્વક્ષંઘ્રહા.

(જેઓ) અષોઇને લીધે આર્મૈતિના મુલકોને પોતાની ચંચળાઇથી આબાદ કરે છે. (ગાથા ઉશતવદ, હા ૪૬, ફ૦ ૧૨.)

યોઇ દુશ-ખ્રથ્વા અએષેમૅમ વરૅદૅન રામૅમચા,
ખાઇશ હિઝુબીશ, ફ્શુયસ અફ્શુયન્તો.

જેઓ બુરી અક્કલથી (તથા) પોતાની જીભથી ક્રોધની તથા અદેખાઇની વૃદ્ધિ કરે છે (તેવા માનવીઓ) ઉદ્યોગી માણસોમાં નકામાં (હોય છે.) (ગાથા સ્પેન્તોમદ હા ૪૯, ફ૦ ૪).

સઑત્ સાસ્નાઑ ફ્ષેંગ્હો સુયે તશ્તો.

(દુન્યાંને) લાભ કરવાને કાજે જન્મ પામેલો (તે) ચંચળ (માણસ), (ધર્મના) હુકમો સાંભળશે. (ગાથા સ્પેન્તોમદ, હા ૪૯, ફ૦ ૯.)

વાઑ......અયેની, મઝ્દા......વંઘ્રહેઉશ શ્યઑથનાઇશ મનંઘ્રહો.
નેક મનશ્નીનાં કાર્યોથી તને હે અહુરમજદ! (હું) ભેટું.
(ગાથા સ્પેન્તોમદ હા ૫૦, ફ૦ ૯.)

મઝ્દા વહિશ્તૅમ તત ને નૃચીત વરૅષાતે.

હે અહુરમજદ! અમારે માટે જે કાંઇ સર્વથી શ્રેષ્ઠ (છે) તે હવે (અમને) કરવા દે. (ગાથા વોહુ-ક્ષથ્ર હા ૫૧, ફ૦ ૧.)

વીસ્પાન્તા પૅરૅસાંસ, યથા અષાત હચા ગાંમ વીદત,
વાસ્તર્યો શ્યઑથનાઇશ ઍરૅશ્વો હાંસ હુખ્રતુશ નૅમંઘ્રહા;
યે દાથએઇબ્યો ઍરૅશ-રતૂમ ક્ષયાંસ અષિવાઑ ચિસ્તા.

ઉદ્યોગી (જે) પોતાનાં (સારાં) કાર્યોને લીધે નેક, (તથા) નમ્રતા સાથે સારૂં ડહાપણ ધરાવનાર માનવી, (તે) આ સર્વ વીષયો પુછનારો (છે), જેથી તે અષોઇની મારફતે દુન્યા આબાદ કરે. (વળી) જે શક્તિવાળો (તથા) નીતિમાન (હોવાથી) અષો સરદારને ન્યાયી કાએદા મુજબ માનની નજરથી જુવે છે. (ગાથા વોહુ-ક્ષથ્ર હા ૫૧, ફ૦ ૫.)

થ્વા ખ્રથ્વા સ્પેંનિશ્તા આર્મતોઇશ હુદાન્વર્ષ્વા.

સંપૂર્ણ મનશ્નીની તારી સર્વથી વધુ કલ્યાણકારી અક્કલથી, સારાં ડહાપણની રૂયે કાર્ય કરતી રેહજે.

(ગાથા વહિશ્તોઈશ્ત, હા ૫૩, ફ૦ ૩)

નોઇત્ જી ઇમ્ જાઓ ષાઓ યા દરેઘ અકરશ્ત સએત યા કરષ્ય કરષિવત.

કારણ કે જે (જમીન) ખેડુતથી ખેડી શકાયે તેવી (હોય) તે, (જો) ઘણું સુધી ખેડયા વિના પડી રેહતો તે જમીન ખુશાલ નથી.

(પર૦ ૩. ફ૦ ૨૮.)

યો ઇમાંમ્ જાંમ અઇવિ-વૅરૅજયેઇતિ સ્પિતમ જરથુશ્ત્ર હાવોય બાજ્વો દષિનચ દષિન બાજ્વો હાવયચ. આઅત્ અઓખ્ત ઇમ જાઓ નર યો માંમ્ અઇવિ-વૅરૅજયેઇહિ હાવોય બાજ્વો દષિનચ દષિન બાજ્વો હાવયચ.

(અહુરમજ્દ અષો જરથુશ્ત્રને કહેછે):-હે સર્વથી પવિત્ર જરથુશ્ત્ર! (જયારે) કોઇ મનુષ્ય ડાબી દીશાથી તથા જમણી દીશાથી, જમણી બાજુથી તથા ડાબી બાજુથી આ જમીનને ખેડેછે, ત્યારે આ જમીન (તેને) કેહ છે. કે, "હે! માણસ! (તું) કે જે ડાબી દીશાથી, જમણી બાજુથી તથા ડાબી બાજુથી મને ખેડેછે તો,

(પર૦ ૩, ફ૦ ૨૯.)

બાધ઼ ઇથ઼ આક્રસાને દંઘ્રહુબ્યો બાધ ઇથ઼ અએનિ બૅરેથિ. વીસ્પાઓ ખરૅન્તીશ પર-બરાંન્ હાંમ-બૅરૅથ્વાંમ પરો યવહે.

"ખચીત અત્રે (તારા) દેશમાં હું વધારો કરીશ. (તથા) જરૂર અત્રે ફળ (ના આકાર)માં હું આવીશ (એટલે ફળ ઉત્પન્ન કરીશ); (તથા) સર્વ મેવા સાથનો તથા અનાજનો ખોરાક હું લઇ જઇશ."

(પર૦ ૩, ફ૦ ૨૭.)

બાધ ઇધ હિશ્તહે અન્યેહે દ્વરૅ સ્રયનો ખરૅન્તીશ પૅરૅસેમનએ-પુચ બાધ થ્વાંમ તરસ્રચ આર્અૅાથ્રહાનો સ્રસચિનતીશ ખરૅથાઓ બઇરયેઇન્તે. તે આબ્ય બઇરયેન્તે યએશાંમ દિમ ક્રાયો-વૉહુનાંમ.

જરૂર ખોરાક ભીખ માંગનારાઓમાં બીજાને બારણે ભટકતો તું ઉભો રેહશે, (તથા) લોકોના બારણા આગળ (જ્યારે તું) બેઠેલો (હશે ત્યારે) જરૂર તને બહાર ઉભો રાખીને, વાસી ખોરાક લાવી આપશે. (લોકો) પોતાની પુશ્કળ આશીર્વાદોમાંથી (ઉપર પ્રમાણેનો વાસી ખોરાક) તારે માટે લાવી આપશે. (પ૨૦ ૩, ફ૦ ૨૯.)

યત્ ઉર્ઘ્રેમ્ પઇતિ યવ્યાકરૅશિત.

સારી પેઠે અનાજની ખેતી (એ માજદયસ્નની દીનની વૃદ્ધી છે.) (પ૨૦ ૩, ફ૦ ૩૦.)

યો યવ્યાંમ કારયેઇતિ હો અષૅમ કારયેઇતિ. હો દએનાંમ માજ-દયસ્નીમ ફ્રવાજ વજઇતે. હો ઇમાંમ દએનાંમ માજદયસ્નીમ ફ્રપિન-અૉઇતિ સતૅમ પઇતિશતનાંમ હજંઘ્રૅમ પઇતિ-દરનાંમ બએવરૅ પઇતિ યસ્નઓ-કૅરૅઇતિનાંમ.

જે માનવી અનાજની ખેતી કરે છે, તે અષોઇ બેડે છે; તે માજ-દયસ્ની દીનને આબરૂઓમાંની ૧૦૦ (ઘણી આબરૂથી), જતનોમાંની હજાર (ઘણી જતનથી) (તથા) યજશ્નેના કાર્યોમાંના દશ હજાર (ઘણી યજશ્ને કરવાથી) આબાદ કરેછે. (પ૨૦ ૩, ફ૦ ૩૧.)

યત્ યવો દયાત્ આઅત્ દએવ ખીસૅન. યત્ સુધ્રુશ દયાત આઅત્ દએવ તુસૅન. યત્ પિશતરો દયાત આઅત્ દએવ ઉરૂથૅન. યત્ ગુન્દો દયાત આઅત્ દએવ પૅરૅથૅન. ઇધ મિથ્નાત દએવ અઇપિ-જઇન્તિ.

જ્યારે અનાજની રોપણી ચાલે છે, ત્યારે દેત્યો હાંફેછે. જ્યારે ઉગેલો અનાજ થાય છે, ત્યારે દૈત્યો ખાંસે છે; જયારે છડેલો (અથવા ખાંડેલો) અનાજ થાય છે, ત્યારે દૈત્યો રૂવે છે; (અને) જ્યારે આટો થાય છે, ત્યારે દૈત્યો નાશ પામે છે. (પ૨૦ ૩, ફ૦ ૩૨.)

ઇવ માંથ્રૅમ તધ મઇરૂયાત. નએચિશ અખરૅન્તાંમ ત્વ નોઇત્ ઉધ્રાંમ અપ્યાંમ, નોઇત ઉધ્રાંમ વાસ્તસ્યાંમ નોઇત ઉધ્રાંમ પુથ્રો-દશ્તીમ.

આ કહેતી (માણસોએ) યાદ રાખવી જોઇએ, (કે) ન ખાનારાઓ-માંનો કોઇ પણ માનવી સારી પેઠે નેકીનો કરનાર થવાને, સારી પેઠે

ઉદ્યોગનો કરનાર થવાને (તથા) સારી પેઠે બચ્ચાં (જણવા)ની ખાહેશવાળો થવાને, શક્તિવાન બની ન શકે. (પરઠ ૩, ફ૦ ૩૩.)

દાતરૅ ગએથનાંમ્ અસ્તવઇતિનાંમ્ અષાઉમ્. કો પુખ્ધૅમ્ ઇમાંમ્ જાંમ મજિશ્ત ક્ષનઑમ ક્ષનાવયેઇતિ. આઅત્ મ્રઑત્ અહુરો મજ્-દાઑ. યત્ બા પઇતિ સ્પિતમ જરથુશ્ત્ર અંઘ્રહુઑ જૅમો નઇરે અષઑને વૅરૅજયાત્ અષય દધાઇતિ,[1]

જડ જગત્‌ના હે અષો સૃષ્ટા! કયો નર પાંચમી વેળાએ આ જમીનને ઘણાજ આનંદથી ખુશાલ કરે છે?

ત્યારે અહુરમજદે કહ્યું કે અહો સર્વથી પવિત્ર જરથુશ્ત્ર! જે (જગા) ઉપર અષો માણસ તે માટે આ જમીનની ખેતી કરે અને ભલી અષોઇથી આપે, (પરઠ ૩, ફ૦ ૩૪)

હાઉચ અયાઑ નરાઑ વૉહૂમનો જાગૅરૅબુશતરો અંઘ્રહુત યો ગેઉશ્ ઉરૂથ્વરૅ હાંમ-પાક્રાઇતિ યથ હાઉ યો નોઇત્ ઇથ હો ઉપમૅરૅતો. હાઉ અસ્પૅરૅનો-મજો હાઉ અનુમયો-મજો હાઉ સ્તઑરો-મજો હાઉ વીરો-મજો.

તે બે માણસોમાંનો ખચીત તે (માણસ) (ગ્રહસ્થી) જાનવરોની વૃદ્ધિને સારી રીતે ભરપુર કરે છે; (વળી) તે માનવી જે (તેમ) નથી (કરતો), (તેનાં) કરતાં ભલી મનશ્નીનો સંગ્રહ કરવાને અધિક શક્તિવાન (હોય છે). તે (મનુષ્ય) યાદ રાખનારો (સારી સ્મૃતિવાળો) (થાય છે.) તે મનુષ્ય અસ્પેરેનની કીમતનો, માફકસર કદના પશુની કીંમતનો, ઢોરની કીમતનો (તથા) માણસની કીમતનો (થાય છે.)

(પરઠ ૪, ફ૦ ૪૮.)

અએષો જી નરો પઇત્યેઇન્તિ અસ્તો-વીધોતુશ પૅષનઇતિ. યસચ ઇષુશ-ખાથખ્તો પૅષનઇતિ. યસ્ચ જૅમકો પૅષનઇતિ કમરૅમ વરતે વંઘ્રહનૅમ. યસચ મષીમ દ્રવન્તૅમ સાસતારૅમ કમૅરૅધજ પૅષનઇતિ. યસચ અૅમઑઘૅમ અનઅપવનૅમ અંઘ્રદિહરૅસ્તાતૅમ પૅષનઇતિ.

કારણ તે માણસ હાડકાં ભાંજનાર દૈત્યની સામે થાય છે, (અને તેની સાથે) યુદ્ધ મચાવે છે; તથા સારી પેઠે ચીલ્લો ચઢાવેલા દૈત્યની સામે તે થાય છે; તથા શિયાળાનો દૈત્ય (જે) થોડાં કપડાં પેહરે છે તેની વિરૂદ્ધ તે થાએ છે; તથા તે માનવી દ્રવંદ, જુલમગાર માણસના

---

૧. આ અને એની પછીનો ફકરો સાથે વાંચો.

માથાંની સામે લઢે છે; તથા તે માનવી અપવિત્ર, ભુખે મરતા આશ્મોગ[1]ની સામે થાય છે. આ કાર્યોમાંના પ્રથમના (કાર્ય) કરવાં જોઇએ, નહી કે બીજાં. (પર૦ ૪, ફ૦ ૪૯.)

અવધ અએતધ અએતહે બ્યઑથ્નહે યથ વએર્થન્તિ યથ અએતહ્નિ અંઘ્રહુવો યત્ અસ્તવઇન્તિ. અયંઘ્રહુએનાઇશ્ કૅરેતાઇશ્ અજ્દૅબીશ્ પઇતિ અવ-કૅરેથ્યાત્ અઑષંઘ્રહુઇથ્યાઑસે-તન્વો મસ્યો વા અહ્માત્ચિત્.

અહિંયાં આ જડ દુન્યાંમાં તેઓ આ કાર્યથી માહીતગાર થાય તો, (તે) મરવા લાયક તનનાં હાડકાંને, લોઢાંની છરીથી કાપે અથવા એનાં કરતાં વધારે મ્હોટું[1] (કરે). (પર૦ ૪, ફ૦ ૫૦.)

અવધ અએતધ અએતહે બ્યઑથ્નહે યથ વએર્થન્તિ યથ અએતહ્નિ અંઘ્રહુવો યત્ અસ્તવઇન્તિ. અયંઘ્રહુએનાઇશ કૃષેબીશ્ અજ્દૅબીશ્ પઇતિ અવ-પસાત્. અઑષંઘ્રહુઇથ્યાઑસે-તન્વો મસ્યો વા અહ્માત્ચીત્.

અહીંઆં, આ જડ દુન્યાંમાં, તેઓ આ કાર્યથી જાણીતા થાય તો, (તે) મરવા લાયક તનના હાડકાંને લોઢાની બેડીથી બાંધે, અથવા એના કરતાં વધારે મહોટું (કરે). (પર૦ ૪, ફ૦ ૫૧.)

અવધ અએતધ અએતહે બ્યઑથ્નહે યથ વએર્થન્તિ યથ અએતહ્નિ અંઘ્રહુવો યત્ અસ્તવઇન્તિ. સતો વીરેંમ્ વએમૅમ્ અનુસો પઇધ્યાઇતિ. અઑષંઘ્રહુઇથ્યાઑસે-તન્વો મસ્યો વા અહ્માત્ચીત્.

અહિંઆં, આ જડ જગતમાં તેઓ આ કાર્યથી જાણીતા થાય તો, (તે) મરવા લાયક તનના (માણસને) નાખુશીથી (એટલે કે ફરજ જાણીને) સો માણસના જેટલાં ઉંડાણમાં નાંખે અથવા એના કરતાં વધારે મ્હોટું (કરે). (પર૦ ૪, ફ૦ ૫૨.)

અવધ અએતધ અએતહે બ્યઑથ્નહે યથ વએર્થન્તિ યથ અએતહ્નિ અંઘ્રહુવો યત્ અસ્તવઇન્તિ. અનુસો પારેમ્ મરેજૅમ્ અવ-હિશ્તાત્.

અહીયાં આ જડ દુન્યાંમાં તેઓ આ કાર્યથી જાણીતા થાય તો, નાખુશીથી (અથવા અવશ્ય સમજીને) (તે માણસ) મોટા પાપમાં ઉભો રહે. (પર૦ ૪, ફ૦ ૫૩.)

૧. દુરાચારી. ૨. વધુ શીક્ષા.

યો સએતે હુદ્દર્વાંમ્ તરસ્ચ ક્ષપનૅમ્ અયજૅમનો અસ્તાવયો અમરો ઍવૅરૅજયો અસિક્ષો અસાચયો જયાઇ ચિનવત્ ઉશ્તાનૅમ્. દ્રિજત્ હચ આથ્રવ સંઘ્નહુઇતે.

જે માનવી યજશ્ને કર્યા વિના, (ગાથા) ગાયા વિના, (અવસ્તાને) યાદ કર્યા વિના, કામ ધંધો કર્યા વિના, (પોતે) શિખ્યા તથા (બીજાંને) શિખવ્યા વિના, સારી રાત (બિછાના ઉપર) પડી રહે, (અને વળી) (સુવા પછી) (પોતાના) જીવને ફ્રત્તેહને માટે ઇચ્છતો (હોય), તે માનવી ઠગાઇથી પોતાને આથ્રવન કહેવડાવા માંગે છે. (પર૦ ૧૮, ફ૦ ૫.)

આઅત મ્રઑત અહુરો મજ્દાઑ; અઘ દએન દિસ્યાત્ સ્પિતમ જરથુશ્ત્ર યો થ્રિજરૅમએમ રતૂમ અઈવ્યાઑઘ્નહાંમ્ નોઇત અઇવ્યાસ્તિ નોઈત્ ગાથાઑ સ્રાવયેઇતિ નોઇત્ આપો વંઘ્વહીશ્ યજઇતિ.

ત્યારે હોરમજદે કહ્યું કે, હે સર્વથી પવિત્ર જરથુશ્ત્ર! જે કોઇ દુષ્ટ ધર્મ શિખાડે (તથા) જે મનુષ્ય ત્રણ વસંત ઋતુ (એટલે ત્રણ વર્ષ) પર્યંત અભ્યાસ ઉપર ન બેશે, ગાથા ન ગાય (તથા) ભલાં પાણીને ન ઇજે (તે માનવી ખરેખર નાશકારક તથા મોતથી ભરેલો છે). (પર૦ ૧૮, ફ૦ ૯.)

યસચ મે અએતૅમ્ નરૅમ્ આંજો અવિ અવ-ગૅરૅપતૅમ રૅવાઙ્ પઇતિ ઉજ્બારયત. નોઇત્ વંઘ્વહો અહ્માત પ્કયૅાથ્રનૅમ વૅરૅજયેઇતિ યથ યત હે પાંરતો-ક્રથંઘ્નહૅમ્ કમૅરૅધૅમ કૅરૅનુયાત.

(જે કોઇ દુષ્ટ ધર્મ શીખાડે, જે માનવી ત્રણ વસંત રૂતુ સુધી અભ્યાસ ઉપર ન બેશે, ગાથા ન ગાય, તથા ભલાં પાણીને ન ઇજે) તે માણસ સંકટમાં સપડાયલો (હોય) તેને તેમાંથી બહાર કાઢીને જે માનવી, મોકળાસ (છુટકારા)માં લાવે છે, તે પોતાના માંથાને ચાંમડીની ઉંડાઇ સુધી કાપી નાખે, તેના કરતાં ઓછું ખરાબ કાર્ય નથી કરતો.[1] (પર૦ ૧૮, ફ૦ ૧૦.)

૧. બેદરકારીની અથવા બેવકુફાઇની સખાવતથી આળસને ઉત્તેજન આપવાથી, આવું ભયંકર પરીણામ આવે છે, જે અત્યંત દોષિત અને પાપીજ લેખાવું જોઈએ. દાન બે ધારી તલવાર છે, તે આ રીતે આપણા પવીત્ર અને ઊંડા ધર્મના શીક્ષણ ઉપરથીજ સ્પષ્ટ જણાય છે. જે માનવી પુણ્ય કરતાં ન આવડે અને તેથી આળસને ઉત્તેજન આપે, તે મોટી શીક્ષાને લાયક થાય છે. એની સાથે સરખાવો ભગવદ ગીતા ૧૭ મા અધ્યાયના ૨૦ મો ઈત્યાદી શ્લોકો.

મૅરૅઘા યો પરો-દર્શ નાંમ......યિમ્ મષ્યાક અત્રિ દુઝ્‌વ-ચંઘ્રહો કહ્‌ર્‌કતાસ નાંમ અઍાજદતિ. આઅત્ હો મૅરૅઘા વાચિમ્ બરઇતિ ઉપ ઉષાઉઁઘ્રહૅમ્ યાંમ સૂરામ.

ઉસૅહિશ્તત મષ્યાક સ્તઍાત અષૅમ્ યત્ વહિશ્તૅમ્ નીસ્ત દએવ. અએષ વો દ્વરઇતિ બૂષ્યાંસ્ત દરૅઘા-ગવ. હા વીસ્પૅમ્ અહૂમ્ અસ્તવન્તૅમ હકત્ રઍાચંઘ્રહાંમ્ ક્ષ્વાતો નિખ્ખ્અબ્દયઇતિ. ખ્ખ્ફ્સ દરૅઘા મષ્યાક નોઇત્ તે સચઇતે.

પરો-દર્શ નામનો મરઘો જેને હલકે વાંધેના લોકો કહર્કતાસ્‌ને નામે ઓળખે છે, તે મરઘો (કામ કરવાને) શુર આપનારી બામદાદને વખતે (નીચે પ્રમાણે) પોકાર કરે છેઃ-

"હે માણસો! (તમારા બીછાણાં ઉપરથી) તમે ઉઠો, સર્વથી શ્રેષ્ટ અષોઇની વખાણ કરો, (તથા) દૈત્યોને દુર કરી નાંખો; (નહિં તો) તે લાંબા હાથવાળો બુષ્યાંસ્ત (નામનો દૈત્ય) તમારી તરફ દોડી આવે છે.[1] તે બુષ્યાંસ્ત (દૈત્ય) (એવો છે કે) સઘલી જડ દુન્યાંમાંના લોકો જેવી બામદાદ (પડી) (અને) જાગૃત થયાં, તેવાં તેમને પાછાં સુવાડી દે છે. હે માણસો! લાંબી ઉંઘ તમને યોગ્ય નથી."

ખુલાસોઃ—(પરોદર્શ નામનો મરઘો દર પરોદયાં ફાટવાની મોટે સ્વરે પુકાર કરીને માણસોને કહે છે કે, "હે માણસો તમારા બિછાના ઉપરથી ઉઠો, સ્નાન કરીને, દાદાર અહુરમજદની ભક્તિ કરો, કે તેથી તમને તમારૂં કાર્ય કરવાને ઉમંગ આવે તથા દૈત્યો વેગળા થઇ જાય. જો એમ ન કરશો તો, આળસાઇનો દૈત્ય તમારી ઉપર ફાવીને તમને વધુ આળસુ બનાવશે.") (ફર૦ ૧૮, ફ૦ ૧૫-૧૬.)

મા થ્રયાંમ વહિશ્તનાંમ અઇવિશ્યો બુયત હુમતહેચ મનંઘ્રહો હુખ્તહેચ વચંઘ્રહો હ્વર્શ્તહેચ શ્કયૅાથ્નહે.

સઉથી શ્રેષ્ટ ત્રણ વસ્તુ છે (કે જે) ૧) સારો વિચારેલો વિચાર, ૨) સારૂં કહેલું વચન, (તથા) ૩) સારૂં કરેલું કાર્ય. (એનાથી) તમે (કદી પણ) દુર ના થતા. (ફર૦ ૧૮, ફ૦ ૧૭.)

આઅત્ મે પઍાઇર્યાઇ થ્રિષ્વાઇ ક્ષફ્ને આતર્શ અહુરહે મઝ્‌દાઍા ન્માનહે ન્માનો પઇતીમ્ યાસઇતિ.

---

૧. આળસ તમને ભોગ બનાવશે.

અવંઘ્નહે ન્માનહે ન્માનો–પઇતે ઉસ્હિશ્ત. અઇવિ વસ્ત્ર યાઓંઘ્નહ્યંઘ્નઉહ ફ્રા જસ્ત સ્નયંઘ્નઉહ આ અએસ્માં યાસંઘ્નઉહ અવિ માંમ બર પઇતિ માંમ રઓચય અએસ્મનાંમ યઓજ્દાતનાંમ ફ્રસ્નાતએઇબ્ય જસ્તએઇબ્ય. અવિ મે આજિશ દએવો–દાતો પરોઇત પઇરિથ્નેમ અંઘ્નહ્વાંમ અવ–હેરેનાંન્ સદયેઇતિ.

ત્યારે રાતના પ્રથમ ત્રીજા ભાગને માટે, (એટલે રાતના પહેલા પહોરમાં) અહુરમજદનો આતશ ઘરના ઘરધણીને (નીચે પ્રમાણે) બોલાવે છે:—

"અય ઘરના ઘરધણી! (મારી), મદદને માટે તું ઉઠ, (શરીર) ઉપર કપડાં પહેર, (તારા) બન્ને હાથો તું ધો, કાઠી તું શોધ (અને) મારી નજદીક લાવ. દેત્યના રીવાજ પ્રમાણે ચાલનાર આજીશ (નામનો) દેત્ય મારી જીંદગીના મૃત્યુને માટે આવી પહોંચે તેની આગળ, બન્ને ધુવેલા હાથથી પવિત્ર કરેલી કાઠીઓમાંની (કાઠીએ) મને પ્રકાશિત કર."

(પર૦ ૧૮, ફ૦ ૧૮-૧૯)

નિજબયેમિ થ્વાપહે ખધાતહે જરવાનહે અકરનહે વયઓશ ઉપરો–કઇર્યહે.

પોતાના ઠેરવેલા માર્ગ પ્રમાણે ચાલનાર આકાશની, સીમા વિનાના કાળની, (તથા) ઉપર કાર્ય કરનારા વાય યજદની હું સ્તુતી કરૂં છું.[1]

(પર૦ ૧૯, ફ૦ ૧૬.)

---

૧. આ વિષય સાથે 'પવિત્ર યુધ્ધ'ના પહેલાં પુસ્તકનાં પાન ૪૫૨ થી ૪૫૮ વાંચવાં ઠીક પડશે. ભગવદ ગીતામાં પણ આજ " કર્મ માર્ગ " ઉત્તમ રીતે શીખાડ્યો છે. ત્યારેજ અષો જરથુસ્ત્ર સાહેબનો ધર્મ કલીયુગને પણ સંપૂર્ણ રીતે અનુસરતો સાફ જણાઇ આવે છે. લગભગ ૨૩ કરોડ હિન્દુઓની માન્યતા પણ શ્રીકૃષ્ણના ગીતાના શીક્ષણને અનુસરે છે. બાઈબલમાં પણ ટુંકમાં જણાવ્યું છે કે "In the sweat of thy brow thou shalt eat thy bread.' તમસિ અને રજસિ ગુણોમાંથી છોડવવાને સર્વોત્તમ સાધન નિષ્કામ કર્મ અથવા ઉદ્યોગજ છે. પહેલાં પુસ્તકની પ્રસ્તાવના પાન ૨૫ થી ૩૫ માં આ વિષય ઉપર કાંઈક જાણવા જોગ વિવેચન કર્યું છે, અને ત્યાં ભગવદ ગીતાના શ્લોકો ટાંક્યા છે.

અન્ય ધર્મોની સરખામણીઓ.

हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम् ।
तस्मादुत्तिष्ठ कौंतेय युद्धाय कृतनिश्चयः ॥
सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।
ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि ॥

(ગીતા ૨ ૩૭-૩૮)

જો તું માર્યો જશે તો સ્વર્ગ પામીશ, અને જીત્યો તો પૃથ્વિ ભોગવિશ, તેથી હે કૌંતેય! યુદ્ધ કરવાનો નિશ્ચય કરીને ઉઠ. સુખ દુ:ખ, લાભ હાની, જય પરાજય, સર્વને સમાન ગણીને, પછી યુદ્ધમાં પ્રયાસ કર અને તને ફરી પાપ લાગશે નહિં.

न हि कश्चित्क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत् ।
कार्यते ह्यवशः कर्म सर्वः प्रकृतिजैर्गुणैः ॥

(ગીતા ૩-૫)

કેમકે ક્ષણમાત્ર પણ કર્મ કર્યા વિના રહિ શકતું નથી; કારણ કે પ્રકૃતિના જન્મેલા સર્વ ગુણોના જોરથી પરાણે પણ પ્રાણી કર્મ કરે છે.

नियतं कुरु कर्म त्वं कर्म ज्यायो ह्यकर्मणः ।
शरीरयात्रापि च ते न प्रसिद्ध्येदकर्मणः
यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबंधनः ।
तदर्थं कर्म कौंतेय मुक्तसंगः समाचर ॥

(ગીતા ૩-૮, ૯)

તારે માટે ઠરાવેલું કર્મ તું કર, કારણ કે કર્મ વિના રહેલા કરતાં કર્મ શ્રેષ્ઠ છે; વળી જે માણસ કર્મ કર્યા વિનાનો રહે છે, તેની આ લોકની શરીર ધારણ કરીને જીવવાની યાત્રા પણ પૂરેપૂરી સિદ્ધ થતી નથી. આ લોક યજ્ઞરૂપી છે; માટે તેના સિવાય બીજાં કારણે કરેલાં કર્મો બંધન કારક છે. માટે હે કુંતીપુત્ર, ફળની ઇચ્છા છોડી દઇને ઇશ્વર નિમિત્ત (અર્પણ) કર્મ કર.

कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः ।
लोकसंग्रहमेवापि संपश्यन्कर्तुमर्हसि ॥

(ગીતા ૩-૨૦)

જનક આદી પુરૂષોએ કર્મની મારફતેજ સિદ્ધિ[1] મેળવી. માટે જગતના કલ્યાણાર્થે તારે પણ કર્મ કરવું ઘટે છે.

न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किंचन ।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि ॥
यदि ह्यहं न वर्तेयं जातु कर्मण्यतन्द्रितः ।
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ॥

(ગીતા ૩-૨૨, ૨૩)

હે પાર્થ! જોકે મને ત્રણ લોકમાં કાંઇ કર્તવ્ય નથી; તેમ કાંઇ ન મેળવું એવું મેળવવાનું નથી, તથાપિ હું કર્મ કર્યોજ જાઉં છું. આળસ તજી, થાકયા વિના જો એમ ન વર્તું તો હે પાર્થ! મનુષ્યો તરતજ મારૂં અનુકરણ કરવા માંડે.

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥

(ગીતા ૩-૩૫)

પોતાની ફરજ ગમે એવી ગુણ વિનાની (હલકી) જણાતી હોય છતાં બીજાનું કર્તવ્ય ગમે એવું ઉત્તમ જણાતું હોય, તેના કરતાં શ્રેષ્ઠજ છે. પોતાની ફરજ (ધર્મ)માં મરવું શ્રેષ્ઠ છે. બીજાનો ધર્મ ભયભીત છે.

कांक्षन्तः कर्मणां सिद्धिं यजन्त इह देवताः ।
क्षिप्रं हि मानुषे लोके सिद्धिर्भवति कर्मजा ॥
न मां कर्माणि लिम्पन्ति न मे कर्मफले स्पृहा ।
इति मां योऽभिजानाति कर्मभिर्न स बद्ध्यते ॥
एवं ज्ञात्वा कृतं कर्म पूर्वैरपि मुमुक्षुभिः ।
कुरु कर्मैव तस्मात्त्वं पूर्वैः पूर्वतरं कृतम् ॥

(ગીતા ૪-૧૨, ૧૪, ૧૫)

---

૧. સંપૂર્ણતા.

કર્મનિ સિધ્ધિ ઇચ્છનારાઓ દેવતાઓને ભજે છે; કારણ કે તે દેવતાઓની આરાધનાથી આ મનુષ્ય લોકમાં કર્મની સિધ્ધિ જલદીથી થાય છે. હું કર્મથી લેપાતો નથી, (કારણ કે) મને કર્મના ફળની ઇચ્છા નથી અને જે મને એવો ઓળખે છે તે પણ કર્મથી બંધાતો નથી. આમ સમજીને પૂર્વના મુમુક્ષુઓએ કર્મ કરેલાં છે, ને તેમની પૂર્વના મુમુક્ષુઓએ પણ યુગાંતરમાં તેમ કર્યું છે, માટે (ફળની આશા કર્યા વિના) તું કર્મ કર્યો જા.

त्यक्त्वा कर्मफलासंगं नित्यतृप्तो निराश्रयः ।
कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किंचित्करोति सः ॥

(ગીતા ૪-૨૦)

કર્મના ફળની વળગણ ન રાખી જે સતુંષ્ટ રહિને, કોઇનો આશ્રય ન માંગીને, વર્તન કરે છે, તે જો કે કર્મ કરે છે છતાં કાંઇ કરતો નથી.

ब्रह्मण्याधाय कर्माणि संगं त्यक्त्वा करोति यः ।
लिप्यंते न स पापेन पद्मपत्रमिवांभसा ॥

(ગીતા ૫-૧૦)

સર્વ કર્મો બ્રહ્મનો ખ્યાલ રાખીને, તેને સારૂં, વળગણ મુકીને કર્યાં હોય, તો તે માનવને જેમ પાણી કમળને ભીંજવતું નથી, તેમ પાપ અડતું નથી.

यं संन्यासमिति प्राहुर्योगं तं विद्धि पांडव ।
न ह्यसंन्यस्तसंकल्पो योगी भवति कश्चन ॥

(ગીતા ૬-૧ ૨)

હે પાંડવ! જેને સન્યાસ જણાવ્યો છે તેજ યોગ જાણ, કેમકે સંકલ્પનો સન્યાસ અને ત્યાગ કર્યા વિના કોઇ યોગી થઇ શકતોજ નથી.

ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः ।
अनन्येनैव योगेन मां ध्यायंत उपासते ।

तेषामहं समुद्धर्त्ता मृत्युसंसारसागरात् ।
भवामि न चिरात्पार्थ मय्यावेशितचेतसाम् ॥

(ગીતા ૧૨-૬, ૭)

જેઓ સર્વે કર્મો મારે માટે કરીને તેમના ફળો ત્યજે છે, અને મારૂંજ ધ્યાન આખાં જીગરથી કરે છે અને મને પૂજે છે, તેમનો હે પાર્થ! મોતના સંસાર સાગરમાંથી જલદીથી ઉદ્ધાર કરનાર હું બનુંછું.

नियतस्य तु संन्यासः कर्मणो नोपपद्यते ।
मोहात्तस्य परित्यागस्तामसः परिकीर्तितः ॥

(ગીતા ૧૮-૭)

નીમેલા કર્મનો[1] સન્યાસ યોગ્ય નથી. મોહથી એવા કર્તવ્યનો પરિત્યાગ તામસિક ગણાય છે.

न द्वेष्ट्यकुशलं कर्म कुशले नानुषज्जते ।
त्यागी सत्त्वसमाविष्टो मेधावी छिन्नसंशयः ॥

(ગીતા ૧૮-૧૦)

ત્યાગી અષો બનીને, બુદ્ધિમાન અને સંશયથી નીરાળો(છે, અને તે) અસુખી કાર્યને વિક્કારતો નથી અને સુખી કાર્યમાં આસક્તિ રાખતો નથી.

स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ।
स्वकर्मनिरतः सिद्धिं यथा विन्दति तच्छृणु ॥
श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वभावनियतं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥
सहजं कर्म कौंतेय सदोषमपि न त्यजेत् ।
सर्वारम्भ हि दोषेण धूमेनाग्निरिवावृताः ॥

(ગીતા ૧૮-૪૫, ૪૬, ૪૭.)

પોત પોતાનાં કર્મોમાં મચેલો, પચેલો પુરૂષ (મોક્ષરૂપી) મહાન સિદ્ધિને પ્રાપ્ત કરે છે. પોતાના કર્મમાં મચેલો જે રિતે સિદ્ધિને પામે છે તે સાંભળ. જેનેથી પ્રાણીઓની ઉત્પત્તિ થઇ છે, તેણે આ સર્વ (જગત્)

---

૧. વર્ણાશ્રમ ધર્મનું જે પણ કર્મ મુકરર કર્યું હોય તે; એટલે બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને શુદ્રનો પોત પોતાનો અન્યો અન્ય ધર્મ.

